नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ- ૧૮

# જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


અનુવાદક અને સંપાદક

આગમ દિવાકર મુનિદીપરત્નસાગરજી

[ M.Com. M.Ed. Ph.D. શ્રુત મહર્ષિ ]



'આગમ ગુજરાતી અનુવાદ શ્રેણી પુષ્પ–૧૮

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

# (૧૮) જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

પ્રકાશન તારીખ 30/03/2020 સોમવાર તિથી– ૨૦૭૬, ચૈત્ર સુદ–૬

**અનુવાદક અને સંપાદક**

**આગમ દિવાકર મુનિ દીપરત્નસાગરજી**

**[M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि]**

∞∞: સંપર્ક :∞∞

જૈનમુનિ ડૉ૦ દીપરત્નસાગર [M.Com., M.Ed., Ph.D., श्रुतमहर्षि]

Email: - jainmunideepratnasagar@gmail.com Mob Mobile: - 09825967397

Web address:- (1) www.jainelibrary.org, (2) Deepratnasagar.in

–: ટાઈપ સેટિંગ :–

આસુતોષ પ્રિન્ટર્સ, 09925146223

–: પ્રિન્ટર્સ :–

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ 09825598855

## ૪૫ આગમ વર્ગીકરણ

| ક્રમ | આગમનું નામ | સૂત્ર | ક્રમ | આગમનું નામ | સૂત્ર |
|---|---|---|---|---|---|
| ०१ | आचार | अंगसूत्र-१ | २५ | आतुरप्रत्याख्यान | पयन्नासूत्र-२ |
| ०२ | सूत्रकृत् | अंगसूत्र-२ | २६ | महाप्रत्याख्यान | पयन्नासूत्र-३ |
| ०३ | स्थान | अंगसूत्र-३ | २७ | भक्तपरिज्ञा | पयन्नासूत्र-४ |
| ०४ | समवाय | अंगसूत्र-४ | २८ | तंदुलवैचारिक | पयन्नासूत्र-५ |
| ०५ | भगवती | अंगसूत्र-५ | २९ | संस्तारक | पयन्नासूत्र-६ |
| ०६ | ज्ञाताधर्मकथा | अंगसूत्र-६ | ३०.१ | गच्छाचार | पयन्नासूत्र-७ |
| ०७ | उपासकदशा | अंगसूत्र-७ | ३०.२ | चन्द्रवेध्यक | पयन्नासूत्र-७ |
| ०८ | अंतकृत् दशा | अंगसूत्र-८ | ३१ | गणिविद्या | पयन्नासूत्र-८ |
| ०९ | अनुत्तरोपपातिकदशा | अंगसूत्र-९ | ३२ | देवेन्द्रस्तव | पयन्नासूत्र-९ |
| १० | प्रश्नव्याकरणदशा | अंगसूत्र-१० | ३३ | वीरस्तव | पयन्नासूत्र-१० |
| ११ | विपाकश्रुत | अंगसूत्र-११ | ३४ | निशीथ | छेदसूत्र-१ |
| १२ | औपपातिक | उपांगसूत्र-१ | ३५ | बृहत्कल्प | छेदसूत्र-२ |
| १३ | राजप्रश्निय | उपांगसूत्र-२ | ३६ | व्यवहार | छेदसूत्र-३ |
| १४ | जीवाजीवाभिगम | उपांगसूत्र-३ | ३७ | दशाश्रुतस्कन्ध | छेदसूत्र-४ |
| १५ | प्रज्ञापना | उपांगसूत्र-४ | ३८ | जीतकल्प | छेदसूत्र-५ |
| १६ | सूर्यप्रज्ञप्ति | उपांगसूत्र-५ | ३९ | महानिशीथ | छेदसूत्र-६ |
| १७ | चन्द्रप्रज्ञप्ति | उपांगसूत्र-६ | ४० | आवश्यक | मूलसूत्र-१ |
| १८ | जंबूद्वीपप्रज्ञप्ति | उपांगसूत्र-७ | ४१.१ | ओघनिर्युक्ति | मूलसूत्र-२ |
| १९ | निरयावलिका | उपांगसूत्र-८ | ४१.२ | पिंडनिर्युक्ति | मूलसूत्र-२ |
| २० | कल्पवतंसिका | उपांगसूत्र-९ | ४२ | दशवैकालिक | मूलसूत्र-३ |
| २१ | पुष्पिका | उपांगसूत्र-१० | ४३ | उत्तराध्ययन | मूलसूत्र-४ |
| २२ | पुष्पचूलिका | उपांगसूत्र-११ | ४४ | नन्दी | चूलिकासूत्र-१ |
| २३ | वृष्णिदशा | उपांगसूत्र-१२ | ४५ | अनुयोगद्वार | चूलिकासूत्र-२ |
| २४ | चतु:शरण | पयन्नासूत्र-१ | --- | --------------- | ----- |
| | | | | | |
| | | | | | |

# આગમસૂત્ર- ૧૮ ‘જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ’

## ઉપાંગસૂત્ર- ૭ ગુજરાતી ભાવાનુવાદ

ક્યાં શું જોશો ?


| ક્રમ | વિષય | પૃષ્ઠ | ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| ૧ | વક્ષસ્કાર – ૧ | ૦૦૬ | ૫ | વક્ષસ્કાર – ૫ | ૦૮૭ |
| ૨ | વક્ષસ્કાર – ૨ | ૦૧૩ | ૬ | વક્ષસ્કાર – ૬ | ૧૦૧ |
| ૩ | વક્ષસ્કાર – ૩ | ૦૩૧ | ૭ | વક્ષસ્કાર – ૭ | ૧૦૪ |
| ૪ | વક્ષસ્કાર – ૪ | ૦૫૮ | --- | -------------------- | --- |

## મુનિ દીપરત્નસાગરજીનું આ પૂર્વેનું સાહિત્ય-સર્જન

| આગમસાહિત્ય | | | આગમસાહિત્ય | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | સાહિત્ય નામ | બુક્સ | ક્રમ | સાહિત્ય નામ | બુક્સ |
| 1 | **मूल आगम साहित्य:-** | 147 | 5 | **आगम अनुक्रम साहित्य:-** | 09 |
| | **-1- आगमसुत्ताणि-मूलं** print | [49] | | -1- આગમ વિષયાનુક્રમ- મૂળ. | 02 |
| | **-2- आगमसुत्ताणि-मूलं** Net | [45] | | -2- **आगम विषयानुक्रम सटीकं.** | 04 |
| | **-3- आगममञ्जूषा मूल प्रत.** | [53] | | -3- **आगम सूत्र-गाथा अनुक्रम** | 03 |
| 2 | **आगम अनुवाद साहित्य:-** | 165 | 6 | **आगम अन्य साहित्य:-** | 10 |
| | **-1-** આગમસૂત્ર ગુજરાતી અનુવાદ | [47] | | -1- આગમ કથાનુયોગ | 06 |
| | -2- **आगमसूत्र हिन्दी अनुवाद** Net | [47] | | -2- **आगम संबंधी साहित्य** | 02 |
| | -3- AagamSootra English Trans. | [11] | | **-3- ऋषिभाषित सूत्राणि** | 01 |
| | -4- આગમસૂત્ર સટીક ગુજરાતી અનુવાદ | [48] | | **-4- आगमिय सूक्तावली** | 01 |
| | **-5- आगमसूत्र हिन्दी अनुवाद** print | [12] | | **आगम साहित्य- कुल पुस्तक** | 518 |
| 3 | **आगम विवेचन साहित्य:-** | 171 | | આગમ સિવાયનું અન્ય સાહિત્ય | |
| | -1- **आगमसूत्र सटीकं** | [46] | 1 | તત્વાભ્યાસ સાહિત્ય- | 13 |
| | -2- **आगम मूलं एवं वृत्ति -1** | [51] | 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય- | 06 |
| | -3- **आगम मूलं एवं वृत्ति -2** | [09] | 3 | વ્યાકરણ સાહિત્ય- | 05 |
| | -4- **आगम चूर्णि साहित्य** | [09] | 4 | વ્યાખ્યાન સાહિત્ય- | 04 |
| | -5- **सवृत्तिक आगमसूत्राणि**-1 | [40] | 5 | જિનભક્તિ સાહિત્ય- | 09 |
| | -6- **सवृत्तिक आगमसूत्राणि**-2 | [08] | 6 | વિધિ સાહિત્ય- | 04 |
| | -7- **सचूर्णिक आगमसुत्ताणि** | [08] | 7 | આરાધના સાહિત્ય | 03 |
| 4 | **आगम कोष साहित्य:-** | 16 | 8 | પરિચય સાહિત્ય- | 04 |
| | -1- **आगम सद्दकोसो** | [04] | 9 | પૂજન સાહિત્ય- | 02 |
| | -2- **आगम कहाकोसो** | [01] | 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન | 25 |
| | -3- **आगम-सागर-कोष:** | [05] | 11 | પ્રકીર્ણ સાહિત્ય- | 05 |
| | -4- **आगमशब्दादिसंग्रह प्रा-सं-गु.** | [04] | 12 | દીપરત્નસાગરના લઘુશોધનિબંધ | 05 |
| | **-5- आगम बृहत् नाम कोष:** | [02] | | આગમ સિવાયનું સાહિત્ય કૂલ પુસ્તક | 85 |

**1-**આગમ સાહિત્ય કુલ પુસ્તક. **518**

2–આગમેતર સાહિત્ય કુલ પુસ્તક. **085**

દીપરત્નસાગરજીનું કુલ સાહિત્ય **603**

# [૧૮] જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ
## ઉપાંગસૂત્ર–૭– ગુજરાતી ભાવાનુવાદ

## વક્ષસ્કાર-૧ "ભરતક્ષેત્ર"

### સૂત્ર–૧

તે કાળે, તે સમયે મિથિલા નામની નગરી હતી. ૠદ્ધ–સ્તિમિત અને સમૃદ્ધ હતી, (ઉવવાઈ સૂત્રાનુસાર નગરીનું) વર્ણન કરવું. તે મિથિલા નગરીની બહાર ઉત્તર–પૂર્વ દિશામાં અહીં માણિભદ્ર નામક ચૈત્ય હતું. (ઉવવાઈ સૂત્રાનુસાર ચૈત્યનું) વર્ણન કરવું.

જિતશત્રુ રાજા હતો, ધારિણી રાણી હતી. તે કાળે તે સમયે સ્વામી પધાર્યા, પર્ષદા નીકળી, ધર્મ કહ્યો, પર્ષદા પાછી ફરી.

### સૂત્ર–૨, ૩

**૨.** તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના મોટા શિષ્ય ઇન્દ્રભૂતિ નામે અણગાર, ગૌતમ ગોત્રથી હતા. તે સાત હાથ ઊંચા, સમચતુરસ્ર સંસ્થાનવાળા યાવત્ ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરે છે, વંદે છે – નમે છે, વાંદી–નમીને આમ કહ્યું –

**૩.** ભગવન્ ! જંબૂદ્વીપ ક્યાં છે ? કેટલો મોટો છે ? તેનું સંસ્થાન શું છે ? તેના આકાર–ભાવપ્રત્યાવતાર કેવા કહ્યા છે ?

ગૌતમ ! આ જંબૂદ્વીપ દ્વીપ સર્વે દ્વીપ સમુદ્રોમાં સૌથી મધ્યમાં, સૌથી નાનો છે, વૃત્ત–તેલના પૂડલા જેવા આકારનો ગોળ, વૃત્ત–રથના પૈડાના ચક્રવાલ જેવો ગોળ, વૃત્ત–પુષ્કર કર્ણિકા સંસ્થાન સંસ્થિત, વૃત્ત–પ્રતિપૂર્ણ ચંદ્ર જેવો ગોળ છે. તે એક લાખ યોજન લંબાઈ–પહોળાઈથી, **૩,૧૬,૨૨૭** યોજન, **૩**–કોશ, **૨૮**–ધનુષ, સાડાતેર અંગુલથી કંઈક વિશેષ પરિધિથી છે.

### સૂત્ર–૪

તે એક વજ્રમય જગતી દ્વારા ચોતરફથી વીંટળાયેલ છે. તે જગતી આઠ યોજન ઊંચી, મૂળમાં **૧૨**–યોજન વિષ્કંભથી, મધ્યે આઠ યોજન વિષ્કંભથી, ઉપર ચાર યોજન વિષ્કંભથી છે. મૂળમાં વિસ્તીર્ણ, મધ્યે સંક્ષિપ્ત, ઉપર પાતળી છે. ગોપુચ્છ સંસ્થાનથી સંસ્થિત છે. સર્વ વજ્રમયી, સ્વચ્છ, સુકોમળ, ઘસેલી, માંજેલી, રજરહિત, નિર્મળ, નિષ્પંક, નિષ્કંટક છાયા, સપ્રભા, સકિરણ, સોદ્યોત, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ છે.

તે જગતી એક મહાંત ગવાક્ષ–કટકથી ચોતરફથી વીંટળાયેલ છે, તે ગવાક્ષકટક અર્ધયોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, **૫૦૦** ધનુષ વિષ્કંભથી, સર્વ રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

તે જગતીથી ઉપર બહુમધ્ય દેશભાગમાં એક મોટી પદ્મવર વેદિકા કહી છે, તે અર્ધયોજન ઉચ્ચત્વથી, **૫૦૦** ધનુષ વિષ્કંભથી જગતી સમિત પરિક્ષેપથી સર્વરત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. તે પદ્મવર વેદિકાનો આ આવા સ્વરૂપનો વર્ણાવાસ કહેલ છે. તે આ પ્રમાણે – વજ્રમય નેમા છે, વગેરે, એ પ્રમાણે જેમ જીવાભિગમમાં કહેલ છે, તેમ કહેવું યાવત્ તે ધ્રુવ છે , નિયત છે, નિત્ય છે , શાશ્વત છે, ક્ષય છે, અવ્યય છે.

### સૂત્ર–૫

તે જગતીની ઉપર અને પદ્મવરવેદિકા બહાર એક વિશાળ વનખંડ કહેલ છે. તે દેશોન બે યોજન વિષ્કંભથી, જગતી સમાન પરિધિથી છે, વનખંડ વર્ણન ઉવવાઈ સૂત્રાનુસાર જાણી લેવું.

સૂત્ર–૬

તે વનખંડની અંદર બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે. તે કોઈ આલિંગપુષ્કર અર્થાત ચર્મ મઢેલા ઢોલના ઉપરના ભાગ જેવો સમતલ ભાગ છે. યાવત્ વિવિધ પંચવર્ણી મણિ વડે, તૃણ વડે ઉપશોભિત હોય, તે મણીઓ વર્ણ થી કૃષ્ણ યાવત શ્વેત છે.

એ પ્રમાણે તે મનોજ્ઞ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, શબ્દથી યુક્ત છે. ત્યાં પુષ્કરિણી, પર્વતગૃહ, કાગળીગૃહ, મંડપ, પૃથ્વીશિલાપટ્ટક આદિ છે. તેમ હે ગૌતમ ! જાણવું.

ત્યાં ઘણા વ્યંતર દેવો અને દેવીઓ બેસે છે, સૂએ છે, રહે છે, નિષદ્યા કરે છે, ત્વગ્વર્તન કરે છે, રમે છે, મનોરંજન કરે છે, ક્રીડા કરે છે, મૈથુન કરે છે, પૂર્વસંચિત સુપરાક્રાંત શુભ, કલ્યાણકર, કૃત્ કર્મોના કલ્યાણ–ફળ–વૃત્તિ વિશેષને અનુભવતા વિચરે છે.

તે જગતીની ઉપર પદ્મવર વેદિકામાં અહીં એક મોટું વનખંડ કહેલ છે, તે વનખંડનો ચક્રવાલ વિષ્કંભ દેશોન બે યોજન છે. તેની પરિધિ વેદિકા સમાન છે. તે કૃષ્ણવર્ણી યાવત્ તૃણરહિત છે. ઉવવાઈ સૂત્રાનુસાર તે વનખંડનું વર્ણન જાણવું

સૂત્ર–૭, ૮

૭. ભગવન્ ! જંબૂદ્વીપના કેટલા દ્વારો કહેલા છે ? ગૌતમ ! ચાર દ્વારો કહેલ છે, તે આ પ્રમાણે – વિજય, વૈજયંત, જયંત, અપરાજિત. એ પ્રમાણે ચારે પણ દ્વારો સરાહનીય કહેવા.

૮. ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપનું વિજય નામે દ્વાર ક્યાં કહેલ છે ? ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતની પૂર્વે ૪૫,૦૦૦ યોજન જઈને જંબૂદ્વીપ દ્વીપના પૂર્વી છેડાથી લવણસમુદ્રના પૂર્વાર્દ્ધથી પશ્ચિમમાં સીતા મહાનદીની ઉપર અહીં જંબૂદ્વીપનું વિજય નામે દ્વાર કહેલ છે. તે આઠ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, ચાર યોજન વિષ્કંભથી, તેટલું જ પ્રવેશથી છે. તે શ્વેત શ્રેષ્ઠ સુવર્ણ સ્તૂપિકાથી યાવત્ દ્વારનું વર્ણન યાવત્ રાજધાની કહેવું..

સૂત્ર–૯, ૧૦

૯. ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપના એક દ્વારથી બીજા દ્વારનું અબાધા અંતર કેટલું કહ્યું છે ? ગૌતમ !૭૯,૦૫૨ યોજન અને કંઈક ન્યૂન અર્ધ યોજન એક દ્વારથી બીજા દ્વારનું અબાધા અંતર કહેલ છે.

૧૦. જંબૂદ્વીપનું દ્વારાંતર કંઈક ન્યૂન ૭૯,૦૫૨ યોજનનું છે.

સૂત્ર–૧૧

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં ભરત નામે ક્ષેત્ર ક્યાં કહ્યું છે ? ગૌતમ ! લઘુ હિમવંત વર્ષધર પર્વતની દક્ષિણેથી દક્ષિણ લવણસમુદ્રની ઉત્તરેથી પૂર્વ લવણસમુદ્રની પશ્ચિમથી પશ્ચિમ લવણસમુદ્રની પૂર્વે. અહીં જંબૂદ્વીપ દ્વીપમાં ભરત નામે ક્ષેત્ર કહેલ છે.

આ ભરતક્ષેત્રમાં સ્થાણુ, કંટક, વિષમ, દુર્ગ, પર્વત, પ્રવાદ, ઉજ્ઝર, નિર્ઝર, ખાડી, દરિ, નદી, દ્રહ, વૃષ, ગુચ્છ, ગુલ્મ, લતા, વેલ, અટવી, શ્વાપદ, તૃણ, તસ્કર, ડિંભ, ડમર, દુર્ભિક્ષ, દુષ્કાળ, પાખંડ, કૃપણ, વનીપક, ઈતિ, મારિ, કુવૃષ્ટિ, અનાવૃષ્ટિ, રાજા, રોગ, સંકલેશ, વારંવારનો સંક્ષોન આ બધાની બહુલતા છે.

આ ભરતક્ષેત્ર પૂર્વ–પશ્ચિમ લાંબુ, ઉત્તર–દક્ષિણ વિસ્તીર્ણ, ઉત્તરથી પલ્યંક સંસ્થાન સંસ્થિત, દક્ષિણથી ધનુપૃષ્ઠ સંસ્થિત છે, ત્રણ તરફથી લવણસમુદ્રને સ્પર્શિત, ગંગા–સિંધુ મહાનદી વડે અને વૈતાઢ્ય પર્વતથી છ ભાગમાં વિભક્ત છે.

જંબૂદ્વીપ દ્વીપના ૧૯૦ ભાગ કરતા, ૫૨૬–યોજન અને એક યોજનના ૬/૧૯ ભાગ વિષ્કંભથી છે.

ભરતક્ષેત્રના બહુમધ્ય દેશભાગમાં વૈતાઢ્ય નામે પર્વત કહેલ છે. જે ભરતક્ષેત્રને બે ભાગમાં વિભાગ કરતો

રહેલ છે, તે આ પ્રમાણે – દક્ષિણાર્દ્ધભરત અને ઉત્તરાર્ધ ભરત.

સૂત્ર–૧૨

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં દક્ષિણાર્દ્ધ ભરત નામે ક્ષેત્ર ક્યાં કહેલ છે ? ગૌતમ ! વૈતાઢ્ય પર્વતની દક્ષિણથી દક્ષિણી લવણસમુદ્રની ઉત્તરથી પૂર્વી લવણસમુદ્રની પશ્ચિમથી, પશ્ચિમ લવણસમુદ્રની પૂર્વથી આ જંબૂદ્વીપ દ્વીપમાં દક્ષિણાર્દ્ધ ભરત નામે વર્ષક્ષેત્ર કહેલ છે. તે પૂર્વ–પશ્ચિમ લાંબુ, ઉત્તર–દક્ષિણ વિસ્તીર્ણ છે, અર્ધચંદ્ર સંસ્થાન સંસ્થિત છે. ત્રણ સ્થાને લવણ સમુદ્રને સ્પૃષ્ટ છે. ગંગા અને સિંધુ મહાનદી વડે ત્રણ ભાગમાં વિભક્ત છે.

દક્ષિણાર્દ્ધ ભરતક્ષેત્ર **૨૩૮** યોજન અને એક યોજનના **૩/૧૯** ભાગ વિષ્કંભથી છે.

તેની જીવા ઉત્તરથી પૂર્વ–પશ્ચિમ લાંબી લવણસમુદ્રને બે સ્થાને સ્પૃષ્ટ છે, પૂર્વી કોટિથી પૂર્વના લવણસમુદ્રને સ્પૃષ્ટ છે, પશ્ચિમ કોડીથી પશ્ચિમના લવણસમુદ્રને સ્પૃષ્ટ છે.

દક્ષિણાર્દ્ધ ભરતક્ષેત્ર–**૯૭૪૮**–યોજન અને એક યોજનના **૧૨/૧૯** ભાગ લંબાઈથી તેનું ધનુપૃષ્ઠ, દક્ષિણથી **૯૭૬૬** યોજન અને એક યોજનનો **૧/૧૯** ભાગથી કંઈક વિશેષાધિક પરિક્ષેપથી કહેલ છે.

ભગવન્ ! દક્ષિણાર્દ્ધ ભરતક્ષેત્રના કેવા પ્રકારે આકાર–ભાવ પ્રત્યવતાર કહેલ છે ? ગૌતમ ! બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે. જેમ કોઈ આલિંગપુષ્કર યાવત્ વિવિધ પંચવર્ણી મણિ અને તૃણ વડે ઉપશોભિત છે. તે આ રીતે કૃત્રિમ અને અકૃત્રિમ વડે.

ભગવન્ ! દક્ષિણાર્દ્ધ ભરતક્ષેત્રના મનુષ્યોના કેવા આકાર ભાવ પ્રત્યવતાર કહેલ છે ? ગૌતમ ! તે મનુષ્યોના સંઘયણ, સંસ્થાન, ઉચ્ચત્વ પર્યાય અને આયુ પર્યાયો ઘણા પ્રકારે છે. ઘણા વર્ષો આયુને પાળે છે, પાળીને કેટલાક મનુષ્યો નરકગામી, કેટલાક તિર્યંચગામી, કેટલાક મનુષ્યગામી, કેટલાક દેવગામી થાય છે. કેટલાક સિદ્ધ–બુદ્ધ–મુક્ત થઈ પરિનિર્વાણ પામી, સર્વે દુઃખોનો અંત કરે છે.

સૂત્ર–૧૩

જંબૂદ્વીપ દ્વીપમાં ભરતક્ષેત્રમાં વૈતાઢ્ય નામે પર્વત ક્યાં કહેલો છે ? ગૌતમ ! ઉત્તરાર્દ્ધ ભરતક્ષેત્રની દક્ષિણે દક્ષિણ અર્દ્ધ ભરતક્ષેત્રની ઉત્તરે, પૂર્વી લવણસમુદ્રની પશ્ચિમે, પશ્ચિમ લવણસમુદ્રની પૂર્વે, આ જંબૂદ્વીપ દ્વીપમાં ભરતક્ષેત્રમાં વૈતાઢ્ય નામનો પર્વત કહેલો છે.

તે વૈતાઢ્ય પર્વત પૂર્વ–પશ્ચિમ લાંબો, ઉત્તર–દક્ષિણ વિસ્તીર્ણ છે. બંને બાજુ લવણ સમુદ્રને સ્પૃષ્ટ છે. પૂર્વની કોટીથી પૂર્વના લવણસમુદ્રને સ્પૃષ્ટ છે, પશ્ચિમની કોટીથી પશ્ચિમના લવણસમુદ્રને સ્પૃષ્ટ છે.

આ વૈતાઢ્ય પર્વત **૨૫**–યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, સવા છ યોજન ઉદ્વેધથી, **૫૦** યોજન વિષ્કંભથી છે. તેની બાહા પૂર્વ–પશ્ચિમ **૪૮૮** યોજન અને એક યોજનના **૧૬/૧૯** ભાગ છે. તથા અર્ધયોજન લંબાઈથી કહી છે.

તેની જીવા ઉત્તરમાં પૂર્વ–પશ્ચિમ લાંબી, બંને બાજુ લવણસમુદ્રને સ્પૃષ્ટ, પૂર્વની કોટિથી પૂર્વી લવણસમુદ્રને સ્પૃષ્ટ, પશ્ચિમની કોટિથી પશ્ચિમી લવણસમુદ્રને સ્પૃષ્ટ **૧૦,૭૨૦** યોજન અને યોજનના **૧૨/૧૯** ભાગ આયામથી છે. તેનું ધનુપૃષ્ઠ દક્ષિણથી **૧૦,૭૪૩** યોજન અને યોજનના **૧૫/૧૯** ભાગ પરિધિ છે.

તે વૈતાઢ્ય પર્વત રુચક સંસ્થાન સંસ્થિત, સર્વરજતમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ, લષ્ટ, ધૃષ્ટ, મૃષ્ટ, નીરજ, નિર્મળ, નિષ્પંક, નિષ્કંટક છાયા, પ્રભા–કિરણ સહિત, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ છે.

તેની બંને બાજુ બે પદ્મવરવેદિકા, બે વનખંડ ચોતરફથી વીંટાયેલ છે. તે પદ્મવરવેદિકા અર્ધયોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, **૫૦૦** ધનુષ વિષ્કંભથી, પર્વત સમાન આયામથી છે. વર્ણન કહેવું.

તે વનખંડ દેશોન બે યોજન વિષ્કંભથી, પદ્મવર વેદિકા સમાન આયામથી, કૃષ્ણ–કૃષ્ણાવભાસ આદિ છે વગેરે વર્ણન ઉવવાઈ સૂત્રાનુસાર કરવું.

વૈતાઢ્ય પર્વતની પૂર્વ–પશ્ચિમમાં બે ગુફા કહેલ છે. ઉત્તર–દક્ષિણ પૂર્વ–પશ્ચિમ વિસ્તીર્ણ, **૫૦** યોજન આયામ–લંબાઈથી, **૧૨**–યોજન વિષ્કંભ–પહોળાઈથી છે. આઠ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી છે, વજ્રમય કપાટ–અવઘાટીની અર્થાત બારણાથી યુક્ત છે. યમલ યુગલ ઘનકપાટને કારણે તે દુષ્પ્રવેશ્ય છે, નિત્યાંધકારથી વ્યાપ્ત છે., તે ગુફા ગ્રહ–ચંદ્ર–સૂર્ય–નક્ષત્ર અને જ્યોતિષ પ્રભાથી રહિત યાવત્ પ્રતિરૂપ છે. તે બે ગુફાના નામ આ પ્રમાણે છે – તમિસ્રગુફા અને ખંડપ્રપાતગુફા.

તે ગુફામાં બે મહર્દ્ધિક, મહાદ્યુતિક, મહાબલી, મહાયશસ્વી, મહાસૌખ્ય, મહાનુભાવ અને પલ્યોપમ સ્થિતિક દેવો વસે છે. તે આ રીતે – કૃતમાલ અને નૃત્યમાલ.

તે વનખંડના બહુસમ રમણીય ભૂમિભાગથી વૈતાઢ્ય પર્વતની બંને બાજુ દશ–દશ યોજન ઉર્ધ્વ જઈને અહીં બે વિદ્યાધરશ્રેણી કહેલી છે. તે પૂર્વ–પશ્ચિમ લાંબી, ઉત્તર–દક્ષિણ વિસ્તીર્ણ, દશ–દશ યોજન વિષ્કંભથી છે, પર્વત સમાન આયામથી બંને પડખે બે પદ્મવરવેદિકા વડે બે વનખંડથી પરિવૃત્ત છે.

તે પદ્મવરવેદિકા અર્ધયોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, **૫૦૦** ધનુષ વિષ્કંભથી, પર્વત સમાન આયામથી છે. વર્ણન જાણવું. વનખંડો પણ પદ્મવરવેદિકા સમાન આયામથી છે. વર્ણન કરવું.

ભગવન્ ! વિદ્યાધર શ્રેણી ભૂમિના કેવા આકાર–ભાવાદિ કહેલ છે ?

ગૌતમ ! બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે. જેમ કોઈ આલિંગપુષ્કર– ચર્મ મઢેલ ઢોલની જેમ સમતલ છે યાવત્ વિવિધ પંચવર્ણી મણિ વડે શોભિત છે. તથા– કૃત્રિમ અને અકૃત્રિમ તૃણ વનસ્પતિ વડે શોભિત છે.

તેમાં દક્ષિણની વિદ્યાધર શ્રેણીમાં ગગનવલ્લભ પ્રમુખ–**૫૦** વિદ્યાધરના નગરાવાસ કહેલ છે. ઉત્તરની વિદ્યાધરશ્રેણીમાં રથ–નેપુર–ચક્રવાલ પ્રમુખ–**૬૦**–વિદ્યાધરના નગરાવાસ કહેલ છે.

એ પ્રમાણે બધા મળીને દક્ષિણ અને ઉત્તરની વિદ્યાધર–શ્રેણીમાં **૧૧૦**–વિદ્યાધરના નગરાવાસ છે, તેમ કહેલ છે. તે વિદ્યાધરના નગરો ઋદ્ધ–સ્તિમિત–સમૃદ્ધ પ્રમુદિત જન–જાનપદ યુક્ત યાવત્ પ્રતિરૂપ છે. તે વિદ્યાધર નગરમાં વિદ્યાધર રાજા વસે છે. તે મહાહિમવંત, મલય–મંદર–મહેન્દ્રસાર આદિ છે, અહી રાજાનું વર્ણન કહેવું.

ભગવન્ ! વિદ્યાધર શ્રેણીના મનુષ્યોનો કેવો આકાર–ભાવાદિ કહેલ છે ?

ગૌતમ ! તે મનુષ્યો ઘણા સંઘયણ–સંસ્થાન –ઉચ્ચત્વ પર્યાયવાળા અને ઉત્તમ આયુપર્યાયવાળા છે, અનેક વર્ષનું આયુ પૂરું કરીને કેટલાક વિદ્યાધર નરકગતિમાં, કેટલાક વિદ્યાધર તિર્યંચ ગતિમાં, કેટલાક વિદ્યાધર મનુષ્ય ગતિમાં, કેટલાક વિદ્યાધર દેવગતિમાં જાય છે અને કેટલાક વિદ્યાધર સિદ્ધ, બુદ્ધ, મુક્ત થઈ સર્વ દુઃખનો અંત કરે છે.

તે વિદ્યાધર શ્રેણીના બહુસમ રમણીય ભૂમિભાગથી વૈતાઢ્ય પર્વતના બંને પડખે દશ–દશ યોજન ઉર્ધ્વ જઈને અહીં બે આભિયોગ–શ્રેણી કહેલ છે. પૂર્વ–પશ્ચિમ લાંબી, ઉત્તર–દક્ષિણ વિસ્તીર્ણ, **૧૦–૧૦** યોજન વિષ્કંભથી પર્વત સમાન આયામથી બંને પડખે બે પદ્મવર વેદિકા અને બે વનખંડોથી પરિવૃત્ત છે. બંને પર્વત સમાન આયામથી છે.તેનું વર્ણન પૂર્વવત જાણવું.

ભગવન્ ! અભિયોગશ્રેણીનો કેવો આકાર ભાવ પ્રત્યવતાર કહેલ છે ?

ગૌતમ ! બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે. યાવત્ તે તૃણ વનસ્પતિ વડે શોભિત છે. તે અભિયોગ શ્રેણીના તે–તે દેશમાં ત્યાં–ત્યાં યાવત્ વ્યંતર દેવો અને દેવીઓ બેસે છે, સૂવે છે યાવત્ પુણ્ય કર્મોના ફળવૃત્તિનો વિશેષને અનુભવતા વિચરે છે.

તે અભિયોગ શ્રેણીમાં દેવેન્દ્ર દેવરાજ શક્રના સોમ–યમ–વરુણ–વૈશ્રમણ કાયિક આભિયોગ દેવોના ઘણા ભવનો કહેલા છે. તે ભવનો બહારથી વૃત્ત, અંદરથી ચતુરસ્ર વર્ણન યાવત્ અપ્સર ઘન–સંઘ વિકિર્ણ યાવત્ પ્રતિરૂપ છે. ત્યાં દેવેન્દ્ર દેવરાજ શક્રના સોમ, યમ, વરુણ, વૈશ્રમણકાયિક ઘણા આભિયોગિક દેવો કે જે મહર્દ્ધિક, મહાદ્યુતિક,

યાવત્ મહાસૌખ્ય અને પલ્યોપમસ્થિતિક દેવો વસે છે.

તે આભિયોગિક શ્રેણીનો બહુસમ રમણીય ભૂમિભાગથી વૈતાઢ્ય પર્વતની બંને બાજુ પાંચ–પાંચ યોજન ઉર્ધ્વ જઈને, અહીં વૈતાઢ્ય પર્વતનું શિખરતલ કહેલ છે. તે પૂર્વ–પશ્ચિમ લાંબુ, ઉત્તર–દક્ષિણ વિસ્તીર્ણ. **૧૦** યોજન વિષ્કંભથી પર્વત સમાન આયામથી છે. તે એક પદ્મવરવેદિકા અને એક વનખંડથી ચોતરફથી પરિવૃત્ત છે. બંનેનું વર્ણન પૂર્વવત્ જાણવું.

ભગવન્ ! વૈતાઢ્ય પર્વતના શિખરતલનો કેવો આકાર ભાવ પ્રત્યવતાર કહેલ છે? ગૌતમ ! બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે, જેમ કોઈ ચર્મ મઢિત ઢોલ જેવો સમતલ યાવત્ વિવિધ પંચવર્ણી મણિથી શોભિત યાવત્ ત્યાં વાવ, પુષ્કરિણી આદિ છે યાવત્ ત્યાં વ્યંતર દેવો અને દેવીઓ બેસે છે, યાવત્ ત્યાં ભોગ ભોગવતા વિચરે છે.

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં ભરતક્ષેત્રમાં વૈતાઢ્ય પર્વતે કેટલા કૂટો કહેલા છે ? ગૌતમ ! નવ કૂટો કહેલા છે – **સિદ્ધાયતનકૂટ,** દાક્ષિણાર્દ્ધભરતકૂટ, ખંડપ્રપાતગુફા કૂટ, માણિભદ્ર કૂટ, વૈતાઢ્ય કૂટ, પૂર્ણભદ્ર કૂટ, તમિસ્રગુફા કૂટ, ઉત્તરાર્દ્ધ ભરતકૂટ, વૈશ્રમણકૂટ.

સૂત્ર–૧૪

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપના ભરતક્ષેત્રના વૈતાઢ્ય પર્વતે **સિદ્ધાયતનકૂટ** નામે કૂટ ક્યાં કહેલો છે ? ગૌતમ ! પૂર્વી લવણસમુદ્રની પશ્ચિમથી દાક્ષિણાર્દ્ધ ભરતકૂટના પૂર્વમાં આ જંબૂદ્વીપ દ્વીપના ભરતક્ષેત્રમાં વૈતાઢ્ય પર્વત ઉપર સિદ્ધાયતન કૂટ નામે કૂટ કહેલ છે. તે છ યોજન – એક કોશ ઉર્ધ્વ ઉચ્ચત્વથી છે. તે મૂલમાં છ યોજન – એક કોશ વિષ્કંભથી, મધ્યમાં દેશોન પાંચ યોજન વિષ્કંભથી, ઉપર સાતિરેક ત્રણ યોજન વિષ્કંભથી છે. મૂલમાં દેશોન **૨૨**– યોજન પરિધિથી, મધ્યમાં દેશોન પંદર યોજન પરિધિથી, ઉપર સાતિરેક નવ યોજન પરિધિથી છે. તે મૂલમાં વિસ્તીર્ણ, મધ્યમાં સંક્ષિપ્ત, ઉપર પાતળી, ગોપુચ્છ સંસ્થાનથી સંસ્થિત છે. તે સર્વ રત્નમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ યાવત્ પ્રતિરૂપ છે.

તે એક પદ્મવરવેદિકાથી અને એક વનખંડથી ચારે દિશા–વિદિશાથી સંપરિવૃત્ત છે. તેના પ્રમાણાદિ પૂર્વવત્ જાણવા.

સિદ્ધાયતન કૂટની ઉપર બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે. જેમ કોઈ ચર્મ મઢિત ઢોલ જેવો સમતલ યાવત્–અનેક વ્યંતર દેવ–દેવીઓ યાવત્ ત્યાં વિચરે છે – રહે છે.

તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગમાં અહીં એક મહાન **સિદ્ધાયતન** કહેલ છે. **તે એક કોશ આયામથી, અર્ધકોશ વિષ્કંભથી, દેશોન કોશ ઉર્ધ્વ ઉચ્ચત્વથી છે. તે અનેક શત સ્તંભ સંનિવિષ્ટ છે. તે અભ્યુન્નત, સુરચિત વેદિકા, તોરણો તથા સુંદર પૂતળીઓથી સુશોભિત છે. તેના ઉજ્જ્વળ સ્તંભ ચીકણા, વિશિષ્ટ, સુંદર આકારયુક્ત ઉત્તમ વૈડૂર્ય મણિથી નિર્મિત છે. તેનો ભૂમિભાગ વિવિધ પ્રકારના મણિ અને રત્નોથી ખચિત, ઉજ્જ્વલ, અત્યંત સમતલ અને સુવિભક્ત છે. તેમાં ઈહામૃગ, વૃષભ, ઘોડા, મગર, મનુષ્ય, પક્ષી, સર્પ, કિન્નર, મૃગ, શરભ, ચામર, હાથી, વનલતા યાવત્ પદ્મલતાના ચિત્રોથી અંકિત છે.**

**તેની સ્તૂપિકા સુવર્ણ, મણિ અને રત્નોથી નિર્મિત છે. તે સિદ્ધાયતન અનેક પ્રકારના પંચરંગી મણિઓથી વિભૂષિત છે. તેના શિખરો ઉપર અનેક પ્રકારની પંચરંગી ધ્વજા અને ઘંટ લાગેલા છે. તે શ્વેતવર્ણી, મરીચી કવચ છોડતો, લાઉલ્લોઈત મહિત છે. તે સિદ્ધાયતનની ત્રણ દિશામાં ત્રણ દ્વાર કહેલા છે, તે દ્વારો ૫૦૦ ધનુષ ઉર્ધ્વ ઉચ્ચત્વથી, ૨૫૦ ધનુષ વિષ્કંભથી, તેટલા જ પ્રવેશથી, શ્વેત ઉત્તમ સુવર્ણ નિર્મિત સ્તૂપિકાઓ છે. દ્વાર વર્ણન યાવત્ વનમાલા અન્યત્ર છે..**

તે સિદ્ધાયતનની અંદર બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે, તે જેમ કોઈ ચર્મ મઢિત ઢોલ જેવો સમતલ છે યાવત્ તે **સિદ્ધાયતનના બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગમાં અહીં ૧૦૮ જિનપ્રતિમા જિન ઉત્સેધ**

**પ્રમાણ માત્ર રહેલી છે. એ પ્રમાણે ધૂપકડછા સુધી કહેવું.**

### સૂત્ર–૧૫ થી ૧૮

**૧૫.** ભગવન્ ! વૈતાઢ્ય પર્વતમાં દાક્ષિણાર્દ્ધ ભરતકૂટ નામક કૂટ ક્યાં કહ્યો છે ? ગૌતમ ! ખંડપ્રપાત કૂટની પૂર્વમાં, સિદ્ધાયતન કૂટની પશ્ચિમે, અહીં વૈતાઢ્ય પર્વતનો દાક્ષિણાર્દ્ધ ભરતકૂટ નામનો કૂટ કહેલ છે.

સિદ્ધાયતન કૂટ પ્રમાણ સદશ યાવત્ તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગમાં અહીં એક મોટો પ્રાસાદાવતંસક કહેલ છે. તે એક ક્રોશ ઉર્ધ્વ ઉચ્ચત્વથી, અર્ધક્રોશ વિષ્કંભથી અભ્યુદ્‌ગત ઉસિત પ્રહસિત યાવત્ પ્રાસાદિયાદિ છે.

તે પ્રાસાદાવતંસકના બહુમધ્ય દેશભાગમાં એક મોટી મણિપીઠિકા કહી છે, તે **૫૦૦** ધનુષ આયામ–વિષ્કંભથી, **૨૫૦** ધનુષ બાહલ્યથી, સર્વમણિમયી, તે મણિપીઠિકાની ઉપર સિંહાસન કહેલ છે, તે સપરિવાર કહેવું.

ભગવન્ ! તેને દક્ષિણાર્દ્ધ ભરતકૂટ કેમ કહે છે ? ગૌતમ ! દાક્ષિણાર્દ્ધ ભરત નામક મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિક દેવ અહીં વસે છે. તે ત્યાં **૪૦૦૦** સામાનિક, સપરિવાર ચાર અગ્રમહિષી, ત્રણ પર્ષદા, સાત અનિકો, સાત અનિકાધિપતિ, **૧૬,૦૦૦** આત્મરક્ષક દેવ, દાક્ષિણાર્દ્ધ ભરતકૂટ, દાક્ષિણાર્દ્ધ રાજધાની, બીજા ઘણા દેવો અને દેવીઓનું આધિપત્યાદિ કરતા યાવત્ વિચરે છે.

દાક્ષિણાર્દ્ધ ભરતકૂટ દેવની દાક્ષિણાર્દ્ધા રાજધાની ક્યાં કહી છે ? ગૌતમ ! મેરુ પર્વતની દક્ષિણમાં તિર્છા અસંખ્યાત દ્વીપસમુદ્ર અતિક્રમીને આ જંબૂદ્વીપ દ્વીપમાં દક્ષિણમાં **૧૨,૦૦૦** યોજન જઈને, અહીં દાક્ષિણાર્દ્ધ ભરતકૂટ દેવની દાક્ષિણાર્દ્ધા નામે રાજધાની કહેવી. જે રીતે વિજયદેવની કહી છે. એ પ્રમાણે સર્વે કૂટો જાણવા યાવત્ વૈશ્રમણકૂટ. તે પરસ્પર પૂર્વથી પશ્ચિમ છે. આ વર્ણાવાસ ગાથા –

**૧૬.** વૈતાઢ્ય પર્વતના મધ્યમાં ત્રણ કૂટ સ્વર્ણમય છે. બાકીના બધા કૂટો રત્નમય છે.

**૧૭.** જે નામના કૂટ છે, તે નામના દેવો હોય છે, તે પ્રત્યેકે પ્રત્યેકની પલ્યોપમની સ્થિતિ હોય છે.

**૧૮.** માણિભદ્રકૂટ, વૈતાઢ્યકૂટ, પૂર્ણભદ્રકૂટ. આ ત્રણ કૂટો સુવર્ણમય છે, બાકીના છ રત્નમય છે. બે વિસદૃશ નામવાળા દેવ છે – કૃતમાલક અને નૃત્યમાલક. બાકીના છ સદશ નામવાળા છે.

રાજધાનીઓ જંબૂદ્વીપ દ્વીપના મેરુ પર્વતની દક્ષિણમાં તિર્છા અસંખ્યાત દ્વીપ–સમુદ્ર અતિક્રમીને બીજા જંબૂદ્વીપમાં **૧૨,૦૦૦** યોજન જઈને, અહીં રાજધાની કહેવી, તે વિજય રાજધાની સદશ છે.

### સૂત્ર–૧૯, ૨૦

**૧૯.** ભગવન્ ! વૈતાઢ્ય પર્વતને વૈતાઢ્ય પર્વત કેમ કહે છે ? ગૌતમ ! વૈતાઢ્ય પર્વત ભરતક્ષેત્રને બે ભાગમાં વિભક્ત કરતો રહેલ છે. તે આ પ્રમાણે – દાક્ષિણાર્દ્ધ ભરત, ઉત્તરાર્દ્ધ ભરત. અહીં મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિક વૈતાઢ્યકુમાર દેવ વસે છે. તેથી હે ગૌતમ! એમ કહેવાય છે – વૈતાઢ્ય પર્વત એ વૈતાઢ્ય પર્વત કહેવાય છે.

અથવા હે ગૌતમ ! વૈતાઢ્ય પર્વત એ શાશ્વત નામ કહેલ છે, જે કદી ન હતું તેમ નહીં, કદી નથી તેમ નહીં, કદી નહીં હશે એમ પણ નથી, હતું – છે અને રહેશે. તે ધ્રુવ, નિયત, શાશ્વત, અક્ષય, અવ્યય, અવસ્થિત, નિત્ય છે.

**૨૦.** ભગવન્ ! જંબૂદ્વીપમાં ઉત્તરાર્દ્ધ ભરતક્ષેત્ર ક્યાં આવેલ છે? ગૌતમ ! લઘુહિમવંત વર્ષધર પર્વતની દક્ષિણમાં વૈતાઢ્ય પર્વતની ઉત્તરમાં પૂર્વી લવણસમુદ્રની પશ્ચિમે, પશ્ચિમ લવણસમુદ્રની પૂર્વે, અહીં જંબૂદ્વીપ દ્વીપમાં ઉત્તરાર્દ્ધ ભરત નામે વાસક્ષેત્ર કહેલ છે.

આ ક્ષેત્ર પૂર્વ–પશ્ચિમ લાંબુ, ઉત્તર–દક્ષિણ પહોળું પલ્યંક સંસ્થાને રહેલ, બે તરફ લવણ સમુદ્રને સ્પૃષ્ટ, પૂર્વ કોટિથી પૂર્વ લવણ સમુદ્રને સ્પૃષ્ટ અને પશ્ચિમ કોટિથી પશ્ચિમ લવણ સમુદ્રને સ્પૃષ્ટ છે. ગંગા–સિંધુ મહાનદી વડે ત્રણ ભાગમાં વિભક્ત, **૨૩૮** યોજન અને એક યોજનના **૩/૧૯** ભાગ વિષ્કંભથી છે.

તેની બાહા પૂર્વ–પશ્ચિમથી **૧૮૯૨** યોજન અને એક યોજનના**૭/૧૯** ભાગ અને અર્ધભાગ લંબાઈથી છે. તેની જીવા ઉત્તરમાં પૂર્વ–પશ્ચિમ લાંબી, લવણસમુદ્રને બે બાજુ સ્પૃષ્ટ છે યાવત્ **૧૪,૪૭૧** યોજન અને **૬/૧૯** ભાગથી કંઈક વિશેષ ન્યૂન આયામથી કહેલ છે. તેનું ધનુપૃષ્ઠ દક્ષિણથી **૧૪,૫૨૮** યોજન અને યોજનના **૧૧/૧૯** ભાગ પરિક્ષેપથી છે.

ભગવન્ ! ઉત્તરાર્દ્ધ ભરતક્ષેત્રનો કેવો આકાર પ્રત્યવતાર કહેલ છે ? ગૌતમ! બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે. જેમ કોઈ ચામડાથી મઢેલ ઢોલ જેવો બહુ સમતલ અને રમણીય છે યાવત્ કૃત્રિમ અને અકૃત્રિમ તૃણ વનસ્પતિ વડે શોભે છે.

ભગવન્! ઉત્તરાર્દ્ધ ભરતના મનુષ્યના કેવા આકારભાવ પ્રત્યવતાર કહેલ છે ? તે મનુષ્યો ઘણા સંઘયણવાળા છે યાવત્ તે મનુષ્યોમાં કેટલાક સિદ્ધ થાય છે, યાવત્ સર્વે દુઃખોનો અંત કરે છે.

**સૂત્ર–૨૧**

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં ઉત્તરાર્દ્ધ ભરતક્ષેત્રમાં ઋષભકૂટ નામક પર્વત કહેલ છે ? ગૌતમ ! ગંગાકૂટની પશ્ચિમે, સિંધુકૂટની પુર્વે લઘુહિમવંત વર્ષધર પર્વતની દક્ષિણી નિતંબમાં, અહીં જંબૂદ્વીપ દ્વીપમાં ઉત્તરાર્દ્ધ ભરતક્ષેત્રમાં ઋષભકૂટ નામે પર્વત કહેલ છે. તથા –

આ ઋષભકૂટ આઠ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, બે યોજન ઉદ્વેધથી, મૂળમાં આઠ યોજન, મધ્યમાં છ યોજન, ઉપર ચાર યોજન વિષ્કંભથી કહેલ છે. મૂળમાં સાતિરેક **૨૫**–યોજન, મધ્યમાં સાતિરેક **૧૮**–યોજન, ઉપર સાતિરેક **૧૨**–યોજન પરિધિ છે.

પાઠાંતરથી – મૂળમાં બાર યોજન, મધ્યમાં આઠ યોજન, ઉપર ચાર યોજન વિષ્કંભથી, મૂળમાં સાતિરેક **૩૭**–યોજન, મધ્યે સાતિરેક **૨૫**–યોજન, ઉપર સાતિરેક **૧૨**–યોજન પરિધિથી ઋષભકૂટ કહેલ છે.

તે મૂળમાં વિસ્તીર્ણ, મધ્યમાં સંક્ષિપ્ત, ઉપર તનુ૦ ગોપુચ્છ સંસ્થાન સંસ્થિત, સર્વ જાંબૂનદમય, સ્વચ્છ–શ્લક્ષ્ણ–યાવત્ પ્રતિરૂપ છે. તે એક પદ્મવરવેદિકાથી પૂર્વવત્ યાવત્ ભવન કોશ લંબાઈથી, અર્દ્ધક્રોશ પહોળાઈથી, દેશોન ક્રોશ ઉર્ધ્વ ઉચ્ચત્વથી છે, અર્થ પૂર્વવત્. ઉત્પલો, પદ્મ યાવત્ ઋષભ, અહીં મહર્દ્ધિક દેવ યાવત્ દક્ષિણથી રાજધાની પૂર્વવત્ મેરુ પર્વતના, જેમ વિજયની છે તેમ કહેવી.

**મુનિ દીપરત્નસાગરે કરેલ વક્ષસ્કાર-૧નો ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ**

## વક્ષસ્કાર–૨ ''કાળ''

### સૂત્ર–૨૨ થી ૨૬

**૨૨.** ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં ભરતક્ષેત્રમાં કેટલા કાળ કહેલ છે? ગૌતમ ! બે ભેદે કાળ કહેલ છે, તે આ – અવસર્પિણીકાળ અને ઉત્સર્પિણીકાળ.

ભગવન્ ! અવસર્પિણીકાળ કેટલા ભેદે કહેલ છે ? ગૌતમ ! છ ભેદે કહેલ છે, તે આ – સુષમસુષમાકાળ, સુષમા કાળ, સુષમદુઃષમાકાળ, દુષમ સુષમાકાળ, દુઃષમાકાળ, દુઃષમ દુઃષમાકાળ.

ભગવન્ ! ઉત્સર્પિણીકાળ કેટલા ભેદે કહેલ છે ? ગૌતમ! છ ભેદે કહેલ છે. તે આ – દુઃષમદુઃષમાકાળ યાવત્ સુષમસુષમાકાળ.

ભગવન્ ! એક–એક મુહૂર્તના કેટલા ઉચ્છ્‌વાસકાળ કહેલ છે ? ગૌતમ! અસંખ્યાત સમયના સમુદય સમિતિ સમાગમથી તે એક આવલિકા કહી છે, સંખ્યાત આવલિકાનો ઉચ્છ્‌વાસ અને સંખ્યાત આવલિકાનો એક નિઃશ્વાસ થાય છે.

**૨૩.** હૃષ્ટ–પુષ્ટ, અગ્લાન, નીરોગ મનુષ્યનો એક ઉચ્છ્‌વાસ–નિઃશ્વાસ પ્રાણ કહેવાય છે.

**૨૪.** સાત પ્રાણોનો એક સ્તોક, સાત સ્તોકનો એક લવ અને **૭૭**–લવનું એક મુહૂર્ત કહેલ છે.

**૨૫. ૩૭૭૩** ઉચ્છ્‌વાસનું મુહૂર્ત અનંતજ્ઞાનીએ કહેલ છે.

**૨૬.** આ મુહૂર્ત પ્રમાણથી **૩૦**–મુહૂર્તનો અહોરાત્ર, પંદર અહોરાત્રનો પક્ષ, બે પક્ષનો માસ, બે માસની ઋતુ, ત્રણ ઋતુનું એક અયન, બે અયનનું સંવત્સર, પાંચ સંવત્સરનો યુગ, વીસ યુગના સો વર્ષ થાય છે.

દશ શતવર્ષના હજાર વર્ષ, સો હજાર વર્ષના એક લાખ વર્ષ, ૮૪ લાખ વર્ષનું એક પૂર્વાંગ, ૮૪ લાખ પૂર્વાંગનું એક પૂર્વ, એ પ્રમાણે દ્વિગુણ–દ્વિગુણ જાણવુ. તે આ પ્રમાણે–

ત્રુટિતાંગ–ત્રુટિત, અડડાંગ–અડડ, અવવાંગ–અવવ, હુહુકાંગ–હુહુક, ઉત્પલાંગ–ઉત્પલ, પદ્માંગ–પદ્મ, નલિનાંગ–નલિન, અર્થનિપુરાંગ–અર્થનિપુર, અયુતાંગ–અયુત, નયુતાંગ–નયુત, પ્રયુતાંગ–પ્રયુત, ચૂલિકાંગ–ચૂલિકા, શીર્ષપ્રહેલિકાંગ–શીર્ષપ્રહેલિકા.

આટલે સુધી ગણિત છે, આટલો ગણિતનો વિષય છે, તેથી આગળ ઉપમાકાળ છે.

### સૂત્ર–૨૭ થી ૩૧

**૨૭.** તે ઔપમિકકાળ શું છે ? તે બે ભેદે છે – પલ્યોપમ અને સાગરોપમ.

તે પલ્યોપમ શું છે ? પલ્યોપમની પ્રરૂપણા હું હવે કરીશ.

પરમાણુ બે ભેદે કહેલ છે. તે આ રીતે – સૂક્ષ્મ અને વ્યવહારિક. અનંત સૂક્ષ્મ પરમાણુ પુદ્‌ગલોના સમુદાય સમિતિ સમાગમથી વ્યાવહારિક પરમાણુ નીપજે છે, તેને શસ્ત્રો કાપી ન શકે.

**૨૮.** સુતીક્ષ્ણ શસ્ત્ર વડે જેનું છેદન–ભેદન કરવું શક્ય નથી, તે પરમાણુ એમ સિદ્ધો કહે છે, તે પ્રમાણોનું આદિ કારણ છે.

**૨૯.** વ્યાવહારિક પરમાણુના સમુદય સમિતિ સમાગમથી તે એક ઉત્‌શ્લક્ષ્ણ–શ્લક્ષ્ણિકા થાય છે, શ્લક્ષ્ણ શ્લક્ષ્ણિકા યાવત્ – ઉત્સેધાંગુલ જાણવું. તે આ રીતે –.

આઠ ઉત્‌શ્લક્ષ્ણ–શ્લક્ષ્ણિકાની એક શ્લક્ષ્ણ–શ્લક્ષ્ણિકા, આઠ શ્લક્ષ્ણ–શ્લક્ષ્ણિકાનો એક ઉર્ધ્વરેણુ, આઠ ઉર્ધ્વરેણુનો એક ત્રસરેણુ, આઠ ત્રસરેણુનો એક રથરેણુ, આઠ રથરેણુના એક દેવકુરુ–ઉત્તરકુરુના મનુષ્યનો વાલાગ્ર, આઠ દેવકુરુ–ઉત્તરકુરુના મનુષ્યના વાલાગ્રનો એક હરિવર્ષ–રમ્યક્‌વર્ષના મનુષ્યનો વાલાગ્ર, એ પ્રમાણે હૈમવંત–

હૈરણ્યવંતના મનુષ્યોનો, પૂર્વ–પશ્ચિમ વિદેહના મનુષ્યનો, તેના આઠ વાલાગ્રની એક લિક્ષા, આઠ લીંખની એક જૂ, આઠ જૂનો એક જવમધ્ય, આઠ જવમધ્યનો એક અંગુલ.

આ અંગુલ પ્રમાણથી છ અંગુલનો એક પાદ, બાર અંગુલની એક વેંત, **૨૪**–અંગુલની એક રત્ની, **૪૮**–અંગુલની કુક્ષી, **૯૬**–અંગુલનો એક અક્ષ, દંડ, ધનૂ, યુગ, મુસલ, નાલિકા એમ ગણતા **૨૦૦૦** ધનુષનો એક ગાઉ, ચાર ગાઉનો એક યોજન થાય.

આ યોજનપ્રમાણનો જે પલ્ય(કુવો), આયમ–વિષ્કંભ અર્થાત લંબાઈ અને પહોળાઈથી એક યોજન હોય, ઉર્ધ્વ ઉચ્ચત્વથી એક યોજન હોય, તેનાથી સાધિક ત્રણ ગણી પરિધિ હોય, તે પલ્યને એક, બે, ત્રણ યાવત્ ઉત્કૃષ્ટ સાત અહોરાત્રના જન્મેલ યૌગલિકના વધેલા વાલાગ્રોથી સઘન, નિચિત, નિબિડ રૂપે ભરવામાં આવે. તે વાલાગ્ર ન ખરાબ થાય, ન વિધ્વસ્ત થાય, ન અગ્નિ બાળે, ન વાયુ હરે, ન સડી જાય. ત્યારપછી સો–સો વર્ષે એક–એક વાલાગ્રને બહાર કાઢતા જેટલા કાળે તે પલ્ય ક્ષીણ, નીરજ, નિર્લેપ, નિષ્ઠિત થાય છે, તેને ‘પલ્યોપમ’ની ઉપમા આપેલ છે.

**૩૦.** આવા કોડાકોડી પલ્યોપમને દશગણા કરવાથી એક સાગરોપમનું પરિમાણ થાય છે. એટલે કે **૧૦** કોડાકોડી પલ્યોપમનો એક સાગરોપમ થાય છે.

**૩૧.** આ સાગરોપમ પ્રમાણથી **૧.** ચાર કોડાકોડી સાગરોપમ કાળ તે સુષમસુષમા. **૨.** ત્રણ સાગરોપમ કોડાકોડી કાળ તે સુષમા. **૩.** બે સાગરોપમ કોડાકોડી કાળ તે સુષમદુષમા. **૪.** એક સાગરોપમ કોડાકોડીમાં **૪૨,૦૦૦** વર્ષ ન્યૂન કાળ તે દુષમસુષમા. **૫. ૨૧,૦૦૦** વર્ષનો કાળ તે દુષમા. **૬. ૨૧,૦૦૦**નો કાળ તે દુષમદુષમા.

ફરી ઉત્સર્પિણીમાં **૨૧,૦૦૦** વર્ષનો કાળ તે દુષમદુષમા, એ પ્રમાણે ઉલટા ક્રમથી જાણવું યાવત્ ચાર સાગરોપમ કોડાકોડી કાળ તે સુષમસુષમા.

એમ દશ સાગરોપમ કોડાકોડી કાળ અવસર્પિણીનો છે, દશ સાગરોપમ કોડાકોડી કાળ ઉત્સર્પિણીનો છે. એમ વીશ સાગરોપમ કોડાકોડી કાળ અવસર્પિણી–ઉત્સર્પિણીનો છે.

### સૂત્ર–૩૨

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપના ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીમાં સુષમ સુષમા નામે પહેલા આરામાં ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત ભરતક્ષેત્રના કેવા સ્વરૂપે આચાર–ભાવ–પ્રત્યવતાર છે ?

ગૌતમ ! બહુસમ રમણીય ભૂમિભાગ છે. જેમ કોઈ આલિંગપુષ્કર (ચામડાથી મઢેલો ઢોલ) સમતલ અને રમણીય હોય યાવત્ વિવિધ પંચવર્ણી મણિ વડે અને તૃણ–મણિથી ઉપશોભિત છે. જેમ કે – કૃષ્ણ યાવત્ શુક્લ. એ પ્રમાણે વર્ણ, ગંધ અને શબ્દથી તૃણ અને મણિ કહેવા યાવત્ ઘણા મનુષ્યો અને માનુષીઓ ત્યાં બેસે છે, સૂવે છે, રહે છે, નિષદ્યા કરે છે, ત્વગ્ વર્તન કરે છે, હસે છે, રમે છે, ક્રીડા કરે છે.

તે સમયમાં ભરતવર્ષમાં ઘણા ઉદ્દાલ, કુદ્દાલ, મુદ્દાલ, કૃમાલ, નૃતમાલ, દંતમાલ, નાગમાલ, શૃંગમાલ, શંખમાલ, શ્વેતમાલ નામક વૃક્ષસમૂહો હતા. તે કુશ–વિકુશ રહિત મૂળવાળા હતા. તે મૂળમંત, કંદમંત યાવત્ બીજમંત, પત્ર–પુષ્પ અને ફળ વડે ઢંકાયેલા રહેતા હતા. શ્રી વડે અતીવ–અતીવ શોભતા રહેલા હતા.

તે સમયગાળામાં ભરતક્ષેત્રમાં ત્યાં–ત્યાં ઘણા ભેરુતાલ, હેરુતાલ, મેરુતાલ, પ્રભતાલ, શાલ, સરલ, સપ્તપર્ણ, પૂગફલી, ખજૂરી, નાળિયેર એ બધાના વનો હતા. જે કુશવિકુશ રહિત મૂળવાળા વૃક્ષો હતા યાવત્ રહેલા હતા.

તે આરામાં ભરતક્ષેત્રમાં ત્યાં–ત્યાં ઘણા સેરિકા, નોમાલિકા, કોરંટક, બંધુજીવક, મનોજ, બીજ, બાણ, કણેર, કુજ્જાય, સિંદુવાર, મોગર, જૂહિકા, મલ્લિકા, વાસંતિકા, વસ્તુલ, કસ્તુલ, સેવાલ, અગસ્તિ, મગદંતિકા, ચંપક, જાતિ, નવનીતિકા, કુંદ, મહાજાતિ એ બધાના ગુલ્મો હતા. તે બધા રમ્ય, મહામેઘ નિકુરંબભૂત, પંચવર્ણી પુષ્પોથી કુસુમિત હતા. તે ભરતક્ષેત્રના બહુસમ રમણીય ભૂમિભાગને વાયુ વડે કંપિત અગ્રશાખાથી ફૂલને પાડીને પુષ્પના

પુંજોપચારયુક્ત કરતા હતા.

તે આરામાં ભરતક્ષેત્રમાં ત્યાં–ત્યાં, ત્યારે–ત્યારે ઘણી વનરાજીઓ કહેલી હતી. જે કૃષ્ણ–કૃષ્ણવભાસ યાવત્ મનોહર હતી. પુષ્પ પરાગની સૌરભથી મત્ત, ભ્રમર, કોરંક, ભૃંગારક, કુંડલક, ચકોર, નંદીમુખ, કપિલ, પિંગલાક્ષક, કરંડક, ચક્રવાક, બતક, હંસ આદિ અનેક પક્ષીના યુગલો ત્યાં વિચરતા હતા. તે વનરાજીઓ પક્ષીઓના મધુર શબ્દોથી સદા પ્રતિધ્વનિત રહેતી હતી. તે વનરાજીના પ્રદેશ પુષ્પોના આસવ પીવામાં ઉત્સુક, મધુર ગુંજન કરતા ભ્રમરીના સમૂહથી પરિવૃત્ત, દૃપ્ત, મત ભ્રમરોના મધુર ધ્વનિથી મુખરિત હતા. તે વનરાજીઓ અંદરની બાજુ ફળોથી અને બહારની બાજુ પુષ્પોથી આચ્છાદિત હતી. ત્યાંના ફળો સ્વાદિષ્ટ હતા, વાતાવરણ નીરોગ હતું.

તે કાંટાથી રહિત હતી. વિવિધ પ્રકારના ફૂલોના ગુચ્છો, લતાના ગુલ્મો તથા મંડળોથી શોભિત હતી. વાવ–પુષ્કરિણી–દીર્ઘિકા હતી. તે બધા ઉપર જાલગૃહ હતા. ઇત્યાદિ તે સર્વઋતુક પુષ્પ–ફળથી સમૃદ્ધ હતી યાવત્ પ્રાસાદીય હતી.

સૂત્ર–૩૩

તે આરામાં ભરતક્ષેત્રમાં ત્યાં ત્યાં, ત્યારે ત્યારે, મત્તાંગ નામે વૃક્ષગણ કહેલ છે. જેમ તે ચંદ્રપ્રભા નામની સુરાની જેમ તે વૃક્ષો માદક રસથી પરિપૂર્ણ યાવત્ તુષ્ટિ–પુષ્ટિકારક હોય છે, ઇત્યાદિ. એ પ્રમાણે યાવત્ અનગ્ન નામક વૃક્ષગણ સુધી દશ કલ્પવૃક્ષો કહેલ છે, તેનું વર્ણન જીવાભિગમ સૂત્રાનુસાર જાણવું.

સૂત્ર–૩૪

ભગવન્ ! તે આરામાં–સમયગાળામાં ભરતક્ષેત્રમાં મનુષ્યના કેવા સ્વરૂપના આકાર ભાવ પ્રત્યવતાર અર્થાત મનુષ્ય (પુરુષનું) વર્ણન કહેલ છે ?

ગૌતમ ! તે માનુષીઓ સુજાત સર્વાંગસુંદરી, પ્રધાનમહિલા ગુણો વડે યુક્ત હોય છે. તેના બંને ચરણો અતિ સુંદર હોય છે. વિશિષ્ટ પ્રમાણોપેત હોય છે.તે અતિ સુકોમળ હોય, કાચબા જેવા આકારે તે ચરણો હોય, તે ચરણોની આંગળી ઋજુ, સરળ, રંજીત અને પાતળી હોય. તેના નખો ઉન્નત્ત, સ્નિગ્ધ પાતળા હોય, તેની જંઘા રોમ–રહિત, વૃત્ત–લષ્ટ–સંસ્થિત હોય. તે ઉત્કૃષ્ટ પ્રશંસનીય, સુભગ અને અદ્વેષ્ય હોય છે. બંને ઢીંચણ સુનિર્મિત, માંસલ, દૃઢ, સ્નાયુબદ્ધ હોય. તેના સાથળ કેળના સ્તંભની સમાન સુંદર, વ્રણ રહિત, સુકુમાર, મૃદુ, માંસલ, અવિરલ, સમ, સુજાત વૃત અને પુષ્ટ છે.

તેણીની કેળનો ભાગ શ્રેષ્ઠ આકારયુક્ત, પ્રશસ્ત, વિસ્તીર્ણ, અતિ સ્થૂળ હોય. વદન આયામ પ્રમાણથી બમણી વિશાળ માંસલ સુબદ્ધ, શ્રેષ્ઠ જઘન ધારિણી, વજ્રરત્ન જેવું મનોહર, પ્રશસ્ત ગુણ લક્ષણ યુક્ત, અલ્પ અને ત્રિવલી યુક્ત,ગોળાકાર અને પાતળું ઉદર તે સ્ત્રીઓનું હોય છે. તેણીની રોમરાજી ઋજુ, સમ, સંહિત, સ્વાભાવિક પાતળી, કૃષ્ણ, સ્નિગ્ધ, લલિત, સુવિભક્ત, કાંત, શોભાયમાન, અતિ મનોહર હોય છે. તેણીની નાભિ ગંગાવર્ત પ્રદક્ષિણાવર્ત્ત ગોળ, વિકસિત કમલ સમાન ગૂઢતા, ગંભીર અને વિવૃત હોય છે.તેના ઉદરનો ડાબો ભાગ અનુદ્‌ભટ્ટ, પ્રશસ્ત, સ્થૂળ હોય છે. તેણીના બંને પડખા ક્રમશઃ સાંકડા, સંગત, સુંદર, સુજાત, ઉચિત પ્રમાણવાળા, મનોહર હોય છે.

તેણી નિરુપહત ગાત્રયષ્ટિવાળી, કંચન કળશ પ્રમાણ સમ સહિત લષ્ટ ચુચ્ચુક આમેલક યમલયુગલ વર્તિક અભ્યુન્નત પીન રચિત પીવર પયોધરા, ભુયંગ અનુપૂર્વ તનુક ગોપુચ્છ વૃત્ત સંહિત નમિત. આદેય સુલભિત બાહુઓ, તામ્રનખ, માંસલ અગ્રહસ્ત.પીવર કોમળ શ્રેષ્ઠ અંગુલી, સ્નિગ્ધ હસ્તરેખા, રવિ–શશિ–શંખ–ચક્ર–સ્વસ્તિકથી સુવિભક્ત સુવિરચિત હાથની રેખાઓ, પીન–ઉન્નત હાથ–કક્ષા–બસ્તિપ્રદેશ, પ્રતિપૂર્ણ ગાળ–કપોલ, ચતુરંગુલ સુપ્રમાણ કંબુવર સદૃશ ગ્રીવા, માંસલ સંસ્થિત પ્રશસ્ત હનુક, દાડમપુષ્પ સમાન પીવર પ્રલંબ કુંચિત વર અધર, સુંદર ઉત્તરોષ્ઠ, દહીં દકરક ચંદ કુંદ વાસંતી મુકુલ ધવલ અછિદ્ર વિમલ દાંત, રક્ત ઉત્પલપત્ર મૃદુ સુકુમાલ તાલુ અને જીભ, કણેર મુકુલ કુટિલ અભ્યુદ્‌ગત ઋજુ તુંગ નાક, શારદ નવ કમલ કુમુદ કુવલય વિમલદલ નિકર સદૃશ લક્ષણ પ્રશસ્ત અજિમ્હ કાંત નયનો, પ્રતલ ધવલ આયત આતામ્રલોચન, આનામિત ચાપ રુચિર કૃષ્ણાભ્રરાજિ સંગત સુજાત ભ્રમર, આલીન પ્રમાણયુક્ત

કાન, પીન મૃષ્ટ ગંડ લેખા, ચતુરસ્ર પ્રશસ્ત સમ નિડાલ, કૌમુદી રજનીકર વિમળ પ્રતિપૂર્ણ સૌમ્ય વદના, છત્રોન્નત ઉત્તમાંગ, અકપિલ સુસ્નિગ્ધ હોય છે.

છત્ર, ધ્વજ, યૂપ, દામનિ, કમંડલુ, કળશ, વાપી, સ્વસ્તિક, પતાકા, યવ, મત્સ્ય, કુંભ, શ્રેષ્ઠરથ, મગરધ્વજ, અંક, થાળ, અંકુશ, અષ્ટાપદ, સુપ્રતિષ્ઠક, મયૂર, શ્રી–અભિષેક, તોરણ, મેદિની, ઉદધિ, શ્રેષ્ઠ ભવન, ગિરિ, શ્રેષ્ઠ આદર્શ, સલીલગત, વૃષભ, સિંહ અને ચામર એ ઉત્તમ પ્રશસ્ત બત્રીશ લક્ષણધારી.

હંસ સદશગતિકા, કોયલ મધુર ગિર સુસ્વરા, કાંતા, બધાને અનુમતા, ચાલી ગયેલ વળીઆ – પળીઆ – વ્યંગ – દુર્વર્ણ, વ્યાધિ, દૌર્ભાગ્ય, શોકાદિ. જે ઉચ્ચત્વ મનુષ્યોનું છે, તેનાથી કંઈક ન્યૂન ઊંચાઈવાળી, સ્વભાવથી શૃંગાર–ચારુ વેશવાળી, સંગત ગત હસિત ભણિત ચેષ્ટિત વિલાસ સંલાપ નિપુણયુક્તોપચાર કુશલા, સુંદર સ્તન જઘન વદન હાથપગ નયન લાવણ્ય રૂપ યૌવન વિલાસયુક્ત છે.

તે માનુષી સ્ત્રીઓ. નંદનવન વિવર ચારિણી અપ્સરા જેવી, જાણે ભરતક્ષેત્રની માનુષી અપ્સરાઓ છે, તે આશ્ચર્ય કારી, પ્રેક્ષણીય, પ્રાસાદીયા યાવત્ પ્રતિરૂપા છે.

તે સમયના મનુષ્યો ઓઘસ્વર, હંસસ્વર, ક્રૌંચસ્વર, નંદીસ્વર, નંદીઘોષ, સિંહસ્વર, સિંહઘોષ, સુસ્વર, સુસ્વરનિર્ઘોષ, છાયા–આતપ–ઉદ્યોત–વ્યંગ અંગવાળા છે.

વજ્રઋષભ નારાચ સંઘયણી, સમચતુરસ્ર સંસ્થાન, આતંક રહિત શરીર, અનુલોમ વાયુવેગ, કંકગ્રહણી, કપોત–પરિણામા, શકુની–પોષ–પિટ્ઠંતર–ઉરુ પરિણત, ૬૦૦ ધનુષ ઊંચા છે. તે મનુષ્યોને **૨૫૬** પીઠ કરંડકો હે આયુષ્યમાન શ્રમણ ! કહેલી છે.

તેઓ પદ્મ ઉત્પલ ગંધ સદશ નિઃશ્વાસયુક્ત સુરભિવદન વાળા છે. તે મનુષ્યો પ્રકૃતિથી ઉપશાંત, પ્રકૃતિથી પતલા ક્રોધ–માન–માયા–લોભવાળા, મૃદુ–માર્દવતા સંપન્ન, આલીન, ભદ્રક, વિનીત, અલ્પ ઇચ્છાવાળા, અસંનિધિ સંચય, વિડિમંતર પરિવસન, ઇચ્છાનુસાર કામભોગ ભોગવનારા હતા.

સૂત્ર–૩૫

ભગવન્ ! તે મનુષ્યોને કેટલા કાળે આહારની ઇચ્છા ઉત્પન્ન થાય છે ? ગૌતમ ! તેમને અટ્ઠમભક્ત એટલે કે ત્રણ દિવસ પછી આહારની ઇચ્છા ઉત્પન્ન થાય છે. હે આયુષ્યમાન્ શ્રમણો ! તે મનુષ્યોને પૃથ્વી, પુષ્પ, ફળનો આહાર કહેલો છે.

ભગવન્ ! તે પૃથ્વીનો આસ્વાદ કેવા પ્રકારે કહેલો છે ? ગૌતમ! જેમ કોઈ ગોળ કે ખાંડ કે શર્કરા કે મત્સંડી કે પર્પટ, મોદક, મૃણાલ, પુષ્પોત્તર, પદ્મોત્તર, વિજયા, મહાવિજયા, આકાશિકા, આદર્શિકા, આકાશ ફલોપમ, ઉપમા કે અનોપમા, હે ભગવન્ ! શું આવા પ્રકારનો તે પૃથ્વીનો આસ્વાદ હોય છે ?

ના, એ અર્થ સમર્થ નથી, તે પૃથ્વી આનાથી ઇષ્ટતરિકા યાવત્ મણામતરિકા આસ્વાદવાળી કહી છે.

તે પુષ્પફળોનો કેવા પ્રકારનો આસ્વાદ કહેલ છે ?

ગૌતમ ! જેમ કોઈ ચાતુરંત ચક્રવર્તી રાજાનું ભોજન લાખ સુવર્ણમુદ્રાના વ્યયથી નિષ્પન્ન થાય છે, તે કલ્યાણકર, પ્રશસ્ત, વર્ણયુક્ત યાવત્ સ્પર્શયુક્ત, આસ્વાદનીય, વિસ્વાદનીય, દીપનીય, દર્પણીય, મદનીય, બૃંહણીય, સર્વે ઇન્દ્રિય–ગાત્રને પ્રહ્લાદનીય હોય, શું તે પુષ્પો ફળોનો સ્વાદ. આવા પ્રકારનો કહ્યો છે ? ના, તે અર્થ સમર્થ નથી. તે પુષ્પ ફળોનો સ્વાદ આનાથી પણ ઇષ્ટતરક યાવત્ આસ્વાદ કહેલ છે.

સૂત્ર–૩૬, ૩૭

**૩૬.** ભગવન્ ! તે મનુષ્યો તે આહારને કરતા કઈ વસતિમાં વસે છે ? ગૌતમ ! તે મનુષ્યો વૃક્ષરૂપ ઘરમાં રહેનારા છે, તેમ હે આયુષ્યમાન્ શ્રમણ ! કહેલ છે.

ભગવન્ ! તે વૃક્ષોનો કેવા પ્રકારે આકાર ભાવ પ્રત્યવતાર કહેલો છે ? ગૌતમ ! કૂડાગાર સંસ્થિત, પ્રેક્ષાગૃહ, છત્ર, ધ્વજ, સ્તૂપ, તોરણ, ગોપુર, વેદિકા, ચોપ્ફાલ, અટ્ટાલિકા, પ્રાસાદ હર્મ્ય, હવેલી, ગવાક્ષ, વાલાગ્રપોતિકા તથા વલ્લભીગૃહ સદૃશ સંસ્થાન સંસ્થિત છે.

આ ભરત ક્ષેત્રમાં બીજા પણ એવા વૃક્ષ છે. જેના આકાર ઉત્તમ વિશિષ્ટ ભવનો જેવા છે, જે સુખપ્રદ શીતલ છાયા યુક્ત છે એમ હે આયુષ્યમાન્ શ્રમણ ! કહેલ છે.

૩૭. ભગવન્ ! તે સમયે ભરતક્ષેત્રમાં શું ઘર હોય છે કે ગેહાપણ હોય છે ? ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. કેમ કે તે મનુષ્યો હે આયુષ્યમાન્ શ્રમણ ! વૃક્ષગેહાલયા કહેલા છે.

ભગવન્ ! તે સમયે ભરતક્ષેત્રમાં ગામ કે યાવત્ સંનિવેશ છે ? ગૌતમ ! તે અર્થ સમર્થ નથી. તે મનુષ્યો સ્વભાવથી યથેચ્છ–વિચરણશીલ કહેલા છે.

ભગવન્ ! તે સમયે અસી, મસી, કૃષિ, વણિક્કળા, પણ્ય અથવા વાણિજ્ય છે ? તે અર્થ સમર્થ નથી. કેમ કે હે આયુષ્યમાન્ શ્રમણ ! તે મનુષ્યો અસિ મસિ કૃષિ વણિક્ કળા પણ્ય વાણિજ્ય જીવિકાથી રહિત કહેલા છે.

ભગવન્ ! તે સમયે ત્યાં હિરણ્ય, સુવર્ણ, કાંસ્ય, દૂષ્ય, મણિ, મોતી, શંખ, શિલા–પ્રવાલ, રક્ત રત્ન, સાવઇજ્ઞ હોય છે ? હા, હોય છે પણ તે મનુષ્યોના પરિભોગપણે શીઘ્ર ઉપયોગમાં આવતા નથી.

ભગવન્ ! તે સમયે ભરતક્ષેત્રમાં રાજા યુવરાજ, ઈશ્વર, તલવર, માડંબિક, કૌટુંબિક, ઇભ્ય, શ્રેષ્ઠી, સેનાપતિ કે સાર્થવાહ છે ? ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. તે મનુષ્ય ઋદ્ધિ–સત્કાર રહિત છે.

ભગવન્ ! તે સમયે ભરતક્ષેત્રમાં દાસ, પ્રેષ્ય, શિષ્ય, ભૃતક, ભાગિયા કે કર્મકર છે ? ના, તે અર્થ સમર્થ નથી. હે આયુષ્યમાન્ શ્રમણ ! તે મનુષ્યો આભિયોગ રહિત છે.

ભગવન્ ! તે સમયે ભરતક્ષેત્રમાં માતા, પિતા, ભાઈ, બહેન, પત્ની, પુત્ર, પુત્રી કે પુત્રવધૂ હોય છે ? હા, હોય છે. પરંતુ તેમને તીવ્ર પ્રેમબંધન ઉત્પન્ન થતું નથી.

ભગવન્ ! તે સમયે ભરતક્ષેત્રમાં અરી, વૈરી, ઘાતક, વધક, પ્રત્યનીક કે પ્રત્યામિત્ર છે? ના, તે અર્થ સમર્થ નથી. હે આયુષ્યમાન્ શ્રમણ! તે મનુષ્યો વૈરાનુશય રહિત હોય છે.

ભગવન્ ! તે સમયે ભરતક્ષેત્રમાં મિત્ર, વયસ્ય, જ્ઞાતક, સંઘાટક, સખા, સુહૃદ કે સાંગતિક છે? હા, છે. પણ તે મનુષ્યોને તીવ્ર રાગબંધન ઉત્પન્ન થતું નથી.

ભગવન્ ! તે સમયે ભરતક્ષેત્રમાં આવાહ, વિવાહ, યજ્ઞ, શ્રાદ્ધ, સ્થાલીપાક કે મૃતપીંડ નિવેદના હોય છે ? ના, એ અર્થ સમર્થ નથી. હે આયુષ્યમાન્ શ્રમણ ! તે મનુષ્યો આબાહ, વિવાહ, યજ્ઞ, શ્રાદ્ધ, સ્થાલીપાક, મૃતપીંડ નિવેદના વ્યવહાર રહિત છે.

ભગવન્ ! તે સમયે ભરતક્ષેત્રમાં ઈન્દ્ર–સ્કંદ–નાગ–યક્ષ–ભૂત–અગડ–તડાગ–દ્રહ–નદી–વૃક્ષ–પર્વત–સ્તૂપ કે ચૈત્યનો મહોત્સવ હોય છે ? ના, એ અર્થ સમર્થ નથી. તે મનુષ્યો મહોત્સવ મહિમા રહિત કહેલા છે.

ભગવન્ ! તે સમયે ભરતક્ષેત્રમાં નટ–નર્તક–જલ્લ–મલ્લ–મૌષ્ટિક–વેલંબક–કથક–પ્લવક કે લાસકની પ્રેક્ષા કહેલી છે ? ના, એ અર્થ સમર્થ નથી. હે આયુષ્યમાન્ શ્રમણ! તે મનુષ્યો કુતૂહલ રહિત કહેલા છે.

ભગવન્ ! તે સમયે ભરતક્ષેત્રમાં શકટ, રથ, યાન, યુગ્ય, ગિલ્લિ, થિલ્લિ, સીયા કે સ્યંદમાનિકા છે, ના એ અર્થ સમર્થ નથી. તે મનુષ્યો પાદચાર વિહારી કહેલા છે.

ભગવન્ ! તે સમયે ભરતક્ષેત્રમાં ગાય, ભેંસ, બકરા કે ઘેટા છે ? હા, હોય છે. પરંતુ તે મનુષ્યોના પરિભોગમાં આવતા નથી.

ભગવન્ ! તે સમયે ભરતક્ષેત્રમાં અશ્વ, હાથી, ઉંટ, ગાય, ગવય, બકરા, ઘેટા, પ્રશ્રય, મૃગ, વરાહ, ઋરુ, શરભ,

ચમર, કુરંગ, ગોકર્ણ આદિ હોય છે ? હા, હોય છે. પણ તેમના પરિભોગમાં આવતા નથી.

ભગવન્ ! તે સમયે ભરતક્ષેત્રમાં સિંહ, વાઘ, વૃક, દ્વીપિક, અચ્છ, તરક્ષ, શિયાલ, બિડાલ, સુનક, કોકંતિક કે કોલશુનક છે ? હા, છે પણ તે મનુષ્યોને આબાધ, વ્યાબાધ, છવિચ્છેદ કરતા નથી. આયુષ્યમાન્ શ્રમણો ! તે શ્વાપદગણ પ્રકૃતિથી ભદ્રક છે.

ભગવન્ ! તે સમયે ભરતક્ષેત્રમાં શાલી, વ્રીહી, ગોધૂમ, જવ, જવજવ, કલમ, મસૂર, મગ, અડદ, તલ, કળથી, નિપ્ફાવ, આલિસંદક, અતસી, કુસુંભ, કોદ્રવ, કંગુ, વરક, સલક, શણ, સરસવ, મૂલગ કે બીજ છે ? હા, હોય છે. પરંતુ તે મનુષ્યોના ઉપભોગમાં આવતા નથી.

ભગવન્ ! તે સમયે ભરતક્ષેત્રમાં ગડ્ડા, દરી, અવપાત, વિષમ કે વિજ્વલ હોય છે ? ના, એ અર્થ સમર્થ નથી. કેમ કે ભરતક્ષેત્રમાં બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે. જેમ કોઈ આલિંગપુષ્કર ઇત્યાદિ હોય, તેમ જાણવું.

ભગવન્ ! તે સમયે ભરતક્ષેત્રમાં સ્થાણુ, કંટક, તૃણ, કચવર કે પત્ર કચવર હોય છે? ના, તે અર્થ સમર્થ નથી. તે ભૂમિ સ્થાણુ, કંટક, તૃણ, કચવર, પત્રકચવર રહિત છે.

ભગવન્ ! તે સમયે ભરતક્ષેત્રમાં ડાંસ, મશક, જૂ, લીંખ, ઢિંકુણ કે પિસ્સુ હોય છે ? ના, એ અર્થ સમર્થ નથી. તે ભૂમિ ડાંસ, મશક, જૂ, લીખ, ઢિંકુણ અને પિસ્સુના ઉપદ્રવરહિત કહેલી છે.

ભગવન્ ! તે સમયે ભરતક્ષેત્રમાં સર્પ કે અજગર હોય છે ? હા, હોય છે. પરંતુ તે મનુષ્યોને આબાહ આદિ કરતા નથી. યાવત્ તે પ્રકૃતિભદ્રક વ્યાલક ગણ કહેલ છે.

ભગવન્ ! તે સમયે ભરતક્ષેત્રમાં ડિંભ, ડમર, કલહ, બોલ, ક્ષાર, વૈર, મહાયુદ્ધ, મહાસંગ્રામ, મહાશસ્ત્રપત્તન કે મહાપુરુષ પત્તન હોય છે ? ગૌતમ ! ના, એ અર્થ સમર્થ નથી. તે મનુષ્યો વૈરાનુબંધ રહિત કહેલા છે.

ભગવન્ ! તે સમયે ભરતક્ષેત્રમાં દુર્ભૂત, કુલરોગ, ગ્રામરોગ, મંડલરોગ, પોટ્ટરોગ, શીર્ષવેદના, કર્ણ–હોઠ–અક્ષિ–નખ –દંત વેદના, કાશ, શ્વાસ, શોષ, દાહ, અર્શ, અજીર્ણ, જલોદર, પાંડુરોગ, ભગંદર, એકાહિક–દ્વધાહિક–ત્ર્યાહિક–ચતુર્હિક એ બધાં. જ્વર–તાવ, ઇન્દ્રગ્રહ, ધનુગ્રહ, સ્કંદગ્રહ, કુમારગ્રહ, યક્ષગ્રહ, ભૂતગ્રહ, મસ્તકશૂળ, હૃદયશૂળ, પેટશૂળ, કુક્ષીશૂળ, યોનિશૂળ, ગ્રામમારી યાવત્ સન્નિવેશમારી, પ્રાણીક્ષય, જનક્ષય, કુળક્ષય, વ્યસનભૂત અનાર્ય એ બધું હોય છે ?

ગૌતમ! ના, તે અર્થ સમર્થ નથી. હે આયુષ્યમાન્ શ્રમણ ! તે મનુષ્યો રોગાંતક રહિત કહેલા છે.

સૂત્ર–૩૮

ભગવન્ ! તે સમયે ભરતક્ષેત્રના મનુષ્યોની કેવી કાલ સ્થિતિ કહેલી છે ? ગૌતમ ! જઘન્યથી દેશોન ત્રણ પલ્યોપમ, ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ છે.

ભગવન્ ! તે સમયે ભરતક્ષેત્રના મનુષ્યોના શરીરની કેટલી ઊંચાઈ કહેલી છે ? ગૌતમ ! જઘન્યથી દેશોન ત્રણ ગાઉ અને ઉત્કૃષ્ટ પણ ત્રણ ગાઉ.

ભગવન્ ! તે મનુષ્યો કેવા સંઘયણવાળા કહ્યા છે ? ગૌતમ ! વજ્રઋષભનારાચ સંઘયણવાળા કહ્યા છે.

ભગવન્ ! તે મનુષ્યોના શરીર કેવા સંસ્થાને કહેલ છે ? ગૌતમ! સમચતુરસ્ર સંસ્થાને સંસ્થિત છે. હે આયુષ્યમાન્ શ્રમણ ! તે મનુષ્યોને **૨૫૬**–પૃષ્ઠ કરંડકો કહેલા છે.

ભગવન્ ! તે મનુષ્યો મૃત્યુના અવસરે, મૃત્યુ પામી ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ? ગૌતમ ! છ માસ આયુ બાકી રહેતા એક યુગલને જન્મ આપે છે, ૪૯ અહોરાત્ર તેમનું સંરક્ષણ અને સંગોપન કરે છે. તેમ કરીને ખાંસી–છીંક કે બગાસું આવતા કષ્ટરહિત, વ્યથા રહિત, પરિતાપ રહિતપણે મૃત્યુ અવસરે મૃત્યુ પામીને દેવલોકમાં ઉપજે છે તે મનુષ્યો દેવલોક પરિગ્રહા–સ્વર્ગમાં જન્મનારા કહેલ છે.

ભગવન્ ! તે સમયે ભરતક્ષેત્રમાં કેવા પ્રકારના મનુષ્યો હોય છે ? ગૌતમ ! છ પ્રકારના મનુષ્યો કહેલા છે. તે આ પ્રમાણે – પદ્મગંધી, મૃગગંધી, અમમ, તેજસ્વી, સહનશીલ અને છઠ્ઠા શનૈશ્ચારી મનુષ્યો હોય છે.

સૂત્ર–૩૯

તે સમયે–(જ્યારે પ્રથમ આરો) ચાર કોડાકોડી સાગરોપમનો કાળ વીતી ગયા પછી અનંતા વર્ણપર્યાય, અનંતા ગંધપર્યાય, અનંતા રસપર્યાય, અનંતા સ્પર્શપર્યાય, અનંતા સંઘયણ પર્યાય, અનંતા સંસ્થાન પર્યાય, અનંતા ઉચ્ચત્વ પર્યાય, અનંતા આયુ પર્યાય, અનંતા ગુરુલઘુ અને અગુરુલઘુ પર્યાય, અનંતા ઉત્થાન–કર્મ–બલ–વીર્ય–પુરુષકાર પરાક્રમ પર્યાયોથી, અનંતગુણની પરિહાનિથી ઘટતા આ સુષમા નામનો સમયકાળ અર્થાત આરો હે શ્રમણાયુષ્ ! પ્રાપ્ત થાય છે.

ભગવન્ ! જંબૂદ્વીપમાં આ અવસર્પિણીમાં સુષમા આરામાં ઉત્તમકાષ્ઠા પ્રાપ્ત ભરતક્ષેત્રનો કેવો આકાર–ભાવ–સ્વરૂપ હોય છે ? ગૌતમ ! બહુસમ રમણીય ભૂમિભાગ હોય છે. જેમ કોઈ આલિંગપુષ્કર અર્થાત ચામડું મઢેલ ઢોલ સમતલ અમે રમણીય હોય ઈત્યાદિ બધું સુષમસુષમામાં પૂર્વે વર્ણવ્યુ, તે મુજબ અહી કહેવું. વિશેષ એ કે –

બીજા આરાના મનુષ્યો ૪૦૦૦ ધનુષ ઊંચા એટલે કે બે ગાઉની ઊંચાઈવાળા હોય, તેમને ૧૨૮–પૃષ્ઠ કરંડક હોય, છઠ્ઠ ભક્ત–બે દિવસ પછી આહારેચ્છા થાય, ૬૪ અહોરાત્ર અપત્ય સંરક્ષણ કરે છે. બે પલ્યોપમ આયુ બાકી રહેતા પૂર્વવત્ મૃત્યુ પામે. શેષ વર્ણન સુષમસુષમા કાલ પ્રમાણે જ જાણવું.

તે સમયમાં ચાર પ્રકારે મનુષ્યો હોય છે. તે આ રીતે – એકા(શ્રેષ્ઠ), પઉરજંઘા(પૃષ્ટ જંઘાવાલા), કુસુમા–(ફૂલ જેવા કોમળ), સુસમણા(અત્યંત શાંત).

સૂત્ર–૪૦

બીજા આરાનો ત્રણ કોડાકોડી સાગરોપમ કાળ વીત્યા પછી અનંતા વર્ણ પર્યાયો યાવત્ અનંતગુણ પરિહાનિથી ઘટતા–ઘટતા હે આયુષ્યમાન્ શ્રમણ ! આ સુષમ દુઃષમા કાળ શરૂ થયો.

તે ત્રીજો. આરો ત્રણ ભેદે છે – પહેલાં ત્રિભાગ, વચલા ત્રીજા ભાગ અને છેલ્લા ત્રિભાગ.

ભગવન્ ! જંબૂદ્વીપના આ અવસર્પિણીના સુષમાદુઃષમા આરાના પહેલા અને વચલા ત્રિભાગમાં ભરતક્ષેત્રના કેવા આકાર–ભાવ–પ્રત્યવતાર કહ્યા છે ?

ગૌતમ ! બહુસમ રમણીય ભૂમિભાગ હોય છે. પૂર્વવત્ આલાવો કહેવો. વિશેષ એ કે તે મનુષ્યો ૨૦૦૦ ધનુષ ઉર્ધ્વ ઊંચાઈથી હોય છે. તે મનુષ્યોને પીઠની ૬૪–પાંસળી હોય, એક દિવસ અર્થાત ચોથભક્ત વીત્યા પછી તેમને આહારેચ્છા થાય છે. તેઓનું એક પલ્યોપમ આયુ હોય છે. ૭૯ અહોરાત્ર પોતાના અપત્યનું સંરક્ષણ અને સંગોપન કરે છે, યાવત્ હે આયુષ્યમાન્ શ્રમણ ! તે મનુષ્યો મરીને સ્વર્ગે જ જાય છે.

ભગવન્ ! ત્રીજા આરાના પાછલા ત્રિભાગમાં ભરતક્ષેત્રનું સ્વરૂપ કેવું છે ? ગૌતમ ! બહુસમ રમણીય ભૂમિભાગ હોય છે. જેમ કોઈ આલિંગપુષ્કર એટલી કે ચામડાથી મઢેલો ઢોલ હોય તેવો સમતલ ભૂમિભાગ હોય યાવત્ મણિ અને કૃત્રિમ કે અકૃત્રિમ તૃણ વડે ઉપશોભિત હોય છે.

ભગવન્ ! તે આરાના પાછળના ત્રિભાગમાં ભરતક્ષેત્રના મનુષ્યોનું સ્વરૂપ કેવું છે ? ગૌતમ ! તે મનુષ્યોને છ પ્રકારે સંઘયણ અને છ પ્રકારે સંસ્થાન હોય છે. ઘણા સો ધનુષ્ય ઉર્ધ્વ ઊંચાઈ હોય, તે મનુષ્યોજઘન્યથી સંખ્યાત વર્ષ અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત વર્ષનુ આયુ પાળે છે. પાળીને કેટલાક નરકમાં, કેટલાક તિર્યંચમાં, કેટલાક મનુષ્યમાં અને કેટલાક દેવગતિમાં જાય છે, કેટલાક સિદ્ધ થઈને યાવત્ સર્વ દુઃખોનો અંત કરે છે.

સૂત્ર–૪૧

તે આરાના પાછલા ત્રિભાગમાં એક પલ્યોપમનો આઠમો ભાગ બાકી રહેતા, અહીં આ પંદર કુલકરો ઉત્પન્ન

થયા. તે આ પ્રમાણે – સુમતિ, પ્રતિશ્રુતિ, સીમંકર, સીમંધર, ક્ષેમંકર, ક્ષેમંધર, વિમલવાહન, ચક્ષુષ્માન્, યશસ્વાન્, અભિચંદ્ર, ચંદ્રાભ, પ્રસેનજિત, મરુદેવ, નાભિ અને ઋષભ.

સૂત્ર–૪૨

તેમાં સુમતિ, પ્રતિશ્રુતિ, સીમંકર, સીમંધર અને ક્ષેમંકર એ પાંચ કુલકરોની 'હક્કાર' નામે દંડનીતિ હતી, તે મનુષ્યો 'હક્કાર' દંડથી અભિહત થઈ લજ્જિત, વિલજ્જિત, વ્યર્દ્ધ, ભીત થઈ મૌનપૂર્વક વિનયથી નમીને રહેતા હતા.

તેમાં ક્ષેમંકર, વિમલવાહન, ચક્ષુષ્મન્, યશસ્વાન્ અને અભિચંદ્ર એ પાંચ કુલકરોની મક્કાર નામે દંડનીતિ હતી. તે મનુષ્યો મક્કાર દંડથી અભિહત થઈ યાવત્ રહે છે.

તેમાં ચંદ્રાભ, પ્રસેનજિત, મરુદેવ, નાભિ અને ઋષભ એ પાંચ કુલકરોમાં ધિક્કાર નામે દંડનીતિ હતી. તે મનુષ્યો ધિક્કાર દંડ વડે અભિહત થઈ યાવત્ રહે છે.

સૂત્ર–૪૩

નાભિ કુલકરની મરુદેવા નામે પત્નીની કુક્ષિમાં તે સમયે ઋષભ નામે અર્હત્, કૌશલિક, પ્રથમ રાજા, પ્રથમ જિન, પ્રથમ કેવલી, પ્રથમ તીર્થંકર, પ્રથમ શ્રેષ્ઠ ધર્મ ચક્રવર્તી ઉત્પન્ન થયા.

ત્યારે તે ઋષભ કૌશલિક અર્હત્ **૨૦**–લાખ પૂર્વ કુમારવાસ મધ્યે રહ્યા. રહીને **૬૩**–લાખ પૂર્વ મહારાજાપણે રહ્યા. **૬૩**–લાખ પૂર્વ મહારાજાપણે વસતા લેખ આદિ ગણિત પ્રધાન થી પક્ષીઓની બોલી સુધીની **૭૨**–કળાઓ, **૬૪**–મહિલા ગુણો, **૧૦૦** શિલ્પકર્મ, એ ત્રણેનો પ્રજાના હિતને માટે ઉપદેશ આપ્યો.

ત્યારપછી **૧૦૦** પુત્રોને રાજારૂપે અભિસિંચિત કર્યા, કરીને ૮૩–લાખ પૂર્વ ગૃહસ્થવાસમાં રહ્યા.

ત્યારપછી જે તે ગ્રીષ્મનો પહેલો માસ, પહેલો પક્ષ, તે ચૈત્ર વદની નોમના દિવસે પાછલા ભાગે હિરણ્યનો ત્યાગ કરી, સુવર્ણનો ત્યાગ કરી, કોશ–કોષ્ઠાગારનો ત્યાગ કરી, વિપુલ ધન–સુવર્ણ–રત્ન–મણિ–મૌક્તિક–શંખ–શિલા–પ્રવાલ–રક્તરત્ન–સારરૂપ દ્રવ્યનો પરિત્યાગ કરીને, તેમાંથી મમત્વ ત્યજીને, દાયકોને દઈને, પરિભાગ કરીને, સુદર્શના નામે શિબિકામાં દેવ–મનુષ્ય–અસુરની પર્ષદા વડે સારી રીતે અનુગમન કરાતા તથા. –

શાંખિક, ચક્રી, નાંગલિક, મુખ માંગલિક, પુષ્ય–માનવ, વર્દ્ધમાનક, આખ્યાયક, મંખ, ઘંટિકાગણ આદિ વડે અનુસરાતા, ઈષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ, મણામ, ઉદાર, કલ્યાણ, શિવ, ધન્ય, મંગલ, સશ્રીક, હૃદયંગમ, હૃદય પ્રહ્લાદનીય, કાન અને મનને સુખકર અપુનરુક્ત–અર્થશતિક વાણી વડે અનવરત અભિનંદાતા– અભિનંદાતા, અભિસ્તવાતા– અભિસ્તવાતા અને એમ કહેવાતા–

**હે નંદ! તમારો જય થાઓ, હે ભદ્ર! તમારો જય થાઓ. ધર્મ વડે પરીષહો અને ઉપસર્ગોથી અભિત રહો, ભય અને ભૈરવમાં ક્ષાંતિક્ષમ રહો, તમને ધર્મમાં અવિઘ્ન થાઓ.** એમ કહી અભિનંદન અને અભિસ્તવન કરે છે.

ત્યારે તે ઋષભ કૌશલિક અરહંત, હજારો નયનમાળા વડે જોવાતા જોવાતા યાવત્ નીકળે છે, તે ઉવવાઈ સૂત્ર મુજબ બધું કહેવું યાવત્ આકાશને ઘણા શબ્દોથી વ્યાકુળ કરતા વિનીતા રાજધાનીની વચ્ચોવચ્ચથી નીકળે છે.

ત્યારે રાજમાર્ગને સિદ્ધાર્થ વન સુધી આસિક્ત, સંમાર્જિત, સુરભિજળથી સિંચિત, પુષ્પોપચારયુક્ત કરાયેલો છે. ઘોડા–હાથી–રથ–પદાતી આદિ વડે કરેલા માર્ગથી મંદ–મંદ ઉદ્ધત ધૂળને કરતા જ્યાં સિદ્ધાર્થ વન ઉદ્યાન છે, જ્યાં અશોક શ્રેષ્ઠ વૃક્ષ છે, ત્યાં પહોંચે છે. પહોંચીને શ્રેષ્ઠ અશોકવૃક્ષ નીચે શિબિકાને સ્થાપે છે,

રથને ત્યાં સ્થાપીને તે શિબિકામાંથી ઊતરે છે, ઊતરીને સ્વયં જ આભરણ–અલંકાર ઊતારે છે, ઊતારીને સ્વયં જ ચાર મુષ્ઠી લોચ કરે છે, કરીને, જળ રહિત છઠ્ઠ ભક્ત વડે આષાઢા નક્ષત્રમાં ચંદ્રનો યોગ થતા ઉગ્ર, ભોગ, રાજન્ય અને ક્ષત્રિય **૪૦૦૦** પુરુષો સાથે, પોતે એક દેવદૂષ્ય ધારણ કરી મુંડ થઈને ઘર છોડીને અનગારિક પ્રવ્રજ્યાને પ્રાપ્ત કરી.

સૂત્ર-૪૪

કૌશલિક ઋષભ અરહંત સાધિક એક વર્ષ વસ્ત્રધારી રહ્યા. ત્યારપછી અચેલક થયા.

જ્યારથી કૌશલિક ઋષભ અરહંત મુંડ થઈને ગૃહવાસત્યાગી નિર્ગ્રન્થ પ્રવ્રજ્યા લીધી, ત્યારથી કૌશલિક ઋષભ અરહંત નિત્ય કાયાને વોસિરાવીને, દેહ મમત્ત્વ ત્યજીને, જે કોઈ ઉપસર્ગો ઉપજે છે, તે આ પ્રમાણે –

દેવે કરેલ યાવત્ પ્રતિકૂળ કે અનુકૂળ ઉપસર્ગોને સહે છે. તેમાં પ્રતિકૂળ ઉપસર્ગમાં– જેમ કોઈ વેંત વડે યાવત્ કશ વડે કાયાને પીટે કે અનુકૂળ ઉપસર્ગ – જેમ કે કોઈ વંદન કરે કે પર્યુપાસના કરે, તેવા ઉત્પન્ન થયેલ સર્વે પરીષહોને સમ્યક્ રીતે સહન કરે છે યાવત્ અધ્યાસિત કરે છે.

ત્યારે તે ભગવન્ શ્રમણ થયા, ઈર્યાસમિત યાવત્ પારિષ્ઠાપનિકા સમિત, મન સમિત, વચન સમિત, કાય સમિત, મનો ગુપ્ત યાવત્ ગુપ્ત બ્રહ્મચારી થયા, ક્રોધરહિત યાવત્ લોભરહિત થયા, શાંત, પ્રશાંત, ઉપશાંત થયા, પરિનિવૃત્ત, છિન્નસ્રોત, નિરૂપલેપ, શંખની જેમ નિરંજન, જાત્યકંચનવત્ જાત્યરૂપ, દર્પણગત્ પ્રતિબિંબવત્ પ્રાકૃત ભાવવાળા થયા, કૂર્મવત્ ગુપ્તેન્દ્રિય, પુષ્કરપત્ર વત્ નિરૂપલેપ, આકાશવત્ નિરાલંબન, અનિલવત્ નિરાલય થયા, ચંદ્ર જેવા સૌમ્ય, સૂર્ય જેવા તેજસ્વી, પક્ષી જેવા અપ્રતિબદ્ધગામી, સાગર જેવા ગંભીર, મેરુ પર્વત જેવા અકંપ, પૃથ્વી જેવા સર્વ સ્પર્શને સહન કરનાર, જીવની જેમ અપ્રતિહત ગતિ. એવા પ્રકારના થયા..

તે ભગવંતને હવે કોઈ પ્રકારનો પ્રતિબંધ નથી. તે પ્રતિબંધ ચાર પ્રકારે હોય છે, તે આ પ્રમાણે – દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી,.

દ્રવ્યથી અહીં – આ મારી માતા, મારા પિતા, મારો ભાઈ, મારી બહેન યાવત્ ચિરપરિચિત્ લોકો છે, મારુ સોનું, મારુ રૂપું યાવત્ ઉપકરણ છે અથવા સંક્ષેપથી કહીએ તો સચિત્ત, અચિત્ત અને મિશ્ર દ્રવ્યજાત એ મારા છે. એવું તેવું કોઈ મમત્ત્વ ભગવંતને ન હતું.

ક્ષેત્રથી ગ્રામ, નગર, અરણ્ય, ખેતર, ખળા, ગૃહ, આંગણ આદિમાં તેમને કોઈ પ્રતિબંધ–આસક્તિ ન હતા.

કાળથી સ્તોક, લવ, મુહૂર્ત, અહોરાત્ર, પક્ષ, માસ, ઋતુ, અયન, સંવત્સર કે અન્ય કોઈ દીર્ઘકાળમાં તેમને કોઈ પ્રતિબંધ ન હતો.

ભાવથી ક્રોધમાં યાવત્ લોભમાં, ભયમાં, હાસ્યમાં તે ભગવંતને કોઈ પ્રતિબંધ–આસક્તિભાવ ન હતો.

તે ભગવંત વર્ષાવાસને વર્જીને હેમંત અને ગ્રીષ્મમાં ગામમાં એક રાત્રિ અને નગરમાં પાંચ રાત્રિ વિચરતા હાસ્ય, શોક, અરતિ, ભય, પરિત્રાસથી વર્જિત અને મમત્વ તથા અહંકાર રહિત થઈને લઘુભૂત, અગ્રંથ હતા, વસુલ એટલે કે કુહાડાથી ચામડી છેદાવા છતાં દ્વેષ ન કરતા અને ચંદન વડે અનુલેપનમાં પણ અરક્ત હતા. ઢેફાં કે સુવર્ણમાં સમદૃષ્ટિ હતા, આ લોકમાં અપ્રતિબદ્ધ, જીવિત–મરમમાં નિરવકાંક્ષ અને સંસારના પારગામી હતા, કર્મના સંગનું નિર્ઘાતન કરવામાં અભ્યુદ્યત હતા.

તે ભગવંતને આવા વિહારથી વિચરતા **૧૦૦૦** વર્ષ વ્યતીત થયા ત્યારે પુરિમતાલ નગરની બહાર શકટમુખ ઉદ્યાનમાં શ્રેષ્ઠ ન્યગ્રોધવૃક્ષની નીચે ધ્યાનાંતરિકામાં વર્તતા ફાગણવદ–**૧૧**ના પૂર્વાહ્નકાળ સમયમાં અષ્ટમ ભક્ત–નિર્જળ અટ્ઠમ તપથી ઉત્તરાષાઢા નક્ષત્રમાં ચંદ્રમાનો યોગ થયો ત્યારે.....

અનુત્તર જ્ઞાનથી યાવત્ ચારિત્રથી, અનુત્તર તપથી, બળ–વીર્યથી, આલય વિહારથી, ભાવના–ક્ષાંતિ–ગુપ્તિ–મુક્તિ–તુષ્ટિથી, આર્જવ–માર્દવ–લાઘવથી, સુચરિત–સોપચિત–ફળ નિર્વાણ માર્ગથી આત્માને ભાવિત કરતા અનંત અનુત્તર નિર્વ્યાઘાત નિરાવરણ સંપૂર્ણ પ્રતિપૂર્ણ શ્રેષ્ઠ કેવળજ્ઞાન દર્શન ઉત્પન્ન થયા,

તેઓ જિન થયા, કેવલી–સર્વજ્ઞ–સર્વદર્શી થયા, હવે તે નૈરયિક–તિર્યંચ–મનુષ્ય–દેવ સહિત લોકના પર્યાયોને જાણે છે, જુએ છે. તે આ રીતે –

આગતિ, ગતિ, સ્થિતિ, ઉપપાત, ભુક્ત, કૃત્, પ્રતિસેવિત, પ્રગટ કર્મ, અપ્રગટ કર્મ, તે–તે કાળે મન–વચન–કાયના યોગ એ પ્રમાણે જીવોના સર્વભાવો, અજીવોના સર્વભાવો, મોક્ષમાર્ગના વિશુદ્ધતર ભાવો એ બધાને જાણનારા–જોનારા તથા નિશ્ચે આ મોક્ષમાર્ગ મને અને બીજા જીવોને હિત–સુખ–નિઃશ્રેયસ્કર સર્વદુઃખ વિમોચક અને પરમ સુખ સમાપન્ન થશે તેવા જ્ઞાતા અને દૃષ્ટા થયા..

ત્યારપછી ભગવંત ઋષભ શ્રમણ નિર્ગ્રન્થ અને નિર્ગ્રન્થીને ભાવના સહિત પાંચ મહાવ્રત, છ જીવનિકાય ધર્મનો ઉપદેશ કરતા વિચરે છે, તે આ પ્રમાણે – પૃથ્વીકાયિકની ભાવનાનો આલાવો અને ભાવના સહિત પાંચ મહાવ્રતો અહીં કહેવા.

કૌશલિક ઋષભ અરહંતને ૮૪ ગણો અને ૮૪–ગણધરો હતા. કૌશલિક ઋષભ અરહંતને ઋષભસેન વગેરે ૮૪,૦૦૦ શ્રમણોની ઉત્કૃષ્ટ સંપદા થઈ.

ભગવંત ઋષભને બ્રાહ્મી–સુંદરી વગેરે ત્રણ લાખ શ્રમણીઓની ઉત્કૃષ્ટ શ્રમણી સંપદા થઈ.

ભગવંત ઋષભને શ્રેયાંસ આદિ ત્રણ લાખ પાંચ હજાર શ્રમણોપાસકની ઉત્કૃષ્ટ શ્રમણોપાસક સંપદા થઈ.

ભગવંત ઋષભને સુભદ્રા વગેરે પાંચ લાખ ચોપન હજાર શ્રમણોપાસિકાની ઉત્કૃષ્ટ સંપદા થઈ.

ભગવંત ઋષભને અજિન છતાં જિન સમાન, સર્વાક્ષર સંનિપાતિ, જિનની માફક અવિતથ નિરૂપણા કરનાર ૪૭૫૦ ચૌદ પૂર્વીની ઉત્કૃષ્ટ સંપદા થઈ.

ભગવંત ઋષભને ઉત્કૃષ્ટ ૯૦૦૦ અવધિજ્ઞાની, ૨૦,૦૦૦ કેવલી, ૨૦,૬૦૦ વૈક્રિય લબ્ધિધર, ૧૨,૬૫૦ વિપુલમતિ મનઃપર્યવજ્ઞાની એ પ્રમાણે ઉત્કૃષ્ટ સંપદા થઈ.

ભગવંત ઋષભને ગતિ કલ્યાણક,સ્થિતિ કલ્યાણક, આગમિષ્યભદ્ર ૨૨,૯૦૦ મુનિઓ અનુત્તરોપપાતિકમાં ગયા. ૨૦,૦૦૦ શ્રમણો સિદ્ધ થયા, ૪૦,૦૦૦ શ્રમણી સિદ્ધ થયા, એ રીતે ૬૦,૦૦૦ અંતેવાસી સિદ્ધિ ગતિને પામ્યા.

ભગવંત ઋષભના ઘણા અંતેવાસી અણગારો હતા, તેમાં કેટલાક એક માસના પર્યાયવાળા હતા ઇત્યાદિ જેમ ઉવવાઈમાં કહ્યા છે તેમ સર્વે અણગારનું વર્ણન કરવું યાવત્ ઉર્ધ્વજાનૂ, અધોશિર થઈને ધ્યાનરૂપી કોઠામાં ઉપગત થઈ, સંયમ અને તપ વડે આત્માને ભાવિત કરતા વિચરતા હતા.

અરહંત ઋષભને બે પ્રકારે અંતકર ભૂમિ થઈ. તે આ રીતે – યુગાંતકર ભૂમિ અને પર્યાયાંતકર ભૂમિ,

યુગાંતકરભૂમિ યાવત્ અસંખ્યાત પુરુષયુગ સુધી રહી.

પર્યાયાંતકર ભૂમિ અંતર્મુહૂર્ત પર્યાયમાં કોઈ કેવલીએ જીવનનો અંત કર્યો.

### સૂત્ર–૪૫

અરહંત ઋષભને પાંચ વસ્તુ ઉત્તરાષાઢા નક્ષત્રમાં અને છઠ્ઠી અભિજિત્ નક્ષત્રમાં થઈ. તે આ પ્રમાણે –

૧. ઉત્તરાષાઢા નક્ષત્રમાં ચવ્યા, ચવીને ગર્ભમાં ઉત્પન્ન થયા. ૨. ઉત્તરાષાઢા નક્ષત્રમાં જન્મ્યા, ૩. ઉત્તરાષાઢા નક્ષત્રમાં રાજ્યાભિષેક પામ્યા. ૪. ઉત્તરાષાઢા નક્ષત્રમાં મુંડ થઈને ગૃહવાસ છોડી અનગાર–પ્રવ્રજ્યા લીધી. ૫. ઉત્તરાષાઢા નક્ષત્રમાં અનંત, અનુત્તર કેવળજ્ઞાન, કેવળ દર્શન સમુત્પન્ન થયા.

અભિજિત નક્ષત્રમાં ભગવંત નિર્વાણ પામ્યા.

### સૂત્ર–૪૬

કૌશલિક ઋષભ અરહંત વજ્રઋષભનારાચ સંઘયણી, સમચતુરસ્ર સંસ્થાનથી સંસ્થિત, ૫૦૦ ધનુષ ઉર્ધ્વ ઊંચા હતા.

ઋષભ અરહંત ૨૦ લાખ પૂર્વ કુમારવાસ મધ્યે રહીને, ૬૩ લાખ પૂર્વ મહારાજાપણે રહીને, એમ કુલ ૮૩ લાખ પૂર્વ ગૃહવાસમાં રહીને મુંડ થઈને ગૃહત્યાગ કરી સાધુપણે દીક્ષા લીધી.

ઋષભ અરહંત ૧૦૦૦ વર્ષ છદ્મસ્થ પર્યાય પાળીને, એક લાખ પૂર્વમાં ૧૦૦૦ વર્ષ ન્યૂન કેવલીપર્યાય પાળીને, એ રીતે કુલ એક લાખ પૂર્વ બહુ પ્રતિપૂર્ણ શ્રામણ્ય પર્યાયનું પાલન કર્યું.

એમ કુલ ૮૪ લાખ પૂર્વ સર્વાયુષ્ય પાળીને જે તે હેમંત ઋતુનો ત્રીજો માસ, પાંચમો પક્ષ–માઘકૃષ્ણ, તે મહાવદની તેરસના દિવસે ૧૦,૦૦૦ અણગાર સાથે સંપરિવૃત્ત થઈને અષ્ટાપદ પર્વતના શિખરે નિર્જળ ચૌદ ભક્ત અર્થાત્ નિર્જળ છ ઉપવાસપૂર્વક પલ્યંકાસને (પદ્માસનમાં) રહીને;

પૂર્વાહ્નકાળ સમયમાં અભિજિત નક્ષત્રમાં ચંદ્રનો યોગ થયો ત્યારે સુષમ–દુષમા આરાના ૮૯ પક્ષ ૩ વર્ષ, ૮॥ માસ બાકી હતા ત્યારે કાળધર્મ (નિર્વાણ) પામ્યા યાવત્ સર્વદુઃખથી રહિત થયા મુક્તિ પામ્યા.

જે સમયે કૌશલિક ઋષભ અરહંત કાળધર્મ (નિર્વાણ) પામ્યા, જન્મ–જરા–મરણના બંધનો છિન્ન થયા, સિદ્ધ–બુદ્ધ યાવત્ સર્વદુઃખથી મુક્ત થયા,

તે સમયે દેવેન્દ્ર દેવરાજ શક્રનું આસન ચલિત થયું. ત્યારે તે દેવેન્દ્ર દેવરાજ શક્રે આસનને ચલિત થયેલ જુએ છે. જોઈને અવધિ જ્ઞાનને પ્રયોજ્યું. પ્રયોજીને અવધિજ્ઞાન વડે તીર્થંકર ભગવંતને જુએ છે, જોઈને આ પ્રમાણે બોલ્યા

જંબૂદ્વીપ દ્વીપમાં ભરતક્ષેત્રમાં કૌશલિક ઋષભ અરહંત પરિનિર્વાણ પામ્યા છે. તો અતીત–વર્તમાન–અનાગતના દેવેન્દ્ર દેવરાજ શક્રનો એ પરંપરાગત આચાર છે કે તીર્થંકરનો પરિનિર્વાણ મહોત્સવ કરવો જોઈએ. તો હું ત્યાં જઉં અને તીર્થંકર ભગવંતનો પરિનિર્વાણ મહોત્સવ કરું.

એમ કહીને વંદન–નમન કરે છે, કરીને પોતાના ૮૪,૦૦૦ સામાનિકો, ૩૩ ત્રાયસ્ત્રિંશકો, ચાર લોકપાલ યાવત્ ચારગણા ૮૪,૦૦૦ આત્મરક્ષક દેવો તથા બીજા પણ ઘણા સૌધર્મકલ્પવાસી વૈમાનિક દેવો અને દેવીઓ સાથે સંપરિવરીને, તેવી ઉત્કૃષ્ટ યાવત્ અસંખ્યાતા તીર્છા દ્વીપ સમુદ્રોની વચ્ચોવચ્ચથી જ્યાં અષ્ટાપદ પર્વત છે, જ્યાં તીર્થંકર ભગવંતનું શરીર છે, ત્યાં આવે છે.

આવીને ઉદાસ, નિરાનંદ, અશ્રુપૂર્ણ નયને તીર્થંકરના શરીરને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરે છે. કરીને બહુ નજીક નહીં કે બહુ દૂર નહીં તેવા સ્થાને રહીને સુશ્રૂષા કરતા યાવત્ પર્યુપાસે છે.

તે કાળે – તે સમયે ઉત્તરાર્દ્ધ લોકાધિપતિ દેવેન્દ્ર દેવરાજ ઈશાન, કે જે ૨૮–લાખ વિમાનનો અધિપતિ છે, હાથમાં શૂળ છે, વૃષભ વાહન છે, નિર્મળ આકાશ જેવા વર્ણના વસ્ત્ર પહેરેલ છે યાવત્ વિપુલ ભોગોપભોગને ભોગવતો વિચરે છે.

ત્યારે તે દેવેન્દ્ર દેવરાજ ઈશાનનું આસન ચલિત થયું. ત્યારે તે ઈશાન યાવત્ દેવરાજ આસનને ચલિત થતું જુએ છે, જોઈને અવધિજ્ઞાન પ્રયોજે છે, પ્રયોજીને તીર્થંકર ભગવંતને અવધિ વડે જુએ છે. જોઈને શક્રની જેમ નીકળ્યો. અહીં તેનો પોતાનો પરિવાર કહેવો યાવત્ તે પર્યુપાસના કરે છે.

એ પ્રમાણે બધાં દેવેન્દ્રો યાવત્ અચ્યુતેન્દ્ર પોત–પોતાના પરિવાર સાથે ત્યાં આવ્યા. એ પ્રમાણે યાવત્ ભવનવાસી ઈન્દ્રો, વ્યંતરના ૧૬–ઈન્દ્રો, જ્યોતિષ્કના બંને ઈન્દ્રો પોતપોતાના પરિવાર સાથે ત્યાં આવ્યા, એ પ્રમાણે જાણવું કહેવું..

ત્યારે તે દેવેન્દ્ર દેવરાજ શક્રે, ઘણા જ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોને આ પ્રમાણે કહ્યું – હે દેવાનુપ્રિયો ! નંદનવનથી સરસ શ્રેષ્ઠ ગોશીર્ષ ચંદનના કાષ્ઠ લઈ આવો, લાવીને પછી ત્રણ ચિત્તાની રચના કરો. એક ભગવંત તીર્થંકરની, એક ગણધરની અને એક બાકીના અણગારો માટેની.

ત્યારે તે ભવનપતિ યાવત્ વૈમાનિક દેવો નંદનવનથી સરસ, શ્રેષ્ઠ, ગોશીર્ષચંદનના કાષ્ઠ લાવે છે, લાવીને ત્રણ ચિત્તા રચે છે. એક તીર્થંકર ભગવંતની, એક ગણધરની, એક બાકીના અણગારોની.

ત્યારપછી તે દેવેન્દ્ર દેવરાજ શક્ર આભિયોગિક દેવોને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે તેમને કહ્યું –

જલદીથી ઓ દેવાનુપ્રિયો ! ક્ષીરોદક સમુદ્રથી ક્ષીરોદકને લાવો, ત્યારે તે આભિયોગિક દેવો ક્ષીરોદક સમુદ્રથી ક્ષીરોદકને લાવે છે.

ત્યારપછી તે દેવેન્દ્ર દેવરાજ શક્ર તીર્થંકરના શરીરને ક્ષીરોદક વડે સ્નાન કરાવે છે, કરાવીને તેને સરસ શ્રેષ્ઠ ગોશીર્ષચંદનથી અનુલેપન કરે છે, કરીને હંસલક્ષણ–શ્વેત પટશાટક પહેરાવે છે, પછી સર્વઅલંકારોથી વિભૂષિત કરે છે

ત્યારપછી તે ભવનપતિ યાવત્ વૈમાનિકો ગણધરના શરીરોને અને અણગારના શરીરોને ક્ષીરોદક વડે સ્નાન કરાવે છે, પછી તેને સરસ–શ્રેષ્ઠ ગોશીર્ષ ચંદન વડે અનુલેપન કરે છે. કરીને અહત–ન ફાટેલા દિવ્ય દેવદૂષ્ય–વસ્ત્ર યુગલ પહેરાવે છે, પહેરાવીને સર્વ અલંકાર વડે વિભૂષિત કરે છે.

ત્યારપછી તે દેવેન્દ્ર દેવરાજ શક્ર તે ઘણા ભવનપતિ યાવત્ વૈમાનિક દેવોને આ પ્રમાણે કહે છે –

ઓ દેવાનુપ્રિયો ! જલદીથી ઇહામૃગ, ઋષભ, અશ્વ યાવત્ વનલતાના ચિત્રોથી ચિત્રિત ત્રણ શિબિકાઓની વિકુર્વણા કરો. એક તીર્થંકર ભગવંતની, એક ગણધરોની, એક બાકી રહેલા અગણારોની.

ત્યારે તે ઘણા ભવનપતિ યાવત્ વૈમાનિકો ત્રણ શિબિકા વિકુર્વે છે – એક તીર્થંકર ભગવંતની, એક ગણધરોની, એક બાકીના અણગારોની.

ત્યારપછી તે દેવેન્દ્ર દેવરાજ શક્ર ઉદાસ, આનંદરહિત અને અશ્રુપૂર્ણ નયનથી ભગવંત તીર્થંકરના વિનષ્ટ જન્મ–જરા–મરણવાળા શરીરને શિબિકામાં આરોહે છે. આરોહીને ચિત્તામાં સ્થાપન કરે છે.

ત્યારે તે ઘણા ભવનપતિ યાવત્ વૈમાનિક દેવો ગણધરોના અને અણગારોના કે જેમના જન્મ–જરા–મરણ નષ્ટ થયેલા છે. તેમના શરીરોને શિબિકામાં આરોહે છે. આરોહણ કરીને ચિત્તામાં સ્થાપે છે.

ત્યારપછી તે દેવેન્દ્ર દેવરાજ શક્ર અગ્નિકુમાર દેવોને બોલાવે છે, બોલાવીને તેમને આમ કહે છે –

ઓ દેવાનુપ્રિયો ! જલદીથી તીર્થંકરની ચિતામાં યાવત્ અણગારોન ચિતામાં અગ્નિકાયની વિકુર્વણા કરો, કરીને મારી આજ્ઞા મને પાછી સોંપો.

ત્યારે તે અગ્નિકુમાર દેવો ઉદાસ, આનંદરહિત થઈ, અશ્રુપૂર્ણ નયને તીર્થંકરની ચિતા યાવત્ અણગારની ચિતામાં અગ્નિકાયની વિકુર્વણા કરે છે.

ત્યારપછી દેવેન્દ્ર દેવરાજ શક્ર વાયુકુમાર દેવોને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહ્યું –

ઓ દેવાનુપ્રિયો ! જલદીથી તીર્થંકરની ચિતામાં યાવત્ અણગારોની ચિતામાં વાયુકાયને વિકુર્વો. વિકુર્વીને અગ્નિકાયને ઉજ્જ્વાલિત કરો, ઉજ્જ્વાલિત કરીને તીર્થંકરના શરીરને, ગણધરોના શરીરને અને અણગારોના શરીરને અગ્નિસંયુક્ત કરો.

ત્યારે તે વાયુકુમાર દેવો ઉદાસ, આનંદરહિત અને અશ્રુપૂર્ણ નયનવાળા થઈ તીર્થંકરની ચિતામાં યાવત્ વિકુર્વણા કરીને અગ્નિકાયને પ્રજ્વલિત કરે છે. કરીને તીર્થંકરના શરીરને યાવત્ અણગારના શરીરોને અગ્નિસંયુક્ત કરે છે – બાળે છે..

ત્યારપછી તે દેવેન્દ્ર દેવરાજ શક્ર ઘણા ભવનપતિ યાવત્ વૈમાનિક દેવને આ પ્રમાણે કહે છે –

ઓ દેવાનુપ્રિયે ! જલદીથી તીર્થંકરની ચિતામાં યાવત્ અણગારોની ચિતામાં કુંભાગ્ર અને ભારગ્ર અર્થાત્ વિપુલ પ્રમાણમાં અગરુ, તુરુષ્ક, ઘી, મધને નાંખો. ત્યારે તે ભવનપતિ યાવત્ તીર્થંકર યાવત્ નાંખે છે.

ત્યારપછી તે દેવેન્દ્ર દેવરાજ શક્ર મેઘકુમાર દેવોને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહ્યું –

ઓ દેવાનુપ્રિયો ! જલદીથી તીર્થંકરની ચિતા યાવત્ અણગારોની ચિતામાં ક્ષીરોદક વડે નિર્વાપિત–શાંત કરો. ત્યારે તે મેઘકુમાર દેવો તીર્થંકરની ચિતાને યાવત્ નિર્વાપિત–શાંત કરે છે. ઠારે છે..

ત્યારપછી તે દેવેન્દ્ર દેવરાજ શક્ર તીર્થંકર ભગવંતની ઉપરની જમણી દાઢાને ગ્રહણ કરે છે. દેવેન્દ્ર દેવરાજ

ઈશાન ઉપરની ડાબી દાઢાને ગ્રહણ કરે છે. અસુરેન્દ્ર અસુરરાજ ચમર નીચેની જમણી દાઢાને ગ્રહણ કરે છે. વૈરોચનેન્દ્ર વૈરોચનરાજ બલિ નીચેની ડાબી દાઢાને ગ્રહણ કરે છે.

બાકીના ભવનપતિ યાવત્ વૈમાનિક દેવો યથાર્હ બાકીના અંગોપાંગને ગ્રહણ કરે છે, કોઈ જિનભક્તિથી, કોઈ પોતાનો આચાર સમજીને અને કોઈ ધર્મ સમજીને ગ્રહણ કરે છે.

ત્યારપછી તે દેવેન્દ્ર દેવરાજ શક્ર ઘણા ભવનપતિ યાવત્ વૈમાનિક દેવને યથાર્હ આ પ્રમાણે કહે છે –

ઓ દેવાનુપ્રિયો ! જલદીથી સર્વરત્નમય મહા વિશાળ ત્રણ ચૈત્યસ્તૂપને કરો. એક ભગવંત તીર્થંકરના ચિતા સ્થાને, એક ગણધરચિતા સ્થાને અને એક બાકીના અણગારોની ચિતા સ્થાને.

ત્યારે તે ઘણા દેવો તે પ્રમાણે યાવત્ ત્રણ ચૈત્ય સ્તૂપ કરે છે.

ત્યારપછી તે ઘણા ભવનપતિ યાવત્ વૈમાનિક દેવો તીર્થંકરનો પરિનિર્વાણ મહોત્સવ કરે છે. કરીને જ્યાં નંદીશ્વર દ્વીપ છે ત્યાં આવે છે. ત્યારે તે દેવેન્દ્ર દેવરાજ શક્ર પૂર્વીય અંજનક પર્વતમાં અષ્ટાહ્નિકા મહોત્સવ કરે છે,

ત્યારે દેવેન્દ્ર શક્રના ચાર લોકપાલો ચાર દધિમુખ પર્વત ઉપર અષ્ટાહ્નિકા મહોત્સવ કરે છે.

દેવેન્દ્ર દેવરાજ ઈશાન ઉત્તરીય અંજનક પર્વતે અષ્ટાહ્નિકા મહોત્સવ કરે છે.

તેમના લોકપાલો ચારે દધિમુખ ઉપર અષ્ટાહ્નિકા મહોત્સવ કરે છે.

ચમરેન્દ્ર દક્ષિણના અંજનકે, તેના લોકપાલો દધિમુખ પર્વતે, બલીન્દ્ર પશ્ચિમી અંજનકે, તેના લોકપાલો દધિમુખે મહોત્સવ કરે છે.

ત્યારપછી તે ઘણા ભવનપતિ, વ્યંતર દેવો યાવત્ અષ્ટાહ્નિકા મહામહોત્સવ કરે છે, કરીને પોત–પોતાના વિમાનોમાં જ્યાં પોત–પોતાના ભવનો છે, જ્યાં પોત–પોતાની સુધર્માસભા છે. જ્યાં–જ્યાં પોત–પોતાના માણવક ચૈત્ય સ્તંભો છે, ત્યાં જાય છે. જઈને ત્યાં વજ્રમય ગોળ–વૃત્ત સમુદ્‌ગકો છે, તેમાં જિન અસ્થિ પધરાવે છે, પધરાવીને અભિનવ ઉત્તમ માળા અને ગંધ વડે અર્ચના કરે છે, કરીને વિપુલ ભોગોપભોગને ભોગવતા વિચરે છે.

## સૂત્ર–૪૭ થી ૪૯

૪૭. ત્રીજા આરાનો બે કોડાકોડી સાગરોપમ કાળ વીત્યા પછી અનંત વર્ણ પર્યાયોથી યાવત્ અનંત ઉત્થાન કર્મ યાવત્ હ્રાસ થતા થતા આ દુષમસુષમા નામક આરાનો હે આયુષ્યમાન્ શ્રમણ ! આરંભ થયો.

ભગવન્ ! તે સમયમાં ભરતક્ષેત્રના કેવા પ્રકારના આકારભાવ પ્રત્યાવતાર કહેલા છે ?

ગૌતમ ! બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે, જેમ કોઈ આલિંગપુષ્કર અર્થાત ચર્મ મઢેલા ઢોલ માફક સમતલ ભૂમિભાગયુક્ત યાવત્ મણિ તથા કૃત્રિમ અને અકૃત્રિમ તૃણ વડે ઉપશોભિત હોય છે, તે આ પ્રમાણે–

ભગવન્ ! તે આરામાં ભરતક્ષેત્રના મનુષ્યોના કેવા આકારભાવ પ્રત્યવતાર કહેલા છે ?

ગૌતમ ! તે મનુષ્યોને છ ભેદે સંઘયણ હોય છે, છ ભેદે સંસ્થાન હોય છે, ઘણા ધનુષ ઉર્ધ્વ ઊંચાઈથી હોય છે, જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી પૂર્વકોડીનું આયુ પાલન કરે છે. પાળીને કેટલાક નરકગામી, યાવત્ દેવગામી થાય છે, તથા કેટલાક સિદ્ધ, બુદ્ધ યાવત્ સર્વ દુઃખોનો અંત કરનારા થાય છે.

તે ચોથા આરામાં ત્રણ વંશો ઉત્પન્ન થયા. તે આ પ્રમાણે – અરહંતવંશ, ચક્રવર્તીવંશ, દશાર્હવંશ.

તે સમયમાં **૨૩** તીર્થંકરો **૧૧**–ચક્રવર્તીઓ, ૯–બલદેવ અને ૯–વાસુદેવ ઉત્પન્ન થયા.

૪૮. તે ચોથા આરામાં **૪૨,૦૦૦** વર્ષ ન્યૂન એક સાગરોપમ કોડાકોડી કાળ વ્યતીત થયા પછી અનંત પર્યવોથી આદિ પૂર્વવત્ યાવત્ પરિહાનિથી હ્રાસ થતા–થતા આ દૂષમા નામે પાંચમો આરાનો આરંભ હે આયુષ્યમાન્ શ્રમણો ! થશે.

ભગવન્ ! તે આરામાં ભરતક્ષેત્રના કેવા આકાર–ભાવપ્રત્યાવતાર થશે ? ગૌતમ ! બહુસમ રમણીય ભૂમિભાગ

થશે, જેમ કોઈ આલિંગપુષ્કર કે મૃદંગપુષ્કર યાવત્ વિવિધ પંચવર્ણીમણિ કે જે કૃત્રિમ અથવા અકૃત્રિમ હોય તેના વડે તે શોભિત હશે..

ભગવન્ ! તે સમયમાં ભરતક્ષેત્રના મનુષ્યોના કેવા પ્રકારે આકાર ભાવ પ્રત્યવતાર કહેલ છે ?

ગૌતમ ! તે મનુષ્યોને છ ભેદે સંઘયણ હોય છે, છ ભેદે સંસ્થાન હોય છે, ઘણા રત્ની (હાથ) ઉર્ધ્વ ઊંચાઈથી હોય, જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી સાતિરેક સો વર્ષનું આયુ પાલન કરશે, પાલન કરીને કેટલાક નરકગામી થશે યાવત્ સર્વ દુઃખોનો અંત કરનારા કેટલાક થશે.

તે સમયમાં પાછલા ત્રિભાગમાં ગણધર્મ, પાખંડ ધર્મ, રાજધર્મ, જાત તેજ તથા ચારિત્રધર્મ વિચ્છેદ પામશે.

૪૯. તે સમયમાં–પાંચમાં આરાના **૨૧,૦૦૦** વર્ષ–કાળ વીત્યા પછી અનંતા વર્ણ પર્યાયોથી, ગંધ–રસ–સ્પર્શ પર્યાયોથી યાવત્ હ્રાસ થતા–થતા આ દુષમદુષમા નામનો છઠ્ઠો આરો હે આયુષ્યમાન્ શ્રમણ ! આરંભ થશે.

ભગવન્ ! તે આરામાં ઉત્તમકાષ્ઠાપ્રાપ્ત ભરત ક્ષેત્રનું સ્વરૂપ અને તેના આકારભાવ પ્રત્યવતાર કેવા હશે ?

ગૌતમ ! તે કાળે હાહાભૂત, ભંભાભૂત, કોલાહલભૂત સમઅનુભાવથી અત્યંત કઠોર, ધૂળથી મલિન, દુર્વિષહ, વ્યાકુળ, ભયંકર વાયુ અને સંવર્તક વાયુ ચાલશે. દિશાઓ વારંવાર ધૂમાડાને છોડશે. તે સર્વથા રજથી ભરેલી અને ધૂળથી મલિન તથા ઘોર અંધકારને કારણે પ્રકાશશૂન્ય થઈ જશે. કાળથી રૂક્ષતાના કારણે ચંદ્ર અધિક અપથ્ય શીતને છોડશે. સૂર્ય અધિક તપશે.

ગૌતમ ! ત્યારપછી અરસમેઘ, વિરસમેઘ, ક્ષારમેઘ, ખાત્રમેઘ, અગ્નિમેઘ, વિદ્યુતમેઘ, વિષમેઘ, અપ્રયોજનીય જળયુક્ત વ્યાધિ–રોગ–વેદના ઉત્પાદક પરિમાણ જળ, અમનોજ્ઞ જળયુક્ત, ચંક–વાયુથી અપહત તીક્ષ્ણ ધારા છોડનારી વર્ષાને વરસાવશે.

ઉક્ત વર્ષાથી ભરતક્ષેત્રમાં ગ્રામ, આકર, નગર, ખેડ, કર્બટ, મડંબ, દ્રોણમુખ, પાટણ, આશ્રમમાં રહેલ જનપદ–ચતુષ્પદ–ગવેલક–ખેચર–પક્ષીસંઘ ગામ અને અરણ્યમાં રહેલ ત્રસ અને પ્રાણ જીવો, ઘણા પ્રકારના વૃક્ષ–ગુચ્છ–ગુલ્મ–લતા–વલ્લિ–પ્રવાલ–અંકુર આદિ તૃણ, વનસ્પતિ અને ઔષધિનો વિધ્વંસ કરી દેશે. તથા.

પર્વત, ગિરિ, ડુંગર, ઉન્નત સ્થળ, ભ્રાષ્ટ્ર આદિક અને વૈતાઢ્યગિરિ સિવાયના પર્વતાદિનું નામ–નિશાન મિટાવી દેશે.

ગંગા, સિંધુ નદી સિવાયના જળના સ્રોતો, ઝરણા, વિષમગર્ત નીચા–ઊંચા જળના સ્થાનોને સમાન કરી દેશે.

ભગવન્ ! તે સમયમાં ભરતક્ષેત્રની ભૂમિના કેવા આકારભાવ પ્રત્યવતાર (સ્વરૂપ) થશે ?

ગૌતમ ! ભૂમિ અંગારભૂત, મુર્મુરભૂત, ક્ષારિકભૂત, તપ્ત કવેલ્લકભૂત, તપ્તસમ જ્યોતિભૂત, ધૂળ–રેણુ–પંક–કીચડ અને ચલનિ એ બધાની બહુલતાવાળી ભૂમિ થશે. તે ધરતી ઉપર જીવોને ચાલવાનું દુષ્કર બની જશે.

ભગવન્ ! તે સમયમાં ભરતક્ષેત્રના મનુષ્યોના કેવા આકાર–ભાવ પ્રત્યવતાર થશે ?

ગૌતમ ! તે મનુષ્યો કુરૂપ, કુવર્ણ, દુર્ગંધ, દુરસ અને દુષ્ટસ્પર્શવાળા થશે. તથા અનિષ્ટ, અકાંત, અપ્રિય, અશુભ, અમનોજ્ઞ, અમણામ થશે. વળી. હીનસ્વરવાળા, દીનસ્વરવાળા, અનિષ્ટસ્વરવાળા, અકાંત સ્વરવાળા, અપ્રિય સ્વરવાળા, અમણામ સ્વરવાળા, અમનોજ્ઞ સ્વરવાળા, અનાદેય વચનવાળા, અવિશ્વાસ્ય, નિર્લજ્જ થશે.

તે મનુષ્યો, કૂડ, કપટ, કલહ, બંધ તથા વૈરમાં નિરત થશે. તેઓ મર્યાદાના અતિક્રમણમાં પ્રધાન, અકાર્ય કરવામાં સદા ઉદ્યત, ગુરુના નિયોગ અને વિનયથી રહિત થશે, વિકલ રૂપવાળા, વધી ગયેલા નખ–વાળ–દાઢી અને મૂંછવાળા થશે, કાળા અને રૂક્ષ–કઠોર સ્પર્શવાળા, ફૂટેલ જેવા મસ્તક યુક્ત, કપિલવર્ણી–પલિત વાળવાળા થશે, ઘણા જ સ્નાયુઓ વડે નિબદ્ધ, દુર્દર્શનીય રૂપવાળા થશે, દેહની આસપાસ પડેલ કડચલીરૂપ તરંગોથી વ્યાપ્ત એવા અંગઉપાંગથી યુક્ત હશે, તેમજ...

તે મનુષ્યો જરાયુક્ત વૃદ્ધોની સદૃશ પરિણત વયવાળા, પ્રવિરલ અને પરિશટિત દંતશ્રેણીવાળા, ઘડાના વિકૃત મુખ સમાન મુખવાળા થશે, વિષમ એવા ચક્ષુ અને વાંકી નાકવાળા, વંકવલી, વિકૃત–ભયાનક મુખવાળા, દાદ–ખાજ ઇત્યાદિથી વિકૃત કઠોર ચામડીવાળા થશે, કાબરચીતરા શરીરવાળા, ખસર નામક ચામડીના રોગથી પીડિત, કઠોર તીક્ષ્ણ નખોથી ખરજવાને લીધે વિકૃત શરીરવાળા થશે, તથા...

તે મનુષ્યો ટોલગતિ ઊંટ જેવી ચાલવાળા, વિષમ સંધિ બંધનવાળા, અક્કડુ અસ્થિવાળા, વિભક્ત, દુર્બળ થશે, કુસંઘયણ, કુપ્રમાણ, કુસંસ્થિત, કુરૂપ, કુસ્થાન, કુઆસન, કુશય્યા, કુભોજન એ બધાથી યુક્ત થશે, અશુચિ, અનેક વ્યાધિથી પીડિત અંગ–ઉપાંગવાળા, સ્ખલંત–વિહ્વળ ગતિવાળા, નિરુત્સાહી, સત્વપરિવર્જિત થશે, ચેષ્ટાહીન, નષ્ટતેજ, વારંવાર શીત–ઉષ્ણ–ખર–કઠોર વાયુથી વ્યાપ્ત શરીરવાળા, મલીન ધૂળથી આવૃત્ત દેહવાળા થશે.

તથા. ઘણા ક્રોધ–માન–માયા–લોભવાળા થશે, ઘણા મોહવાળા થશે, અશુભ દુઃખના ભાગી, પ્રાયઃ ધર્મસંજ્ઞા અને સમ્યક્ત્વથી પરિભ્રષ્ટ થશે.

તેઓ ઉત્કૃષ્ટ એક હાથ પ્રમાણ ઊંચાઈવાળા, સોળથી વીસ વર્ષ પરમ આયુષ્યવાળા હોય છે. પોતાના ઘણા પુત્ર–પૌત્ર પરિવારમાં અતિપ્રણય યુક્ત હોય છે.

ગંગા–સિંધુ મહાનદી અને વૈતાઢ્ય પર્વતની નિશ્રામાં બિલોમાં રહેશે. તે બિલવાસીની સંખ્યા**૭૨**ની હશે. તેમનાથી ભવિષ્યમાં ફરી મનુષ્ય જાતિનો વિસ્તાર થશે.

ભગવન્ ! તે મનુષ્યો શું આહાર કરશે ?

ગૌતમ! તે કાળે, તે સમયે ગંગા–સિંધુ મહાનદીમાં રથ ચાલવાના માર્ગ જેટલા માત્ર વિસ્તારમાં હશે. અક્ષસ્રોત પ્રમાણમાત્ર ઊંડુ ત્યાં પાણી હશે. તે જળમાં ઘણા મત્સ્ય કાચબા આદિ હશે. તે જળમાં સજાતીય અપ્‌કાય જીવ વધુ નહીં હોય.

ત્યારે તે મનુષ્યો સૂર્યના ઊગવાના મુહૂર્તમાં અને સૂર્ય આથમવાના મુહૂર્તમાં બિલોમાંથી દોડતા નીકળશે. બિલોમાંથી દોડતા નીકળીને તે મત્સ્ય, કાચબાને પકડીને જમીન ઉપર લઈ આવશે. સ્થળ (જમીન) ઉપર લાવીને શીત અને આતપ વડે મત્સ્ય અને કાચબાને રસરહિત બનાવશે.

એ રીતે પોતાની આજીવિકા ચલાવતા **૨૧,૦૦૦** વર્ષ સુધી પોતાનો નિર્વાહ કરતા રહેશે.

ભગવન્ ! તે મનુષ્યો નિઃશીલ, નિર્વ્રત, નિર્ગુણ, નિર્મર્યાદ હશે, પ્રત્યાખ્યાન અને પૌષધોપવાસ રહિત હશે. વળી તે પ્રાયઃ માંસાહારી, મત્સ્યાહારી, ક્ષુદ્ર આહારી, કુણિમાહારી હશે. તે મનુષ્યો કાળમાસે કાળ કરીને ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ?

ગૌતમ ! પ્રાયઃ નરકગતિ અને તિર્યંચગતિમાં ઉપજશે.

ભગવન્ ! તે આરામાં સિંહ, વાઘ, વૃક, દ્વીપિકા, અચ્છ, તરક્ષ, પરાસર, સરભ, શિયાળ, બિડાલ, શુનક, કોલશુનક, શશક, ચિત્તા, ચિલ્લક પ્રાયઃ માંસાહારી, મત્સ્યાહારી, ક્ષુદ્રાહારી, કુણિમાહારી હશે. તે મૃત્યુકાળે મૃત્યુ પામી ક્યાં જશે? ક્યાં ઉપજશે ?

ગૌતમ! પ્રાયઃ નરક અને તિર્યંચયોનિકોમાં ઉપજશે.

ભગવન્ ! તે ઢંક, કંક, પીલક, મદ્‌ગુક, શિખી પ્રાયઃ માંસાહારી ઇત્યાદિ હશે યાવત્ ક્યાં જશે ? ક્યાં ઉપજશે ?

ગૌતમ! પ્રાયઃ નરક અને તિર્યંચયોનિમાં ઉપજશે.

### સૂત્ર–૫૦

તે છટ્ઠા આરાના **૨૧,૦૦૦** વર્ષનો કાળ વીત્યા પછી આગામી ઉત્સર્પિણીમાં શ્રાવણ માસના કૃષ્ણ પક્ષની એકમે, બાલવકરણમાં અભિજિત નક્ષત્રમાં ચૌદશમાં કાળના પહેલા સમયમાં અનંત વર્ણપર્યાયો યાવત્ અનંતગુણની

પરિવૃદ્ધિથી વૃદ્ધિ પામતા–પામતા આ દુષમદુષમા નામનો આરો–સમયકાળ હે આયુષ્યમાન્ શ્રમણ ! પ્રાપ્ત થશે.

ભગવન્ ! તે આરામાં ભરતક્ષેત્રનો કેવા પ્રકારનો આકાર–ભાવ પ્રત્યવતાર (સ્વરૂપ) થશે ?

ગૌતમ! તે કાળ હાહાભૂત, ભંભાભૂત ઇત્યાદિ થશે, તે અવસર્પિણીના દુષમદુષમા આરા માફક જાણવો.

તે આરાના **૨૧,૦૦૦** વર્ષનો કાળ વીત્યા પછી અનંતા વર્ણ પર્યાયોથી યાવત્ અનંતગુણ પરિવૃદ્ધિથી વૃદ્ધિ પામતા –પામતા આ **દુષમા** નામે **આરાનો** કાળ પ્રાપ્ત થશે.

## સૂત્ર–૫૧

તે કાળે – તે સમયે પુષ્કલ સંવર્તક નામક મહામેઘ ઉત્પન્ન થશે. તે મહામેઘ લંબાઈથી ભરતને અનુરૂપ હશે અને વિષ્કંભ તથા બાહલ્યથી પણ અનુરૂપ હશે.

ત્યારપછી તે પુષ્કલ સંવર્તક મહામેઘ શીઘ્રતાથી ગર્જના કરશે. શીઘ્રતાથી ગર્જના કરીને, શીઘ્રતાથી વિદ્યુતયુક્ત થશે.

શીઘ્રતાથી વિદ્યુતયુક્ત થઈને શીઘ્રતાથી યુગ મુસલ મુષ્ટિ પ્રમાણ માત્ર ધારા વડે સાત રાત્રિ સુધી ઓઘમેઘ વર્ષા વરસાવશે.

ઉક્ત વર્ષાથી ભરતક્ષેત્રના ભૂમિભાગના અંગારભૂત, મુર્મુરભૂત, ક્ષારિકભૂત, તપ્ત કવેલ્લકભૂત, તપ્ત સમજ્યોતિ ભૂત ભૂમિને નિર્વ્યાપિત–શીતળ કરી દેશે.

તે પુષ્કલ સંવર્તક મહામેઘ સાત અહોરાત્ર ભૂમિને શીતળ કર્યા પછી, અહીં ક્ષીરમેઘ નામક મહામેઘનો પ્રાદુર્ભાવ થશે. તે મહામેઘ ભરતપ્રમાણ માત્ર લંબાઈથી અને તેને અનુરૂપ વિષ્કંભ અને બાહલ્યથી થશે.

ત્યારે તે ક્ષીરમેઘ નામક મહામેઘ જલદીથી ગર્જના કરશે. યાવત્ જલદીથી યુગમુશલ મુષ્ટિ યાવત્ સાત અહોરાત્ર વર્ષા વરસાવશે.

ઉક્ત વર્ષાથી ભરતક્ષેત્રની ભૂમિમાં શુભ. વર્ણ–ગંધ–રસ અને સ્પર્શ ઉત્પન્ન કરશે.

તે ક્ષીરમેઘ સાત અહોરાત્ર પર્યન્ત ભૂમિને શીતલ કરે પછી અહીં ઘૃતમેઘ નામે મહામેઘ ઉત્પન્ન થશે, તે લંબાઈથી ભરતક્ષેત્ર પ્રમાણ માત્ર અને તેને અનુરૂપ વિષ્કંભ અને બાહલ્યથી હશે.

ત્યારે તે ઘૃતમેઘ નામક મહામેઘ જલદીથી ગર્જના કરશે. યાવત્ વરસાવશે. જેનાથી ભરતક્ષેત્રની ભૂમિ સ્નિગ્ધ ભાવ વડે યુક્ત થશે – સ્નેહભાવ જન્માવશે.

તે ઘૃતમેઘ સાત અહોરાત્ર ભૂમિને શીતળ કર્યા પછી અહીં અમૃતમેઘ નામક મહામેઘનો ઉદ્‌ભવ થશે. તે ભરત ક્ષેત્ર પ્રમાણ લંબાઈ વડે યાવત્ વર્ષાને વરસાવશે.

ઉક્ત મેઘથી ભરતક્ષેત્ર, વૃક્ષ, ગુચ્છ, ગુલ્મ, લતા, વલ્લિ, તૃણ, પર્વક, હરિત, ઔષધિ, પ્રવાલ, અંકુર આદિ તૃણ વનસ્પતિકાયિકને ઉત્પન્ન કરશે – તૃણ વનસ્પતિયુક્ત થશે.

તે અમૃતમેઘ સાત અહોરાત્ર ભૂમિને શીતળ કર્યા પછી અહીં રસમેઘ નામક મહામેઘ ઉત્પન્ન થશે. તે ભરત પ્રમાણ માત્ર લંબાઈથી યાવત્ વર્ષા વરસાવશે.

ઉક્ત વર્ષાથી ઘણા જ વૃક્ષ, ગુચ્છ, ગુલ્મ, લતા, વલ્લિ, તૃણ, પર્વક, હરિત, ઔષધિ, પ્રવાલ, અંકુર આદિ તિક્ત–કડુક–કષાય–અમ્લ અને મધુર પાંચ પ્રકારના રસવિશેષને જન્માવશે.

ત્યારે ભરતક્ષેત્ર પ્રરૂઢ વૃક્ષ, ગુચ્છ, ગુલ્મ, લતા, વલ્લિ, તૃણ, પર્વક, હરિત, ઔષધિથી યુક્ત થશે. ઉપચિત ત્વચા–પત્ર–પ્રવાલ–અંકુર–પુષ્પ–ફળ યુક્ત સુખોપભોગ્ય થશે.

## સૂત્ર–૫૨, ૫૩

**૫૨.** ત્યારે મનુષ્યો ભરતક્ષેત્રને વૃદ્ધિ પામેલ વૃક્ષ, ગુચ્છ, ગુલ્મ, વલ્લિ, લતા, તૃણ, પર્વક, હરિત, ઔષધિથી

ઉપચિત ત્વચા, પત્ર, પ્રવાલ, પલ્લવ, અંકુર, પુષ્પ, ફળ સમુદિત અને સુખોપભોગ્ય થયેલું જોશે. જોઈને બિલોમાંથી શીઘ્રતાથી નીકળશે. નીકળીને હૃષ્ટ–તુષ્ટ થઈ એકબીજાને બોલાવશે. એકબીજાને બોલાવીને તે મનુષ્યો પરસ્પર. આ પ્રમાણે કહેશે –

ઓ દેવાનુપ્રિયો ! ભરતક્ષેત્ર વૃદ્ધિ પામેલ વૃક્ષ, ગુલ્મ, ગુચ્છ, લતા, વલ્લિ, તૃણ, પર્વત, હરિત યાવત્ સુખોપભોગ્ય થયું છે, તો હે દેવાનુપ્રિયો ! આપણે જે કંઈ આજ પર્યન્ત અશુભ, કુણિમ આહારને કરતા હતા, તે અનેક છાયા સુધી વર્જનીય કરીશું તેની છાયાને પણ સ્પર્શીશું નહીં., એમ કરીને સમીચીન વ્યવસ્થા કરશે.

ત્યારપછી તેઓ તે ભરતક્ષેત્રમાં સુખપૂર્વક રમણ કરતા–કરતા વિચરણ કરશે.

**૫૩.** ભગવન્ ! તે આરામાં (ઉત્સર્પિણી કાલના બીજા આરામાં) ભરતક્ષેત્રના કેવા પ્રકારે આકાર–ભાવ–પ્રત્યાવતાર (સ્વરૂપ) થશે ?

ગૌતમ! બહુસમ રમણીય ભૂમિભાગ થશે યાવત્ કૃત્રિમ અને અકૃત્રિમ મણિ તથા તૃણથી શોભિત થશે.

ભગવન્ ! તે આરામાં મનુષ્યોના કેવા આકાર ભાવ આદિ (સ્વરૂપ) થશે ?

ગૌતમ ! તે મનુષ્યોને છ ભેદે સંઘયણ, છ ભેદે સંસ્થાન, ઘણા રત્ની (હાથ) ઉર્ધ્વ ઉચ્ચત્વથી, જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ સાતિરેક સો વર્ષ આયુ પાળશે. પાળીને કેટલાક નરકગામી યાવત્ કેટલાક દેવગતિ ગામી થશે, પરંતુ કોઈ સિદ્ધ થશે નહીં.

તે આરામાં **૨૧,૦૦૦** વર્ષનો કાળ વીત્યા પછી અનંતા વર્ણપર્યાયોથી યાવત્ વૃદ્ધિ પામતા–પામતા આ દુષમસુષમા નામે કાળ હે આયુષ્યમાન્ શ્રમણ ! પ્રાપ્ત થશે.

ભગવન્ ! તે આરામાં ભરતક્ષેત્રના કેવા આકાર–ભાવ–પ્રત્યવતાર થશે ?

ગૌતમ ! બહુસમ રમણીય યાવત્ અકૃત્રિમાદિ પૂર્વવત્.

ભગવન્ ! તે આરામાં મનુષ્યોના કેવા આકાર–ભાવ–પ્રત્યવતાર થશે ?

ગૌતમ ! તે મનુષ્યોને છ ભેદે સંઘયણ, છ ભેદે સંસ્થાન, ઘણા મનુષ્યો ઉર્ધ્વ ઉચ્ચત્વથી, જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ પૂર્વકોડી આયુનુ પાલન કરશે, પાલન કરીને કેટલાક મનુષ્યો નરકગામી થશે યાવત્ કેટલાક જીવો સર્વે દુઃખોનો અંત કરશે.

તે ત્રીજા આરામાં ત્રણ વંશ ઉત્પન્ન થશે. તે આ પ્રમાણે – તીર્થંકર વંશ, ચક્રવર્તી વંશ, દશાર્હ વંશ.

તે આરામાં **૨૩**–તીર્થંકરો, **૧૧**–ચક્રવર્તીઓ, ૯–બલદેવો અને ૯–વાસુદેવો સમુત્પન્ન થશે.

તે આરામાં આયુષ્યમાન્ શ્રમણ ! **૪૨,૦૦૦** વર્ષ ન્યૂન એક કોડાકોડી સાગરોપમ કાળ વ્યતીત થયા પછી અનંત વર્ણપર્યાયોથી યાવત્ અનંતગુણ પરિવૃદ્ધિથી વધતા–વધતા આ સુષમદુષમા નામે આરો (સમય–કાળ) પ્રાપ્ત થશે.

ઉક્ત સમય ત્રણ ભેદે વિભાજિત થશે. પહેલાં ત્રિભાગ, મધ્યમ ત્રિભાગ, પાછલા ત્રિભાગ.

ભગવન્ ! તે આરામાં પહેલાં ત્રિભાગમાં ભરતક્ષેત્રનો કેવા પ્રકારે આકાર–ભાવ–પ્રત્યવતાર થશે ?

ગૌતમ ! બહુસમ રમણીય ભૂમિભાગ યાવત્ થશે. મનુષ્યોની જે પ્રકાર અવસર્પિણીના પાછલા ત્રિભાગની વક્તવ્યતા છે, તે કહેવી. માત્ર તેમાં કુલકર અને ઋષભસ્વામી ન કહેવા.

બીજા કહે છે કે – તે આરામાં પહેલા ત્રિભાગમાં આ પંદક કુલકરો ઉત્પન્ન થશે. તે આ પ્રમાણે – સુમતિ યાવત્ ઋષભ, બાકી બધુ પૂર્વવત્ જાણવુ. દંડનીતિઓ ઊલટા ક્રમે જાણવી.

તે આરાના પહેલા ત્રિભાગમાં રાજધર્મ યાવત્ ધર્મ–ચારિત્ર વિચ્છેદ પામશે.

તે આરાના મધ્યમ અને પાછલા ત્રિભાગમાં યાવત્ પહેલી અને મધ્યમ ત્રિભાગની વક્તવ્યતા, જે

અવસર્પિણીમાં કહી, તે કહેવી.

સુષમા આરો પૂર્વવત્, સુષમસુષમા પણ પૂર્વવત્ કહેવો. યાવત્ છ ભેદે મનુષ્યો યાવત્ શનૈશ્ચારી ઇત્યાદિ પૂર્વવત્ બધું કહેવું.

મુનિ દીપરત્નસાગરે કરેલ વક્ષસ્કાર-૨ નો ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ

## વક્ષસ્કાર–૩

સૂત્ર–૫૪

ભગવન્ ! ભરતક્ષેત્રનું ભરતક્ષેત્ર નામ કયા કારણથી છે ? ગૌતમ ! ભરતક્ષેત્ર, વૈતાઢ્ય પર્વતની દક્ષિણથી **૧૧૪–૧૧/૧૯** યોજન અબાધાથી, લવણસમુદ્રની ઉત્તરથી **૧૧૪–૧૧/૧૯** યોજન અબાધાથી, ગંગા મહાનદીથી પશ્ચિમે અને સિંધુ મહાનદીથી પૂર્વે દક્ષિણાર્દ્ધ ભરતના મધ્યમ ત્રિભાગના બહુમધ્ય દેશભાગમાં વિનીતા રાજધાની કહી છે. તે પૂર્વ–પશ્ચિમ લાંબી અને ઉત્તર–દક્ષિણ પહોળી છે. લંબાઈ **૧૨** યોજન, પહોળાઈ ૯ યોજન છે. ધનપતિની બુદ્ધિથી નિર્મિત, સ્વર્ણમય પ્રાકાર યુક્ત, વિવિધ મણિમય પંચકવર્ણી કપિશીર્ષક પરિમંડિત, સુંદર, અલકાપુરી જેવી, પ્રમુદિત–પ્રક્રિડિત, પ્રત્યક્ષ દેવલોકરૂપ, ઋદ્ધ–સ્તિમિત–સમૃદ્ધ, પ્રમુદિત જન–જાનપદા યાવત્ પ્રતિરૂપ છે.

સૂત્ર–૫૫

ત્યાં વિનીતા રાજધાનીમાં ભરત નામે ચાતુરંત ચક્રવર્તી રાજા ઉત્પન્ન થયો. તે મહાહિમવંત, મહંત, મલય, મંદર સદશ યાવત્ રાજ્યને પ્રશાસિત કરતો વિચરતો હતો.

રાજાના વર્ણનનો બીજો આલાવો આ પ્રમાણે છે – ત્યાં અસંખ્ય કાળના વાસ પછી ભરત ચક્રવર્તી ઉત્પન્ન થયો. તે યશસ્વી, ઉત્તમ, અભિજાત, સત્વ–વીર્ય–પરાક્રમ ગુણવાળો, પ્રશસ્ત–વર્ણ, સ્વર, સાર સંઘયણ શરીરી, તીક્ષ્ણબુદ્ધિ, ધારણા, મેધા, ઉત્તમ સંસ્થાન, શીલ અને પ્રકૃતિવાળો, ઉત્કૃષ્ટ ગૌરવ–કાંતિ–ગતિયુક્ત, અનેકવચન પ્રધાન, તેજ–આયુ–બલ–વીર્યયુક્ત, નિશ્છિદ્ર ધન નિચિત લોહશૃંખલા જેવા સુદઢ વજ્રઋષભનારાચ સંઘયણ શરીરધારી હતો.

તેની હથેળી અને પગના તળિયા ઉપર મત્સ્ય, ભૃંગાર, વર્ધમાનક, ભદ્રમાનક, શંખ, છત્ર, ચામર, પતાકા, ચક્ર, હળ, મુશલ, રથ, સ્વસ્તિક, અંકુશ, ચંદ્ર, સૂર્ય, અગ્નિ, યૂપ, સાગર, ઇન્દ્રધ્વજા, પૃથ્વી, પદ્મ, કુંજર, સિંહાસન, દંડ, કુંભ, ગિરિવર, શ્રેષ્ઠ અશ્વ, શ્રેષ્ઠ મુગટ, કુંડલ, નંદાવર્ત્ત, ધનુષ, કુંત, ગાગર, ભવનવિમાન એ છત્રીશ લક્ષણો ઇત્યાદિ અનેક ચિહ્નો પ્રશસ્ત, સુવિભક્ત, અંકિત હતા.

તેના વિશાળ વક્ષઃસ્થળ ઉપર ઉર્ધ્વમુખી, સુકોમલ, સ્નિગ્ધ, મૃદુ અને પ્રશસ્ત કેશ હતા, જેનાથી સહજરૂપે શ્રીવત્સનું ચિહ્ન નિર્મિત હતું. દેશ અને ક્ષેત્રને અનુરૂપ તેનું સુગઠિત સુંદર શરીર હતું. બાળસૂર્યના કિરણોથી વિકસિત કમળના મધ્યભાગ જેવો તેનો વર્ણ હતો. પૃષ્ઠાંત, ઘોડાના પૃષ્ઠાંત જેવું નિરુપલિપ્ત હતું. તેના શરીરમાંથી પદ્મ, ઉત્પલ, ચમેલી, માલતી, જૂહી, ચંપક, કેસર, કસ્તૂરી સદશ સુગંધ નીકળતી હતી. તે છત્રીશથી પણ અધિક પ્રશસ્ત, રાજોચિત લક્ષણોથી યુક્ત હતો. અખંડિત છત્રનો સ્વામી હતો.

તેના માતૃવંશ તથા પિતૃવંશ નિર્મળ હતા. પોતાના વિશુદ્ધ કુળરૂપી આકાશમાં તે પૂર્ણિમાના ચંદ્ર જેવા હતા. તે ચંદ્ર જેવો સૌમ્ય, મન અને નયનને આનંદપ્રદ, સમુદ્ર સમાન ગંભીર, યુદ્ધમાં સદા અપરાજિત, પરમ વિક્રમશાળી હતો, તેના શત્રુ નષ્ટ થઈ ગયેલા. કુબેરની જેમ તે ભોગોપભોગમાં દ્રવ્યનો સમુચિત પ્રચુર વ્યય કરતો હતો. એ રીતે તે સુખ પૂર્વક ભરતક્ષેત્રના રાજ્યને ભોગવતો હતો.

સૂત્ર–૫૬ થી ૬૦

**૫૬**. ત્યારપછી રાજા ભરતની આયુધઘરશાળામાં કોઈ દિવસે દિવ્ય ચક્રરત્ન ઉત્પન્ન થયું. ત્યારે તે આયુધ ગૃહિકે ભરત રાજાના આયુધ શાળામાં ધિવ્ય ચક્રરત્ન ઉત્પન્ન થયું જોયું, જોઈને હર્ષિત, સંતુષ્ટ, આનંદિત ચિત્ત, નંદિત, પ્રીતિમાન, પરમ સૌમનસ્યિક અને હર્ષના વશથી વિકસિત હૃદય થઈ જ્યાં દિવ્ય ચક્રરત્ન છે, ત્યાં આવે છે. આવીને તેને ત્રણ વખત આદક્ષિણ–પ્રદક્ષિણા કરે છે. કરીને બે હાથ જોડી યાવત્ અંજલિ કરીને ચક્રરત્નને પ્રણામ કરે છે,

કરીને આયુધશાળાની બહાર નીકળે છે.

બહાર નીકળીને જ્યાં ઉપસ્થાનશાળા છે, જ્યાં ભરત રાજા છે, ત્યાં આવે છે, આવીને બે હાથ જોડી, જય–વિજયથી વધાવે છે. વધાવીને આ પ્રમાણે કહ્યું – હે દેવાનુપ્રિય! નિશ્ચે આપની આયુધશાળામાં દિવ્ય ચક્રરત્ન ઉત્પન્ન થયેલ છે. આપની પ્રિયતાર્થે આ પ્રિય સંવાદ નિવેદિત કરું છું. જે પ્રિય થાઓ.

ત્યારે તે ભરત રાજા, તે આયુધગૃહિકની પાસે આ અર્થને સાંભળી, અવધારી, હર્ષિત યાવત્ સૌમનસ્યિક, વિકસિત શ્રેષ્ઠ કમલ જેવા વદન અને નયનવાળો થયો. હાથમાં પહેરેલા ઉત્તમ કટક, ત્રુટિત, કેયુર, મસ્તકે ધારણ કરેલ મુગટ, કાનના કુંડલ, ચંચલ થઈ ગયા. હર્ષાતિરેકથી હલતા હારથી તેનું વક્ષઃસ્થલ અતિ શોભિત લાગતું હતું, તેના ગળામાં લટકતી લાંબી પુષ્પમાળા ચંચળ થઈ ગઈ.

રાજા ઉત્કંઠિત થઈને ઘણી ત્વરાથી, જલદીથી સિંહાસનથી ઊભો થયો. ઊભો થઈને પાદપીઠથી ઊતર્યો, ઊતરીને પાદુકાઓ ઊતારી, ઊતારીને એકશાટિક ઉત્તરાસંગ કર્યું. કરીને હાથોને અંજલિબદ્ધ કર્યા. પછી ચક્રરત્ન સન્મુખ સાત–આઠ પગલાં સામે ગયો. જઈને ડાબો ઘૂંટણ ઊંચો કર્યો. જમણો ઘૂંટણ જમીનતલ ઉપર મૂક્યો. બે હાથ જોડી યાવત્ અંજલિ કરીને ચક્રરત્નને પ્રણામ કર્યા. કરીને તે આયુધ અધિકારીને મુગટ સિવાયના વધારાના બધા આભૂષણ દાન કર્યા. કરીને વિપુલ આજીવિકા યોગ્ય પ્રીતિદાન આપ્યું. આપીને સત્કારી–સન્માનીને પ્રતિ વિસર્જિત કર્યો. કરીને શ્રેષ્ઠ સિંહાસને જઈ પૂર્વાભિમુખ થઈ બેઠો.

ત્યારપછી ભરતરાજાએ કૌટુંબિક પુરુષોને બોલાવીને આ પ્રમાણે કહ્યું – ઓ દેવાનુપ્રિયો ! જલદીથી વિનીતા રાજધાનીને અંદર અને બહારથી આસિક્ત–સંમાર્જિત–સિક્ત–શુચિત કરો. માર્ગ અને ગલીઓ સ્વચ્છ કરાવો. મંચાતિ–મંચયુક્ત કરો. વિવિધ રંગોમાં રંગી વસ્ત્રોથી નિર્મિત ધ્વજા, પતાકા, અતિપતાકાથી સુશોભિત કરો–કરાવો. લેપન અને ચૂનો કરો, ગોશીર્ષ અને સરસ ચંદનથી સુરભિત કરો. પ્રત્યેક દ્વાર ભાગને ચંદન કળશો અને તોરણોથી સજાવો. યાવત્ સુગંધિત ગંધની પ્રચૂરતાથી ત્યાં ગોળગોળ ધૂમ્રમય બનતી દેખાય તેવી કરો, કરાવો, કરી–કરાવીને મારી આ આજ્ઞા મને પાછી સોંપો.

ત્યારે તે કૌટુંબિક પુરુષો એ ભરત રાજાને એમ કહેતા સાંભળી હર્ષિત યાવત્ બે હાથ જોડી, સ્વામીની આજ્ઞા વચનને વિનયથી સાંભળે છે. સાંભળીને ભરતની પાસેથી નીકળે છે, નીકળીને વિનીતા રાજધાનીને યાવત્ કરે છે – કરાવે છે, આજ્ઞા પાછી સોંપે છે.

ત્યારપછી તે ભરત રાજા જ્યાં સ્નાનગૃહ છે, ત્યાં જાય છે. જઈને તે સ્નાનગૃહમાં પ્રવેશે છે. પ્રવેશીને મુક્તા–જાલથી વ્યાપ્ત, સુંદર, વિચિત્ર મણિરત્નયુક્ત તળવાળા, રમણીય, સ્નાનમંડપમાં, વિવિધ મણિરત્નોના આલેખિત ચિત્રોવાળી સ્નાનપીઠે સુખેથી બેઠો. શુદ્ધોદક, ગંધોદક, પુષ્પોદક અને શુભોદકથી પુન્ય–કલ્યાણક પ્રવર સ્નાનવિધિ વડે સ્નાન કર્યું. ત્યાં સેંકડો કૌતુકો કર્યા. બહુવિધ કલ્યાણક પ્રવર સ્નાન પછી પક્ષ્મણ સુકુમાલ ગંધ કાષાયિક વસ્ત્રથી શરીર લૂછ્યું. સરસ સુગંધી ગોશીર્ષ ચંદનથી ગાત્રો લીંપ્યા. અક્ષત મહાર્ઘ વસ્ત્રરત્નથી સુસંવૃત્ત થયો. પવિત્ર માળા પહેરી. વિલેપન કર્યું. મણિજડિત સુવર્ણ આભૂષણ પહેર્યા. હાર, અર્ધહાર, તીનસરો હાર, લાંબા–લટકતા કટિસૂત્રથી પોતાને શોભિત કર્યો. ગળાનું આભરણ પહેર્યું. આંગળીઓમાં વીંટી પહેરી. વિવિધ મણિમય કંકણ તથા ત્રુટિત દ્વારા ભૂજાને સ્તંભિત કરી.

એ રીતે રાજાની શોભા ઘણી વધી ગઈ. કુંડલોથી મુખ દીપ્ત હતું, મસ્તક મુગટથી દીપ્ત હતું. હારથી ઢાંકેલ વક્ષઃસ્થળ સુંદર લાગતું હતું. એક લાંબુ–લટકતું વસ્ત્ર ઉત્તરીયરૂપે ધારણ કરેલું. મુદ્રિકાને લીધે રાજાની આંગળીઓ પીળી લાગતી હતી. સુયોગ્ય શિલ્પી દ્વારા વિવિધ મણિ–સ્વર્ણ–રત્નથી સુરચિત, વિમળ, મહાર્હ, સુશ્લિષ્ટ, ઉત્કૃષ્ટ, પ્રશસ્ત વીરવલય ધારણ કર્યા હતા.

બીજું કેટલું કહીએ ? કલ્પવૃક્ષ સદશ અલંકિત, વિભૂષિત નરેન્દ્રએ કોરંટપુષ્પની માળા સહિત છત્ર યાવત્ ચાર ચામરથી વિંગ્મતો મંગલ જય–જય શબ્દથી થયેલ લોકયુક્ત, અનેક ગણનાયક, દંડનાયક યાવત્ દૂત, સંધિપાલ સાથે પરિવરીને શ્વેત મહામેઘથી નીકળતા યાવત્ ચંદ્રવત્ શોભતો, પ્રિયદર્શન નરપતિ, ધૂપ–ગંધ–માળાયુક્ત સ્નાનગૃહથી નીકળ્યો. નીકળીને જ્યાં આયુધશાળા છે, જ્યાં ચક્રરત્ન છે, ત્યાં જવાને પ્રસ્થાન કર્યું.

ત્યારે તે ભરતરાજાની પાછળ–પાછળ ઘણા ઈશ્વર વગેરે ચાલ્યા, જેમાં કેટલાકના હાથમાં પદ્મ, કેટલાકના હાથમાં ઉત્પલ યાવત્ કેટલાક સહસ્રપત્ર હાથમાં લઈને ચાલ્યા. ત્યારે તે ભરત રાજાની ઘણી...

**૫૭.** કુબ્જા, ચિલાતી, વામણી, વડભી, બર્બરી, બાકુશિકા, યોનિકી, પલ્હવિકા, ઈસિણિકા, થારુકિનિકા,

**૫૮.** લાકુશિકા, લકુશિકા, દમિલિ, સિંહલિ, આરંબી, પુલિંદિ, પકવણી, બહલિ, મુરુંડી, શબરી અને પારસી દાસીઓ ચાલી.

**૫૯.** જેમાંની કેટલીક હાથમાં ચંદનકળશ લઈને, કેટલીક ચંગેરી પુષ્પપડલ લઈને, એ રીતે ભૃંગાર, દર્પણ, થાળ, પાત્રિ, સુપ્રતિષ્ઠક, વીંજણા, રત્નકરંડક, પુષ્પચંગેરી, માળા, વર્ણ, ચૂર્ણ, ગંધ હાથમાં લઈને તથા વસ્ત્ર, આભરણ, રોમહસ્ત, ચંગેરી, પુષ્પપટલ હાથમાં લઈને યાવતત્ર મોરપીંછી લઈને અને કેટલીક સિંહાસન, છત્ર, ચામર, તેલસમુદ્ગક લઈને ચાલી. કેટલીક તેલ–કોષ્ઠ સમુદ્ગક, પત્ર, ચોય, મગરમેલા, હરિતાલ, હિંગલોક, મનઃશિલા, સરસવ સમુદ્ગક લઈને ચાલી

**૬૦.** કેટલીક દાસી હાથમાં તાલવૃંત લઈને, કેટલીક ધૂપ–કડછા હાથમાં લઈને ભરત રાજાની પાછળ–પાછળ ચાલી.

ત્યારે ભરતરાજા સર્વઋદ્ધિ, સર્વદ્યુતિ, સર્વબલ, સર્વસમુદય, સર્વ આદર, સર્વ વિભૂષા, સર્વ વિભૂતિ, સર્વ વસ્ત્ર–પુષ્પ–ગંધ–માળા–અલંકાર આદિની વિભૂષાથી, સર્વ ત્રુટિતના શબ્દ સંનિનાદથી, મહા ઋદ્ધિ યાવત્ મહા વરત્રુટિત–ચમક શમકના પ્રવાદિતથી, શંખ–પ્રણવ–પટહ–ભેરી–ઝલરી–ખરમુખી–મુરજ–મૃદંગ–દુંદુભિના નિર્ઘોષ નાદથી જ્યાં આયુધશાળા હતી ત્યાં ગયો, જઈને ચક્રરત્નને જોતા જ પ્રણામ કર્યા.

ત્યારપછી ચક્રરત્ન પાસે ગયો, જઈને મોરપીંછીથી પોંછ્યુ. પછી ચક્રરત્નની પ્રમાર્જના કરી, કરીને દિવ્ય ઉદક ધારાથી સિંચન કર્યુ. કરીને સરસ ગોશીર્ષ ચંદનથી અનુલિંપન કર્યું, કરીને પ્રધાન શ્રેષ્ઠ ગંધ અને માળાથી અર્ચના કરી, પુષ્પ ચડાવ્યા, માળા–ગંધ–વર્ણ–ચૂર્ણ–વસ્ત્ર ચડાવ્યા, આભરણો ચડાવ્યા. પછી સ્વચ્છ, શ્લક્ષ્ણ, શ્વેત રત્નમય, અક્ષત–તંદુલ વડે ચક્રરત્નની આગળ **આઠ–આઠ મંગલનું આલેખન કર્યું.** તે આ પ્રમાણે – **સ્વસ્તિક, શ્રીવત્સ, નંદ્યાવર્ત, વર્દ્ધમાનક, ભદ્રાસન, મત્સ્ય, કળશ, દર્પણ. એ અષ્ટમંગલ** આલેખીને ઉપચાર કરે છે.

તે ઉપચાર શું છે ? પાડલ, મલ્લિકા, ચંપક, અશોક, પુન્નાગ, આમ્રમંજરી, નવમલ્લિકા, બકુલ, તિલક, કણેર, કુંદ, કુબ્જક, કોરંટક, પત્ર, દમનક જે સુરભિત–સુગંધી પુષ્પ રાજાએ હાથમાં લીધા, ચક્રરત્નની આગળ વધારી, ચઢાવ્યા. તેનાથી તે પંચરંગી ફૂલોનો ચક્રરત્નની આગળ જાનુપ્રમાણ ઊંચો ઢગલો થઈ ગયો.

ત્યારપછી રાજાએ ધૂપાદાન હાથમાં લીધું. જે ચંદ્રકાંત, વજ્ર, વૈડૂર્ય રત્નમય દંડયુક્ત, વિવિધ ચિત્રાંકનના રૂપે સંયોજિત સુવર્ણ, મણિ અને રત્નયુક્ત, કાળો અગરુ, ઉત્તમ કુન્દુરુષ્ક, લોબાન તથા ધૂપની મહેકથી શોભિત, વૈડૂર્ય મણિથી નિર્મિત હતું. આદરપૂર્વક ધૂપ પ્રગટાવી સાત–આઠ ડગલા પાછળ ગયો.

પછી ડાબો ઘૂંટણ ઊંચો કર્યો યાવત્ પ્રણામ કર્યા, કરીને આયુધશાળાથી બહાર નીકળ્યો.

ત્યારપછી જ્યાં બાહ્ય ઉપસ્થાન શાળા હતી, જ્યાં સિંહાસન હતું ત્યાં આવ્યો, આવીને શ્રેષ્ઠ સિંહાસન ઉપર પૂર્વાભિમુખ થઈને બેઠો. બેસીને અઢાર શ્રેણી–પ્રશ્રેણી લોકોને બોલાવ્યા અને કહ્યું –

ઓ દેવાનુપ્રિયો ! જલદીથી, ચક્રરત્નના ઉપલક્ષ્યમાં વિજયસૂચક અષ્ટાહ્નિકા મહા મહોત્સવ કરો. તે

દિવસોમાં ઉત્શુલ્ક, ઉત્કર, ઉત્કૃષ્ટ, અદેય, અમેય, અભટપ્રવેશ, અદંડ–કોદંડિમ, અધરિમ નીતિ અપનાવો.. ગણિકાના શ્રેષ્ઠ નાટક યુક્ત, અનેક તાલાચર અનુચરિત, સમુદ્‌ભાવિત મૃદંગયુક્ત કરો, અમ્લાન ફૂલોની માળાથી નગર સજાવો. પ્રમુદિત, પ્રક્રિડિત જન–જાનપદયુક્ત નગરને કરો. મારી આ આજ્ઞા પાછી આપો.

ત્યારે તે અઢાર શ્રેણી–પ્રશ્રેણીજનો ભરતરાજા પાસે આ પ્રમાણે સાંભળીને હર્ષિત થઈ યાવત્ વિનયથી શ્રવણ કરે છે. કરીને ભરત રાજા પાસેથી નીકળે છે, નીકળીને ઉત્શુલ્ક, ઉત્કર યાવત્ કરે છે અને કરાવે છે, પછી ભરતરાજા પાસે આવીને યાવત્ તેની આજ્ઞા પાછી સોંપે છે.

સૂત્ર–૬૧

અષ્ટાહ્નિકા મહા મહોત્સવ સંપન્ન થયા બાદ તે દિવ્ય ચક્રરત્ન આયુધગૃહ શાળાથી નીકળે છે, નીકળીને આકાશમાં પ્રતિપન્ન થયું. તે **૧૦૦૦** યક્ષોથી ઘેરાયેલ હતું. દિવ્ય વાદ્યોની ધ્વનિ અને નિનાદથી આકાશ વ્યાપ્ત હતું. તે ચક્રરત્ન વિનીતા રાજધાનીની વચ્ચોવચ્ચથી નીકળ્યું. નીકળીને ગંગા મહાનદીના દક્ષિણી કિનારેથી થઈને પૂર્વ દિશામાં માગધતીર્થ તરફ ચાલ્યું. ભરત રાજા તે દિવ્ય ચક્રરત્નને ગંગા મહાનદીના જમણા કિનારાથી થઈને પૂર્વ દિશામાં માગધતીર્થ તરફ જતું જોઈ, તે હર્ષિત, સંતુષ્ટ યાવત્ વિકસીતહૃદયી થઈ કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું –

ઓ દેવાનુપ્રિયો ! જલદી આભિષેક્ય હસ્તિરત્નને સુસજ્જ કરો, ઘોડા–હાથી–રથ–શ્રેષ્ઠ યોદ્ધાથી યુક્ત ચતુરંગિણી સેના તૈયાર કરો. મારી આ આજ્ઞા મને પાછી સોંપો. કૌટુંબિક પુરુષોએ પણ તેમ કર્યું.

ત્યારપછી તે ભરત રાજા સ્નાનગૃહે ગયો. ત્યાં જઈને સ્નાનગૃહમાં પ્રવેશ્યો. પ્રવેશીને મુક્તાજાળ સહિત અભિરામ **આદિ** પૂર્વવત્ યાવત્ ધવલ મહામેઘ સમાન ચંદ્રવત્ પ્રિયદર્શન સ્નાનગૃહથી નીકળ્યો. નીકળીને અશ્વ–હસ્તિ–રથ–પ્રવરવાહન–ભટ્ટ ચટકર પથકરથી યુક્ત સેનાથી સુશોભિત, જ્યાં બાહ્ય ઉપસ્થાનશાળા હતી. જ્યાં આભિષેક્ય હસ્તિરત્ન હતો ત્યાં આવીને અંજનગિરિના શિખર સમાન ગજપતિ ઉપર તે નરપતિ આરૂઢ થયો.

ત્યારે તે ભરતાધિપ નરેન્દ્રનું વક્ષઃસ્થળ હારોથી વ્યાપ્ત અને સુશોભિત હતું, કુંડલથી ઉદ્યોતિત મુખ, મુગટથી દીપ્ત મસ્તક, નરસિંહ, નરપતિ, નરેન્દ્ર, નરવૃષભ, મરુત રાજ વૃષભ સમાન, અભ્યધિક રાજતેજ લક્ષ્મીથી દીપ્યમાન, પ્રશસ્ત મંગલ શબ્દોથી સ્તવાતા, લોક વડે જય શબ્દ કરાતો, શ્રેષ્ઠ હસ્તિના સ્કંધે બેઠો. કોરંટ માલ્યની માળાયુક્ત છત્રને ધારણ કરેલો, શ્રેષ્ઠ શ્વેત ચામર વડે વીંઝાતો, હજાર યક્ષ વડે સંપરિવૃત્ત, ધનપતિ વૈશ્રમણ સદશ, દેવરાજ ઈન્દ્રતુલ્ય ઋદ્ધિવાન, વિશ્રુત યશવાળો, ગંગા મહાનદીના દક્ષિણ કિનારેથી હજારો ગામ, આકર, નગર, ખેટ, મડંબ, કર્બટ, દ્રોણમુખ, પાટણ, આશ્રમ, સંબાધથી શોભિત પ્રજાજનયુક્ત પૃથ્વીને જીતતો એવો, શ્રેષ્ઠ રત્નોને ભેટમાં ગ્રહણ કરતો, તે દિવ્ય ચક્ર રત્નને અનુસરતો એવો એક એક યોજન પડાવ નાંખતો, માગધતીર્થ હતું ત્યાં આવ્યો.

આવીને માગધતીર્થની સમીપે **૧૨** યોજન લાંબો, નવ યોજન પહોળો શ્રેષ્ઠ નગર સમાન વિજય સ્કંધાવાર નિવેશ કરે છે. કરીને વર્દ્ધકીરત્નને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહ્યું – ઓ દેવાનુપ્રિય! જલદીથી મારો આવાસ અને પૌષધશાળા કર, કરીને મારી આજ્ઞા પાછી સોંપ.

ત્યારે તે વર્દ્ધકીરત્ન ભરત રાજાએ એમ કહેતા હર્ષિત–તુષ્ટ–આનંદિત ચિત્ત–પ્રીતિમન થઈ યાવત્ અંજલિ કરી, તહત્તિ કરી, આજ્ઞાવચનને વિનયપૂર્વક સ્વીકારે છે. સ્વીકારીને ભરત રાજાનો આવાસ અને પૌષધશાળા કરે છે, કરાવીને જલદીથી તેમની આજ્ઞા પાછી સોંપે છે.

ત્યારે તે ભરત રાજા આભિષેક્ય હસ્તિરત્નથી નીચે ઊતર્યો, ઊતરીને પૌષધશાળાએ આવ્યો, આવીને પૌષધશાળામાં પ્રવેશ્યો. પ્રવેશીને પૌષધશાળાને પ્રમાર્જી, પ્રમાર્જીને દર્ભનો સંથારો પાથર્યો, દર્ભ સંથારે આરૂઢ થયો, થઈને માગધ તીર્થકુમાર દેવને આશ્રીને અષ્ટમભક્ત ગ્રહણ કર્યો. કરીને પૌષધશાળામાં પૌષધિક, બ્રહ્મચારી, મણિ–સુવર્ણનો ત્યાગી, માળા–વણક–વિલેપન રહિત, શસ્ત્ર–મુશલાદિ દૂર મૂકીને, દર્ભ સંસ્તારકે રહીને એકલો–અદ્વિતીય

અટ્ઠમભક્તમાં પ્રતિ–જાગરિત થઈ વિચરવા લાગ્યો.

ત્યારે તે ભરત રાજા અટ્ઠમભક્ત પરિપૂર્ણ થતા પૌષધશાળાની બહાર નીકળ્યો, નીકળીને બાહ્ય ઉપસ્થાનશાળાએ ગયો. જઈને કૌટુંબિક પુરુષોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું – ઓ દેવાનુપ્રિયો ! જલદીથી અશ્વ–હસ્તિ–રથ–પ્રવર યોદ્ધા યુક્ત ચાતુરંગિણી સેનાને સજ્જ કરો, ચાતુર્ઘંટ અશ્વરત્નને સજાવો, એમ કહી સ્નાનગૃહમાં પ્રવેશ્યો, પ્રવેશીને પૂર્વવત્ યાવત્ ધવલમહામેઘ નીકળ્યો યાવત્ નીકળીને અશ્વ–હસ્તિ–રથ–પ્રવર વાહન યાવત્ સેનાપતિ, પ્રથિતકીર્તિ બાહ્ય ઉપસ્થાનશાળામાં જ્યાં ચાતુર્ઘંટ અશ્વરથ છે, ત્યાં આવીને ચાતુર્ઘંટ અશ્વરથમાં બેઠો.

## સૂત્ર–૬૨ થી ૬૭

**૬૨.** ત્યારે તે ભરત રાજા ચાતુર્ઘંટ અશ્વરથમાં આરૂઢ થયા પછી અશ્વ, હાથી, રથ, પ્રવર યોદ્ધા યુક્ત સેનાથી ઘેરાયેલો, મોટા–મોટા યોદ્ધાઓના સમૂહવૃંદથી પરીવરેલો, ચક્રરત્ન દ્વારા દેખાડેલા માર્ગે ચાલતો હતો. અનેક શ્રેષ્ઠ હજારો રાજા તેની પાછળ ચાલતા હતા. તેમના ઉત્કૃષ્ટ મોટા સિંહનાદના કલકલ શબ્દોથી જાણે વાયુ વડે પ્રક્ષુભિત મહાસાગર ગર્જતો હોય તેમ જણાતુ હતુ. પૂર્વ દિશાભિમુખ માગધતીર્થથી લવણસમુદ્રનું અવગાહન કર્યુ યાવત્ રથના પૈડા ભીના થયા.

ત્યારે ભરત રાજાએ ઘોડાને રોક્યા, રોકીને રથને સ્થાપ્યો. પછી ધનુષ ઉઠાવ્યું. ત્યારે તે ધનુષ તુરંતના નીકળેલ બાલચંદ્ર અને ઇન્દ્રધનુષ સમાન, ઉત્કૃષ્ટ ગર્વયુક્ત ભેંસાના સુદૃઢ સઘન શૃંગ માફક નિશ્છિદ્ર હતું. તેનો પૃષ્ઠભાગ ઉત્તમ નાગ, મહિષશૃંગ, શ્રેષ્ઠ કોકીલ, ભ્રમર સમુદાય તથા નીલસદૃશ ઉજ્જવલ કાળી કાંતિથી યુક્ત, તેજથી જાજ્વલ્યમાન અને નિર્મળ હતું. નિપુણ શિલ્પી દ્વારા ચમકાવાયેલ, દેદીપ્યમાન મણિ અને રત્નોની ઘંટીના સમૂહથી પરિવેષ્ટિત હતો. વીજળી માફક ઝગમગતા કિરણોથી યુક્ત, સુવર્ણ પરિબદ્ધ તથા ચિહ્નયુક્ત હતું. દર્દર તથા મલય પર્વતના શિખરે રહેનારા સિંહની કેસરા, ચામરબાલ, અર્ધચંદ્રાકાર બંધયુક્ત, કાળા–લીલા–લાલ–પીળા–સફેદ સ્નાયુની પ્રત્યંચાથી બદ્ધ, શત્રુના જીવનનો અંત કરનાર, ચંચળ જીવાયુક્ત ધનુષને તે રાજાએ ઉઠાવ્યું.

ધનુષ ઉપર બાણ ચડાવ્યું, તે બાણની બંને કોટિઓ ઉત્તમ વજ્રની બનેલ હતી, તેનું મુખ વજ્ર માફક અભેદ્ય હતું, તેની પૂંછ સુવર્ણમાં જડેલ ચંદ્રકાંતાદિ મણિ અને રત્નોથી સુસજ્જ હતી, તેના ઉપર અનેક મણિ અને રત્નો દ્વારા સુંદર રૂપે રાજા ભરતનું નામ અંકિત હતું. ભરત વૈશાખી સંસ્થાને રહી, બાણને કાન સુધી ખેંચી, આ વચનો કહ્યા –

**૬૩.** સાંભળો, બહિર્ભાગમાં અધિષ્ઠિત નાગકુમાર, સુવર્ણકુમારાદિ જે દેવો તમોને હું પ્રણામ કરું છું.

**૬૪.** સાંભળો, અંતર્ભાગમાં રહેલા જે નાગકુમાર, સુવર્ણકુમારાદિ દેવો સર્વે મારા વિષયવાસી થાઓ. એમ કરીને બાણ ફેંક્યુ.

**૬૫.** અખાડામાં ઉતરતો મલ્લ જેમ કમર બાંધેલ હોય છે, તેની જેમ ભરતે યુદ્ધોચિત્ત વસ્ત્રબંધ દ્વારા પોતાની કમર બાંધી. તેનું કૌશેયવસ્ત્ર હવાથી ફરકતું એવું ઘણુ સુંદર લાગતુ હતુ..

**૬૬.** વિચિત્ર ઉત્તમ ધનુષ ધારણ કરેલ તે સાક્ષાત ઇન્દ્ર માફક સુશોભિત લાગતો હતો, વિદ્યુતવત્ દેદીપ્યમાન હતો, પંચમીના ચંદ્ર માફક શોભિત તે મહાધનુષ રાજાના વિજયોદ્યત ડાબા હાથમાં ચમકતું હતું.

**૬૭.** ત્યારે રાજા ભરત દ્વારા છોડાયેલ તે બાણ તુરંત જ બાર યોજન સુધી જઈને માગધતીર્થના અધિપતિ દેવના ભવનમાં પડ્યું. ત્યારે તે માગધ તીર્થાધિપતિ દેવે જેવું બાણને પોતાના ભવનમાં પડતું જોયું કે તુરંત ક્રોધથી લાલ રોષયુક્ત, કોપાવિષ્ટ, પ્રચંડ અને ક્રોધાગ્નિથી ઉદ્દિપ્ત થઈ ગયો. કપાળે ત્રણ સળ પડી, ભૃકૂટી તાણીને બોલ્યો –

અરે આ કોણ અપ્રાર્થિતનો પ્રાર્થક, દુરંત પ્રાંત લક્ષણ, હીનપુન્ય ચૌદશીયો, હ્રી–શ્રી પરિવર્જિત છે, જે મારી આવી આવા સ્વરૂપની દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દેવાનુભાવ લબ્ધ–પ્રાપ્ત–અભિસમન્વાગત ઉપર પ્રહાર

કરતો મોતથી પણ ન ડરતો, મારા ભવનમાં બાણ ફેંકે છે?

એમ કહીને તે પોતાના સિંહાસનેથી ઊભો થયો અને જ્યાં તે નામાંકિત બાણ પડેલું, ત્યાં આવ્યો. આવીને બાણ ઉઠાવ્યું, નામાંકન જોયું. જોઈને તેને આવો અભ્યર્થિત–ચિંતિત–પ્રાર્થિત–મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો કે –

અરે ! નિશ્ચે, જંબૂદ્વીપ દ્વીપના ભરતક્ષેત્રમાં ભરત નામે ચાતુરંત ચક્રવર્તી રાજા ઉત્પન્ન થયો છે. અતીત–વર્તમાન–ભાવિ માગધતીર્થ કુમાર દેવોનો એ આચાર છે કે રાજાને ઉપહાર ભેટ કરે. તો હું પણ જઉં અને ભરત રાજાને ભેંટણું ધરું.

એમ વિચારીને તેણે હાર, મુગટ, કુંડલ, કટક, કડા, ત્રુટિત, વસ્ત્ર, અન્યાન્ય વિવિધ અલંકાર, ભરતના નામનું અંકિત બાણ અને માગધતીર્થનું જળ લીધું. લઈને ઉત્કૃષ્ટ–ત્વરિત–ચપલ–જયન–સિંહ જેવી શીઘ્ર–ઉદ્ધુત–દિવ્ય દેવગતિથી ચાલતો–ચાલતો ભરત રાજા પાસે આવ્યો. આવીને આકાશમાં સ્થિત થઈ, નાની ઘંટિકાયુક્ત, પંચરંગી પ્રવર વસ્ત્ર ધારણ કરી, બે હાથ જોડી, દશ નખ ભેગા કરી યાવત્ મસ્તકે અંજલિ કરી, ભરત રાજાને જય–વિજયથી વધાવીને બોલ્યો –

આપ દેવાનુપ્રિય એ પૂર્વ દિશામાં માગધતીર્થ સુધી સમસ્ત ભરતક્ષેત્રને જીતી લીધું છે. હું આપે જીતેલ દેશનો નિવાસી છું. હું આપ દેવાનુપ્રિયનો આજ્ઞાવર્તી સેવક છું. આપનો પૂર્વદિશાનો અંતપાલ છું. આપ મારું આ આવા પ્રકારનું પ્રીતિદાન છે, એમ કહીને હાર, મુગટ, કુંડલ, કટક યાવત્ માગધ તીર્થોદકનો સ્વીકાર કરો. ત્યારે ભરત રાજાએ માગધ તીર્થકુમાર દેવના એવા પ્રકારના પ્રીતિદાનનો સ્વીકાર કર્યો. સ્વીકારીને માગધતીર્થ કુમાર દેવને સત્કારી–સન્માનીને વિદાય આપી.

ત્યારપછી તે ભરત રાજાએ રથને પાછો ફેરવ્યો. ફેરવીને માગધતીર્થથી લવણસમુદ્રથી પાછો ફર્યો – પાછો ફરીને જ્યાં વિજય સ્કંધાવાર નિવેશમાં જ્યાં બાહ્ય ઉપસ્થાનશાળા હતી, ત્યાં આવ્યો. આવીને અશ્વોનો નિગ્રહ કર્યો, કરીને રથને ઊભો રાખ્યો, રથથી ઊતર્યો. ઊતરીને જ્યાં સ્નાનાગૃહ છે ત્યાં આવ્યો, સ્નાનાગૃહમાં પ્રવેશ્યો, યાવત ચંદ્રવત્ પ્રિયદર્શન નરપતિ સ્નાનાગૃહથી બહાર નીકળ્યો.

ત્યારપછી ભોજનમંડપે ગયો, જઈને ભોજનમંડપમાં શ્રેષ્ઠ સુખાસને બેઠો, અઠ્ઠમતપનું પારણુ કર્યું. કરીને ભોજન મંડપથી નીકળ્યો. નીકળીને બાહ્ય ઉપસ્થાનશાળામાં સિંહાસન પાસે આવ્યો. આવીને શ્રેષ્ઠ સિંહાસને પૂર્વાભિમુખ બેઠો. બેસીને અઢાર શ્રેણી–પ્રશ્રેણી જનોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું – ઓ દેવાનુપ્રિયો! જલદીથી ઉત્શુલ્ક, ઉત્કર યાવત્ માગધતીર્થ કુમાર દેવને આશ્રીને આઠ દિવસિય મહામહિમા કરો. કરીને મારી આ આજ્ઞાને પાછી સોંપો. ત્યારે તે અઢાર શ્રેણી–પ્રશ્રેણીજન ભરત રાજાએ આમ કહેતા હર્ષિત થયા યાવત્ મહામહિમા કરીને તેમની આજ્ઞા પાછી સોંપી.

ત્યારપછી તે દિવ્ય ચક્રરત્ન, કે જેના તુંબ વજ્રમય હતા. આરાઓ લોહિતાક્ષમય હતા, નેમિ જાંબૂનદમય હતી, વિવિધ મણિયુક્ત અંદરનો પરિધિભાગ હતો, મણિ–મોતીના જાળથી વિભૂષિત હતો, નંદીઘોષ સહિત, ઘંટિકાસહિત, તે દિવ્યપ્રભાવી–મધ્યાહ્નના સૂર્યમંડલ સદશ તેજયુક્ત, વિવિધ મણિ અને રત્નોની ઘંટિકાના જાલથી વીંટાયેલ, સર્વઋતુક સુગંધી કુસુમની માલ્યદામથી યુક્ત, આકાશમાં અવસ્થિત, હજારયક્ષ વડે સંપરિવૃત્ત, દિવ્ય ત્રુટિતના શબ્દોના નિનાદથી અંબરતલને વ્યાપ્ત કરતા હોય તેવું, સુદર્શન નામથી હતું. તે રાજા ભરતનું તે પ્રથમ ચક્રરત્ન શસ્ત્રાગારથી નીકળી દક્ષિણ–પશ્ચિમમાં વરદામતીર્થ તરફ ચાલ્યું.

સૂત્ર–૬૮

ત્યારપછી તે ભરત રાજા તે દિવ્ય ચક્રરત્નને દક્ષિણ–પશ્ચિમમાં વરદામતીર્થ તરફ જતું જુએ છે. જોઈને હર્ષિત–સંતુષ્ટ થયો, કૌટુંબિક પુરુષોને બોલાવ્યા. બોલાવીને કહ્યું – ઓ દેવાનુપ્રિયો ! જલદીથી ઘોડા–હાથી–રથ–

શ્રેષ્ઠ યોદ્ધાયુક્ત ચાતુરંગિણી સેના સજાવો. આભિષેક્ય હસ્તિરત્ન તૈયાર કરો. એમ કહીને સ્નાનગૃહમાં પ્રવેશે છે.

ત્યારપછી પૂર્વના ક્રમથી યાવત્ શ્વેત મહામેઘવત્ નીકળ્યો. યાવત્ શ્વેત શ્રેષ્ઠ ચામરો વડે વીંઝાતો–વીંઝાતો, પોતાના હાથમાં ઉત્તમ ઢાલ રાખી, શ્રેષ્ઠ કમરબંધ બાંધી, ઉત્તમ કવચ બાંધેલ હોય તેવા હજારો યોદ્ધાથી તે પરિગત હતો. શ્રેષ્ઠ ઉન્નત મુગટ, કુંડલ, પતાકા, નાની પતાકા, ધ્વજા, વૈજયંતી, ચાલતી ચામર, છત્રથી અંધકાર છવાયો હતો. અસિ, ક્ષેપણી, ખડ્ગ, ચાપ, નારાચ, કણક, કલ્પની, શૂલ, લાઠી, ભિંદીપાલ, વાંસના ધનુષ, તૂણીર, શર આદિ શસ્ત્રોથી જે કાળા –નીલા–લાલ–પીળા–સફેદ વર્ણના સેંકડો ચિહ્નોથી યુક્ત હતા. તે ભૂજાને ઠોકતા, સિંહનાદ કરતા, યોદ્ધા ભરત રાજાની સાથે ચાલતા હતા.

ઘોડા હણહણતા હતા, હાથી ચિંઘાડતા હતા, લાખો રથોના ચાલવાનો ધ્વનિ, ચાબૂકોનો અવાજ, ભંભા, કૌરંભ, વીણા, ખરમુખી, મુકુંદ, શંખિકા, પરિલી, વચ્ચક, પરિવાદીની, દંસ, વેણુ, વિપંચી, મહતી, કચ્છપી, સારંગી, કરતાલ, કાંસ્યતાલ, હસ્ત તાડન આદિથી ઉત્પન્ન વિપુલ ધ્વનિ, પ્રતિધ્વનિથી સમગ્ર જગત આપૂર્ણ થતું હતું.

એ બધાની વચ્ચે રાજા ભરત પોતાની ચાતુરંગિણી સેના તથા વિભિન્ન વાહનોથી યુક્ત, હજારો યક્ષોથી પરિવરેલો કુબેર સમાન ઋદ્ધિવાન તથા પોતાની ઋદ્ધિથી ઇન્દ્ર જેવો ઐશ્વર્યશાળી લાગતો હતો. તે ગ્રામ, આકર, નગર, ખેડ, કર્બટ આદિ પૂર્વવત્ યાવત્ વિજય સ્કંધાવાર નિવેશ કરે છે. કરીને વર્દ્ધકી રત્નને બોલાવીને આ પ્રમાણે કહ્યું – ઓ દેવાનુપ્રિય ! જલદીથી મારા આવાસ અને પૌષધશાળાને કરો. મારી આ આજ્ઞાને પાછી આપો.

## સૂત્ર–૬૯ થી૭૨

**૬૯.** ત્યારે **તે વર્ધકીરત્ન** આશ્રમ, દ્રોણમુખ, ગ્રામ, પાટણ, પુર, સ્કંધાવાર, ગૃહ, આપણની રચનામાં કુશળ, ૮૧ **પ્રકારના સર્વ વાસ્તુમાં** અનેકગુણનો જ્ઞાતા, પંડિત, વિધિજ્ઞ, **૪૫ દેવોની વાસ્તુપરિચ્છા**, નેમિપાર્શ્વ, ભોજનશાળા, કોટ્ટણિ અને વાસગૃહોની રચનામાં કુશળ, છેદન, વેધનમાં, દાનકર્મમાં પ્રધાનબુદ્ધિ હતો. જલગત અને ભૂમિગત ભાજનમાં. જલ–સ્થલ–ગુફામાં, યંત્ર અને પરિખામાં, કાળ જ્ઞાનમાં પૂર્વવત્ શબ્દ, વાસ્તુપ્રદેશમાં પ્રધાન હતો. ગર્ભિણી–કર્ણવૃક્ષ–વેલી–વેષ્ટિતના ગુણ–દોષનો જ્ઞાતા, ગુણાઢ્ય, સોળ પ્રાસાદ કરણમાં કુશળ, ચોસઠ પ્રકારે ગૃહરચનામાં ચતુર હતો. નંદાવર્ત્ત, વર્દ્ધમાન, સ્વસ્તિક, રુચક તથા સર્વતોભદ્રના સંનિવેશમાં અને બહુવિશેષ ઉદ્ઘંડિત દેવ કોષ્ઠ દારુ ગિરિ ખાત વાહનની રચનામાં કુશલ હતો.

**૭૦.** તે શિલ્પકાર અનેકાનેક ગુણયુક્ત હતો. રાજા ભરતને પોતાના પૂર્વાચરિત તપ તથા સંયમના ફળ સ્વરૂપ પ્રાપ્ત તે શિલ્પીએ કહ્યું. સ્વામી! હું આપના માટે શું નિર્માણ કરું ?

**૭૧.** રાજાના વચનને અનુરૂપ તેણે દેવકર્મ વિધિથી દિવ્ય ક્ષમતા દ્વારા મુહૂર્ત્ત માત્રમાં સૈન્ય શિબિર તથા સુંદર આવાસ અને ભવનની રચના કરી.

**૭૨.** કરીને શ્રેષ્ઠ પૌષધગૃહ કર્યું. કરીને જ્યાં ભરત રાજા હતો યાવત્ આ આજ્ઞા જલદી પાછી આપી. બાકી પૂર્વવત્ યાવત્ તે રાજા સ્નાનગૃહથી નીકળ્યો, નીકળીને જ્યાં બાહ્ય ઉપસ્થાનશાળા હતી, જ્યાં ચાતુર્ઘંટ અશ્વરથ હતો ત્યાં આવ્યો.

## સૂત્ર–૭૩

**ચક્રવર્તીનો તે રથ** પૃથ્વી ઉપર શીઘ્રગતિથી ચાલનાર હતો. અનેક ઉત્તમ લક્ષણયુક્ત હતો. હિમવંત પર્વતની વાયુ રહિત કંદરાઓમાં સંવર્ધિત તિનિશ નામક રથનિર્માણોપયોગી વૃક્ષોના કાષ્ઠથી બનેલ હતો. તેનું યૂપ જાંબૂનદ સુવર્ણથી નિર્મિત હતો. આરા સ્વર્ણમયી તાડીના હતા. તે પુલક, વરેન્દ્ર, નીલ સાસક, પ્રવાલ, સ્ફટિક, લેષ્ટુ, ચંદ્રકાંત, વિદ્રુમ, રત્નો અને મણિઓથી વિભૂષિત હતા. પ્રત્યેક દિશામાં બાર બારના ક્રમથી તેના ૪૮ આરા હતા. તુંબો સ્વર્ણમય પટ્ટોથી દઢીકૃત હતા. તેના પૃષ્ઠ વિશેષરૂપથી ઘેરાયેલ, બાંધેલી, જોડેલી નવી પટ્ટીથી સુનિષ્પન્ન હતી.

અત્યંત મનોજ્ઞ નવી લોઢાની સાંકળ તથા ચામડાની રસ્સીથી તેના અવયવ બાંધેલ હતા. તેના બંને પૈડા વાસુદેવના શસ્ત્રરત્ન સમાન હતા. જાલી ચંદ્રકાંત, ઇન્દ્રનીલ, શસ્યક રત્નોથી સુરચિત અને સુસજ્જિત હતી. તેના ઘોડાના ગળામાંની રસ્સી કમનીય, કિરણયુક્ત, લાલીમા મય સ્વર્ણથી બનેલી હતી. તેમાં સ્થાને સ્થાને કવચ પ્રસ્થાપિત હતા. તે રથ પ્રહરણોથી પરિપૂરિત હતો.

ઢાલો, કણકો, ધનુષો, પંડલાગ્ર, ત્રિશૂળ, ભાલા, તોમર તથા સેંકડો બાણોથી યુક્ત બત્રીશ તૂણીરોથી તે પરિમંડિત હતો. તેના ઉપર સુવર્ણ અને રત્નો દ્વારા ચિત્ર બનેલા હતા. તેમાં હલીમુખ, બગલા, હાથીદાંત, ચંદ્ર, મોતી, ભલ્લિકા, કુંદ, કુટજ તથા કંદલના પુષ્પ, સુંદર ફીણની રાશિ, મોતીના હાર અને કાશ સદશ શ્વેત, પોતાની ગતિ દ્વારા મન અને વાયુની ગતિને જિતનારી, ચપળ, શીઘ્રગામી, ચામર અને સ્વર્ણમય આભૂષણોથી વિભૂષિત ચાર ઘોડા જોડેલ હતા. તેના ઉપર છત્ર હતું, ધ્વજા–ઘંટિકા–પતાકા લાગેલી.

તેનું સંધિ યોજન સુંદર રૂપમાં નિષ્પાદિત હતો. યથોચિત રૂપે સુસ્થાપિત સમરના ગંભીર ઘોષ જેવો તેનો ઘોષ હતો. તેના કૂર્પર ઉત્તમ હતા. તે સુંદર ચક્રયુક્ત તથા ઉત્કૃષ્ટ નેમિમંડલ યુક્ત હતા. યૂપના બંને કિનારા ઘણા સુંદર હતા. બંને તુંબ શ્રેષ્ઠ વજ્રરત્નના બનેલ હતા, તે શ્રેષ્ઠ સુવર્ણથી શોભિત હતા. સુયોગ્ય શિલ્પીથી નિર્મિત હતા, ઉત્તમ ઘોડા જોડેલ હતા. સુયોગ્ય સારથિથી સુનિયોજિત હતા. ઉત્તમોત્તમ રત્નથી પરિમંડિત હતો. નાની–નાની સોનાની ઘંટીઓથી શોભિત હતી. તે અયોધ્યા હતી.

તેને વર્ણ વિદ્યુત, પરિતપ્ત સ્વર્ણ, કમળ, જપા–કુસુમ, દીપ્ત અગ્નિ તથા પોપટની ચાંચ જેવો હતો. તેની પ્રભા ચણોઠીના અર્ધ ભાગ, બંધુજીવક પુષ્પ, સંમર્દિત હિંગુલ રાશિ, સિંદુર, શ્રેષ્ઠ કેસર, કબૂતરના પગ, કોયલની આંખ, અધરોષ્ઠ, મનોહર રક્તાશોક તરુ, સ્વર્ણ, પલાશપુષ્પ, હાથીનું તાળવું, ઇન્દ્રગોપક જેવી હતી. કાંતિ બીંબફળ, શિલાપ્રવાલ અને ઉદીયમાન સૂર્ય સદશ હતી. બધી ઋતુમાં વિકસિત થનારા પુષ્પોની માળા તેમાં લાગેલી હતી. તેના ઉપર ઉન્નત શ્વેત ધજા ફરકતી હતી. તેનો ઘોષ ગંભીર હતો, શત્રુના હૃદયને કંપાવી દે તેવો હતો. લોક વિશ્રુત, યશસ્વી રાજા ભરત પ્રાતઃકાળે પૌષધ પારી, તે અહત ચાતુર્ઘંટ અશ્વરથ ઉપર આરૂઢ થયો. બાકી પૂર્વવત્ જાણવું.

રાજા ભરત દક્ષિણાભિમુખ વરદામ તીર્થથી લવણસમુદ્રને અવગાહે છે યાવત્ શ્રેષ્ઠ રથના કૂર્પર ભીના થયા યાવત્ પ્રીતિદાન. વિશેષ એ કે વરદામ તીર્થકુમારે દિવ્ય ચૂડામણી, હૃદય અને ગળાના અલંકાર, શ્રોણિસુતક, કટક, ત્રુટિત ભેંટ કર્યા. યાવત્ દક્ષિણનો અંતઃપાલ યાવત્ અષ્ટાહ્નિકા મહામહિમા કરે છે. કરીને આજ્ઞા પાછી સોંપી.

ત્યારપછી તે દિવ્ય ચક્રરત્ન વરદામતીર્થકુમાર દેવતા અષ્ટાહ્નિકા મહામહિમા નિવૃત્ત થતા આયુધગૃહ શાળાથી નીકળે છે, નીકળીને આકાશે ચાલતા યાવત્ અંબરતલને પૂરિત કરતા ઉત્તર–પશ્ચિમ દિશામાં પ્રભાસ તીર્થાભિમુખ પ્રયાણ કર્યું. ત્યારે ભરત રાજાએ તે દિવ્ય ચક્રરત્નને યાવત્ ઉત્તર–પશ્ચિમ દિશામાં પૂર્વવત્ યાવત્ પશ્ચિમ દિશાભિમુખ પ્રભાસ તીર્થથી લવણસમુદ્રમાં ઊતર્યા. ઊતરીને યાવત્ તે શ્રેષ્ઠ રથના કૂર્પર ભીના થયા યાવત્ પ્રીતિદાન. વિશેષ એ કે પ્રભાસ તીર્થકુમારે માળા, મુગટ, મોતીજાલ, હેમજાલ, કટક, ત્રુટિત, આભરણ, નામાંકિત બાણ અને પ્રભાસ તીર્થોદક ગ્રહણ કર્યું. કરીને યાવત્ પશ્ચિમથી પ્રભાસતીર્થની મર્યાદામાં હું દેવાનુપ્રિયનો દેશવાસી છું યાવત્ પશ્ચિમ દિશાનો અંતપાલ છું, તેમ કહ્યું, બાકી પૂર્વવત્ યાવત્ અષ્ટાહ્નિકા મહોત્સવ નિવર્ત્યો.

સૂત્ર–૭૪

ત્યારે તે દિવ્ય ચક્રરત્ન પ્રભાસતીર્થ કુમાર દેવના અષ્ટાહ્નિકા મહા મહોત્સવ નિવર્તી ગયા પછી આયુધગૃહ શાળાથી નીકળ્યું, નીકળીને યાવત્ અંબરતલને પૂરતા સિંધુ મહાનદીથી દક્ષિણ કૂળથી પૂર્વ દિશામાં સિંધુદેવીના ભવન અભિમુખ પ્રયાણ કર્યું.

ત્યારપછી તે ભરત રાજા તે દિવ્ય ચક્રરત્નને સિંધુ મહાનદીના દક્ષિણી કૂળથી પૂર્વ દિશામાં સિંધુદેવીના

ભવનની અભિમુખ જતું જુએ છે, જોઈને હર્ષિત–સંતુષ્ટ ચિત્ત થઈ, પૂર્વવત્ યાવત્ જ્યાં સિંધુદેવીનું ભવન છે, ત્યાં જાય છે, જઈને સિંધુદેવીના ભવનની કંઈક નિકટ બાર યોજન લાંબી, નવ યોજન પહોળી શ્રેષ્ઠ નગરસદૃહ વિજય સ્કંધાવાર નિવેશ કરે છે, યાવત્ સિંધુદેવી નિમિત્તે અઠ્ઠમભક્ત સ્વીકાર કરે છે, કરીને પૌષધશાળામાં પૌષધિક બ્રહ્મચારી થઈ યાવત્ દર્ભના સંસ્તારકે બેસી અઠ્ઠમભક્તિથી સિંધુદેવીને મનમાં કરીને રહ્યો.

ત્યારપછી તે ભરતરાજા અઠ્ઠમભક્ત પરિમાણ થતા સિંધુદેવીનું આસન ચલિત થયું, ત્યારે તે સિંધુદેવી આસનને ચલિત થયું જુએ છે. જોઈને અવધિજ્ઞાન પ્રયોજે છે, પ્રયોજીને ભરત રાજાને અવધિ વડે જુએ છે. જોઈને તેણીને આ આવ સ્વરૂપનો અભ્યર્થિત, ચિંતિત, પ્રાર્થિત, મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો. નિશ્ચે જંબૂદ્વીપ દ્વીપના ભરતક્ષેત્રમાં ભરત નામે ચાતુરંત ચક્રવર્તી રાજા ઉત્પન્ન થયો છે. તો અતીત–વર્તમાન–અનાગત એવો જીત–કલ્પ છે કે સિંધુદેવી ભરતના રાજાને ભેંટણુ કરે. તો હું પણ જઉં અને ભરતરાજાને ભેંટણુ કરું.

એમ વિચારી સિંધુદેવી રત્નમય **૧૦૦૮** કળશ, વિવિધ મણિ–કનક–રત્નમય ચિત્રયુક્ત સ્વર્ણ નિર્મિત બે ભદ્રાસન, કટક અને ત્રુટિત યાવત્ આભરણોને લે છે. લઈને તેણી ઉત્કૃષ્ટી યાવત્ ગતિથી જઈ આ પ્રમાણે બોલી – દેવાનુપ્રિય વડે કેવલકલ્પ ભરતક્ષેત્ર જીતાયું છે, હું આપ દેવાનુપ્રિયની દેશવાસિની છું. હું આપ દેવાનુપ્રિયની આજ્ઞાવર્તી દાસી છું. હે દેવાનુપ્રિય ! આપ મારું આ આવા સ્વરૂપનું પ્રીતિદાન સ્વીકાર કરો. એમ કહીને **૧૦૦૮** રત્નમયી કુંભો, વિવિધ મણિ–સુવર્ણ–કટક ભેટ આપી યાવત્ પૂર્વવત્ વિદાય આપી.

ત્યારપછી તે ભરત રાજા પૌષધશાળાથી નીકળ્યો, નીકળીને જ્યાં સ્નાનગૃહ છે, ત્યાં આવે છે, આવીને સ્નાન તથા બલિકર્મ કરી યાવત્ જ્યાં ભોજનમંડપ છે, ત્યાં આવે છે, આવીને ભોજનમંડપમાં શ્રેષ્ઠ સુખાસને બેસી અઠ્ઠમ ભક્તનું પારણું કરે છે, કરીને યાવત્ શ્રેષ્ઠ સિંહાસને પૂર્વાભિમુખ જઈ બેસે છે. બેસીને અઢાર શ્રેણી–પ્રશ્રેણિજનોને બોલાવે છે, બોલાવીને યાવત્ અષ્ટાહ્નિકા મહામહોત્સવ કરી, તે આજ્ઞા ભરત રાજાને પાછી સોંપી.

સૂત્ર–૭૫

ત્યારપછી તે દિવ્ય ચક્રરત્ન સિંધુદેવી સંબંધી અષ્ટાહ્નિકા મહા મહોત્સવ નિવર્ત્યા પછી આયુધગૃહશાળાથી નીકળ્યું આદિ પૂર્વવત્ યાવત્ ઉત્તર–પશ્ચિમ દિશામાં વૈતાઢ્ય પર્વતાભિમુખ પ્રતિ પ્રયાણ કર્યું.

ત્યારપછી તે ભરત રાજા યાવત્ જ્યાં વૈતાઢ્ય પર્વત છે, જ્યાં વૈતાઢ્ય પર્વતના દક્ષિણી નિતંબ છે ત્યાં જાય છે. જઈને વૈતાઢ્ય પર્વતના દક્ષિણી નિતંબમાં બાર યોજન લાંબી, નવ યોજન પહોળી શ્રેષ્ઠ નગર સદૃશ વિજય સ્કંધાવારની રચના કરે છે, કરીને યાવત્ વૈતાઢ્ય ગિરિકુમાર દેવના નિમિત્તે અઠ્ઠમભક્ત ગ્રહણ કરે છે, કરીને પૌષધશાળામાં યાવત્ અઠ્ઠમભક્તિક થઈ વૈતાઢ્યગિરિકુમાર દેવને મનમાં ચિંતવીને રહ્યો.

ત્યારે તે ભરત રાજા અઠ્ઠમભક્તમાં પરિપૂર્ણ થતા વૈતાઢ્ય ગિરિકુમાર દેવનું આસન ચલિત થયું. એમ સિંધુ નદીના આલાવા મુજબ જાણવું. પ્રીતિદાન, અભિષેક, રત્નાલંકાર, કટક, ત્રુટિક, વસ્ત્ર અને આભરણ લે છે. લઈને તેવી ઉત્કૃષ્ટી ગતિથી રાજા પાસે આવે છે યાવત્ અષ્ટાહ્નિકા મહોત્સવ ઉજવાય છે.

વૈતાઢ્ય ગિરિકુમાર દેવનો અષ્ટાહ્નિકા મહોત્સવ પૂર્ણ થયા પછી તે દિવ્ય ચક્રરત્નએ યાવત્ પશ્ચિમ દિશામાં તિમિસ્ર ગુફા અભિમુખ પ્રયાણ કર્યું.

ત્યારપછી તે ભરત રાજા, તે દિવ્ય ચક્રરત્નને યાવત્ પશ્ચિમ દિશામાં તિમિસ્ર ગુફા અભિમુખ જતું જોયું. જોઈને હર્ષિત–સંતુષ્ટ ચિત્ત થઈ યાવત્ તિમિસ્ર ગુફાથી કંઈક નિકટ બાર યોજન લાંબી, નવ યોજન પહોળી નગર જેવી છાવણીનો પડાવ નાખે છે યાવત્ કૃતમાલ દેવને આશ્રીને અઠ્ઠમભક્ત ગ્રહણ કરે છે, કરીને પૌષધશાળામાં પૌષધિક બ્રહ્મચારી થઈ યાવત્ કૃતમાલક દેવને મનમાં અવધારીને ત્યાં રહે છે.

ત્યારપછી તે ભરત રાજાએ અઠ્ઠમ ભક્ત પરિપૂર્ણ થતા કૃતમાલ દેવનું આસન ચલિત થાય છે આદિ પૂર્વવત્

વૈતાઢ્ય ગિરિકુમાર મુજબ બધું જાણવું, વિશેષ એ કે – પ્રીતિદાન, સ્ત્રીરત્નને માટે તિલક ચૌદ ભાંડાલંકાર, કટક યાવત્ આભરણો ગ્રહણ કરે છે, કરીને તેવી ઉત્કૃષ્ટી ભેટ આપી યાવત્ સત્કાર અને સન્માન કરીને વિદાય આપી યાવત્ ભોજનમંડપ, પૂર્વવત્ કૃતમાલ દેવને મહામહોત્સવ કરી અને આજ્ઞા પાછી સોંપી.

સૂત્ર–૭૬

ત્યારપછી તે ભરતરાજા કૃતમાલ નિમિત્તે અષ્ટાહ્નિકા મહામહોત્સવ પૂર્ણ થતા સુસેન સેનાપતિને બોલાવે છે, બોલાવીને એમ કહ્યું – ઓ દેવાનુપ્રિય ! જા, સિંધુ મહાનદીથી પશ્ચિમી નિષ્કુટ સિંધુ સહિત સાગર અને ગિરિની મર્યાદામાં સમ–વિષમ નિષ્કુટોને–ક્ષેત્રોને અધિકૃત કરો. અધિકૃત કરીને પ્રધાન શ્રેષ્ઠ રત્નો ગ્રહણ કરો. કરીને મારી આ આજ્ઞા પાછી આપો.

ત્યારે તે સેનાપતિ સેનાનો નેતા, ભરતક્ષેત્રમાં વિશ્રુત યશવાળો, મહાબલિ, પરાક્રમી, સ્વભાવથી ઉદ્દાત, ઓજસ્વી, તેજલક્ષણ યુક્ત, મ્લેચ્છ ભાષા વિશારદ, ચિત્તચારુભાષી હતો. ભરતક્ષેત્રમાં નિષ્કુટો, નિમ્નો, દુર્ગમો, દુષ્પ્રવેશોનો વિશેષજ્ઞ હતો, અર્થશાસ્ત્રકુશળ, સુષેણ સેનાપતિરત્ન, ભરત રાજાએ આ પ્રમાણે કહેતાં હર્ષિત–સંતુષ્ટ–ચિત્ત આનંદિત થયો યાવત્ બે હાથ જોડી, દશ નખ ભેગા કરી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ કરી, એ પ્રમાણે સ્વામી! તહત્તિ કરી આજ્ઞા વચનને વિનયથી સ્વીકાર્યું.

સ્વીકારીને ભરત રાજાની પાસેથી નીકળે છે, નીકળીને જ્યાં પોતાનો આવાસ છે, ત્યાં જાય છે, જઈને કૌટુંબિક પુરુષોને બોલાવે છે, પછી એમ કહ્યું – ઓ દેવાનુપ્રિયો ! જલદી આભિષેક્ય હસ્તિરત્નને સજાવો. અશ્વ,હસ્તિ, રથ, પ્રવર યોદ્ધા યાવત્ ચાતુરંગિણી સેનાને સજ્જ કરો. એમ કહીને જ્યાં સ્નાનગૃહ છે, ત્યાં જાય છે, જઈને સ્નાનગૃહમાં પ્રવેશે છે. પ્રવેશીને સ્નાન કરી, બલિકર્મ કરીને, કૌતુક–મંગલ–પ્રાયશ્ચિત્ત કરીને, સન્નદ્ધ–બદ્ધ–વર્મિતકવચ થઈ, સરાશનપટ્ટિક બાંધીને, પિણદ્ધ–ગ્રૈવેયક–બદ્ધ–આવિદ્ધ–વિમલવર ચિંધ પટ્ટ થઈ, આયુધ–પ્રહરણ લઈને, અનેક ગણનાયક–દંડનાયક યાવત્ સાથે સંપરિવૃત્ત થઈ કોરંટ પુષ્પની માળા સહિત છત્ર ધારણ કરેલો, મંગલ–જય શબ્દ–કૃતાલોક સ્નાનગૃહથી નીકળ્યો. નીકળીને જ્યાં બાહ્ય ઉપસ્થાન શાળા હતી, જ્યાં આભિષેક્ય હસ્તિરત્ન હતો ત્યાં આવે છે, આવીને આભિષેક્ય હસ્તિરત્ન ઉપર આરૂઢ થયો.

ત્યારે તે સુષેણ સેનાપતિ શ્રેષ્ઠ હસ્તિના સ્કંધે જઈ, કોરંટ પુષ્પની માળાયુક્ત છત્ર ધારણ કરાયેલો, અશ્વ–હાથી–રથ–પ્રવર યોદ્ધાયુક્ત ચાતુરંગિણી સેના સાથે સંપરિવરીને મોટા સુભટાદિના વૃંદથી ઘેરાયેલો મહા ઉત્કૃષ્ટ સિંહનાદ–બોલ–કલકલ શબ્દથી સમુદ્રના રવની માફક કરતો–કરતો સર્વ ઋદ્ધિ, સર્વ દ્યુતિ, સર્વ બલથી યાવત્ નિર્ઘોષ નાદિતથી જ્યાં સિંધુ મહાનદી છે, ત્યાં આવે છે. આવીને **ચર્મરત્ન**ને સ્પર્શે છે.

તે **ચર્મરત્ન** શ્રીવત્સ સદશરૂપ હતું, તેના ઉપર મોતી, તારા તથા અર્ધચંદ્રના ચિત્ર બનેલા હતા. તે અચલ અને અકંપ હતું, અભેદ્ય કવચ જેવું હતું, નદી અને સમુદ્રોને પાર કરવાનું યંત્ર હતું. દિવ્ય ચર્મરત્નમાં વાવેલ સત્તર પ્રકારના ધાન્ય એક દિવસમાં ઉત્પન્ન થાય, તેવી વિશેષતાયુક્ત હતું. ચક્રવર્તી ભરત દ્વારા પરામૃષ્ટ તે ચર્મરત્ન કંઈક અધિક બાર યોજન વિસ્તૃત હતું. સેનાપતિ સુષેણ દ્વારા સ્પર્શતા તે ચર્મરત્ન જલદી નાવરૂપે પરિણત થઈ ગયું. સેનાપતિ સુષેણ સૈન્ય શિબિરમાં વિદ્યમાન સેના સહિત તે ચર્મરત્ન ઉપર સવાર થયો. પછી નિર્મળ જળની ઊંચી ઉઠતી તરંગોથી પરિપૂર્ણ સિંધુ મહાનદીને સેના સહિત પાર કર્યું.

– પાર કરીને સિંધુ મહાનદીને અપ્રતિહત શાસન તે સેનાપતિ ગામ, આકર, નગર, પર્વત, ખેડ, કર્બટ, મડંબ, પટ્ટન આદિ જીતતો સિંહલક, બર્બરક, સર્વ અંગલોક, બલાયાલોક, પરમ રમ્ય મણિરત્ન કોશાગાર સમૃદ્ધ યવનદ્વીપ, અરબ, રોમ, અલસંડ, પિક્ખુર, કાલમુખ, યોનક, ઉત્તર વૈતાઢ્ય પર્વતની તળેટીમાં વસેલ ઘણા મ્લેચ્છ જાતિના લોકો, દક્ષિણ પશ્ચિમથી સિંધુસાગરાંત સુધી સર્વ પ્રવર કચ્છ દેશને સાધીને પાછો ફર્યો. તે કચ્છના બહુસમ રમણીય

ભૂમિભાગ છે, ત્યાં સુખથી રહ્યો.

ત્યારે તે જનપદ, નગર, પટ્ટણના સ્વામી, અનેક આકરપતિ, મંડલપતિ, પટ્ટણપતિ બધા આભરણ, ભૂષણ, રત્ન, બહુમૂલ્ય વસ્ત્ર, અન્યાન્ય શ્રેષ્ઠ, રાજોચિત વસ્તુઓ હાથ જોડી, મસ્તકે અંજલિ કરી, ભેંટણારૂપે સેનાપતિ સુષેણને ભેટ કરી. ફરી પાછા ફરતા તેમણે હાથ જોડ્યા, મસ્તકે લગાડીને નમ્યા. પછી કહ્યું – આપ અમારા સ્વામી છો, દેવતાની માફક અમે આપના શરણાગત છીએ, આપના દેશવાસી છીએ. એ રીતે વિજયસૂચક શબ્દ કહેતા, તે બધાને સેનાપતિએ પૂર્વવત્ યથાયોગ્ય કાર્યમાં સ્થાપ્યા, નિયુક્ત કર્યા, સન્માન કર્યું અને વિદાય આપી. તેઓ પોતાના નગરો, પટ્ટણો આદિ સ્થાનોમાં પાછા ફર્યા.

પોતાના રાજા પ્રતિ વિનયશીલ, અનુપહત શાસન અને સૈન્ય યુક્ત સેનાપતિ સુષેણે બધા ભેંટણા, આભરણ, ભૂષણ, રત્નો લઈને સિંધુ નદીને પાર કરી. તેઓ રાજા ભરત પાસે આવ્યા. પૂર્વવત્ રાજાને બધો વૃત્તાંત કહ્યો. નિવેદન કરીને પ્રાપ્ત બધો ઉપહાર રાજાને અર્પિત કર્યો. રાજાએ તેને સત્કારી, સન્માની, સહર્ષ વિદાય આપી. તે પોતાના મંડપ–આવાસે આવ્યો.

ત્યારપછી સુષેણ સેનાપતિએ સ્નાન કર્યું, બલિકર્મ કર્યુ, કૌતુક–મંગલ–પ્રાયશ્ચિત્ત કર્યા, જમ્યા પછી મુખશુદ્ધિ આદિ કરી યાવત્ સરસ ગોશીર્ષ ચંદનથી ગાત્ર–શરીરનું લિંપન કર્યું. પછી ઉપરના શ્રેષ્ઠ પ્રાસાદમાં ગયો. ત્યાં મૃદંગ વાગી રહ્યા હતા, બત્રીશબદ્ધ નાટકો શ્રેષ્ઠ તરુણીથી સંપ્રયુક્ત હતા. તેમના નૃત્ય–ગીત–ઉપલાલિત્ય, મહા આહત નૃત્ય–ગીત–વાજિંત્ર–તંત્રી–તાલ–ત્રુટિત–ધન મૃદંગ પટુ પ્રવાદીના રવ વડે ઈષ્ટ શબ્દ–સ્પર્શ–રસ–રૂપ–ગંધરૂપ પંચવિધ માનુષી કામભોગો ભોગવતો રહ્યો.

સૂત્ર–૭૭

ત્યારે તે ભરત રાજા અન્યદા ક્યારેક સુષેણ સેનાપતિને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહ્યું – ઓ દેવાનુપ્રિય! જલદી જા, તિમિસ્ર ગુફાના દક્ષિણ દિશાના દ્વારના કમાડ ઉઘાડો. ઉઘાડીને મારી આ આજ્ઞા પાછી સોંપો. ત્યારે તે સુષેણ સેનાપતિ ભરત રાજાએ એવું કહેતા હર્ષિત–સંતુષ્ટ–આનંદિત ચિત્ત થઈ યાવત્ બે હાથ જોડી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ કરી યાવત્ પ્રતિશ્રવણ કરે છે. કરીને ભરત રાજાની પાસેથી નીકળ્યો.

પછી જ્યાં પોતાનો આવાસ છે, જ્યાં પૌષધશાળા છે ત્યાં આવે છે, આવીને દર્ભ સંસ્તારકે બેસે છે યાવત્ દેવ નિમિત્તે અટ્ઠમ ભક્ત ગ્રહણ કરે છે. પૌષધશાળામાં પૌષધિક, બ્રહ્મચારી યાવત્ અટ્ઠમભક્ત પરિરમમાણ થતા પૌષધ શાળાથી નીકળ્યો. નીકળીને જ્યાં સ્નાનગૃહ છે, ત્યાં આવે છે. આવીને સ્નાન કરી, બલિકર્મ કરી, કૌતુક–મંગલ–પ્રાયશ્ચિત્ત કરી, શુદ્ધ–પ્રાવેશ્ય–મંગલ પ્રવર વસ્ત્રો પહેરી, અલ્પ પણ મહાર્ઘ આભરણથી શરીર અલંકૃત કરી, હાથમાં ધૂપ–પુષ્પ–ગંધ–માલા સહ સ્નાનગૃહથી નીકળે છે.

ત્યારપછી જ્યાં તિમિસ્ર ગુફાના દક્ષિણી દ્વારના કમાડ હતા ત્યાં જવા નીકળ્યો. ત્યારપછી તે સુષેણ સેનાપતિના ઘણા રાજા–ઈશ્વર–તલવર–માડંબિક યાવત્ સાર્થવાહ વગેરેમાં કેટલાક હાથમાં ઉત્પલ લઈને યાવત્ સુષેણ સેનાપતિની પાછળ–પાછળ જાય છે. ત્યારે તે સુષેણ સેનાપતિની પાછળ ઘણી કુબ્જા ચિલાતિકાઓ યાવત્ ઇંગિત–ચિંતિત–પ્રાર્થિતને જાણનારી, નિપુણ–કુશલ–વિનીત હતી. કેટલીક હાથમાં કળશ લઈને યાવત્ પાછળ જતી હતી.

ત્યારે તે સુષેણ સેનાપતિ સર્વઋદ્ધિથી સર્વદ્યુતિથી યાવત્ નિર્દોષ નાદિતથી જ્યાં તિમિસ્ર ગુફાનું દક્ષિણ દિશાનું દ્વાર છે, તેના કમાડ પાસે આવે છે. આવીને જોતાની સાથે જ પ્રણામ કરે છે. કરીને મોરપીંછીને સ્પર્શે છે, સ્પર્શીને તિમિસ્ર ગુફાના દક્ષિણી દ્વારના કમાડને મોરપીંછીથી પ્રમાર્જે છે. પ્રમાર્જીને દિવ્ય ઉદકધારાથી પ્રક્ષાલે છે. પછી સરસ ગોશીર્ષ ચંદનથી પંચાંગુલિ તલથી થાપા આપે છે. થાપા મારીને અગ્ર શ્રેષ્ઠ ગંધ અને માળા વડે અર્ચિત

કરે છે. કરીને પુષ્પારોહણ યાવત્ વસ્ત્રારોહણ કરે છે. કરીને ઉપરથી નીચે સુધી ફેલાયેલ, વિસ્તીર્ણ, ગોળ ચંદરવો બાંધ્યો. બાંધીને સ્વચ્છ, શ્લક્ષ્ણ રજતમય અચ્છરસ તંદુલો વડે તિમિસ્ર ગુફાના દક્ષિણના દ્વારના કમાડ આગળ આઠ–આઠ મંગલ આલેખે છે – સ્વસ્તિક, શ્રીવત્સ યાવત્ કચગ્રહ ગ્રહિત કરતલ પ્રભ્રષ્ટ ચંદ્રપ્રભ–વજ્ર–વૈડૂર્ય વિમલ દંડ યાવત્ ધૂપ આપે છે. આપીને ડાબો ઘૂંટણ ઊંચો કરીને યાવત્ મસ્તકે અંજલિ કરી કમાડોને પ્રણામ કરે છે.

ત્યારપછી **દંડ રત્ન**ને હાથમાં લે છે. તે દંડરત્ન તીર્છા અવયવ યુક્ત હતું. વજ્રસારનું બનેલ, સર્વશત્રુ સેનાનું વિનાશક, રાજાની છાવણી, ગર્ત્તા–દરી–વિષમ પ્રાગ્ભાર–ગિરિવર પ્રપાતને સમ કરનાર હતું તે રાજાને શાંતિ–શુભ–હિતને કરનારુ હતુ. રાજાના હૃદયના ઇચ્છિત મનોરથનું પૂરક હતું. દિવ્ય–અપ્રતિહત હતું તે દંડરત્ન લઈને સાત–આઠ પગલા પાછો ખસ્યો, પાછો ખસીને તિમિસ્ર ગુફાના દક્ષિણના દ્વારના કમાડને દંડરત્ન વડે મોટા–મોટા શબ્દોથી ત્રણ વખત પ્રહાર કર્યો.

ત્યારે તિમિસ્રગુફાના દક્ષિણના દ્વારના કમાડ સુષેણ સેનાપતિ વડે દંડરત્નથી મોટા–મોટા શબ્દથી ત્રણ વખત આહત કરાતા મોટા–મોટા શબ્દોથી ક્રૌંચારવ કરતા સર–સર કરતા પોતાને સ્થાને સરક્યા. ત્યારે સુષેણ સેનાપતિ તિમિસ્ર ગુફાના દક્ષિણના દ્વારના કમાડ ઉઘાડે છે, ઉઘાડીને જ્યાં ભરત રાજા છે, ત્યાં જાય છે. જઈને યાવત્ ભરત રાજાને બે હાથ જોડી, જય અને વિજયથી વધાવે છે. વધાવીને આમ કહ્યું –

દેવાનુપ્રિય ! તિમિસ્ર ગુફાના દક્ષિણ દિશાના દ્વારના કમાડ ઉઘડી ગયા છે. દેવાનુપ્રિયને આ પ્રિય નિવેદન પ્રિય થાઓ. ત્યારે ભરત રાજા સુષેણ સેનાપતિ પાસે આ કથન સાંભળી–સમજી, હર્ષિત–સંતુષ્ટ–આનંદિત ચિત્ત થઈ યાવત્ સુષેણ સેનાપતિને સત્કારે છે, સન્માને છે. સત્કારી–સન્માની કૌટુંબિક પુરુષોને બોલાવે છે. બોલાવીને આમ કહ્યું – ઓ દેવાનુપ્રિયો! જલદીથી આભિષેક્ય હસ્તિરત્નને સજાવો, અશ્વ–હાથી–રથ–પ્રવર યોદ્ધા પૂર્વવત્ યાવત્ અંજનગિરિકૂટ સમાન શ્રેષ્ઠ હાથી (**ગજ રત્ન**)ઉપર તે નરપતિ આરૂઢ થયો.

સૂત્ર–૭૮

ત્યારપછી રાજા ભરતે **મણિરત્ન**ને સ્પર્શ કર્યો. તે મણિરત્ન ચાર અંગુલ પ્રમાણ માત્ર, અનર્ઘ, ત્ર્યસ્ર, નીચે ષટ્કોણ, અનોપમ દ્યુતિ, દિવ્ય, મણિરત્નના સ્વામીવત્, વૈડૂર્ય જાતિક, બધા જીવોને કાંત હતું. જે મસ્તકે ધરે તેને કોઈ દુઃખ ન રહે, યાવત્ સર્વકાળ આરોગ્યપ્રદ હતું. તિર્યંચ–દેવ–માનુષ્યકૃત ઉપસર્ગે સર્વે તેમને દુઃખ કરતા ન હતા. સંગ્રામમાં પણ તે મણિને ધારણ કર્તા મનુષ્યને અશસ્ત્રવધ્ય હતું. તેના પ્રભાવે યૌવન સ્થિર રહેતું અને વાળ–નખ અવસ્થિત રહે છે. સર્વ ભય રહિત છે.

તે મણિરત્ન ગ્રહણ કરીને તે નરપતિ હસ્તિરત્નના દક્ષિણ કુંભીએ બાંધે છે. પછી તે ભરતાધિપતિ નરેન્દ્રનું વક્ષઃસ્થળ હારોથી વ્યાપ્ત, સુશોભિત અને પ્રીતિકર હતું યાવત્ તે અમરપતિ સદશ ઋદ્ધિવાળો અને પ્રથિત કીર્તિ લાગતો હતો. મણિરત્નકૃત ઉદ્યોત તથા ચક્રરત્ને દેખાડેલ માર્ગે અનેક હજાર રાજા તેની પાછળ ચાલતા હતા. મહા ઉત્કૃષ્ટ સિંહનાદના બોલ અને કલકલ રવથી સમુદ્રના રવની જેમ ગર્જના કરતા–કરતા જ્યાં તમિસ્ર ગુફાનું દક્ષિણ દ્વાર હતું, ત્યાં આવે છે. આવીને તમિસ્ર ગુફાના દક્ષિણી દ્વારે આવ્યો. મેઘાંધકારથી નીકળતા ચંદ્રની જેમ તે તમિસ્ર ગુફામાં પ્રવેશ્યો.

ત્યારપછી ભરત રાજા છતલયુક્ત, બાર ખૂણાવાળા, આઠ કર્ણિકા, અધિકરણી સંસ્થિત, આઠ સૌવર્ણિક **કાકણિ–રત્નને** સ્પર્શે છે. તે ચાર અંગુલ પરિમિત, વિષનાશક, અનુપમ, ચતુરસ્ર સંસ્થાન સંસ્થિત, સમતલ, સમુચિત માનોન્માન યુક્ત હતું. સર્વજન પ્રજ્ઞાપક સંસૂચક હતું.

જે ગુફાના અંદરના અંધકારને ચંદ્ર કે સૂર્ય નષ્ટ કરી શકતો ન હતો, અગ્નિ કે બીજા મણિ જેને નિવારી શકતા ન હતા, તે અંધકાર કાકણી રત્ન નષ્ટ કરતું હતું. તેની દિવ્યપ્રભા બાર યોજન સુધી વિસ્તૃત હતી. ચક્રવર્તીની સૈન્ય

છાવણીમાં સર્વકાળે શતમાં દિવસ જેવો પ્રકાશ કરવાનો તેનો પ્રભાવ હતો. બીજા અર્ધ ભરતને વિજય કરવાના હેતુથી, તેના પ્રકાશમાં રાજા ભરતે સૈન્ય સહિત તમિસ્રા ગુફામાં પ્રવેશ કર્યો.

રાજા ભરતે કાકણીરત્ન હાથમાં લઈ તમિસ્રા ગુફાની પૂર્વ અને પશ્ચિમ દિશાવર્તી ભીંતો ઉપર એક–એક યોજનના અંતરે ૫૦૦ ધનુષ પ્રમાણ વિસ્તીર્ણ, યોજન ક્ષેત્રને ઉદ્યોતિત કરનાર, રથચક્રની પરિધિવત્ ગોળ, ચંદ્રમંડલવત્ ભાસ્વર, ૪૯ મંડલ આલેખિત કર્યા. તે તમિસ્રા ગુફા રાજા ભરત દ્વારા એક–એક યોજનને અંતરે આલિખિત એક યોજન સુધી ઉદ્યોત કરનારા ૪૯ મંડલોથી શીઘ્ર દિવસ સમાન પ્રકાશવાળી થઈ.

સૂત્ર–૭૯

તે તમિસ્રા ગુફાના બહુમધ્ય દેશભાગમાં અહીં ઉન્મગ્નજલા અને નિમગ્નજલા નામે બે મહાનદીઓ કહી છે. જે તમિસ્રા ગુફાના પૂર્વના ભીંત પ્રદેશથી નીકળી, પશ્ચિમ ભીંત પ્રદેશે થઈને સિંધુ મહાનદીને મળે છે.

ભગવન્ ! આ નદીઓને ઉન્મગ્નજલા અને નિમગ્નજલા એમ કેમ કહે છે ? ગૌતમ ! જે ઉન્મગ્નજલા મહાનદીમાં તૃણ, પત્ર, કાષ્ઠ, શર્કર, અશ્વ, રથ, યોદ્ધા કે મનુષ્ય પ્રક્ષેપે છે, તે ઉન્મગ્ન જલા મહાનદી ત્રણ વખત અહીં–તહીં ઘૂમાવીને એકાંત સ્થળમાં ફેંકી દે છે. જે નિમગ્ન જલા મહાનદી છે, તે તૃણ–પત્ર–કાષ્ઠ–શર્કર–યાવત્ મનુષ્યને ફેંકે છે. તેને નિમગ્નજલા મહાનદી ત્રણ વખત અહીં–તહીં ઘૂમાવીને જળની અંદર સમાવી દે છે. તેથી તેને ઉન્મગ્નજલા અને નિમગ્ન જલા કહી છે.

ત્યારપછી તે ભરતરાજા ચક્રરત્ને દેખાડેલા માર્ગે અનેક રાજા સાથે પરીવરીને યાવત મહા ઉત્કૃષ્ટ સિંહનાદ કરતા–કરતા સિંધુ મહાનદીના પૂર્વના કૂટે જ્યાં ઉન્મગ્નજલા મહાનદી છે, ત્યાં જાય છે. જઈને વર્દ્ધકીરત્નને બોલાવે છે, બોલાવીને આમ કહ્યું – ઓ દેવાનુપ્રિય ! જલદી ઉન્મગ્નજલા–નિમગ્નજલા મહાનદીમાં અનેકશત સ્તંભ સંનિવિષ્ટ અચલ અકંપ અભેદ્યકવચ આલંબનબાહા સર્વરત્નમય સુખસંક્રમ કરો – પુલ બનાવો. બનાવીને મારી આ આજ્ઞા મને પાછી સોંપો.

ત્યારે તે વર્ધકીરત્ન ભરત રાજાએ આમ કહેતા હર્ષિત–સંતુષ્ટ–આનંદિત ચિત્ત યાવત્ વિનયથી સાંભળીને જલદીથી ઉન્મગ્ન–નિમગ્નજલા મહાનદીમાં યાવત્ તેવો પુલ બનાવે છે. બનાવીને જ્યાં ભરત રાજા છે, ત્યાં આવીને યાવત્ આજ્ઞા પાછી સોંપે છે.

ત્યારે તે વર્ધકીરત્ન ભરત રાજા સ્કંધાવાર અને સૈન્ય સહિત ઉન્મગ્ન–નિમગ્નજલા મહાનદીમાં તે અનેકશત સ્તંભ સંનિવિષ્ટ યાવત્ સુખ સંક્રમ–પુલ વડે પાર ઊતર્યો. ત્યારે તે તિમિસ્ર ગુફાના ઉત્તર દ્વારના કમાડો સ્વયં જ મોટા–મોટા ક્રૌંચારવા કરતા સરસ કરતા–કરતા ખસ્યા.

સૂત્ર–૮૦

તે કાળે તે સમયે ઉત્તરાર્ધ ભરતક્ષેત્રમાં ઘણા આપાત નામે કિરાતો વસતા હતા, જે આઢ્ય, દીપ્ત, વિત્ત, વિસ્તીર્ણ વિપુલ ભવન, શયન, આસન, યાન, વાહન, બહુધન, બહુ સુવર્ણ, રજત, આયોગ પ્રયોગ સંપ્રયુક્ત, વિછર્દિત પ્રચુર ભોજન, પાનયુક્ત, ઘણા દાસી, દાસ, ગાય, ભેંસ, ઘેટા પ્રભૂત હતા, ઘણા લોકોથી અપરિભૂત–શૂર–વીર–વિક્રાંત, વિસ્તીર્ણ–વિપુલ–બલ–વાહનવાળા, ઘણા સમર સંપરાયમાં લબ્ધલક્ષ્ય હતા.

ત્યારે તે આપાત કિરાતો અન્યદા કોઈ દિવસે દેશમાં અકસ્માત સેંકડો ઉત્પાત ઉત્પન્ન થયા. તે આ રીતે – અકાલે ગર્જિત, અકાલે વિદ્યુત, અકાલે વૃક્ષો ઉપર પુષ્પો આવવા, વારંવાર આકાશમાં દેવતાનો નાચ. ત્યારે તે આપાત કિરાતો દેશમાં ઘણા સેંકડો ઉદ્‌ભવેલા જુએ છે. જોઈને પરસ્પર બોલાવે છે, બોલાવીને આમ કહ્યું –

નિશ્ચે દેવાનુપ્રિયો ! અમારા દેશમાં ઘણા સેંકડો ઉત્પાતો ઉદ્‌ભવ્યા છે, જેમ કે – અકાળે ગર્જના, અકાળે વિદ્યુત ઇત્યાદિ થાય છે. તો દેવાનુપ્રિયો ! ન જાણે આપણા દેશમાં કેવો ઉપદ્રવ થશે ! એમ વિચારી અપહત મનો–

સંકલ્પવાળા, ચિંતા–શોક સાગરમાં પ્રવિષ્ટ, હથેળી ઉપર મુખ રાખીને આર્ત્તધ્યાનોપગત, ભૂમિગત દષ્ટિક થઈ ચિંતિત થઈ ગયા.

ત્યારે તે ભરતરાજા ચક્રરત્ન દર્શિત માર્ગે યાવત્ સમુદ્રના રવભૂતની જેમ કરતા–કરતા તમિસ્ર ગુફાના ઉત્તરીય દ્વારેથી અંધકારમાંથી નીકળતા ચંદ્રની જેમ નીકળ્યો. ત્યારે તે આપાત કિરાતો ભરતરાજાના અગ્રસૈન્યને આવતા જુએ છે, જોઈને આસુરુક્ત, રુષ્ટ, ચાંડિક્ય, કુપિત, ગુસ્સાથી ધમધમતા એકમેકને બોલાવે છે અને બોલાવીને આ પ્રમાણે કહ્યું – દેવાનુપ્રિયો ! આ કોણ અપ્રાર્થિતના પ્રાર્થિત, દુરંત–પ્રાંતલક્ષણ, હીનપુન્ય ચાતુર્દશ, હ્રી–શ્રી પરિવર્જિત છે, જે અમારા દેશની ઉપર બલાત્કારે જલદીથી આવે છે.

દેવાનુપ્રિયો ! જલદી ત્યાં ધસી જઈએ, જ્યાં આ અમારા દેશની ઉપર બલાત્કારે જલદી ન આવે. એમ કહી એકબીજાની પાસે આ અર્થને સાંભળે છે, સાંભળીને સન્નદ્ધ–બદ્ધ–વર્મિત કવચવાળા થઈ, ઉત્પીડિત શરાસનપટ્ટિકા, પિનદ્ધ ગ્રૈવેયકા, બદ્ધ–આવિદ્ધ–વિમલવર ચિંધપટ્ટ, આયુધ–પ્રહરણ લઈને જ્યાં ભરત રાજાનું અગ્ર સૈન્ય હતું ત્યાં આવે છે. આવીને તેમની સાથે યુદ્ધે ચડી ગયા. ત્યારે તે આપાત કિરાતોએ ભરત રાજાના અગ્રસૈન્યને હત–મથિત–પ્રવરવીર ઘાતિક–વિપતિત ચિહ્ન–ધ્વજ–પતાકાવાળું કરી દીધું. ત્યારે તે સૈન્ય મુશ્કેલીથી પોતાના પ્રાણ બચાવી અહીં–તહીં ભાગી છૂટ્યું.

## સૂત્ર–૮૧ થી ૮૩

૮૧. ત્યારપછી તે સેનાબલના નેતા યાવત્ ભરત રાજાના અગ્રસૈન્યને આપાતકિરાત વડે હથ–મથિત થઇ ઘવાતા યાવત્ દિશા–વિદિશામાં ભાગતા જોયા, જોઈને અત્યંત ક્રુદ્ધ, રુષ્ટ, ચાંડિક્ય, કુપિત થયો. તે ધમધમતો કમલામેલ **અશ્વરત્ન** ઉપર આરૂઢ થયો.

તે **અશ્વરત્ન** ૮૦ અંગુલ ઊંચો, ૯૯ અંગુલ પરિધિયુક્ત, **૧૦૮**–અંગુલ લાંબો, **૩૨**–અંગુલ મસ્તકવાળો, ચાર અંગુલ કાનવાળો, **૨૯** અંગુલ બાહાવાળો, ૪–અંગુલ જાનુ, **૧૬**–અંગુલ જંઘા, ૪–અંગુલ ખુર, દેહનો મધ્યભાગ મુક્તોલી સદશ વૃત્ત તથા વલિત, કંઈક અંગુલ નમેલ પૃષ્ઠ, સંનત–સંગાત–સુજાત–પ્રશસ્ત–વિશિષ્ટ પીઠવાળો, હરિણીના જાનુ જેવી ઉન્નત–વિસ્તૃત–સ્તબ્ધ પીઠયુક્ત, વેત્ર–લતા–કસ–નિપાત–અંકેલ્લણ–પ્રહાર પરિવર્જિત દેહવાળો હતો. લગામ સુવર્ણ જડેલ દર્પણ આકારયુક્ત અશ્વોચિત્ત સ્વર્ણાભરણ યુક્ત હતી.

કાઠી બાંધવાના હેતુથી પ્રયોજનીય રસ્સી, ઉત્તમ સ્વર્ણઘટિત સુંદર પુષ્પો તથા દર્પણોથી સમાયુક્ત હતી. વિવિધ રત્નમય હતી. તેની પીઠ સ્વર્ણયુક્ત મણિ રચિત તથા કેવલ સ્વર્ણ નિર્મિત પત્રકસંજ્ઞક આભૂષણ જેના મધ્યમાં જડેલ હતા. એવા વિવિધ પ્રકારની ઘંટી અને મોતીની સેરોથી પરિમંડિત હતી.

મુખાલંકરણ હેતુ કર્કેતન–ઇંદનીલ–મરકત આદિથી રચિત અને માણેક સાથે આવિદ્ધથી તે વિભૂષિત હતી. સ્વર્ણમય તિલકથી સુસજ્જ હતું. તે અશ્વ દેવમતિથી વિરચિત હતું. દેવરાજ ઇન્દ્રની સવારીના અશ્વ સમાન ગતિશીલ તથા સુરૂપ હતો. પાંચ ચામરોને ધારણ કરેલો, અનભ્રચારી, વિકસિત નયન, કોકાસિત પત્તલયુક્ત આંખો, સદાવરણનવ કનક તપિત તપનીય તાલુ–જીભ, શ્રી આભિષેક્ય નાક, પુષ્કરપત્ર સમાન–સલિલ બિંદુયુક્ત અચંચલ સ્ફૂર્તિલુ શરીર હતું. ચોક્ષ ચરક પરિવ્રાજક સમાન હિલીયમાન, ખુરચરણ ચર્ચપુટથી ધરણિતલને અભિહત કરતો બંને ચરણોને યુગપત્ ઉઠાવતા જાણે મુખમાંથી નીકળતા હોય તેવો જણાતો હતો, તેમની ગતિ લાઘવયુક્ત હતી.

તે જળમાં પણ સ્થલ સમાન શીઘ્રતાથી ચાલવામાં સમર્થ હતો. પ્રશસ્ત આવર્ત્તોથી યુક્ત હતો. ઉત્તમ જાતિ–કુળ–રૂપ–વિશ્વાસ્ય હતો. વિશુદ્ધ લક્ષણયુક્ત હતો. સુકુળ પ્રસૃત, મેધાવી–ભદ્રક–વિનીત, અણુ–તનુક–સુકુમાલ–સ્નિગ્ધ રોમ શરીરી હતો. પોતાની ગતિથી દેવતા, મન, વાયુ તથા ગરુડની ગતિને જિતનારો હતો, ચપલ અને દ્રુતગામી હતો. ઋષિની જેમ ક્ષાંતિક્ષમ, સુશિષ્યસમાન પ્રત્યક્ષતઃ વિનીત હતો.

તે જળ, અગ્નિ, પથ્થર, માટી, કીચડ, કંકરથી યુક્ત સ્થાન. રેતીવાળા સ્થાન, નદીના તટ, પહાડની તળેટી, ઊંચા–નીચા પઠાર, પર્વતીય ગુફા, એ બધાને અનાયાસ લાંઘવામાં સમર્થ હતો. તે અચંડપાતિક, દંડપાતિક, અણંસુપાતિક, અકાલતાલુ, કાળહેસિ, જિતનિદ્ર ગવેષક, જિતપરિષહ, જાત્યજાતિક, મલ્લિહાનિ, સુગપત્ર સુવર્ણ કોમળ મણાભિરામ કમલામેલ નામના અશ્વરત્નને સેનાપતિ ક્રમથી આરૂઢ થયો.

એવા અશ્વરૂઢ સેનાપતિએ રાજા પાસેથી **અસિરત્ન** લીધુ. તે તલવાર નીલકમલ જેવી, ચંદ્રમંડલ સદૃશ, શત્રુ–વિનાશક હતી. તેની મૂઠ સ્વર્ણ અને રત્નથી નિર્મિત હતી. તેમાંથી નવમાલિકા પુષ્પ જેવી સુગંધ આવતી હતી. વિવિધ પ્રકારે મણિથી નિર્મિત વેલ આદિના ચિત્રો હતા. તે ચમકતી અને તીક્ષ્ણ હતી, લોકમાં અનુપમ હતી. તે વાંસ, વૃક્ષ, ભેંસ આદિના શૃંગ, હાથી આદિના દાંત, લોહ, લોહમય ભારે દંડ, વજ્ર, આદિના ભેદનમાં સમર્થ હતી. સર્વત્ર અપ્રતિહત યાવત્ જંગમ દેહના ભેદનમાં સમર્થ હતી.

**૮૨.** તે અસિરત્ન **૫૦**–અંગુલ લાંબી, **૧૬**–અંગુલ પહોળી અને અર્ધ અંગુલ પ્રમાણ જાડી હતી.

**૮૩.** રાજાના હાથથી તે અસિરત્ન લઈને સેનાપતિ આપાત કિરાતો હતા ત્યાં આવ્યો. આપાત કિરાતો સાથે યુદ્ધ કરવા લાગ્યો. ત્યારે તે સુષેણ સેનાપતિએ આપાત કિરાતોને હત–મથિત–પ્રવરવીર ઘાતીત યાવત્ દિશા–વિદિશામાં ભગાડી દીધા.

સૂત્ર–૮૪

ત્યારે તે આપાતકિરાતો સુષેણ સેનાપતિ વડે હત–મથિત થયા યાવત્ ભાગી ગયેલા. તેઓ ડર્યા, ત્રસ્ત–વ્યથિત–ઉદ્વિગ્ન થયા, ભય પામી ગયા, અસ્થામ–બળ–વીર્ય–પુરુષકાર પરાક્રમ રહિત થઈ ગયા. ટકી શકવાને અસમર્થ થઈ અનેક યોજન દૂર ચાલ્યા જઈ, એકાંતમાં મળ્યા, મળીને જ્યાં સિંધુ મહાનદી હતી ત્યાં આવ્યા, આવીને વાલુકા સંથારામાં સંથર્યો, સંથરીને વાલુકા સંથારે બેઠા, બેસીને અઠ્ઠમ ભક્ત ગ્રહણ કર્યો, ગ્રહણ કરીને વાલુકાસંથારોપગત થઈ, મુખ ઊંચુ કરી, વસ્ત્રરહિત થઈ, અઠ્ઠમ ભક્તિકપણે તેમના કુળદેવતા મેઘમુખ નાગકુમાર દેવોને મનમાં ધ્યાન કરતા રહ્યા.

ત્યારે તે આપાતકિરાતોનો અઠ્ઠમભક્ત પરિપૂર્ણ થતા મેઘમુખ નાગકુમાર દેવોના આસનો ચલિત થયા. ત્યારે તે મેઘમુખ નાગકુમાર દેવોએ આસનોને ચલિત થતા જોયા, જોઈને અવધિ પ્રયોજ્યું. પ્રયોજીને આપાતકિરાતોને અવધિજ્ઞાનથી જોયા. જોઈને એકબીજાને બોલાવીને આમ કહ્યું – નિશ્ચે હે દેવાનુપ્રિયો ! જંબૂદ્વીપ દ્વીપના ઉત્તર ભરતાર્દ્ધ ક્ષેત્રમાં આપાતકિરાતો સિંધુ મહાનદીમાં વાલુકાના સંથારે જઈને, મુખ ઊંચુ રાખી, વસ્ત્રરહિત થઈ, અઠ્ઠમ ભક્તિકપણે આપણને–કુલદેવતા મેઘમુખ નાગકુમાર દેવને મનમાં ધ્યાચીને રહ્યા છે. તો હે દેવાનુપ્રિયો ! તો આપણે માટે શ્રેયસ્કર છે કે આપણે આપાત કિરાતોની પાસે પ્રગટ થવું જોઈએ.

એમ કહી એકબીજાની પાસે આ કથન સ્વીકારીને તેવી ઉત્કૃષ્ટિ, ત્વરિત ગતિથી યાવત્ ચાલતા–ચાલતા જ્યાં જંબૂદ્વીપ દ્વીપનું ઉત્તરાર્દ્ધ ભરતક્ષેત્ર છે, જ્યાં સિંધુ મહાનદી છે, જ્યાં આપાત–કિરાતો છે, ત્યાં આવે છે. આવીને આકાશમાં અધ્ધર રહી, ઘંટડીયુક્ત પંચવર્ણી પ્રવર વસ્ત્રો ધારણ કરી તે આપાતકિરાતોને આમ કહ્યું –

ઓ આપાતકિરાતો ! તમે બધા જેને માટે ઉર્ધ્વમુખ થઈ, વસ્ત્રરહિતપણે અઠ્ઠમભક્તિક થઈ અમને–કુલદેવતા મેઘમુખ નાગકુમાર દેવને મનમાં ધ્યાચીને રહ્યા છો, તે અમે–મેઘમુખ નાગકુમાર દેવો, તમારા કુલદેવતા તમારી પાસે પ્રગટ થયા છીએ. તો હે દેવાનુપ્રિયો! કહો, અમે શું કરીએ? તમે શું ઈચ્છો છો?

ત્યારે તે આપાતકિરાતો મેઘમુખ નાગકુમાર દેવો પાસે આ કથન સાંભળી, અવધારી, હર્ષિત–સંતુષ્ટ–આનંદિત ચિત્ત થઈ યાવત્ પ્રસન્ન હૃદયે ઉત્થાનથી ઉઠે છે. ઉઠીને જ્યાં મેઘકુમાર દેવો છે, ત્યાં જાય છે, જઈને બે હાથ જોડી યાવત્ મસ્તકે અંજલિ કરી, મેઘમુખ નાગકુમાર દેવોને જય–વિજયથી વધાવે છે, વધાવીને આમ કહ્યું –

હે દેવાનુપ્રિયો ! કોઈ અપ્રાર્થિત પ્રાર્થક, દુરંત પ્રાંતલક્ષણ યાવત્ હ્રી–શ્રી પરિવર્જિત, જેણે અમારા દેશની ઉપર જલદીથી ધસી આવેલ છે. હે દેવાનુપ્રિયો! તેમને ખદેડી દો, જેથી અમારા દેશ ઉપર તે આક્રમણ ન કરી શકે. ત્યારે તે મેઘમુખ નાગકુમાર દેવોએ આપાત કિરાતોને આમ કહ્યું – ઓ દેવાનુપ્રિયો ! તે મહર્દ્ધિક મહાદ્યુતિક યાવત્ મહાસૌખ્ય ભરત નામે ચાતુરંત ચક્રવર્તી છે. તેમને કોઈ દેવ, દાનવ, કિંનર, કિંપુરુષ, મહોરગ કે ગંધર્વ શસ્ત્રપ્રયોગ, અગ્નિ પ્રયોગ કે મંત્રપ્રયોગ વડે આબાધા પહોંચાડવા કે રોકવા માટે સમર્થ નથી. તો પણ અમે તમારા પ્રિય અર્થને માટે ભરત રાજાને ઉપસર્ગ કરીશું.

એમ કહી આપાતકિરાતો પાસેથી નીકળે છે, નીકળીને વૈક્રિય સમુદ્ઘાત કરે છે. કરીને મેઘસૈન્ય વિકુર્વે છે, વિકુર્વીને જ્યાં ભરત રાજાનો વિજય સ્કંધાવાર નિવેશ હતો, ત્યાં આવે છે. આવીને વિજય સ્કંધાવાર નિવેશ ઉપર જલદી વાદળા ગરજવા લાગ્યા, જલદી વીજળી ચમકવા લાગી, તુરંત યુગ મુશલ મુષ્ટી પ્રમાણ ધારા વડે ઓઘમેઘને સાત અહોરાત્ર વરસાદ વરસાવવાને પ્રવૃત્ત થયા.

### સૂત્ર–૮૫ થી ૮૭

**૮૫.** ત્યારે તે ભરતરાજા, વિજય સ્કંધાવારની ઉપર યુગમુશલ મુષ્ટિ પ્રમાણમાત્ર ધારાથી સાત રાત્રિ ઓઘમેઘ વર્ષા વરસાવતા જુએ છે. જોઈને ચર્મરત્નને સ્પર્શે છે. ત્યારે અહી શ્રીવત્સ સદશરૂપ આલાવો કહેવો યાવત્ બાર યોજન તીર્છું વિસ્તારે છે – ફેલાવે છે.

ત્યારે તે ભરત રાજા પોતાની સ્કંધાવાર સૈન્ય સહિત ચર્મરત્ન ઉપર આરૂઢ થયો. થઈને દિવ્ય **છત્રરત્ન**નો સ્પર્શ કર્યો. તે છત્રરત્ન ૯૯,૦૦૦ સ્વર્ણશલાકાથી પરિમંડિત હતું. મહાર્હ અને અયોધ્ય હતું. તે નિર્વ્રણ–સુપ્રશસ્ત–વિશિષ્ટ–લષ્ટ–કંચનમય સુપૃષ્ઠ દંડ યુક્ત હતું. મૃદુ આકારવાળું, વૃત્ત–લષ્ટ–અરવિંદ કર્ણિકા સમાન રૂપવાળુ હતું. બસ્તિપ્રદેશમાં પિંજર જેવું પ્રતીત થતું હતું. તેના પર વિવિધ ચિત્રકારી કરેલી, મણિ–મોતી–મૂંગા–તપેલ સ્વર્ણ તથા રત્નો દ્વારા પૂર્ણ કળશાદિ માંગલિક વસ્તુના પંચરંગી ઉજ્જ્વલ આકાર બનેલા હતા. રત્નોના કિરણો સદશ રંગરચનામાં નિપુણ પુરુષો દ્વારા સુંદર રૂપે રંગેલ હતું. તેના ઉપર રાજલક્ષ્મીનું ચિહ્ન અંકિત હતું –

અર્જુન સુવર્ણ દ્વારા આચ્છાદિત પૃષ્ઠભાગ, ચાર ખૂણા તપ્ત સુવર્ણમય પટ્ટથી પરિવેષ્ટિત હતું. અત્યધિક શ્રીથી યુક્ત હતું. શરદઋતુના નિર્મળ, પરિપૂર્ણ ચંદ્રમંડલ સદશ રૂપવાન હતું. તેનો સ્વાભાવિક વિસ્તાર રાજા ભરત દ્વારા તીર્છી ફેલાવેલી પોતાની બંને ભૂજાના વિસ્તાર જેટલો હતો. તે કુમુદવન સદશ ધવલ હતું. ભરત રાજાના જંગમ વિમાન જેવું હતું. સૂર્યના આતપ, આંધી, વર્ષાદિ દોષોનું વિનાશક હતું. પૂર્વાચરિત તપ–પુણ્ય–કર્મના ફળસ્વરૂપ તે પ્રાપ્ત થયેલ હતું.

**૮૬.** તે છત્રરત્ન અહત, બહુગુણ પ્રદાયક, ઋતુમાં વિપરીત સુખ–છાયા કરનારુ, છત્રરત્નમાં પ્રધાન, અલ્પ પુણ્યવાળાને સુદુર્લભ હતું.

**૮૭.** ચક્રવર્તી રાજાના તપ ગુણોના ફળના એકદેશ ભાગરૂપ, વિમાનવાસીને પણ દુર્લભતર હતું. તેના ઉપર ફૂલોની માળા લટકતી હતી. શારદીય ધવલમેઘ તથા ચંદ્રના પ્રકાશ સમાન ભાસ્વર હતું. તે દિવ્ય હતું, **૧૦૦૦** દેવોથી અધિષ્ઠિત હતું. રાજા ભરતનું તે છત્રરત્ન ભૂતલ ઉપરના પરિપૂર્ણ ચંદ્રમંડલ જેવું લાગતું હતું. રાજા ભરતે સ્પર્શતા તે છત્રરત્ન સાધિક બાર યોજન તીર્છું ફેલાઈ ગયું.

### સૂત્ર–૮૮, ૮૯

**૮૮.** ત્યારપછી તે ભરતરાજા **છત્રરત્ન**ને સ્કંધાવાર ઉપર સ્થાપી દીધું. સ્થાપીને મણિરત્નને સ્પર્શે છે. યાવત્ છત્રરત્નને વસતી ભાગમાં સ્થાપે છે. તે અનતિવર સુંદર રૂપવાળુ હતું. શિલાની જેમ અતિ સ્થિર **ચર્મરત્ન** ઉપર કેવળ વાવેલ માત્ર શાલિ–યવ–ઘઉં–મગ–અડદ–તલ–કળથી–ષષ્ટિક–નિષ્પાવ–ચણા–કોદરા–કુસ્તુંભરી–કંગુ–

વરક–રાલક તથા ધનીયા, વરણ, હારિતક, આદુ, મૂળા, હળદર, દૂધી, કાકડી, તુંબડું, બિજોરું આદિ બધા શાક વગેરેને ઉત્પન્ન કરવામાં કુશળ હતું. સર્વજન વિશ્રુત ગુણ હતા.

તે **ગાથાપતિ રત્ન** ભરત રાજાને તે દિવસે વાવેલા, પાકેલા, સાફ કરેલા બધા પ્રકારના ધાન્યોના હજારો કુંભો સમર્પિત કર્યા. ત્યારે તે ભરત રાજા ચર્મરત્ન ઉપર સમારૂઢ થઈ છત્રરત્નમાં આચ્છાદિત થઈ, મણિરત્ન કૃત્ ઉદ્યોતમાં સમુદ્ગતભૂત સુખેસુખે સાત રાત્રિ પસાર કરી.

૮૯. તે અવધિમાં રાજા ભરતને, તેની સેનાને ભૂખે પીડા ન કરી, દૈન્ય ન અનુભવ્યું, ન ભયભીત થયા કે ન દુઃખિત થયા.

## સૂત્ર–૯૦ થી ૯૫

૯૦. ત્યારે તે ભરતરાજાને સાત અહોરાત્ર પરિપૂર્ણ થતા આ આવા સ્વરૂપનો અભ્યર્થિત, ચિંતિત, પ્રાર્થિત મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો – અરે ! આ કોણ અપ્રાર્થિત પ્રાર્થક, દુરંત–પ્રાંત લક્ષણ યાવત્ હ્રી–શ્રી પરિવર્જિત છે, જે મને આ આવા સ્વરૂપનો ઉપદ્રવ કરતા યાવત્ અભિસમન્વાગત થઈ વિજય છાવણી ઉપર યુગ મુશલમુષ્ટિપ્રમાણ યાવત્ વર્ષાને વરસાવે છે.

ત્યારે તે ભરત રાજાને આ આવા સ્વરૂપનો અભ્યર્થિત, ચિંતિત, પ્રાર્થિત, મનોગત સંકલ્પ સમુત્પન્ન થયો જાણીને **૧૬,૦૦૦** દેવો યુદ્ધ કરવાને પ્રવૃત્ત થયા. ત્યારે તે દેવો સન્નદ્ધબદ્ધ વર્મિતક વચવાળા થઈ યાવત્ આયુધ–પ્રહરણ લઈને જ્યાં મેઘમુખ નાગકુમાર દેવો હતા ત્યાં આવે છે, આવીને મેઘમુખ નાગકુમાર દેવોને આ પ્રમાણે કહ્યું –

ઓ મેઘમુખ નાગકુમાર દેવો ! અપ્રાર્થિત પ્રાર્થક યાવત્ હ્રી–શ્રી પરિવર્જિત શું તમે જાણતા નથી કે ચાતુરંત ચક્રવર્તી ભરત રાજા જે મહર્દ્ધિક છે, યાવત્ તેને ઉપદ્રવ કરવા કે રોકવા કોઈ સમર્થ નથી, તો પણ તમે ભરત રાજાની વિજય છાવણી ઉપર યુગ મુશલમુષ્ટિ પ્રમાણ માત્ર ધારાથી ઓઘમેઘ સાત અહોરાત્રથી વર્ષા કરી રહ્યા છો. તમે અહીંથી જલદીથી ચાલ્યા જાઓ અથવા આ જીવનથી આગળનું જીવન જોવાને તૈયાર થઈ જાઓ.

ત્યારે તે મેઘમુખ નાગકુમાર દેવો તે દેવોને આમ કહેતા સાંભળી ડર્યા, ત્રાસ પામ્યા, વ્યથિત થયા, ઉદ્વિગ્ન થયા, ભયભીત થઈને મેઘસૈન્યનું પ્રતિસંહરણ કર્યું, કરીને જ્યાં આપાતકિરાત હતા ત્યાં આવે છે. આવીને આપાતકિરાતોને આમ કહે છે –

દેવાનુપ્રિયો! આ ભરતરાજા મહર્દ્ધિક યાવત્ નિશ્ચે કોઈ દેવ વડે યાવત્ અગ્નિપ્રયોગથી કે યાવત્ ઉપદ્રવ કરવા કે રોકવા સમર્થ નથી, તો પણ દેવાનુપ્રિયો! અમે તમારા પ્રિયને માટે ભરતરાજાને ઉપસર્ગ કર્યો. તો તમે સ્નાન કરી, બલિકર્મ કરી, કૌતુક–મંગલ–પ્રાયશ્ચિત્ત કરી, ભીનું પટ્ટશાટક ધારણ કરી, વસ્ત્ર નીચે બટકતા કિનારા સંભાળીને, શ્રેષ્ઠ પ્રધાન રત્નો લઈ, અંજલિ જોડી, પગે પડી ભરત રાજાનું શરણુ લો. ઉત્તમ પુરુષો પ્રણિપતિત વત્સલ હોય છે. આપને ભરતરાજા તરફથી કોઈ ભય રાખવાની જરૂર નથી.

એ પ્રમાણે જે દિશાથી પ્રગટ થયેલા, તે જ દિશામાં પાછા ગયા. ત્યારે તે આપાતકિરાતો મેઘમુઘ નાગકુમાર દેવો વડે એમ કહેવાતા ઉત્થાન વડે ઉઠે છે, ઉઠીને સ્નાન કરી, બલિકર્મ કરી, કૌતુક–મંગલ–પ્રાયશ્ચિત્ત કરી, ભીનું વસ્ત્ર ધારણ કરી ઈત્યાદિ વડે – × - ભરત રાજા હતો ત્યાં આવ્યા. આવીને બે હાથ જોડી યાવત્ મસ્તકે અંજલિ કરી ભરત રાજાને જય–વિજય વડે વધાવે છે, વધાવીને શ્રેષ્ઠ પ્રધાન રત્નોનું ભેટણું કરી આમ કહ્યું –

૯૧. સંપત્તિધર ! ગુણધર ! જયધર ! હ્રી–શ્રી–ધી–કીર્તિના ધારક નરેન્દ્ર ! રાજોચિત હજાર લક્ષણોથી સંપન્ન ! આ રાજ્યને ચિરકાળ ધારણ કરો.

૯૨. અશ્વપતિ, ગજપતિ, નરપતિ, નવનિધિપતિ, ભરતક્ષેત્રના પ્રથમ અધિપતિ, **૩૨,૦૦૦** જનપદના સ્વામી! ઘણું જીવો.

૯૩. પ્રથમ નરેશ્વર, ઈશ્વર, ૬૪,૦૦૦ નારીઓના હૃદયેશ્વર, લાખો દેવોના સ્વામી, ચૌદ રત્નોના સ્વામી, યશસ્વી! –

૯૪. આપે સમુદ્ર અને ગિરિપર્યન્ત ઉત્તર–દક્ષિણ સમગ્ર ભરતક્ષેત્રને જીતી લીધું છે, અમે આપના દેશમાં વસીએ છીએ.

૯૫. અહો ! આપ દેવાનુપ્રિયની ઋદ્ધિ, દ્યુતિ, બળ, વીર્ય, પુરુષકાર પરાક્રમ છે, આપને આ દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દેવાનુભાવ, લબ્ધ–પ્રાપ્ત–અભિસમન્વાગત થયા છે. અમે આપની ઋદ્ધિ યાવત્ અભિસમન્વાગત થઈ છે, તે સાક્ષાત જોયેલ છે, હે દેવાનુપ્રિય! અમને ક્ષમા કરો. અમે આપની ક્ષમા માંગીએ છીએ.

હે દેવાનુપ્રિય! આપ ક્ષમા કરવાને યોગ્ય છો. અમે ભવિષ્યમાં ફરી કદી આવું નહીં કરીએ, એમ કહી હાથ જોડી, પગે પડી ભરતરાજાનું શરણુ લીધું.

ત્યારપછી તે ભરતરાજા તે આપાતકિરાતોના પ્રધાન શ્રેષ્ઠ રત્નોને સ્વીકારે છે, સ્વીકારીને આપાતકિરાતોને આ પ્રમાણે કહે છે – જાઓ, તમને મેં મારી બાહુની છાયામાં સ્વીકાર કર્યા છે. તમે નિર્ભય અને નિરુદ્વેગ થઈ સુખેસુખે રહો. હવે તમને કોઈ ભય નથી. એમ કહી સત્કાર અને સન્માન કર્યું, સત્કારી–સન્માનીને વિદાય આપી.

ત્યારપછી તે ભરતરાજા સુષેણ સેનાપતિને બોલાવે છે, બોલાવીને આમ કહ્યું – ઓ દેવાનુપ્રિય ! તું જા, સિંધુ મહાનદીના બીજા પશ્ચિમી નિષ્કુટે સિંધુનદી સુધીના સાગરની મર્યાદામાં સમ–વિષમ નિષ્કુટોને સાધિત કર, સાધિત કરીને પ્રધાન–શ્રેષ્ઠ રત્નોને ગ્રહણ કર. કરીને મારી આ આજ્ઞા જલદીથી પાછી સોંપ. આ બધું દક્ષિણના વિજય વર્ણનવત્ બધું કહેવું યાવત્ ભોગોને અનુભવતો વિચરી રહ્યો છે.

## સૂત્ર–૯૬

ત્યારપછી દિવ્ય ચક્રરત્ન અન્ય કોઈ દિને આયુધગૃહ શાળાથી નીકળે છે, નીકળીને આકાશમાં સ્થિત થતું યાવત્ ઈશાન દિશામાં લઘુ હિમવંત પર્વતાભિમુખ ચાલ્યું. ત્યારે તે ભરતરાજા દિવ્ય ચક્રરત્નને યાવત્ લઘુ હિમવંત વર્ષધર પર્વતની કંઈક સમીપે બાર યોજન લાંબી યાવત્ લઘુહિમવંત ગિરિકુમાર દેવને આશ્રીને અટ્ઠમભક્ત સ્વીકાર્યો. બધું માગધતીર્થવત્ કહેવું યાવત્ સમુદ્રના રવ જેવો નાદ કરતા–કરતા ઉત્તર દિશાભિમુખ જ્યાં લઘુહિમવંત વર્ષધરપર્વત છે ત્યાં આવ્યા.

આવીને લઘુહિમવંત વર્ષધર પર્વતને ત્રણ વખત રથશિરથી સ્પર્શે છે, સ્પર્શીને અશ્વોનો નિગ્રહ કર્યો, કરીને પૂર્વવત્ યાવત્ કાન સુધી બાણ ખેંચીને આ વચનો ત્યાં તે નરપતિએ કહ્યા યાવત્ બધા આપના દેશવાસી છીએ, એમ કહી ઉર્ધ્વ આકાશમાં પરિકર–નિકરિત મધ્યે બાણ છોડ્યું યાવત્ ત્યારે તે બાણને ભરત રાજા વડે ઉર્ધ્વ આકાશમાં છોડાતા જલદીથી**૭૨** યોજન જઈને લઘુહિમવંત ગિરિકુમાર દેવની મર્યાદામાં પડ્યું.

ત્યારે તે લઘુહિમવંત કુમાર દેવે મર્યાદામાં બાણને પડતું જોયું, જોઈને તે આસુરુક્ત, રુષ્ટ યાવત્ પ્રીતિદાનમાં સર્વોષધિ, માલ્ય, ગોશીર્ષ ચંદન, કટક યાવત્ દ્રહનું જળ લીધું, લઈને તેવી ઉત્કૃષ્ટી યાવત્ ઉત્તર લઘુ હિમવંત ગિરીની મર્યાદામાં હું આપનો દેશવાસી છું યાવત્ હું આપનો ઉત્તરદિશાનો અંતપાલ છું યાવત્ વિદાય આપી.

## સૂત્ર–૯૭ થી ૧૦૦

૯૭. ત્યારે તે ભરત રાજા અશ્વોને રોકે છે, રોકીને રથને પાછો વાળે છે, વાળીને જ્યાં ઋષભકૂટ છે, ત્યાં આવે છે, આવીને ઋષભકૂટ પર્વતને ત્રણ વખત રથના અગ્રભાગથી સ્પર્શે છે, સ્પર્શીને અશ્વોનો નિગ્રહ કરે છે, કરીને રથને સ્થાપે છે, સ્થાપીને છ તલ, બાર ખૂણા, આઠ કર્ણિકાવાળા, સોનીના અધિકરણ સંસ્થિત એવા **કાકણિરત્ન**ને સ્પર્શે છે, સ્પર્શીને ઋષભકૂટ પર્વતના પૂર્વીય કટકમાં નામ અંકિત કરે છે.

૯૮. આ અવસર્પિણીમાં ત્રીજા આરાના પાછલા ભાગમાં હું ભરત નામે ચક્રવર્તી થયો.

૯૯. હું પહેલો રાજા, હું ભરતાધિપ નરવરેન્દ્ર છું. મારો કોઈ પ્રતિશત્રુ નથી, મેં ભરતક્ષેત્રને જીતેલ છે.

**૧૦૦**. એમ કહી નામ અંકિત કર્યું, નામાંકિત કરીને રથને પાછો વાળે છે, વાળીને જ્યાં વિજય સ્કંધાવાર નિવેશ છે, જ્યાં બાહ્ય ઉપસ્થાન શાળા છે, ત્યાં આવે છે, આવીને યાવત્ લઘુહિમવંત ગિરિકુમાર દેવને આશ્રીને અષ્ટાહ્નિકા મહા–મહોત્સવ પૂરો થતા આયુધગૃહ શાળાથી નીકળે છે, નીકળીને યાવત્ દક્ષિણ દિશામાં વૈતાઢ્ય પર્વતાભિમુખ જવા પ્રવૃત્ત થયા.

## સૂત્ર– ૧૦૧ થી ૧૦૩

**૧૦૧**. ત્યારે તે ભરતરાજા તે દિવ્ય ચક્રરત્નને યાવત્ વૈતાઢ્ય પર્વતના ઉત્તરીય નિતંબે જાય છે, જઈને વૈતાઢ્ય પર્વતના ઉત્તરીય નિતંબમાં બાર યોજન લાંબી યાવત્ પૌષધશાળામાં પ્રવેશે છે યાવત્ નમિ અને વિનમી વિદ્યાધર રાજાના નિમિત્તે અઠ્ઠમભક્ત ગ્રહણ કરે છે. કરીને પૌષધશાળામાં યાવત્ નમિ–વિનમી વિદ્યાધર રાજાને મનમાં ધ્યાયીને ત્યાં રહે છે.

ત્યારપછી તે ભરત રાજાનો અઠ્ઠમભક્ત પરિપૂર્ણ પ્રાયઃ થતાં નમિ–વિનમી વિદ્યાધર રાજાને દિવ્યમતિથી પ્રેરિત મતિ થઈ એકબીજાની પાસે પ્રગટ થયા, થઈને આ પ્રમાણે કહ્યું – ઓ દેવાનુપ્રિય ! નિશ્ચે જંબૂદ્વીપ દ્વીપના ભરતક્ષેત્રમાં ભરત નામે ચાતુરંત ચક્રવર્તી ઉત્પન્ન થયો છે. તો અતીત–વર્તમાન–અનાગત વિદ્યાધર રાજાનો એ કલ્પ છે કે ચક્રવર્તીને ભેટણું કરે. તો હે દેવાનુપ્રિય! આપણે ત્યાં જઈએ. આપણે પણ ભરતરાજાને ભેંટણું કરીએ, એમ કહીને વિનમીએ પોતાની દિવ્યમતિથી પ્રેરિત થઈને માન–ઉન્માન–પ્રમાણયુક્ત, તેજસ્વી, રૂપ–લક્ષણયુક્ત, સ્થિતિયૌવન અને અવસ્થિત કેશ તથા નખવાળી, સર્વરોગ નાશ કરનારી, બળવૃદ્ધિકારિણી, ઈચ્છિત શીતોષ્ણ સ્પર્શયુક્ત સ્ત્રીરત્ન સુભદ્રાને સાથે લીધી.

**૧૦૨**. તેણી ત્રણ સ્થાનમાં કૃશ અને ત્રણમાં તામ્ર હતી. ત્રિવલી યુક્ત હતી, ત્રણમાં ઉન્નત, ત્રણમાં ગંભીર, ત્રણમાં કૃષ્ણવર્ણી, ત્રણમાં શ્વેત, ત્રણમાં લંબાઈયુક્ત અને ત્રણ સ્થાનમાં વિસ્તીર્ણ હતી.

**૧૦૩**. તેણી સમશરીરી હતી. ભરતક્ષેત્રમાં સર્વમહિલામાં પ્રધાન હતી. સુંદર સ્તન–જઘન, સુંદર હાથ–પગ–નયન–કેશ–દાંત યુક્ત હતી. જનહૃદય રમમ અને મનહરી, શૃંગારના આગારરૂપ યાવત્ યુક્ત ઉપચાર કુશળ, રૂપમાં દેવાંગનાના સૌંદર્યનું અનુસરણ કરતી હતી. તે સુભદ્રા ભદ્ર યૌવનમાં વર્તની સ્ત્રીરત્નને વિનમી લાવ્યો. નમિએ રત્ન, કટક, ત્રુટિકને લે છે.

પછી તેવી ઉત્કૃષ્ટી, ત્વરિતા યાવત્ ઉદ્ધૃત વિદ્યાધર ગતિથી જ્યાં ભરત રાજા છે, ત્યાં આવે છે. આવીને અંતરિક્ષમાં રહીને લઘુઘંટિકા યુક્ત યાવત્ જય અને વિજય વડે વધાવે છે, વધાવીને આ પ્રમાણે કહ્યું –

હે દેવાનુપ્રિય ! આપે જીતી લીધેલ છે યાવત્ અમે આપના આજ્ઞાવર્તી સેવક છીએ. એમ કહીને૦ હે દેવાનુપ્રિય! આપ આ ભેંટણુ સ્વીકાર કરો. અમે આ યાવત્ વિનમી સ્ત્રીરત્નને અને નમિ રત્નોને સમર્પિત કરે છે.

ત્યારે તે ભરતરાજા યાવત્ પ્રતિવિસર્જિત કરે છે, કરીને પૌષધશાળાથી નીકળે છે, નીકળીને સ્નાનગૃહમાં પ્રવેશે છે. પ્રવેશીને ભોજનમંડપમાં યાવત્ નમિ–વિનમી વિદ્યાધર રાજાને આશ્રીને અષ્ટાહ્નિકા મહામહોત્સવ કરે છે. ત્યારે તે દિવ્ય ચક્રરત્ન આયુધગૃહ શાલાથી નીકળે છે યાવત્ ઉત્તર–પૂર્વ દિશામાં ગંગાદેવીના ભવનાભિમુખ જવા પ્રવૃત્ત થયો. તે બધું જ સિંધુની વક્તવ્યતા અનુસાર કહેવું યાવત્ વિશેષ એ કે **૧૦૦૮** કુંભ, રત્નયુક્ત, વિવિધ મણિ–કનક–રત્નથી આલેખિત બે સુવર્ણ સિંહાસન ભેટ કર્યા. બાકી બધું પૂર્વવત્ યાવત્ મહોત્સવ કર્યો.

## સૂત્ર–૧૦૪

ત્યારપછી તે દિવ્ય ચક્રરત્ન ગંગાદેવીને આશ્રીને અષ્ટાહ્નિકા મહા–મહોત્સવથી નિવૃત્ત થતા આયુધ ગૃહશાળાથી નીકળ્યુ, નીકળીને યાવત્ ગંગા મહાનદીના પશ્ચિમ કિનારાથી દક્ષિણ દિશામાં ખંડપ્રપાત ગુફાભિમુખ

જવા પ્રવૃત્ત થયું. પછી તે ભરત રાજા યાવત્ જ્યાં ખંડપ્રપાત ગુફા છે ત્યાં આવે છે, આવીને બધુ વક્તવ્યતા કૃતમાલક દેવ સમાન જાણવી. વિશેષ એ કે નૃત્યવાદક દેવે પ્રીતિદાન રૂપે આલંકારિક ભાંડ અને કટક આપ્યા. બાકી બધું પૂર્વવત્ યાવત્ અષ્ટાહ્નિકા મહામહિમા કર્યો.

ત્યારપછી તે ભરત રાજા નૃત્યમાલક દેવ સંબંધી અષ્ટાહ્નિકા મહોત્સવ પૂર્ણ થતા સુષેણ સેનાપતિને બોલાવે છે, બોલાવીને યાવત્ સિંધુના આલાવા સમાન જાણવું. યાવત્ ગંગા મહાનદીના પૂર્વીય નિષ્કુટ જે ગંગા સહિત સમુદ્ર અને પર્વતની મર્યાદામાં સમ-વિષમ નિષ્કુટો છે, તેને જીતે છે. જીતીને પ્રધાન શ્રેષ્ઠ રત્નોને સ્વીકારે છે.

પછી જ્યાં ગંગા મહાનદી છે, ત્યાં જાય છે. જઈને બીજી વખત પણ સ્કંધાવાર સૈન્ય સહિત ગંગા મહાનદી, જે નિર્મળ જળના ઊંચા તરંગો યુક્ત હતી, તેને નાવરૂપ ચર્મરત્નથી પાર કરે છે. કરીને જ્યાં ભરત રાજાનો વિજય સ્કંધાવાર નિવેશ છે, જ્યાં બાહ્ય ઉપસ્થાનશાળા છે, ત્યાં આવે છે, આવીને આભિષેક્ય હસ્તિરત્નથી નીચે ઊતરે છે. ઊતરીને પ્રધાન શ્રેષ્ઠ રત્નો લઈને જ્યાં ભરતરાજા છે, ત્યાં આવે છે, આવીને બે હાથ જોડી યાવત્ અંજલિ કરી ભરતરાજાને જય-વિજય વડે વધાવે છે, વધાવીને તે પ્રધાન શ્રેષ્ઠ રત્નો અર્પણ કરે છે.

ત્યારપછી તે ભરત રાજા સુષેણ સેનાપતિ પાસેથી પ્રધાન શ્રેષ્ઠ રત્નોને સ્વીકારે છે, સ્વીકારીને સુષેણ સેનાપતિનો સત્કાર-સન્માન કરે છે, કરીને તેને વિદાય આપે છે.

ત્યારપછી સુષેણ સેનાપતિ પૂર્વવત્ યાવત્ વિચરે છે.

ત્યારે તે ભરત રાજા અન્ય કોઈ દિવસે સુષેણ સેનાપતિ રત્નને બોલાવે છે, બોલાવીને આમ કહ્યું – ઓ દેવાનુપ્રિય! તું જા, ખંડપ્રપાત ગુફાના ઉત્તર દ્વારના કમાડો ઉઘાડ, ઉઘાડીને, જેમ તમિસ્રાગુફામાં કહ્યું, તે બધું અહીં કહેવું યાવત્ આપને પ્રિય થાઓ. બાકી પૂર્વવત્ યાવત્ ભરત ઉત્તર દ્વારેથી નીકળ્યો. જેમ મેઘાંધકારથી ચંદ્ર નીકળે, તેમ પૂર્વવત્ પ્રવેશતો મંડલોનું આલેખન કરે છે.

તે ખંડપ્રપાત ગુફાના બહુમધ્ય દેશભાગમાં યાવત્ ઉન્મગ્ન-નિમગ્નજલા નામે બે મહાનદીઓ પૂર્વવત્ છે. વિશેષ એ કે પશ્ચિમી કટકથી નીકળતી એવી પૂર્વમાં ગંગા મહાનદીને મળે છે. બાકી પૂર્વવત્. પરંતુ પશ્ચિમી કુલથી ગંગામાં સંક્રમ કહેવો. ત્યારપછી ખંડપ્રપાત ગુફાના દક્ષિણ દ્વારના કમાડો સ્વયં મોટા-મોટા ક્રૌંચારવ કરતા-કરતા સરસર થઈને પોતાના સ્થાનેથી ખસી ગયા.

ત્યારપછી તે ભરત રાજા ચક્રરત્ન દર્શિત માર્ગે યાવત્ ખંડપ્રપાત ગુફાથી દક્ષિણ દ્વારેથી મેઘાંધકારથી નીકળતા ચંદ્રની જેમ નીકળ્યો.

### સૂત્ર-૧૦૫ થી ૧૨૦

**૧૦૫.** ત્યારપછી તે ભરતરાજા ગંગા મહાનદીના પશ્ચિમી કિનારે બાર યોજન લાંબી, નવ યોજન પહોળી યાવત્ વિજય છાવણીનો પડાવ નાંખે છે. બાકીનું પૂર્વવત્ યાવત્ નિધિરત્નો આશ્રીને અઠ્ઠમભક્ત ગ્રહણ કરે છે. ત્યારે તે ભરત રાજા પૌષધશાળામાં રહ્યો યાવત્ નિધિ રત્નને મનમાં ધ્યાન કરતો રહે છે. તે નિધિઓ અપરિમિત, રક્ત રત્નવાળી, ધ્રુવ, અક્ષય, અવ્યય, નિત્ય લોકના વિશ્વાસને પ્રાપ્ત અને લોકવિશ્રુત યશવાળી હતી. તે આ પ્રમાણે –

**૧૦૬.** નૈસર્પ, પાંડુક, પિંગલક, સર્વરત્ન, મહાપદ્મ, કાળ, મહાકાળ, માનવક અને શંખ મહાનિધિ એ પાઠ છે.

**૧૦૭.** નૈસર્પનિધિ – ગામ, આકર, નગર, પટ્ટન, દ્રોણમુખ, મડંબ, સ્કંધાવાર, આપણ તથા ભવનની સ્થાપનાની વિશેષતાયુક્ત છે.

**૧૦૮.** પાંડુકનિધિ – ગણી શકાય તેવાની ઉત્પત્તિ, માનોન્માનનું જે પ્રમાણે, ધાન્ય અને બીજની ઉત્પત્તિમાં સમર્થ છે.

**૧૦૯.** પિંગલકનિધિ – સર્વે આભરણવિધિ, જે પુરુષોની કે સ્ત્રીઓની, અશ્વની હોય કે હસ્તિની, તેમાં આ

નિધિ સમર્થ છે.

**૧૧૦.** સર્વરત્નનિધિ – ચક્રવર્તીના ચૌદ ઉત્તમ રત્નોને ઉત્પન્ન કરે છે, તેમાં સાત એકેન્દ્રિય અને સાત પંચેન્દ્રિય રત્નો હોય છે.

**૧૧૧.** મહાપદ્મનિધિ – બધા પ્રકારના વસ્ત્રોને ઉત્પન્ન કરે છે અને વસ્ત્રોને રંગવા, ધોવા આદિ સમગ્ર સજ્જાના નિષ્પાદનમાં સમર્થ છે.

**૧૧૨.** કાલનિધિ – કાળજ્ઞાન, ત્રણે વંશોમાં સર્વ પુરાણ સો, શિલ્પ અને ત્રણે કર્મો જે પ્રજાને હિતકર છે, તેની ઉત્પત્તિમાં સમર્થ છે.

**૧૧૩.** મહાકાલનિધિ – વિવિધ પ્રકારના લોહ, રજત, સ્વર્ણ, મણિ, મોતી, સ્ફટિક, પ્રવાલ આદિની ખાણો ઉત્પન્ન કરવામાં સમર્થ છે.

**૧૧૪.** માણવકનિધિ – યોદ્ધા, આવરણ, પ્રહરણ, બધાં પ્રકારની યુદ્ધ નીતિ અને દંડનીતિને ઉત્પન્ન કરવામાં સમર્થ છે.

**૧૧૫.** શંખનિધિ – નૃત્યવિધિ, નાટ્યવિધિ, ચતુર્વિધ પુરુષાર્થના કાવ્યની ઉત્પત્તિ, બધા વાદ્યોની ઉત્પત્તિમાં સમર્થ છે.

**૧૧૬.** પ્રત્યેક નિધિનું અવસ્થાન આઠ–આઠ ચક્રો ઉપર હોય છે, તેની ઊંચાઈ આઠ યોજન, વિષ્કંભ નવ યોજન, લંબાઈ બાર યોજન, મંજૂષા–પેટીના આકારે, ગંગા જ્યાં સમુદ્રને મળે, ત્યાં તેનો નિવાસ છે.

**૧૧૭.** તેના કમાડ વૈડૂર્યમણિમય, સુવર્ણમય, વિધિરત્ન વડે પરિપૂર્ણ, ચંદ્ર–સૂર્ય–ચક્ર લક્ષણ, અનુસમ–અવિષમ દ્વાર રચના હોય.

**૧૧૮.** નિધિઓના નામોની સદશ નામવાળા દેવોની સ્થિતિ એક પલ્યોપમ હોય છે, તેમના આવાસો અક્રેય અને અનાધિપત્ય હોય છે.

**૧૧૯.** પ્રચુર ધન, રત્ન સંચયયુક્ત આ નવનિધિઓ ભરતક્ષેત્રના છએ ખંડોનો વિજય કરનારા ચક્રવર્તીને વશ વર્તતી હોય છે.

**૧૨૦.** ત્યારપછી તે ભરત રાજા અઠ્ઠમભક્તને પરિપૂર્ણ કરી પૌષધશાળાથી નીકળે છે, એ રીતે સ્નાનગૃહ પ્રવેશ યાવત્ શ્રેણી–પ્રશ્રેણિને બોલાવવા યાવત્ નિધિરત્નોને નિમિત્તે અષ્ટાહ્નિકા મહા–મહોત્સવ કરે છે. ત્યારે તે ભરત રાજા નિધિરત્નોને આશ્રીને મહામહોત્સવ પૂર્ણ થતા સુષેણ સેનાપતિ રત્નને બોલાવીને કહ્યું –

ઓ દેવાનુપ્રિયો ! જાઓ ગંગાનદીના પૂર્વમાં સ્થિત નિષ્કુટને બીજો પણ ગંગા સહિતના સાગર અને ગિરિની મર્યાદામાં સમ–વિષમ નિષ્કુટોને જીતો, જીતીને મારી આ આજ્ઞા પાછી સોંપો. ત્યારે તે સુષેણ બધું જ પૂર્વ વર્ણિત કહેવું યાવત્ જીતીને, તેમની આજ્ઞાને પાછી સોંપે છે, વિદાય આપે છે યાવત્ ભોગોપભોગ ભોગવતો વિચરે છે.

ત્યારપછી તે દિવ્ય ચક્રરત્ન અન્ય કોઈ દિવસે આયુધગૃહ શાળાથી નીકળે છે, નીકળીને આકાશમાં રહી, હજાર યક્ષ વડે પરિવૃત્ત થઈ, દિવ્ય વાદ્ય યાવત્ પૂરતા, વિજય સ્કંધાવાર નિવેશની વચ્ચોવચ્ચથી નીકળે છે, દક્ષિણ–પશ્ચિમ દિશામાં વિનીતા રાજધાની પ્રતિ ચાલ્યું.

ત્યારે તે ભરત રાજા યાવત્ જુએ છે, જોઈને હર્ષિત–સંતુષ્ટ યાવત્ કૌટુંબિક પુરુષોને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહ્યું – ઓ દેવાનુપ્રિયો! જલદી આભિષેક્ય૦ યાવત્ પાછી સોંપે છે.

## સૂત્ર–૧૨૧

ત્યારપછી તે ભરત રાજાએ રાજ્ય અર્જિત કર્યું, શત્રુઓને જીત્યા. સમસ્ત રત્નો ઉત્પન્ન થયા જેમાં ચક્રરત્ન મુખ્ય હતું. ભરતે નવનિધિ પતિ, સમૃદ્ધ કોશ, **૩૨,૦૦૦** રાજાથી અનુસરાતા, **૬૦,૦૦૦** વર્ષોમાં સમસ્ત ભરતક્ષેત્રને

જીત્યું, જીતીને કૌટુંબિક પુરુષોને બોલાવીને આમ કહ્યું –

હે દેવાનુપ્રિય ! જલદીથી આભિષેક્ય હસ્તિરત્નને સજાવો. હાથી–ઘોડા–રથ યુક્ત પૂર્વવત્ અંજનગિરિકૂટ સમાન ગજપતિ ઉપર નરપતિ આરૂઢ થયો.

ત્યારે તે ભરતરાજા આભિષેક્ય હસ્તિરત્ન ઉપર આરૂઢ થતા આ આઠ–આઠ મંગલો આગળ અનુક્રમે ચાલ્યા, તે આ રીતે – સ્વસ્તિક, શ્રીવત્સ યાવત્ દર્પણ, ત્યારપછી પૂર્ણકળશ, ભૃંગાર અને દિવ્ય છત્ર–પતાકા યાવત્ ચાલ્યા. ત્યારપછી વૈડૂર્યપ્રભાથી દીપતો દંડ યાવત્ યથાક્રમે ચાલ્યો. ત્યારપછી સાત એકેન્દ્રિય રત્નો આગળ અનુક્રમે ચાલ્યા, તે આ પ્રમાણે – ચક્રરત્ન, છત્રરત્ન, ચર્મરત્ન, દંડરત્ન, અસિરત્ન, મણિરત્ન, કાકણિરત્ન.

ત્યારપછી આગળ નવ મહાનિધિઓ અનુક્રમે ચાલી, તે આ રીતે – નૈસર્પ, પાંડુક યાવત્ શંખ. ત્યારપછી ૧૬,૦૦૦ દેવો અનુક્રમે આગળ ચાલ્યા, ત્યારપછી ૩૨,૦૦૦ શ્રેષ્ઠ રાજા અનુક્રમે આગળ ચાલ્યા. ત્યારપછી સેનાપતિ રત્ન આગળ ચાલ્યો. એ પ્રમાણે ગાથાપતિ, વર્ધકી, પુરોહીત રત્ન આગળ ચાલ્યા, ત્યારપછી સ્ત્રીરત્ન આગળ ચાલી૦ ત્યારપછી ૩૨,૦૦૦ ઋતુ કલ્યાણિકા અનુક્રમે આગળ ચાલી. ત્યારપછી ૩૨,૦૦૦ જનપદ કલ્યાણિકા અનુક્રમે આગળ ચાલી.

એ રીતે અનુક્રમે આગળ ચાલતા ચાલતા ત્યારપછી ક્રમશઃ. ૩૨,૦૦૦ નાટકો, ૩૬૦ રસોઈયા, ૧૮ શ્રેણી–પ્રશ્રેણીજનો, ૮૪,૦૦૦ આત્મરક્ષકો, ૮૪,૦૦૦ હાથી, ૮૪,૦૦૦ ઘોડા, ૯૬ કરોડ મનુષ્યો, ઘણા રાજા, ઈશ્વર, તલવર યાવત્ સાર્થવાહ વગેરે. ઘણા અસિગ્રાહ, લાઠીગ્રાહ, કુંતગ્રાહ, ચાપગ્રાહ, ચામરગ્રાહ, પાસગ્રાહ, ફલકગ્રાહ, પરસુગ્રાહ, પુસ્તકગ્રાહ, વીણાગ્રાહ, કૂપ્યગ્રાહ, હડપ્કગ્રાહ, દીપિકાગ્રાહ, પોત–પોતાના રૂપ–વેશ–ચિહ્ન–વસ્ત્રો ધારણ કરી ચાલ્યા. પછી ઘણા દંડી, મુંડી, શિખંડી, જટી, પિચ્છી, હાસ્ય–ખેડ–દર્પ–ચાટુ કારકો, કંદર્પિકો, કૌકુત્યિકો, મૌખરીકો એ બધા ગાતા, વાજતા, નાચતા, હસતા, રમતા, ખેલ કરતા, ગીતાદિ શીખવતા, સાંભળતા, બોલતા, અવાજ કરતા, શોભતા–શોભાવતા, ભરતને જોઈને જય–જય શબ્દ પ્રયોજતા અનુક્રમે આગળ ચાલ્યા.

એ પ્રમાણે ઉવવાઈસૂત્રના આલાવા મુજબ યાવત્ તે રાજાની આગળ–આગળ ઘણા અશ્વો–અશ્વધારકો, બંને બાજુ હાથી–હાથીધારકો, પાછળ રથ–રથસંગેલ્લી અનુક્રમે આગળ ચાલ્યા.

ત્યારે તે ભરતાધિપ નરેન્દ્ર, જેનું વક્ષઃસ્થળ હારથી વ્યાપ્ત, યાવત્ દેવેન્દ્ર સદશ ઋદ્ધિથી, વિખ્યાતકીર્તિ એવો ચક્રરત્ન દર્શિત માર્ગે અનેક હજારો શ્રેષ્ઠ રાજાથી અનુસરણ કરાતો યાવત્ સમુદ્રના રવની માફક અવાજ કરતો–કરતો સર્વ ઋદ્ધિથી, સર્વ દ્યુતિથી યાવત્ નિર્ઘોષ નાદિત રવ વડે ગામ–આકર–નગર–ખેડ–કર્બટ–મડંબ યાવત્ યોજનના અંતરે વસતીમાં વસતો–વસતો જ્યાં વિનીતા રાજધાની હતી ત્યાં આવ્યો. આવીને વિનીતા રાજધાનીની કંઈક સમીપે બાર યોજન લાંબી, નવ યોજન પહોળી યાવત્ છાવણી નાંખી.

ત્યારપછી વર્દ્ધકીરત્નને બોલાવે છે, બોલાવીને યાવત્ પૌષધશાળામાં પ્રવેશે છે. પ્રવેશીને વિનીતા રાજધાનીને ઉદ્દેશીને અઠ્ઠમ ભક્ત ગ્રહણ કરે છે. કરીને યાવત્ પ્રતિ જાગૃત થઈ વિચરે છે.

ત્યારપછી ભરત રાજા અઠ્ઠમભક્ત પરિપૂર્ણ થતા પૌષધશાળાથી નીકળે છે. નીકળીને કૌટુંબિક પુરુષોને બોલાવે છે, બોલાવીને પૂર્વવત્ યાવત્ અંજનગિરિ કૂટ સદશ હસ્તિરત્ન ઉપર તે નરપતિ આરૂઢ થયો તે બધું પૂર્વવત્. નવ મહાનિધિ, ચાર સેનાએ પ્રવેશ ન કર્યો, બાકી તે જ આલાવો યાવત્ નિર્ઘોષ નાદિત વડે વિનીતાની રાજધાનીની વચ્ચો–વચ્ચ જ્યાં પોતાનું ઘર છે, જ્યાં શ્રેષ્ઠ ભવનના અવતંસકનું પ્રતિદ્વાર છે, ત્યાં જવા નીકળ્યો.

ત્યારે તે ભરત રાજા વિનીતા રાજધાનીની મધ્યે પ્રવેશતા કેટલાક દેવો વિનીતા રાજધાનીને અંદર–બહારથી સીંચે છે, સંમાર્જિત અને ઉપલિપ્ત કરે છે. કેટલાક મંચાતિમંચ કરે છે, એ પ્રમાણે બાકીના પદોમાં જાણવું. કેટલાક વિવિધ રંગી વસ્ત્રોની ઊંચી ધ્વજા, પતાકા મંડિત ભૂમિ કરે છે. કેટલાક લીંપણ–ગુંપણ કરે છે. કેટલાક યાવત્

ગંધવર્તીભૂત કરે છે. કેટલાક હિરણ્યની વૃષ્ટિ કરે છે, કેટલાક સુવર્ણ–રત્ન–વજ્ર–આભરણની વર્ષા કરે છે.

ત્યારે તે ભરતરાજા વિનીતા રાજધાનીની ઠીક મધ્યમાં પ્રવેશ કરતો શૃંગાટક યાવત્ મહાપથોમાં ઘણા ધનના–કામના–ભોગના–લાભના અર્થી, ઋદ્ધિના અભિલાષી, કિલ્બિષિક, કારોટિક, કરબાધિત, શાંખિક, ચાક્રિક, નાંગલિક, મુખમાંગલિક, પુષ્પમાનવ, વર્દ્ધમાનક, લંખ, મંખ આદિ, તેવી ઉદાર, ઈષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ, મણામ, શિવ, ધન્ય, મંગલ, સશ્રીક, હૃદયંગમ, હૃદય પ્રહ્લાદનીય, વાણીથી અનવરત, અભિનંદતા, અભિસ્તવતા એમ બોલે છે –

હે નંદ ! તમારો જય થાઓ, હે ભદ્ર ! તમારો જય થાઓ, ભદ્ર ! ન જીતેલાને જીતો, જીતેલાનું પાલન કરો, જિતેલા મધ્યે વસો, દેવોમાં ઈન્દ્ર–તારામાં ચંદ્ર–અસુરોમાં ચમક–નાગોમાં ધરણની માફક ઘણા લાખો પૂર્વો, ઘણા પૂર્વકોટિ, ઘણા પૂર્વ કોડાકોડી વિનીતા રાજધાનીમાં જે લઘુહિમવંત–પર્વત અને સાગરની મર્યાદામાં સંપૂર્ણ ભરતક્ષેત્ર છે. તેના ગામ, આકર, નગર, ખેડ, કર્બટ, મડંબ, દ્રોણમુખ, પટ્ટલ, આશ્રમ, સંનિવેશોમાં સમ્યક્‌પણે પ્રજાના પાલન વડે યશ અર્જિત કરીને, તે બધાનું આધિપત્ય, પૌરોપત્ય, સ્વામીત્વ આદિ કરતા વિચરો, એમ કહી જય–જય શબ્દ કરે છે.

ત્યારે તે ભરતરાજા હજારો નયનમાલા વડે જોવાતો, હજારો વચનમાળા વડે અભિસ્તવાતો, હજારો હૃદયમાળા વડે અભિનંદાતો, હજારો મનોરથમાળા વડે ઈચ્છિત કરાતો હતો. હજારો નર–નારીઓ વડે તેન કાંતિ–રૂપ–સૌભાગ્યગુણો વડે અભિલાષા કરાતો, હજારો અંગુલીમાળા વડે દેખાડાતો, જમણા હાથ વડે ઘણા નર–નારીની અંજલિમાલાને સ્વીકારતો, હજાર ભવનપંકને ઓળંગતો, તંત્રી–તાલ–ત્રુટિત–ગીત–વાર્જિંત્રના રવ વડે મધુર–મનહર–મંજુમંજુ ઘોષ વડે તન્મય થતો–થતો, જ્યાં પોતાનું ગૃહ, પોતાના ભવનના અવતંસકનું દ્વાર છે, ત્યાં આવે છે.

આવીને આભિષેક્ય હસ્તિરત્નને ઊભો રાખે છે, રાખીને નીચે ઊતરે છે. પછી ભરતે **૧૬,૦૦૦** દેવોનું, **૩૨,૦૦૦** રાજાનું, સેનાપતિ–ગાથાપતિ–વર્દ્ધકી–પુરોહિત રત્નોનું, **૩૬૦** રસોઈયાનું, **૧૮** શ્રેણી–પ્રશ્રેણીનું તથા બીજા પણ ઘણા રાજા, ઈશ્વરાદિના સત્કાર અને સન્માન કર્યા, કરીને વિદાય આપી. સ્ત્રીરત્ન, **૩૨,૦૦૦** ઋતુકલ્યાણિકા, **૩૨,૦૦૦** જનપદ કલ્યાણિકા, બત્રીશબદ્ધ **૩૨,૦૦૦** નાટકોની સાથે પરિવરી શ્રેષ્ઠ ભવનાવતંસકે ગયો, જેમ કુબેર દેવરાજ કૈલાશ પર્વતના શિખરે પોતાના ઉત્તમ પ્રાસાદમાં ગયો.

ત્યારપછી તે ભરતરાજા મિત્ર, જ્ઞાતિ, નિજક, સ્વજન, સંબધી, પરિજનના સમાચાર પૂછ્યા. પૂછીને જ્યાં સ્નાનગૃહ છે, ત્યાં આવે છે, આવીને યાવત્ સ્નાનગૃહથી નીકળે છે, નીકળીને ભોજનમંડપમાં આવે છે, આવીને ભોજન મંડપમાં શ્રેષ્ઠ સુખાસને બેઠો, અઠ્ઠમભક્તનું પારણુ કર્યું, કરીને ઉપરના શ્રેષ્ઠ પ્રાસાદમાં જઈ, સ્ફૂટ થતા મૃદંગાદિથી, બત્રીશ બદ્ધ નાટકોથી ઉપલાલિત્ય કરાતો, ઉપનર્તિત કરાતો, ગીત–ગાન કરાતો મહાન યાવત્ ભોગ ભોગવતો વિચરે છે.

## સૂત્ર–૧૨૨

ત્યારે તે ભરતરાજા અન્ય કોઈ દિને રાજ્યની ધુરાની ચિંતા કરતા, આવા સ્વરૂપનો સંકલ્પ યાવત્ ઉત્પન્ન થયો. મેં પોતાના બળ, વીર્ય, પુરુષાકાર પરાક્રમથી લઘુહિમવંત ગિરિ અને સમુદ્રની મર્યાદામાં રહેલ પરિપૂર્ણ ભરતક્ષેત્રને જીતેલ છે. તેથી હવે ઉચિત છે કે હું વિરાટ રાજ્યાભિષેક આયોજિત કરાવું, જેથી મારું તિલક થાય. એ પ્રમાણે વિચારીને કાલે પ્રભાત થતા યાવત્ સૂર્ય જ્વલંત થતા જ્યાં સ્નાનગૃહ છે યાવત્ બહાર નીકળે છે, નીકળીને જ્યાં બાહ્ય ઉપસ્થાનશાળા છે, જ્યાં સિંહાસન છે, ત્યાં આવે છે. આવીને તે શ્રેષ્ઠ સિંહાસન ઉપર પૂર્વાભિમુખ બેસે છે, બેસીને **૧૬,૦૦૦** દેવોને, **૩૨,૦૦૦** મુખ્ય રાજાઓને, સેનાપતિ રત્ન યાવત્ પુરોહિત રત્નને, **૩૬૦** રસોઈયાને, અઢાર શ્રેણી–પ્રશ્રેણિજનોને, બીજા પણ ઘણા રાજા, ઈશ્વર યાવત્ સાર્થવાહાદિને બોલાવીને કહ્યું –

દેવાનુપ્રિયો ! મેં નિજ બળ, વીર્યથી યાવત્ પરિપૂર્ણ ભરતક્ષેત્રને જીતી લીધેલ છે. દેવાનુપ્રિયો ! તમે મારા માટે મહારાજાભિષેક રચાવો. ત્યારે તે **૧૬,૦૦૦** દેવો યાવત્ સાર્થવાહ આદિ, ભરતરાજાએ એમ કહેતા, તેઓ હર્ષિત–

સંતુષ્ટ થઈ, બે હાથ જોડી, મસ્તકે અંજલિ કરી, ભરત રાજાના આ કથનને સારી રીતે વિનયથી સાંભળે છે.

ત્યારપછી તે ભરત રાજા જ્યાં પૌષધશાળા છે, ત્યાં આવે છે, આવીને યાવત્ અઠ્ઠમભક્તિક થઈ પ્રતિ જાગૃત થઈ વિચરે છે. ત્યારપછી તે ભરત રાજા અઠ્ઠમભક્ત પરિપૂર્ણ થતા આભિયોગિક દેવોને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહ્યું – જલદીથી, ઓ દેવાનુપ્રિયો! વિનીતા રાજધાનીના ઉત્તર–પૂર્વીય દિશાભાગમાં એક મોટો અભિષેક મંડપ વિકુર્વો, વિકુર્વીને મારી આ આજ્ઞાને પાછી સોંપો.

ત્યારે તે આભિયોગિક દેવો ભરત રાજાએ આ પ્રમાણે કહેતા હર્ષિત–સંતુષ્ટ થઈ યાવત્ એ પ્રમાણે સ્વામીના આજ્ઞા વચનને વિનયથી સ્વીકારે છે, સ્વીકારીને વિનીતા રાજધાનીની ઉત્તર–પૂર્વીય દિશામાં જાય છે. જઈને વૈક્રિય સમુદ્ઘાત કરે છે, કરીને સંખ્યાત યોજન દંડ કાઢે છે. તે આ પ્રમાણે – રત્નો યાવત્ રિષ્ટરત્નોના યથા બાદર પુદ્ગલોને છોડી દે છે, યથાસૂક્ષ્મ પુદ્ગલોને ગ્રહણ કરે છે. બીજી વખત પણ વૈક્રિય સમુદ્ઘાતથી યાવત્ સમવહત થાય છે, થઈને બહુસમ રમણીય ભૂમિભાગ વિકુર્વે છે. વિકુર્વીને જેમ કોઈ આલિંગપુષ્કર૦ સમાન હોય.

તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગમાં અહીં એક મોટો અભિષેક મંડપ વિકુર્વે છે, જે અનેકશત સ્તંભ સંનિવિષ્ટ છે યાવત્ ગંધવર્તીભૂત છે. પ્રેક્ષાગૃહ મંડપ વર્ણન પણ કરવું.

તે અભિષેક મંડપના બહુમધ્ય દેશભાગમાં અહીં એક મોટી અભિષેકપીઠ વિકુર્વે છે. તે સ્વચ્છ અને શ્લક્ષ્ણ હતી. તે અભિષેકપીઠની ત્રણે દિશામાં ત્રિસોપાન પ્રતિરૂપક વિકુર્વે છે. તે ત્રિસોપાન પ્રતિરૂપકનું આ આવા સ્વરૂપનો વર્ણાવાસ યાવત્ તોરણ કહે છે.

તે અભિષેક પીઠના બહુસમ રમણીય ભૂમિભાગ કહેલા છે. તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગમાં અહીં એક મોટું સિંહાસન વિકુર્વે છે. તે સિંહાસનનું આવા પ્રકારે વર્ણન દામ વર્ણન સમાપ્ત થાય ત્યાં સુધી કહેવું. ત્યારપછી તે દેવોએ અભિષેક મંડપને વિકુર્વ્યો, વિકુર્વીને જ્યાં ભરત રાજા હતો૦ યાવત્ આજ્ઞા પાછી સોંપી.

ત્યારપછી તે ભરત રાજાએ આભિયોગિક દેવોની પાસે આ કથન સાંભળી–સમજી, હર્ષિત–સંતુષ્ટ થઈ પૌષધ–શાળાથી નીકળ્યો, નીકળીને કૌટુંબિક પુરુષોને બોલાવીને આ પ્રમાણે કહ્યું – ઓ દેવાનુપ્રિયો! જલદીથી આભિષેક્ય હસ્તિ રત્નને સજાવો, સજાવીને અશ્વ, હાથી યાવત્ સજ્જ કરાવો, પછી મારી આ આજ્ઞાને પાછી સોંપો યાવત્ સોંપે છે.

ત્યારપછી તે ભરતરાજા સ્નાનગૃહમાં પ્રવેશ્યો યાવત્ અંજનગિરિના કૂટ સદશ ગજપતિ ઉપર તે નરપતિ આરૂઢ થયો. ત્યારે તે ભરતરાજા આભિષેક્ય હસ્તિરત્ન ઉપર આરૂઢ થતાં આ આઠ–આઠ મંગલકોઆદિ૰ જે આલાવો વિનીતામાં પ્રવેશતા કહ્યો, તે જ નિષ્ક્રમણ કરતા યાવત્ અપ્રતિબુધ્યમાન વિનીતા રાજધાનીની મધ્યેથી નીકળે છે. નીકળીને જ્યાં વિનીતા રાજધાનીની ઉત્તર–પૂર્વીય દિશાભાગમાં અભિષેક મંડપ છે, ત્યાં આવે છે. આવીને અભિષેક મંડપના દ્વારે આભિષેક્ય હસ્તિરત્નને ઊભો રાખે છે. ઊભો રાખીને આભિષેક્ય હસ્તિરત્નથી ઊતરે છે.

ત્યારપછી સ્ત્રીરત્ન, ૩૨,૦૦૦ ઋતુ કલ્યાણિકા, ૩૨,૦૦૦ જનપદ કલ્યાણિકા, ૩૨,૦૦૦ બત્રીશબદ્ધ નાટકો સાથે સંપરિવરીને અભિષેક મંડપમાં પ્રવેશે છે, પ્રવેશીને જ્યાં અભિષેકપીઠ છે, ત્યાં આવે છે, આવીને અભિષેકપીઠને અનુપ્રદક્ષિણા કરતા–કરતા પૂર્વદિશાના ત્રિસોપાન પ્રતિરૂપકને આરોહે છે, આરોહીને જ્યાં સિંહાસન છે, ત્યાં આવે છે. આવીને પૂર્વાભિમુખ બેઠો.

ત્યારે તે ભરત રાજાના ૩૨,૦૦૦ રાજા જ્યાં અભિષેક મંડપ હતો, ત્યાં આવે છે. આવીને અભિષેક મંડપમાં પ્રવેશે છે. પ્રવેશીને તે અભિષેક પીઠની અનુપ્રદક્ષિણા કરતા–કરતા ઉત્તરના ત્રિસોપાન પ્રતિરૂપકથી જ્યાં ભરત રાજા છે, ત્યાં આવે છે, આવીને બે હાથ જોડી યાવત્ મસ્તકે અંજલિ કરીને ભરત રાજાને જય–વિજયથી વધાવે છે, વધાવીને ભરત રાજાની બહુ નિકટ નહીં, તેમ બહુ દૂર નહીં એ રીતે સુશ્રૂષા કરતા યાવત્ પર્યુપાસના કરે છે.

ત્યારે તે ભરતરાજાના **સેનાપતિરત્ન** યાવત્ સાર્થવાહાદિ તે રીતે જ આવ્યા, વિશેષ એ કે – દક્ષિણના ત્રિસોપાન પ્રતિરૂપકથી આવ્યા.

ત્યારે તે ભરત રાજાએ આભિયોગિક દેવોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું – ઓ દેવાનુપ્રિયો ! જલદી માહા મહાર્થ, મહાર્ધ, મહાર્હ, મહારાજાભિષેકની સામગ્રી ઉપસ્થાપિત કરો.

ત્યારે તે આભિયોગિક દેવો ભરતરાજાએ આમ કહેતા હર્ષિત, સંતુષ્ટ ચિત્તવાળા થઈ યાવત્ ઉત્તરપૂર્વ દિશા–ભાગમાં ગયા, જઈને વૈક્રિય સમુદ્‌ઘાત કરે છે. એ પ્રમાણે જેમ વિજયદેવમાં કહ્યું તેમ અહીં પણ યાવત્ પંડકવનમાં ભેગા થઈ મળે છે, ભેગા મળીને જ્યાં દાક્ષિણાર્દ્ધ ભરતક્ષેત્ર છે, જ્યાં વિનીતા રાજધાની છે, ત્યાં આવે છે. આવીને વિનીતા રાજધાનીને અનુપ્રદક્ષિણા કરતા–કરતા જ્યાં અભિષેક મંડપ છે, જ્યાં ભરતરાજા છે, ત્યાં આવે છે. આવીને તે મહાર્થ, મહાર્ધ, મહાર્હ મહારાજા–અભિષેક યોગ્ય સામગ્રી ઉપસ્થાપિત કરે છે.

ત્યારે તે ભરત રાજાના **૩૨,૦૦૦** રાજાઓએ શોભન તિથિ–કરણ–દિવસ–નક્ષત્ર–મુહૂર્ત્ત–ઉત્તર ભાદ્રપદા નક્ષત્ર તથા વિજય નામક મુહૂર્ત્તમાં સ્વાભાવિક તથા ઉત્તરવૈક્રિય દ્વારા નિષ્પાદિત શ્રેષ્ઠ કમલો ઉપર પ્રતિષ્ઠાપિત, સુરભિત, ઉત્તમ જળથી પરિપૂર્ણ **૧૦૦૮** કળશોથી રાજા ભરતનો ઘણા આનંદોત્સવની સાથે અભિષેક કર્યો. અભિષેકનું વર્ણન વિજયદેવની માફક છે. તે રાજાઓમાં પ્રત્યેકે યાવત્ અંજલિ કરી તેવી ઈષ્ટ વાણીથી૦ જેમ પ્રવેશતા કહ્યું યાવત્ વિચરે છે, એમ કહી જય–જય શબ્દનો પ્રયોજે છે – જયઘોષ કરે છે.

ત્યારે તે ભરતરાજાના સેનાપતિ રત્ન યાવત્ પુરોહિત રત્ન, **૩૬૦** રસોઈયા, અઢાર શ્રેણી–પ્રશ્રેણીઓ, બીજા પણ ઘણા યાવત્ સાર્થવાહ વગેરે એ પ્રમાણે જ અભિષેક કરે છે. તે શ્રેષ્ઠ કમળ પ્રતિષ્ઠાન વડે પૂર્વવત્ યાવત્ અભિસ્તવના કરે છે, **૧૬,૦૦૦** દેવો પણ એ પ્રમાણે જ૦ વિશેષ એ કે – પક્ષ્મ સુકુમાલ યાવત્ મુગટ પહેર્યો.

ત્યારપછી દર્દર–મલય–સૌગંધિક ગંધ ગાત્રો પર છાંટ્યા, દિવ્ય એવી પુષ્પમાળા પહેરી. વિશેષ શું કહીએ? ગ્રંથિમ, વેષ્ટિમ યાવત્ વિભૂષિત કરે છે. ત્યારે તે ભરત રાજા મહામોટા રાજાભિષેકથી અભિસિંચિત થઈને કૌટુંબિક પુરુષોને બોલાવીને આ પ્રમાણે કહ્યું –

ઓ દેવાનુપ્રિયો! જલદીથી શ્રેષ્ઠ હાથીના સ્કંધ ઉપર બેસીને વિનીતા રાજધાનીના શૃંગાટક**,** ત્રિક**,** ચતુષ્ક**,** ચત્વર યાવત્ મોટા માર્ગ–માર્ગોમાં મોટા–મોટા શબ્દોથી ઉદ્‌ઘોષણા કરતા–કરતા ઉત્શુલ્ક**,** ઉત્કર**,** ઉત્ક્રેય**,** અદેય**,** અમેય**,** અભટ પ્રવેશ**,** અદંડ–કુદંડિમ યાવત્ નગરના જાનપદો સહિત બાર વર્ષના પ્રમોદ ઘોષણા કરાવો**,** કરાવીને મારી આ આજ્ઞા મને પાછી સોંપો.

ત્યારે તે કૌટુંબિક પુરુષો ભરત રાજાએ આમ કહેતા હર્ષિત, સંતુષ્ટ, આનંદિત ચિત્ત, પ્રીતિમન, હર્ષના વશથી વિકસિત થયેલા હૃદયવાળા થઈને વિનયથી વચનને સ્વીકારે છે, સ્વીકારીને જલદીથી શ્રેષ્ઠ હાથીના સ્કંધ ઉપર જઈને યાવત્ ઘોષણા કરે છે, કરીને આજ્ઞા પાછી સોંપે છે.

ત્યારે તે ભરત રાજા મોટા–મોટા રાજાભિષેકથી અભિષિક્ત થઈને સિંહાસનથી ઉભો થાય છે, ઉભો થઈને સ્ત્રી–રત્ન સાથે યાવત્ હજારો નાટકો સહિત સંપરિવરીને અભિષેકપીઠથી પૂર્વના ત્રિસોપાન–પ્રતિરૂપકથી નીચે ઊતરે છે, ઊતરીને અભિષેક મંડપથી નીકળે છે, નીકળીને જ્યાં આભિષેક્ય રત્ન છે, ત્યાં આવે છે, આવીને અંજનગિરિના કૂટ સદશ ગજપતિ ઉપર યાવત્ આરૂઢ થયો.

ત્યારપછી તે ભરતરાજાના **૩૨,૦૦૦** રાજા અભિષેક પીઠથી ઉત્તરના ત્રિસોપાન પ્રતિરૂપકથી નીચે ઊતરે છે. ત્યારપછી તે ભરતરાજાના સેનાપતિ રત્ન યાવત્ સાર્થવાહ વગેરે અભિષેકપીઠથી દક્ષિણના ત્રિસોપાન પ્રતિરૂપકથી નીચે ઊતરે છે.

ત્યારપછી તે ભરત રાજા આભિષેક્ય હસ્તિરત્ન ઉપર આરૂઢ થતા આ આઠ–આઠ મંગલો આગળ યાવત્

ચાલ્યા. જે કંઈ જતી વખતનો આલાવો કુબેર સુધીનો હતો, તે જ અહીં પણ કહેવો, ક્રમથી સત્કારાદિ જાણવા યાવત્ કુબેરવત્ દેવરાજા કૈલાશના શિખરરૂપ છે.

ત્યારપછી તે ભરતરાજા સ્નાનગૃહમાં પ્રવેશે છે, પ્રવેશીને યાવત્ ભોજનમંડપમાં શ્રેષ્ઠ સુખાસને બેસી, અઠ્ઠમ–ભક્તનું પારણું કરે છે. પારીને ભોજનમંડપથી નીકળે છે. નીકળીને ઉપરના પ્રાસાદમાં સ્ફૂટ થતા મૃદંગ યાવત્ ભોગવતો વિચરે છે.

ત્યારે તે ભરત રાજા બાર વર્ષીય પ્રમોદોત્સવ પૂર્ણ થતા જ્યાં સ્નાનગૃહ છે, ત્યાં આવે છે. આવીને યાવત્ સ્નાન–ગૃહથી નીકળે છે, નીકળીને જ્યાં બાહ્ય ઉપસ્થાનશાળા છે, યાવત્ શ્રેષ્ઠ સિંહાસને પૂર્વાભિમુખ બેઠો. બેસીને **૧૬,૦૦૦** દેવોને સત્કારે છે, સન્માને છે. સત્કારી–સન્માનીને વિદાય આપે છે. વિદાય આપીને **૩૨,૦૦૦** શ્રેષ્ઠ રાજાઓને સત્કારે છે, સન્માને છે. પછી સેનાપતિ રત્નને સત્કારે છે, સન્માને છે યાવત્ પુરોહિત રત્નને સત્કારે છે, સન્માને છે. એ પ્રમાણે **૩૬૦** રસોઈયાઓ, **૧૮**–શ્રેણી પ્રશ્રેણીઓને સત્કારે છે, સન્માને છે. સત્કારી–સન્માનીની બીજા ઘણા રાજા, ઈશ્વર, તલવર યાવત્ સાર્થવાહ આદિને સત્કારે છે, સન્માને છે. સત્કારી–સન્માનીને વિદાય આપે છે, આપીને ઉપરના શ્રેષ્ઠ પ્રાસાદે જઈ યાવત્ વિચરે છે.

### સૂત્ર–૧૨૩

ભરત રાજાના **ચક્રરત્ન, દંડરત્ન, અસિરત્ન, છત્રરત્ન આ ચાર એકેન્દ્રિય રત્નો આયુધગૃહશાળામાં ઉત્પન્ન થયા. ચર્મરત્ન, મણિરત્ન, કાકણિરત્ન અને નવ મહાનિધિઓ એ બધા શ્રીગૃહમાં ઉત્પન્ન થયા. સેનાપતિ રત્ન, ગૃહપતિ રત્ન, વર્ધકીરત્ન, પુરોહિતરત્ન આ ચાર મનુષ્યરત્નો વિનીતા રાજધાનીમાં ઉત્પન્ન થયા. અશ્વરત્ન અને હસ્તિરત્ન, એ બંને પંચેન્દ્રિયરત્નો વૈતાઢ્યગિરિની તળેટીમાં ઉત્પન્ન થયા. સુભદ્રા સ્ત્રીરત્ન ઉત્તરની વિદ્યાધર શ્રેણીમાં ઉત્પન્ન થઈ.**

### સૂત્ર–૧૨૪

ત્યારે તે ભરતરાજા ચૌદ રત્નો, નવ મહાનિધિઓ, **૧૬,૦૦૦** દેવો, **૩૨,૦૦૦** રાજા, **૩૨,૦૦૦** ઋતુકલ્યા–ણિકાઓ, **૩૨,૦૦૦** જનપદ કલ્યાણિકાઓ, **૩૨,૦૦૦** બત્રીશબદ્ધ નાટકો, **૩૬૦** રસોઈયાઓ, **૧૮**–શ્રેણિ પ્રશ્રેણિ, **૮૪,૦૦૦** અશ્વો, **૮૪,૦૦૦** હાથીઓ, **૮૪,૦૦૦** રથો, **૯૬** કરોડ પાયદળ,**૭૨,૦૦૦** પુરવર,**૭૨,૦૦૦** જનપદ, **૯૬** કરોડ ગામ, **૯૯,૦૦૦** દ્રોણમુખ, **૪૮,૦૦૦** પટ્ટણ, **૨૪,૦૦૦** કર્બટ, **૨૪,૦૦૦** મડંબ, **૨૦,૦૦૦** આકર, **૧૬,૦૦૦** ખેડ, **૧૪,૦૦૦** સંબાધ, **૫૬**–અંતરોદક, **૪૯** કુરાજ્યો, વિનીતા રાજધાનીની એક તરફ લઘુ હિમવંત, ત્રણ તરફ સાગરની મર્યાદામાં પરિપૂર્ણ ભરતક્ષેત્રના બીજા ઘણા રાજા, ઈશ્વર, તલવર યાવત્ સાર્થવાહ આદિનું આધિપત્ય, પૌરોપત્ય, ભર્તૃત્વ, સ્વામિત્વ, મહત્તરકત્વ, આજ્ઞૈશ્વર્ય સેનાપત્ય કરતા કરતા, પાલન કરતા કરતા– સમ્યક્ નિર્વાહ કરતો રાજ્ય કરે છે.

તે રાજા ભરત. અપહત નિહત કંટક, ઉદ્ધૃત મલિત સર્વે શત્રુને નિર્જિત ભરતાધિપ નરેન્દ્ર શ્રેષ્ઠ ચંદનથી ચર્ચિત શરીરી, શ્રેષ્ઠ હારથી રચિત વક્ષઃ, શ્રેષ્ઠ મુગટથી વિભૂષિત, શ્રેષ્ઠ વસ્ત્ર–ભૂષણ ધારક, સર્વ ઋતુક સુરભિ કુસુમના શ્રેષ્ઠ માળાથી શોભિત મસ્તકવાળા, શ્રેષ્ઠ નાટક–નૃત્ય–સ્ત્રીના વૃંદ સાથે સપરિવૃત્ત, સર્વૌષધિ–સર્વરત્ન–સર્વ સમિતિ સમગ્ર સંપૂર્ણ મનોરથ, હત અમિત્ર માનમથન, પૂર્વકૃત તપના પ્રભાવથી નિવિષ્ટ સંચિત ફળરૂપ માનુષી સુખને ભોગવતો તે ભરત નામે હતો.

### સૂત્ર–૧૨૫

ત્યારે તે ભરતરાજા અન્ય કોઈ દિવસે જ્યાં સ્નાનગૃહ છે, ત્યાં આવે છે, આવીને યાવત્ ચંદ્ર સદશ પ્રિયદર્શન નરપતિ સ્નાનગૃહથી નીકળે છે, નીકળીને જ્યાં આદર્શગૃહ છે, જ્યાં સિંહાસન છે, ત્યાં આવે છે, આવીને શ્રેષ્ઠ સિંહાસન ઉપર પૂર્વાભિમુખ બેઠો, બેસીને આદર્શગૃહમાં પોતાના પ્રતિબિંબને જોતો–જોતો રહે છે.

ત્યારે તે ભરતરાજા શુભ પરિણામથી, પ્રશસ્ત અધ્યવસાયથી, વિશુદ્ધ થતી જતી લેશ્યાથી, ઇહા–અપોહ–માર્ગણા–ગવેષણા કરતા તેના આવરણ કર્મોના ક્ષયથી કર્મરજના નિવારક અપૂર્વકરણમાં પ્રવેશતા અનંત અનુત્તર નિર્વ્યાઘાત નિરાવરણ સંપૂર્ણ પ્રતિપૂર્ણ શ્રેષ્ઠ કેવલ–જ્ઞાન–દર્શન ઉત્પન્ન થયા.

ત્યારે તે ભરત કેવલી જાતે જ આભરણ અલંકાર ઊતારે છે, ઊતારીને સ્વયં જ પંચમુષ્ટિક લોચ કરે છે, કરીને આદર્શગૃહથી નીકળે છે. નીકળીને અંતઃપુરની ઠીક મધ્યેથી નીકળે છે, નીકળીને ૧૦,૦૦૦ રાજાઓ સાથે સંપરિવરીને વિનીતા રાજધાનીની ઠીક મધ્યેથી નીકળે છે, નીકળીને મધ્યદેશમાં સુખેસુખે વિચરે છે. વિચરીને જ્યાં અષ્ટાપદ પર્વત છે, ત્યાં આવે છે, આવીને અષ્ટાપદ પર્વત ઉપર ધીમે ધીમે ચડે છે. ચડીને મેઘઘન–સદશ દેવ સન્નિપાત પૃથ્વીશિલાપટ્ટકનું પ્રતિલેખન કરે છે. કરીને સંલેખના ઝોષણાથી ઝોષિત થઈ ભોજન–પાનનો પરિત્યાગ કરી, પાદોપગમ અનશન કરી, કાળની આકાંક્ષા ન કરતો વિચરે છે.

ત્યારે તે ભરત કેવલી૭૭ લાખ પૂર્વ કુમારવાસમાં રહીને, ૧૦૦૦ વર્ષ માંડલિક રાજાપણે વસીને, છ લાખ પૂર્વમાં ૧૦૦૦ વર્ષ ન્યૂન મહારાજા ચક્રવર્તી. પણે વસીને, ૮૩–લાખ પૂર્વ ગૃહવાસ મધ્યે રહીને, કંઈક ન્યૂન એક લાખ પૂર્વ કેવલીપર્યાય પાળીને, તે જ બહુપ્રતિપૂર્ણ શ્રામણ્ય પર્યાય પાળીને કુલ ૮૪–લાખ પૂર્વ સર્વાયુ પાળીને નિર્જળ માસિક ભક્ત કરીને શ્રવણ નક્ષત્રમાં ચંદ્રનો યોગ પ્રાપ્ત થતા, વેદનીય–આયુ–નામ–ગોત્ર કર્મ ક્ષીણ થતા કાલગત થયા મૃત્યુ પામ્યા.. તેમના જન્મ–જરા–મરણના બંધન છિન્ન થયા, તેઓ સિદ્ધ–બુદ્ધ–મુક્ત–પરિનિવૃત્ત–અંતકૃત થઈ સર્વ દુઃખથી મુક્ત થયા.

સૂત્ર–૧૨૬

અહીં ભરતક્ષેત્રમાં મહર્દ્ધિક, મહાદ્યુતિક યાવત્ પલ્યોપમ સ્થિતિક દેવ વસે છે, તેથી હે ગૌતમ! તે ભરતક્ષેત્ર કહેવાય છે. અથવા હે ગૌતમ! ભરતક્ષેત્રનું શાશ્વત નામ કહેલ છે. જે કદી ન હતું–નથી કે નહીં હોય એમ નથી પણ હતું – છે અને રહેશે. તે ધ્રુવ, નિયત, શાશ્વત, અક્ષય, અવ્યય, અવસ્થિત, નિત્ય ભરતક્ષેત્ર છે.

મુનિ દીપરત્નસાગરે કરેલ વક્ષસ્કાર-૩ નો ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ

# વક્ષસ્કાર–૪

**સૂત્ર–૧૨૭**

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં લઘુહિમવંત નામક વર્ષધર પર્વત ક્યાં કહ્યો છે ? ગૌતમ ! હેમવંત વર્ષક્ષેત્રની દક્ષિણમાં, ભરત ક્ષેત્રની ઉત્તરમાં, પૂર્વ લવણસમુદ્રની પશ્ચિમે, પશ્ચિમ લવણ સમુદ્રની પૂર્વે આ જંબૂદ્વીપ દ્વીપમાં લઘુ હિમવંત નામે વર્ષધર પર્વત કહ્યો છે.

આ પર્વત પૂર્વ–પશ્ચિમ લાંબો, ઉત્તર–દક્ષિણ પહોળો છે. બંને બાજુ લવણસમુદ્રને સ્પર્શે છે. પૂર્વી કોટિથી પૂર્વી લવણસમુદ્ર સ્પૃષ્ટ છે અને પશ્ચિમી કોટિથી પશ્ચિમી લવણસમુદ્ર સ્પૃષ્ટ છે. **૧૦૦** યોજન ઉર્ધ્વ ઊંચો, **૨૫** યોજન ભૂમિમાં, **૧૦૫૨–૧૨/૧૯** યોજન પહોળો છે. તેની બાહા પૂર્વ–પશ્ચિમ **૫૩૫૦–૧૫||/૧૯** યોજન લાંબી છે. તેની જીવા ઉત્તરમાં પૂર્વ–પશ્ચિમ લાંબી યાવત્ પશ્ચિમી કિનારે પશ્ચિમી લવણસમુદ્રને સ્પૃષ્ટ **૨૪,૯૩૨** યોજન અને અર્ધ ભાગથી કંઈક ન્યૂન લાંબી કહી છે. તેનું ધનુપૃષ્ઠ દક્ષિણમાં **૨૫,૨૩૦–૪/૧૯** યોજન પરિધીની અપેક્ષાથી કહેલ છે.

તે રૂચકસંસ્થાન સંસ્થિત, સર્વ સુવર્ણમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ યાવત્ પ્રતિરૂપ છે. તેના બંને પડખે બે પદ્મવરવેદિકા, બે વનખંડથી વીંટળાયેલ છે. બંનેનું વર્ણન પૂર્વવત્ છે. લઘુહિમવંત વર્ષધર પર્વતની ઉપર બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે, જેમ કોઈ ચર્મ મઢેલ ઢોલ હોય, તેના જેવો સમતલ ભૂમિભાગ કહેલ છે યાવત્ ત્યાં વ્યંતર દેવો અને દેવીઓ બેસે છે યાવત્ વિહરે છે.

**સૂત્ર–૧૨૮**

તેના બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગમાં અહીં એક મોટું પદ્મદ્રહ નામે દ્રહ કહેલ છે. તે પૂર્વ–પશ્ચિમ લાંબુ, ઉત્તર–દક્ષિણ પહોળું છે. તે **૧૦૦૦** યોજન લાંબુ, **૫૦૦** યોજન પહોળુ, **૧૦** યોજન ઊંડુ, સ્વચ્છ, શ્લક્ષ્ણ, રજતમય તટવાળુ યાવત્ પ્રાસાદીય યાવત્ પ્રતિરૂપ છે. તે એક પદ્મવર વેદિકા અને એક વનખંડથી ચોતરથી વીંટાયેલ છે. વેદિકા અને વનખંડનું વર્ણન પૂર્વવત્ કહેવું. તે પદ્મદ્રહની ચારે દિશામાં ચાર ત્રિસોપાન પ્રતિરૂપક કહેલા છે, તેનું વર્ણન પૂર્વવત્ કહેવું.

તે ત્રિસોપાન પ્રતિરૂપક આગળ પ્રત્યેક–પ્રત્યેક તોરણ કહેલ છે. તે તોરણો વિવિધ મણિમય છે. તે પદ્મદ્રહના બહુમધ્ય દેશભાગમાં અહીં એક મોટું પદ્મ કહેલ છે. તે એક યોજન લાંબુ–પહોળું છે, અડધો યોજન પહોળું છે, **૧૦** યોજન પાણીમાં છે. બે કોશ જળથી ઊંચુ છે. સાતિરેક દશ યોજન સર્વાગ્રથી કહેલ છે. તે એક જગતીથી ચોતરફથી ઘેરાયેલ છે, તે પ્રાકારનું પ્રમાણ જંબૂદ્વીપના પ્રાકાર તુલ્ય છે, તેનો ગવાક્ષ કટકનું પ્રમાણ પણ તેમ જ છે.

તે પદ્મનું વર્ણન આ પ્રમાણે છે – વજ્રમય મૂળ, રિષ્ટરત્નમય કંદ, વૈડૂર્યમય નાલ, વૈડૂર્યમય બાહ્ય પત્ર, જાંબૂનદ મય અભ્યંતર પત્ર, તપનીયમય કેસરા, વિવિધ મણિમય પુષ્કરાસ્થિ ભાગ, સુવર્ણમયી કર્ણિકા છે. તે કર્ણિકા અર્ધ યોજન લંબાઈ–પહોળાઈથી, કોશ–જાડાઈથી, સર્વ સ્વર્ણમયી અને સ્વચ્છ છે.

તે કર્ણિકાની ઉપર બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે. યાવત તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગમાં એક મોટું ભવન કહેલ છે. તે એક કોશ લાંબુ, અર્ધકોશ પહોળું, દેશોન કોશ ઉર્ધ્વ ઉચ્ચત્વથી છે. અનેક શત સ્તંભ સંનિવિષ્ટ, પ્રાસાદીય અને દર્શનીય છે.

તે ભવનની ત્રણ દિશામાં ત્રણ દ્વારો કહેલા છે. તે દ્વારો **૫૦૦** ધનુષ ઉર્ધ્વ ઉચ્ચત્વથી, **૨૫૦** ધનુષ પહોળા, તેટલા જ પ્રવેશમાં છે, શ્વેત સુવર્ણની શ્રેષ્ઠ સ્તૂપિકા યાવત્ વનમાળાઓ જાણવી.

તે ભવનમાં બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે. યાવત તેના બહુમધ્ય દેશભાગમાં અહીં એક મોટી મણિપીઠિકા કહી છે. તે પીઠિકા **૫૦૦** ધનુષ લાંબી–પહોળી, **૨૫૦** ધનુષ જાડી, સર્વ મણિમયી, સ્વચ્છ છે.

તે મણિમયી પીઠિકા ઉપર અહીં એક મોટું શયનીય કહેલ છે. શયનીયનું વર્ણન પૂર્વવત્ છે.

તે પદ્મ બીજા ૧૦૮ પદ્મો કે જે તેના અડધા ઉચ્ચત્વ પ્રમાણ માત્રથી ચોતરફથી સંપરિક્ષિપ્ત છે. તે પદ્મો અર્ધ–યોજન લાંબા–પહોળા, એક કોશ જાડા, ૧૦ યોજન જળમાં, જળથી એક કોશ ઊંચું, સાતિરેક દશ યોજન ઉચ્ચત્વથી છે.

તે પદ્મોનું વર્ણન આ પ્રમાણે – વજ્રમય મૂળ યાવત્ સુવર્ણમયી કર્ણિકા છે. તે કર્ણિકા એક કોશ લંબાઈથી, અર્ધકોશ પહોળાઈથી, સર્વકનકમયી, નિર્મળ છે. તે કર્ણિકા ઉપર બહુસમ રમણીય ભૂમિભાગ યાવત્ મણિથી ઉપશોભિત છે.

તે પદ્મની પશ્ચિમોત્તર, ઉત્તર, ઉત્તર–પૂર્વમાં અહીં 'શ્રી' દેવીના ૪૦૦૦ સામાનિક દેવોના ૪૦૦૦ પદ્મો કહ્યા છે. તે પદ્મની પૂર્વે અહીં શ્રીદેવીની ચાર મહત્તરિકાના ચાર પદ્મો કહેલા છે.

તે પદ્મની દક્ષિણ–પૂર્વમાં શ્રીદેવીની અભ્યંતર પર્ષદાના ૮૦૦૦ દેવોના ૮૦૦૦ કમળો કહેલા છે. દક્ષિણમાં મધ્યમ પર્ષદાના ૧૦,૦૦૦ દેવોના ૧૦,૦૦૦ પદ્મો કહેલા છે. દક્ષિણ–પશ્ચિમમાં બાહ્ય પર્ષદાના ૧૨,૦૦૦ દેવોના ૧૨,૦૦૦ કમળો કહેલા છે. પશ્ચિમમાં સાત સેનાધિપતિના સાત કમળો કહેલા છે. તે પદ્મની ચારે દિશામાં ચોતરફ અહીં શ્રીદેવીના ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવોના ૧૬,૦૦૦ કમળો કહેલા છે.

તે મૂળ કમળ, અભ્યંતર–મધ્યમ અને બાહ્ય, ત્રણ પદ્મ પરિક્ષેપથી ઘેરાયેલ છે. તે આ રીતે – અભ્યંતર પદ્મ પરિક્ષેપ ૩૨–લાખ પદ્મ, મધ્યમ પદ્મ પરિક્ષેપ ૪૦–લાખ પદ્મ, બાહ્ય પદ્મપરિક્ષેપ ૪૮–લાખ પદ્મ છે. એ રીતે ત્રણે મળીને ૧,૨૦ લાખ પદ્મ છે તેમ કહ્યું છે.

ભગવન્ ! પદ્મદ્રહને પદ્મદ્રહ કેમ કહે છે ? ગૌતમ! પદ્મદ્રહમાં તે–તે દેશમાં, ત્યાં–ત્યાં ઘણા કમળો યાવત્ શતસહસ્રપત્ર પદ્મો છે. તે પદ્મદ્રહપ્રભા, પદ્મદ્રહ વર્ણાભા છે. અહીં 'શ્રી' દેવી મહર્દ્ધિક યાવત્ પલ્યોપમસ્થિતિક વસે છે. એ કારણથી પદ્મદ્રહ કહે છે અથવા યાવત્ પદ્મદ્રહ એ શાશ્વત નામ કહેલ છે, જે સદા અવસ્થિત છે, નિત્ય છે.

સૂત્ર–૧૨૯

તે પદ્મદ્રહના પૂર્વના તોરણથી ગંગા મહાનદી નીકળી પૂર્વ અભિમુખ ૫૦૦ યોજન પર્વતમાં વહીને ગંગાવર્તકૂટે આવર્ત્ત કરીને ૫૨૩ યોજન અને યોજનના ૩/૧૯ ભાગ દાક્ષિણાભિમુખી પર્વતમાં ગંગા મોટા ઘટમુખથી નીકળતી, મુક્તાવલી હાર સંસ્થિત, સાતિરેક સો યોજનના પ્રપાતથી પડે છે. ગંગા મહાનદી જ્યાંથી પ્રવર્તે છે, ત્યાં એક મોટી જીહ્નિકા કહેલી છે. તે જીહ્નિકા અર્ધયોજન લંબાઈથી, છ યોજન અને એક કોશ પહોળી, અર્ધ કોશ જાડી, મગર મગરના પહોળા કરેલા મુખના આકારે સંસ્થિત, સર્વ વજ્રમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ છે.

ગંગા મહાનદી જ્યાં પડે છે, ત્યાં એક મોટો ગંગાપ્રપાત કુંડ નામે કુંડ કહેલ છે. તે ૬૦ યોજન લાંબો–પહોળો, પરિધિથી કંઈક વિશેષાધિક ૧૯૦ યોજન છે. ૧૦ યોજન ઉદ્વેધ, સ્વચ્છ, શ્લક્ષ્ણ, રજતમય કૂળવાળી, સમતીર, વજ્રમય પાષાણ, વજ્રતલ, સુવર્ણ શુભ્ર રજતમય વાલુકા, વૈડૂર્યમણિ સ્ફટિક પટલ પટ્ટીથી બનેલ છે, તેમાં પ્રવેશ કે નિર્ગમ સુખેથી થઈ શકે છે. તેના ઘાટ અનેક પ્રકારે મણિઓથી બદ્ધ છે. તે વૃત્ત, અનુપૂર્વ, સુજાત વપ્ર ગંભીર શીતળ જળથી યુક્ત, પત્ર–ભિસ–મુણાલથી ઢંકેલ, ઘણા ઉત્પલ, કુમુદ, નલિન, સુભગ, સૌગંધિક, પુંડરીક, મહાપુંડરીક, શતપત્ર, સહસ્રપત્ર, લક્ષપત્ર, તેના પુષ્પ અને કેસરાથી યુક્ત, ભ્રમર–મધુકર વડે પરિભોગવાતા કમળો, સ્વચ્છ–વિમલ–પથ્ય સલિલવાળા, પૂર્ણ, પ્રતિહસ્ત –ભમતા મત્સ્ય, કાચબા, અનેક પક્ષીગણના મિથુનના અહીં–તહીં ભ્રમરથી અને ગુંજન થકી તે કુંડ ઘણો પ્રાસાદીય લાગે છે.

તે એક પદ્મવર વેદિકા અને એક વનખંડથી ચોતરફથી સંપરિવૃત્ત છે. વેદિકા, વનખંડ અને પદ્મોનું વર્ણન (ઉવવાઈ સૂત્રાનુસાર) કહેવું.

તે ગંગા પ્રપાતકુંડની ત્રણ દિશામાં ત્રણ ત્રિસોપાન પ્રતિરૂપક કહેલ છે. તે આ પ્રમાણે – પૂર્વમાં, દક્ષિણમાં, પશ્ચિમમાં. તે ત્રિસોપાન પ્રતિરૂપકનું આવ સ્વરૂપે વર્ણન કહેલ છે – વજ્રમય નેમ, રિષ્ઠરત્નમય પ્રતિષ્ઠાન, વૈડૂર્યમય સ્તંભ, સુવર્ણ–રૂપ્યમય ફલક, લોહિતાક્ષમય શૂચિ, વજ્રમય સંધિ, વિવિધ મણિમય આલંબન, આલંબન બાહાઓ છે.

તે ત્રિસોપાન પ્રતિરૂપકની આગળ પ્રત્યેકે પ્રત્યેક તોરણો કહ્યા છે. તે તોરણો વિવિધ મણિમય છે, તે વિવિધ મણિમય સ્તંભો ઉપર ઉપનિવિષ્ટ–સંનિવિષ્ટ છે. વિવિધ તારોના આકારે તેમાં ઘણા પ્રકારે મોતી જડેલા છે. તે ઈહામૃગ, વૃષભ, તુરગ, નર, મગર, પક્ષી, વ્યાલક, કિન્નર, રુરુ, શરભ, ચમર, કુંજર, વનલતા, પદ્મલતાના ચિત્રો વડે ચિત્રિત છે. તેના સ્તંભ ઉપર વજ્રરત્નમયી વેદિકા પરિગત છે, જે ઘણી રમ્ય લાગે છે. વિદ્યાધર યમલયુગલ યંત્રયુક્ત સમાન, હજારો રત્નોની પ્રભાથી સુશોભિત, સહસ્રો ચિત્રોથી દેદીપ્યમાન, જોતા જ આંખમાં વસી જાય તેવા છે. તે સુખ સ્પર્શવાળા, સશ્રીકરૂપ, ઘંટાવલીના ચલિત થવાથી મધુર મનહર સ્વરવાળા અને પ્રાસાદીય છે.

તે **તોરણો ઉપર ઘણા આઠ–આઠ મંગલો કહ્યા છે. તે આ પ્રમાણે – સ્વસ્તિક, શ્રીવત્સ યાવત્ પ્રતિરૂપ** છે.

તે તોરણોની ઉપર ઘણા કૃષ્ણચામર ધ્વજ યાવત્ શ્વેતચામર ધ્વજો છે. જે સ્વચ્છ, શ્લક્ષ્ણ, રૂપ્યપટ્ટ, વજ્રમય દંડ છે અને નિર્મલ ગંધિક એવા કમળો છે, જે સુરમ્ય અને પ્રાસાદીયાદિ છે.

તે તોરણોની ઉપર ઘણા છત્રાતિછત્રો, પતાકાતિપતાકા, ઘંટાયુગલ, ચામરયુગલ, ઉત્પલ, પદ્મ યાવત્ શતસહસ્ર પત્રો છે. તે સર્વે રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

તે ગંગાપ્રપાતકુંડના બહુમધ્ય દેશભાગમાં અહીં એક મહાન ગંગાદ્વીપ નામે દ્વીપ કહેલ છે. તે આઠ યોજન લાંબો–પહોળો, સાતિરેક પચ્ચીશ યોજન પરિધિથી, બે કોશ જળથી ઊંચા, સર્વરત્નમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ છે. તે એક પદ્મવર વેદિકા અને એક વનખંડથી ચોતરફથી સંપરિક્ષિપ્ત છે. તેનું વર્ણન કરવું.

ગંગાદ્વીપ દ્વીપની ઉપર બહુસમ રમણીય ભૂમિભાગ છે. તે બહુમધ્ય દેશભાગમાં અહીં ગંગાદેવીનું એક મોટું ભવન કહેલ છે. તે એક કોશ લાંબુ, અર્ધકોશ પહોળું, દેશોન કોશ ઉર્ધ્વ ઉચ્ચત્વથી, અનેકશત સ્તંભ સંનિવિષ્ટ યાવત્ બહુમધ્ય દેશભાગમાં મણિ–પીઠિકામાં શયનીય છે

કયા હેતુથી ગંગાદ્વીપને ગંગાદ્વીપ કહેલ છે.

ગૌતમ ! તે ગંગાદ્વીપમાં અનેક સ્થાને, ઘણા ઉત્પલ કમળો યાવત લાખ પાંખડીવાળા કમળો છે, તે કમળો ગંગાદ્વીપ જેવી પ્રભાવાળા, આકારવાળા, વર્ણવાળા, વર્ણ જેવી આભાવાળા છે. તે ગંગાદ્વીપમાં મહર્દ્ધિક યાવત પલ્યોપમ સ્થિતિક ગંગા નામની દેવીનું આવાસ સ્થાન છે. તેથી તે દ્વીપ ગંગાદ્વીપ કહેવાય છે. અથવા આ તેનું શાશ્વત નામ છે.

તે ગંગા પ્રપાતકુંડના દક્ષિણી તોરણથી ગંગા મહાનદી નીકળી ઉત્તરાર્દ્ધ ભરતક્ષેત્રમાં જતી–જતી૭૦૦૦ નદીઓ તેમાં મળે છે. તેનાથી આપૂર્ણ થઈ ખંડપ્રપાત ગુફાની નીચેથી વૈતાઢ્ય પર્વતની ચીરતી દક્ષિણાર્દ્ધ ભરતક્ષેત્રમાં જતી–જતી દક્ષિણાર્દ્ધ ભરતક્ષેત્રના બહુમધ્ય દેશભાગમાં જઈને પૂર્વાભિમુખ વળીને ૧૪,૦૦૦ નદીઓના કુલ પરિવારયુક્ત થઈને જગતીને ચીરતી પૂર્વી લવણસમુદ્રમાં મળે છે.

ગંગા મહાનદીનો પ્રવાહ છ યોજન અને એક કોશ પહોળો, અર્ધકોશ ઊંડો છે. ત્યારપછી માત્રામાં વધતી–વધતી સમુદ્ર મુખ પાસે ૬૨॥ યોજન પહોળી છે, ઊંડાઈ સવા યોજન હોય છે. તે બંને તરફ બે પદ્મવર વેદિકા અને બે વનખંડો દ્વારા સંપરિવૃત્ત છે. વેદિકા અને વનખંડનું વર્ણન પૂર્વવત્ છે. એ પ્રમાણે સિંધુમાં પણ જાણવુ યાવત્ તે પદ્મદ્રહના પશ્ચિમી તોરણથી સિંધુ આવર્તન કૂટથી વળીને દક્ષિણાભિમુખ થઈને સિંધુપ્રપાતકુંડ, સિંધુદ્વીપ આદિ પૂર્વવત્ યાવત્ તિમિસ્ર ગુફાની નીચેથી વૈતાઢ્ય પર્વતને ચીરીને પશ્ચિમાભિમુખથી વળીને ૧૪,૦૦૦ નદી સાથે મળીને જગતીને ચીરી પશ્ચિમી લવણસમુદ્રમાં યાવત્ મળે છે. બાકી બધું ગંગા નદી સમાન જાણવુ.

*તે પદ્મદ્રહના ઉત્તરના તોરણથી રોહીતાંશા મહાનદી નીકળી **૨૭૬** યોજન, યોજનના **૬/૧૯** ભાગ વહીને ઉત્તરાભિમુખ પર્વતમાં જઈને મોટા ઘટમુખથી નીકળતા મુક્તાવલી હાર સંસ્થિત, સાતિરેક **૧૦૦** યોજન પ્રપાતથી પડે છે. રોહીતાંશા મહાનદી જ્યાંથી પડે છે, અહીં એક મોટી જિહ્વિકા કહી છે. તે જિહ્વિકા એક યોજન લાંબી, **૧૨॥** યોજન પહોળી, એક કોશ જાડાઈ, વિવૃત્ત મગરમુખ સંસ્થાન સંસ્થિત, સર્વ વજ્રમય, સ્વચ્છ છે.

રોહીતાંશા મહાનદી જ્યાં પડે છે, ત્યાં એક મોટો રોહીતાંશા પ્રપાત કુંડ નામે કુંડ કહેલ છે. તે **૧૨૦** યોજન લાંબો–પહોળો અને **૧૮૩** યોજનમાં કંઈક ન્યૂન પરિધિ છે. **૧૦** યોજન ઊંડો, સ્વચ્છ છે. તોરણ સુધી કુંડનું વર્ણન પૂર્વવત્ છે. તે રોહીતાંશા પ્રપાતકુંડના બહુમધ્ય દેશભાગમાં અહીં એક મોટો રોહીતાંશ નામે દ્વીપ કહેલ છે. તે **૧૬** યોજન લાંબો–પહોળો છે, સાતિરેક **૫૦**–યોજન પરિધિથી છે. જળથી બે કોશ ઊંચો, સર્વરત્નમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ છે. બાકી પૂર્વવત્ યાવત્ ભવનાદિ પૂર્વવત્ કહેવા.

તે રોહીતાંશ પ્રપાતકુંડના ઉત્તરના તોરણથી રોહીતાંશા મહાનદી નીકળતી હૈમવત ક્ષેત્રમાં વહેતી–વહેતી **૧૪,૦૦૦** નદીઓથી આપૂર્ણ થતી–થતી શબ્દાપાતી વૃત્ત વૈતાઢ્ય પર્વતથી અર્ધ યોજન દૂર રહીને પશ્ચિમ તરફ વળીને હૈમવત ક્ષેત્રને બે ભાગમાં વિભાગ કરતી–કરતી કુલ **૨૮,૦૦૦** નદીઓ સાથે મળીને, જગતીની નીચેથી ચીરતી પશ્ચિમી લવણસમુદ્રમાં મળે છે. રોહીતાંશા નદી જ્યાંથી વહે છે, ત્યાં **૧૨॥** યોજન પહોળી, એક કોશ ઊંડી છે. ત્યાર પછી માત્રામાં વધતી–વધતી મુખના મૂળમાં **૧૨૫** યોજન પહોળી, **૨॥** યોજન ઊંડી, બંને બાજુ બે પદ્મવર વેદિકા અને બે વનખંડથી સંપરિવરેલ છે.

સૂત્ર–૧૩૦

ભગવન્ ! લઘુ હિમવંત વર્ષધર પર્વતના કેટલા કૂટ કહેલા છે ? ગૌતમ! **૧૧**–કૂટો કહ્યા છે. તે આ – સિદ્ધાયતન, લઘુહિમવંત, ભરત, ઈલાદેવી, ગંગાદેવી, શ્રી, રોહીતાંશ, સિંધુદેવી, સુરદેવી, હેમવત અને વૈશ્રમણ–કૂટ.

ભગવન્ ! લઘુહિમવંત વર્ષધર પર્વતમાં સિદ્ધાયતન નામક કૂટ ક્યાં કહ્યો છે ?

ગૌતમ! પૂર્વી લવણસમુદ્રના પશ્ચિમે, લઘુહિમવંત કૂટની પૂર્વે આ સિદ્ધાયતન કૂટ નામે કૂટ કહેલ છે. તે **૫૦૦** યોજન ઉર્ધ્વ ઊંચો, મૂળમાં **૫૦૦** યોજન, મધ્યે **૩૭૫** યોજન અને ઉપર **૨૫૦** યોજન પહોળો છે. મૂળમાં **૧૫૮૧** યોજનથી કંઈક વિશેષ, મધ્યમાં કંઈક ન્યૂન **૧૧૮૬** યોજન અને ઉપર કંઈક ન્યૂન **૭૯૧** યોજન પરિધિથી છે. મૂળમાં વિસ્તીર્ણ, મધ્યે સંક્ષિપ્ત અને ઉપર પાતળો, ગોપુચ્છ આકારે, સર્વરત્નમય, નિર્મળ છે. તે એક પદ્મવર વેદિકા અને એક વનખંડથી ચોતરફથી વીંટળાયેલ છે.

સિદ્ધાયતન કૂટની ઉપર બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે, યાવત્ તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગમાં અહીં એક મોટું **સિદ્ધાયતન** કહેલ છે. **તે ૫૦ યોજન લાંબુ, ૨૫ યોજન પહોળું, ૩૬ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી છે યાવત્ ત્યાં જિનપ્રતિમાનું વર્ણન કહેવું.**

ભગવન્ ! લઘુ હિમવંત વર્ષધર પર્વતમાં લઘુહિમવંત કૂટ નામે કૂટ ક્યાં કહેલ છે ? ગૌતમ ! ભરતકૂટની પૂર્વે, સિદ્ધાયતન કૂટની પશ્ચિમે આ લઘુહિમવંત વર્ષધર પર્વતમાં કહેલ છે. એ પ્રમાણે જે કંઈ સિદ્ધાયતન કૂટના ઉચ્ચત્વ–વિષ્કંભ–પરિધિ છે યાવત્ બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગમાં અહીં એક મોટું પ્રાસાદાવતંસક કહેલ છે. તે **૬૨॥** યોજન ઊંચો, **૩૧।** યોજન પહોળું, ઘણુ ઊંચુ ઉઠેલ છે.

વિવિધ મણિ–રત્નથી ચિત્રિત વાયુથી ઊડતી વિજય–વૈજયંતી પતાકા અને છત્રાતિછત્ર યુક્ત, ઊંચા, ગગનતલને ઉલ્લંઘતા શિખર યુક્ત છે. તેની જાળીમાં જડેલ રત્ન સમૂહ તે પ્રાસાદ પોતાના નેત્રો ઉઘાડતો હોય તેવા છે. મણિરત્નની સ્તૂપિકા છે, તેના ઉપર વિકસિત શીતપત્ર–પુંડરીક–તિલકરત્ન અર્ધચંદ્રના ચિત્રો અંકિત છે. વિવિધ મણિમય માળાથી અલંકૃત છે. અંદર અને બહાર શ્લક્ષ્ણ વજ્રમય તપનીય રુચિર વાલુકાના પ્રસ્તટ છે તેનો

સુખદ સ્પર્શ, સશ્રીકરૂપ, પ્રાસાદીય યાવત્ પ્રતિરૂપ છે.

તે પ્રાસાદાવતંસકના અંદર બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે યાવત્ સપરિવાર સિંહાસન કહેવું.

ભગવન્ ! લઘુહિમવંત કૂટને લઘુહિમવંત કૂટ કેમ કહે છે ? ગૌતમ! લઘુહિમવંત નામક મહર્દ્ધિક યાવત્ દેવ વસે છે તેથી તે લઘુહિમવંત કૂટ કહેવાય છે.

ભગવન્ ! લઘુહિમવંત ગિરિકુમાર દેવની લઘુહિમવંતા નામે રાજધાની ક્યાં કહી છે ? ગૌતમ ! લઘુહિમવંતની દક્ષિણમાં તીર્છા અસંખ્યાત દ્વીપસમુદ્ર ગયા પછી બીજા જંબૂદ્વીપ દ્વીપની દક્ષિણે **૧૨,૦૦૦** યોજન જઈને અહીં લઘુ હિમવંતના ગિરિકુમાર દેવની લઘુહિમવંતા રાજધાની કહી છે. તે **૧૨,૦૦૦** યોજન લાંબી-પહોળી છે. એ પ્રમાણે વિજય રાજધાની સદશ કહેવી.

એ પ્રમાણે બાકીના કૂટોની વક્તવ્યતા પણ જાણવી. લંબાઈ, પહોળાઈ, પરિધિ, પ્રાસાદદેવતા, સિંહાસન પરિવાર, તેના દેવ-દેવીઓ અને રાજધાની જાણવી. તેમાં લઘુહિમવંત, ભરત, હૈમવત અને વૈશ્રમણ કૂટોમાં દેવો રહે છે, બાકીના કૂટોમાં દેવીઓ રહે છે.

ભગવંત ! તે લઘુહિમવંત વર્ષધર પર્વત કેમ કહેવાય છે ? ગૌતમ ! મહાહિમવંત વર્ષધર પર્વતની અપેક્ષાથી લંબાઈ, ઉચ્ચત્વ, ઉદ્વેધ, પહોળાઈ અને પરિધિને આશ્રીને કંઈક લઘુતર, હ્રસ્વતર તથા નિમ્નતર છે. અહીં લઘુહિમવંત દેવ મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિક વસે છે. એ કારણથી હે ગૌતમ ! એમ કહે છે – લઘુહિમવંત વર્ષધર પર્વત કહેવાય છે. અથવા હે ગૌતમ! લઘુહિમવંતનું એ શાશ્વત નામ કહેલ છે. જે હંમેશા હતું-છે-રહેશે.

## સૂત્ર-૧૩૧

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં હેમવંત નામે ક્ષેત્ર ક્યાં કહેલ છે ? ગૌતમ ! મહાહિમવંત વર્ષધર પર્વતની દક્ષિણે, લઘુ-હિમવંત વર્ષધર પર્વતની ઉત્તરે, પૂર્વ લવણસમુદ્રની પશ્ચિમે, પશ્ચિમ લવણસમુદ્રની પૂર્વે, આ જંબૂદ્વીપ દ્વીપમાં હેમવંત ક્ષેત્ર કહેલ છે.

આ ક્ષેત્ર પૂર્વ-પશ્ચિમ લાંબુ, ઉત્તર-દક્ષિણ પહોળું, પલ્યંક સંસ્થાન સંસ્થિત, બે તરફ લવણસમુદ્રને સ્પૃષ્ટ, પૂર્વની કોટિથી પૂર્વી લવણસમુદ્રને સ્પૃષ્ટ, પશ્ચિમી કોટિથી પશ્ચિમી લવણસમુદ્રને સ્પૃષ્ટ છે. **૨૧૦૫/૫-૧૯** યોજન વિસ્તારથી છે. તેની બાહા પૂર્વ-પશ્ચિમ **૬૭૫૫/૩-૧૯** યોજન લાંબી છે. તેની જીવા ઉત્તરમાં પૂર્વ-પશ્ચિમ બંને બાજુ લવણસમુદ્રને સ્પૃષ્ટ, પૂર્વની કોટીથી પૂર્વી લવણસમુદ્રને સ્પૃષ્ટ, પશ્ચિમમાં યાવત્ સ્પૃષ્ટ, **૩૭,૬૭૪/૧૬-૧૯** યોજનથી કંઈક ન્યૂન લાંબી છે. દક્ષિણમાં તેનું ધનુપૃષ્ઠ પરિધિની અપેક્ષાથી **૩૮૭૪-૧૦/૧૯** યોજન છે.

ભગવન્ ! હેમવત ક્ષેત્રનો આકાર, ભાવ, પ્રત્યાવતાર કેવો કહેલ છે? ગૌતમ! બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે. તેનું સ્વરૂપ આદિ ત્રીજા આરા સમાન છે.

## સૂત્ર-૧૩૨

ભગવન્ ! હૈમવંત ક્ષેત્રમાં શબ્દાપાતી નામે વૃત્તવૈતાઢ્ય પર્વત ક્યાં છે ?

ગૌતમ! રોહીતા મહાનદીની પશ્ચિમે રોહીતાંશા મહાનદીની પૂર્વમાં, હૈમવંત ક્ષેત્રના બહુમધ્ય દેશભાગમાં, અહીં શબ્દાપાતી નામક વૃત્તવૈતાઢ્ય પર્વત કહેલ છે.

આ પર્વત **૧૦૦૦** યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, **૨૫૦** યોજન ભૂમિમાં, સર્વત્ર સમ, પલ્યંક સંસ્થાન સંસ્થિત, **૧૦૦૦** યોજન લાંબો-પહોળો, **૩૧૬૨** યોજનથી કંઈક વિશેષાધિક પરિધિથી કહેલ છે. તે સર્વરત્નમય અને નિર્મળ છે. એક પદ્મવર વેદિકા અને એક વનખંડથી ચારે તરફથી સંપરિવૃત્ત છે. વેદિકા અને વનખંડ વર્ણન કહેવું.

શબ્દાપાતી વૃત્ત વૈતાઢ્યની ઉપર બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે, તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગમાં અહીં એક મોટું પ્રાસાદાવતંસક કહેલ છે. જે **૬૨**॥ યોજન ઉર્ધ્વ ઊંચું, **૩૧**। યોજન લાંબુ-પહોળું

યાવત્ સપરિવાર સિંહાસન કહેવું.

ભગવન્ ! તે શબ્દાપાતી વૃત્તવૈતાઢ્ય પર્વત કેમ કહેવાય છે ?

ગૌતમ! શબ્દાપાતી વૃત્તવૈતાઢ્ય ક્ષુદ્રા–ક્ષુદ્રિકા વાપીમાં યાવત્ બિલપંક્તિમાં ઘણા ઉત્પલ, પદ્મ આદિ છે, જેની પ્રભા શબ્દાપાતી છે, વર્ણ શબ્દાપાતી છે, શબ્દાપાતી વર્ણાભા છે, અહીં શબ્દાપાતી નામે મહર્દ્ધિક યાવત્ મહાનુભાવ, પલ્યોપમ સ્થિતિક દેવ વસે છે. તે ત્યાં ૪૦૦૦ સામાનિકો આદિ સહીત વસે છે યાવત્ તેની રાજધાની મેરુ પર્વતની દક્ષિણે બીજા જંબૂદ્વીપમાં છે.

સૂત્ર–૧૩૩

ભગવન્ ! હૈમવંત ક્ષેત્રને હૈમવંત ક્ષેત્ર કેમ કહે છે ? ગૌતમ ! લઘુહિમવંત–મહાહિમવંત વર્ષધર પર્વતથી બંને તરફ સમવગૂઢ, નિત્ય હેમ–સુવર્ણ આપે છે, હેમ આપીને નિત્ય હેમ–સુવર્ણને પ્રકાશે છે. હૈમવત નામે અહીં મહર્દ્ધિક, પલ્યોપમ સ્થિતિક દેવ વસે છે. તેથી હે ગૌતમ ! હૈમવત ક્ષેત્રને હૈમવતક્ષેત્ર કહે છે.

સૂત્ર–૧૩૪

ભગવન્ ! જંબૂદ્વીપમાં મહાહિમવંત નામે વર્ષધર પર્વત ક્યાં છે ? ગૌતમ! હરિવર્ષની દક્ષિણે, હેમવત ક્ષેત્રની ઉત્તરે, પૂર્વી લવણ–સમુદ્રની પશ્ચિમે, પશ્ચિમ લવણસમુદ્રની પૂર્વે, અહીં જંબૂદ્વીપ દ્વીપમાં મહાહિમવંત નામે વર્ષધર કહેલ છે.

તે પૂર્વ–પશ્ચિમ લાંબો, ઉત્તર–દક્ષિણ પહોળો, પલ્યંક સંસ્થાને રહેલ, બંને તરફ લવણસમુદ્રને સ્પૃષ્ટ, પૂર્વી કોટીથી યાવત્ સ્પૃષ્ટ, પશ્ચિમી કોટીથી પશ્ચિમી લવણસમુદ્રને સ્પૃષ્ટ છે. તે ૨૦૦ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, ૫૦ યોજન ભૂમિમાં ૪૨૧૦–૧૦/૧૯ યોજન વિસ્તારથી છે.

તેની બાહા પૂર્વ–પશ્ચિમ ૯૨૭૬–૯॥/૧૯ યોજન લાંબી છે. તે જીવા ઉત્તરથી પૂર્વ–પશ્ચિમ લાંબી લવણસમુદ્રને સ્પૃષ્ટ, પૂર્વી કોટીથી પૂર્વી લવણસમુદ્રને સ્પૃષ્ટ, પશ્ચિમી યાવત્ સ્પૃષ્ટ, ૫૩,૯૩૧–૬/૧૯ યોજનથી કંઈક વિશેષાધિક લાંબી છે. તેનું ધનુ દક્ષિણથી ૫૭૨૯૩–૧૦/૧૯ યોજન પરિધિથી છે. તે રૂચક સંસ્થાન સંસ્થિત, સર્વ રત્નમય, સ્વચ્છ, બંને પડખે બે પદ્મવર વેદિકા અને બે વનખંડથી સંપરિવૃત્ત છે.

મહાહિમવંત વર્ષધર પર્વતની ઉપર બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે, યાવત્ વિવિધ પંચવર્ણી મણિ અને તૃણ વડે ઉપશોભિત છે યાવત્ દેવ–દેવીઓ ત્યાં બેસે છે – સૂએ છે.

સૂત્ર–૧૩૫

મહાહિમવંતના બહુમધ્ય દેશભાગમાં અહીં એક મહાપદ્મદ્રહ નામે દ્રહ કહેલ છે. તે ૨૦૦૦ યોજન લાંબુ, ૧૦૦૦ યોજન પહોળું અને ૧૦ યોજન ઊંડુ છે. તે સ્વચ્છ, રજતમય કિનારાયુક્ત છે. એ પ્રમાણે લંબાઈ–પહોળાઈ સિવાય પદ્મદ્રહની વક્તવ્યતા જ અહીં જાણવી. તેમાં મધ્યે બે યોજન પ્રમાણ પદ્મ છે. અર્થ યાવત્ મહાપદ્મદ્રહ વર્ણાભા છે. અહીં 'હ્રી' નામે દેવી યાવત્ પલ્યોપમ સ્થિતિક વસે છે. એ કારણથી ગૌતમ ! એ પ્રમાણે કહેલ છે.

અથવા હે ગૌતમ ! મહાપદ્મ દ્રહનું શાશ્વત નામ કહેલ છે, જે કદાપિ ન હતું તેમ નહીં ઈત્યાદિ જાણવું.

તે મહાપદ્મ દ્રહના દક્ષિણી તોરણથી રોહીતા મહાનદી નીકળતા ૧૬૦૫–૫/૧૯ યોજન દક્ષિણાભિમુખી પર્વતમાં જઈને મોટા ઘટ–મુખથી નીકળતી મુક્તાવલી હાર સંસ્થિત, સાતિરેક ૨૦૦ યોજનના પ્રપાતથી પડે છે. રોહીતા નદી જ્યાંથી પડે છે, અહીં એક મોટી જિહ્વિકા છે તે જિહ્વિકા એક યોજન લાંબી, ૧૨॥ યોજન વિષ્કંભથી, એક કોશની જાડાઈથી, વિવૃત્ત મગરમુખના આકારે રહેલ, સર્વ વજ્રમય, સ્વચ્છ છે.

રોહીતા મહાનદી જ્યાં પડે છે, ત્યાં એક મોટો રોહીતાપ્રપાત નામે કુંડ છે. તે ૧૨૦ યોજન લાંબો–પહોળો છે. ૩૮૦ યોજનથી કંઈક ન્યૂન પરિધિથી, ૧૦ યોજન ઊંડો, સ્વચ્છ, શ્લક્ષ્ણાદિ વર્ણન પૂર્વવત્. તેનું તલ વજ્રમય, વૃત્ત,

સમતીર છે યાવત્ તોરણ સુધી કહેવું.

તે રોહીતા પ્રપાત કુંડના બહુમધ્ય દેશભાગમાં અહીં એક મોટો રોહીત દ્વીપ નામે દ્વીપ કહેલ છે. તે **૧૬**–યોજન લાંબો–પહોળો, સાતિરેક **૫૦**–યોજન પરિધિથી, જળના અંતથી બે કોશ ઊંચો, સર્વ વજ્રમય અને સ્વચ્છ છે. તે એક પદ્મવર વેદિકા અને એક વનખંડથી ચોતરફથી સંપરિવરેલ છે.

રોહીતદ્વીપની ઉપર બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે. તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશ ભાગમાં અહીં એક મોટું ભવન કહેલ છે. તે એક કોશ લાંબુ આદિ પૂર્વવત્ કહેવું.

તે રોહીતપ્રપાત કુંડની દક્ષિણના તોરણથી રોહીતા મહાનદી નીકળતી હૈમવત ક્ષેત્રમાં જતી–જતી શબ્દાપાતી વૃત્ત વૈતાઢ્ય પર્વતની અર્ધયોજન દૂરથી પૂર્વાભિમુખથી વળીને હૈમવત ક્ષેત્રને બે ભાગમાં વિભક્ત કરતી **૨૮,૦૦૦** નદીઓથી સહિત જગતીને નીચેથી ચીરતી પૂર્વી લવણ સમુદ્રમાં મળે છે. રોહીતા નદીના રોહીતાંશાની માફક પ્રવાહ અને મુખ કહેવા યાવત્ સંપરિવરેલ છે.

તે મહાપદ્મ દ્રહના ઉત્તરના તોરણથી હરિકાંતા મહાનદી નીકળી **૧૬૦૫–૫/૧૯** યોજન ઉત્તરાભિમુખ પર્વતમાં જઈને મોટા ઘટમુખથી નીકળી મુક્તાવલી હાર આકારે સાતિરેક **૨૦૦** યોજનના પ્રવાહથી પડે છે. હરિકાંતા મહાનદી જ્યાં પડે છે, ત્યાં એક મોટી જિહ્વિકા કહી છે. તે બે યોજન લાંબી, **૨૫**–યોજન પહોળી, અર્ધયોજન જાડી, વિવૃત્ત મગરના મુખના આકારે રહેલ, સર્વ રત્નમયી, સ્વચ્છ છે.

હરિકાંતા મહાનદી જ્યાં પડે છે, ત્યાં એક મોટો હરિપ્રપાત કુંડ નામે કુંડ કહેલ છે. તે **૨૪૦** યોજન લાંબો–પહોળો,**૭૫૯** યોજનની પરિધિવાળો, સ્વચ્છ છે એમ કુંડ વક્તવ્યતા તોરણ સુધી જાણવી.

તે હરિકાંત પ્રપાત કુંડના બહુમધ્ય દેશભાગમાં અહીં એક મોટો હરિકાંત દ્વીપ નામે દ્વીપ છે. તે **૩૨**–યોજન લાંબો–પહોળો, **૧૦૧** યોજન પરિધિવાળો, બે કોશ જલાંતથી ઊંચો, સર્વ રત્નમય, સ્વચ્છ છે. તે એક પદ્મવર વેદિકા અને એક વનખંડથી યાવત્ પરિવરેલ છે. વર્ણન કહેવું. પ્રમાણ, શયનીય અને અર્થ કહેવો.

તે હરિપ્રપાત કુંડના ઉત્તરના તોરણથી યાવત્ નીકળતી હરિવર્ષ ક્ષેત્રમાં વહેતી એવી વિકટાપાતી વૃત્તવૈતાઢ્યના એક યોજન દૂરથી પશ્ચિમાભિમુખ વળીને હરિવર્ષ ક્ષેત્રને બે ભાગમાં વિભક્ત કરતી **૫૬,૦૦૦** નદીઓ વડે આપૂર્ણ થઈ, જગતી નીચેથી ચીરતી પશ્ચિમ લવણસમુદ્રમાં મળે છે. હરિકાંતા મહાનદી પ્રવાહમાં **૨૫**–યોજન વિસ્તારથી, અર્ધયોજન ઊંડાઈથી છે. ત્યારપછી માત્રાથી વૃદ્ધિ પામતી–પામતી સમુદ્ર મુખ પાસે **૨૫૦** યોજન વિસ્તારથી, પાંચ યોજન ઉદ્વેધથી, બંને પડખે બે પદ્મવર વેદિકા, બે વનખંડોથી પરિવરેલ છે.

સૂત્ર–૧૩૬

ભગવન્ ! મહાહિમવંત વર્ષધર પર્વતમાં કેટલા કૂટો કહેલા છે? ગૌતમ ! આઠ કૂટો કહેલા છે. તે આ પ્રમાણે – સિદ્ધાયતન, મહાહિમવંત, હૈમવત, રોહિત, હ્રી, હરિકાંત, હરિવર્ષ, વૈડૂર્ય. એ રીતે લઘુહિમવંત કૂટની જે વક્તવ્યતા છે, તે બધી જ અહીં જાણવી.

ભગવન્ ! તે મહાહિમવંત વર્ષધર, 'મહાહિમવંત વર્ષધર' નામે કેમ ઓળખાય છે ? ગૌતમ ! મહાહિમવંત વર્ષધર પર્વત, લઘુહિમવંત વર્ષધર પર્વતની અપેક્ષાથી લંબાઈ, ઊંચાઈ, ઊંડાઈ, વિસ્તાર, પરિધિથી મહત્તર અને દીર્ઘતર છે. અહીં મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિક મહાહિમવંત નામક દેવ યાવત્ વસે છે.

સૂત્ર–૧૩૭

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં હરિવર્ષ નામે ક્ષેત્ર કહેલ છે. ગૌતમ ! નિષધ વર્ષધર પર્વતની દક્ષિણે, મહાહિમવંત વર્ષધર પર્વતની ઉત્તરે પૂર્વી લવણસમુદ્રની પશ્ચિમે, પશ્ચિમી લવણસમુદ્રની પૂર્વે, અહીં જંબૂદ્વીપ દ્વીપમાં હરિવર્ષ ક્ષેત્ર કહેલ છે. એ પ્રમાણે યાવત્ પશ્ચિમી કોટિથી પશ્ચિમી લવણસમુદ્રને સ્પર્શે છે.

તે ક્ષેત્ર ૮૪૨૧–૧/૧૯ યોજન વિસ્તારથી છે. તેની બાહા પૂર્વ–પશ્ચિમ **૧૩૩૬૧** યોજન અને ૬॥ કળા લાંબી છે. તેની જીવા ઉત્તરમાં પૂર્વ–પશ્ચિમ લાંબી, બંને બાજુ લવણસમુદ્રને સ્પર્શે છે. પૂર્વી કોટીથી પૂર્વના યાવત્ લવણસમુદ્રને સ્પૃષ્ટ છે. તે **૭૩,૯૦૧** યોજન અને **૧૭॥** કળા લાંબી છે. તેની ધનુ દક્ષિણમાં ૮૪,૦૧૬–૪/૧૯ યોજનની પરિધિથી છે.

ભગવન્ ! હરિવર્ષ ક્ષેત્રના આકાર, ભાવ, પ્રત્યાવતાર કેવા કહેલ છે ?

ગૌતમ! બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે યાવત્ મણિ અને તૃણોથી ઉપશોભિત છે. તથા મણિ અને તૃણોના વર્ણ, ગંધ, સ્પર્શ, શબ્દ કહેવા. હરિવર્ષ ક્ષેત્રના તે–તે દેશમાં ત્યાં–ત્યાં ઘણા ક્ષુદ્રા–ક્ષુદ્રિકા છે. એ પ્રમાણે જે સુષમા આરાનો અનુભાવ છે. તે બધો સંપૂર્ણ અહીં કહેવો.

ભગવન્ ! હરિવર્ષ ક્ષેત્રમાં વિકટાપાતી નામે વૃત્તવૈતાઢ્ય પર્વત ક્યાં કહેલ છે ?

ગૌતમ ! હરીતા મહાનદીની પશ્ચિમે, હરીકાંતા મહાનદીની પૂર્વે, હરિવર્ષના બહુમધ્ય દેશભાગમાં અહીં વિકટાપાતી નામે વૃત્તવૈતાઢ્ય પર્વત કહેલ છે. એ પ્રમાણે જે કંઈ શબ્દાપાતીના વિષ્કંભ, ઊંચાઈ, ઊંડાઈ, પરિધિ, સંસ્થાન વર્ણન છે, તે જ વિકટાપાતી વૃત્તવૈતાઢ્યનો કહેવો. વિશેષ એ – અરુણદેવ, પદ્મો યાવત્ વિકટાપાતી વર્ણાભા, અરુણ અહીં મહર્દ્ધિક દેવ છે એ પ્રમાણે યાવત્ દક્ષિણમાં રાજધાની છે, તેમ જાણવું.

ભગવન્ ! હરિવર્ષને 'હરિવર્ષ' કેમ કહે છે ?

ગૌતમ ! હરિવર્ષમાં મનુષ્યો અરુણ, અરુણ આભાવાળા છે, કોઈ શંખદલ સદૃશ શ્વેત છે. અહીં મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિક દેવ વસે છે. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહેલ છે.

સૂત્ર–૧૩૮

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં નિષધ નામે વર્ષધર પર્વત ક્યાં કહેલ છે? ગૌતમ! મહાવિદેહ ક્ષેત્રની દક્ષિણે, હરિવર્ષ ક્ષેત્રની ઉત્તરે, પૂર્વી લવણસમુદ્રની પશ્ચિમે, પશ્ચિમી લવણસમુદ્રની પૂર્વે અહીં જંબૂદ્વીપ દ્વીપમાં નિષધ નામે વર્ષધર પર્વત કહેલ છે.

તે પર્વત પૂર્વ–પશ્ચિમ લાંબો, ઉત્તર–દક્ષિણ વિસ્તીર્ણ, બંને તરફ લવણસમુદ્રને સ્પૃષ્ટ, પૂર્વકોટિથી યાવત્ પશ્ચિમીને સ્પૃષ્ટ યાવત્ સ્પૃષ્ટ છે. તે **૪૦૦** યોજન ઉર્ધ્વ ઊંચો, **૪૦૦** ગાઉ ભૂમિમાં, **૧૬,૮૪૨** યોજન, **૨**–કળા વિસ્તારથી છે.

તેની બાહા પૂર્વ–પશ્ચિમમાં **૨૦,૧૬૫** યોજન, **૨॥** કળા લાંબી છે. તેની જીવા ઉત્તરમાં યાવત્ **૯૪,૧૫૬** યોજન, **૨**–કળાની લાંબી છે, તેની ધનુ દક્ષિણમાં **૧,૨૪,૩૪૬** યોજન, ૯–કળાની પરિધિયુક્ત છે. તે રુચક સંસ્થાન સંસ્થિત, સર્વ તપનીયમય, સ્વચ્છ છે. તે બંને પડખે, બે પદ્મવર વેદિકા અને બે વનખંડો વડે સંપરિવરેલ છે.

નિષધ વર્ષધર પર્વતની ઉપર બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે યાવત્ દેવો–દેવીઓ ત્યાં બેસે છે, સૂવે છે.

તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગમાં અહીં, એક મોટો તિગિંછી દ્રહ નામે દ્રહ કહેલ છે. તે પૂર્વ–પશ્ચિમ લાંબો, ઉત્તર–દક્ષિણ વિસ્તીર્ણ, **૪૦૦૦** યોજન લાંબો, **૨૦૦૦** યોજન પહોળો, **૧૦** યોજન ભૂમિમાં, સ્વચ્છ, શ્લક્ષ્ણ, રજતમય કિનારાવાળો છે.

તે તિગિચ્છિ દ્રહની ચારે દિશામાં ત્રિસોપાન પ્રતિરૂપક છે. તે આ પ્રમાણે યાવત્ લંબાઈ–પહોળાઈ સિવાય જે મહાપદ્મ દ્રહની વક્તવ્યતા છે, તે જ તિગિંછિ દ્રહની વક્તવ્યતા છે. શેષ વર્ણન પદ્મદ્રહ પ્રમાણ છે. અહીં 'ધૃતિ' નામે પલ્યોપમ સ્થિતિક દેવી વસે છે. તેથી હે ગૌતમ ! તે તિગિંછિ દ્રહ કહેવાય છે.

સૂત્ર–૧૩૯

તે તિગિંછિ દ્રહના દક્ષિણ દ્વારેથી 'હરિ' નદી વહેતી **૭૪૨૧** યોજન–૧ કળા દક્ષિણાભિમુખી પર્વતે થઈને

મોટા ઘટમુખથી નીકળીને યાવત્ સાતિરેક ૪૦૦ યોજનના પ્રપાતથી પડે છે. એ રીતે જે હરિકાંતાની વક્તવ્યતા છે, તે જ 'હરિ' ની જાણવી. જિહ્વિકા, કુંડ, દ્વીપ, ભવનનું તે જ પ્રમાણ છે. અર્થ પણ કહેવો યાવત્ જગતીની નીચે ચીરીને ૫૬,૦૦૦ નદીઓ વડે પૂરિત થઈ લવણસમુદ્રમાં પ્રવેશે છે. પૂર્વવત્ જ પ્રવાહ અને સમુદ્રમુખે પ્રમાણ, ઉદ્વેધ, જે હરિકાંતાનો છે તે યાવત્ વનખંડથી પરિવરિત છે.

તે તિગિંછિદ્રહના ઉત્તરના દ્વારેથી સીતોદા મહાનદી વહેતી એવી૭૪૨૧ યોજન, ૧-કલા ઉત્તરાભિમુખી પર્વતમાં જઈને મહાઘટ મુખથી નીકળી યાવત્ સાતિરેક ૪૦૦ યોજનના પ્રપાતથી પડે છે.

સીતોદા મહાનદી જ્યાં પડે છે, ત્યાં એક મોટી જિહ્વિકા કહી છે. તે ૪૦૦ યોજન લાંબી, ૫૦-યોજન પહોળી, એક યોજન જાડી, વિવૃત્ત મગર મુખના આકારે રહેલ, સર્વ વજ્રમયી, સ્વચ્છ છે.

સીતોદા મહાનદી જ્યાં પડે છે, ત્યાં એક મોટો સીતોદા પ્રપાતકુંડ નામે કુંડ કહેલ છે. તે ૪૮૦ યોજન લાંબો-પહોળો છે. તેની પરિધિ કંઈક ન્યૂન ૧૫૧૮ યોજન છે. સ્વચ્છ છે, એ પ્રમાણે કુંડની વક્તવ્યતા તોરણ સુધી જાણવી.

તે સીતોદા પ્રપાતકુંડના બહુમધ્ય દેશભાગમાં એક મોટા સીતોદા દ્વીપ નામે દ્વીપ કહેલ છે. તે ૬૪ યોજન લાંબો-પહોળો, ૨૦૨૦ યોજન પરિધિથી, જલાંતથી બે કોશ ઊંચો, સર્વ વજ્રમય સ્વચ્છ છે. બાકી પૂર્વવત્, વેદિકા-વનખંડ-ભૂમિભાગ-ભવન-શયનીય અને અર્થ પૂર્વવત્ કહેવો.

તે સીતોદા પ્રપાતકુંડના ઉત્તરના દ્વારેથી સીતોદા મહાનદી વહેતી એવી દેવકુરુમાં વહેતી-વહેતી ચિત્ર-વિચિત્રકૂટો, પર્વતો, નિષધ-દેવકુરુ-સૂર-સુલસ-વિદ્યુત્પ્રભ દ્રહને બે ભાગમાં વિભક્ત કરતી ૮૪,૦૦૦ નદીઓથી આપૂરિત થતી, ભદ્રશાલ વનમાં વહેતી વહેતી મેરુ પર્વતથી બે યોજન દૂરથી પશ્ચિમાભિમુખ વળીને વિદ્યુત્પ્રભ વક્ષસ્કાર પર્વતને નીચેથી ચીરીને મેરુ પર્વતની પશ્ચિમે પશ્ચિમે વિદેહ ક્ષેત્રને બે ભાગમાં વિભાજિત કરતી-કરતી એકૈક ચક્રવર્તી વિજયમાં ૨૮,૦૦૦ નદીઓથી આપૂરિત થઈ, કુલ ૫,૩૨,૦૦૦ નદીથી આપૂરિત થઈ જયંત દ્વારથી નીચેથી જગતીને ચીરીને પશ્ચિમી લવણ-સમુદ્રમાં પ્રવેશે છે.

સીતોદા મહાનદી પ્રવાહમાં ૫૦ યોજન વિસ્તારથી, એક યોજન ઊંડી, ત્યારપછી માત્રાથી વધતી-વધતી સમુદ્રના મુખે ૫૦૦ યોજન વિસ્તારથી, ૧૦ યોજન ઊંડાઈથી, બંને બાજુ, બે પદ્મવર વેદિકા અને બે વનખંડથી સંપરિવેધ છે.

ભગવન્ ! નિષધ વર્ષધર પર્વતના કેટલા કૂટો કહેલા છે ?

ગૌતમ! નવ કૂટો કહ્યા છે, તે આ પ્રમાણે – સિદ્ધાયતન, નિષધ, હરિવર્ષ, પૂર્વવિદેહ, હરિ, ધૃતિ, સીતોદા, પશ્ચિમ વિદેહ અને રૂચકકૂટ.

જે કંઈ લઘુહિમવંત કૂટની ઊંચાઈ, વિસ્તાર, પરિધિ પૂર્વ વર્ણિત છે અને રાજધાની, તે બધું જ અહીં જાણવું.

ભગવન્ ! તેને નિષધ વર્ષધર પર્વત કેમ કહે છે ? ગૌતમ ! નિષધ વર્ષધર પર્વતમાં ઘણા કૂટો નિષધ સંસ્થાને અને વૃષભ સંસ્થાને રહેલ છે, નિષધ અહીં મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિક દેવ ત્યાં વસે છે. તે કારણે હે ગૌતમ ! તેને નિષધ વર્ષધર પર્વત કહે છે.

સૂત્ર-૧૪૦

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં મહાવિદેહ નામે ક્ષેત્ર ક્યાં કહેલ છે ? ગૌતમ ! નીલવંત વર્ષધર પર્વતની દક્ષિણે, નિષધ વર્ષધર પર્વતની ઉત્તરે, પૂર્વી લવણસમુદ્રની પશ્ચિમે, પશ્ચિમ લવણસમુદ્રની પૂર્વે, અહીં જંબૂદ્વીપ દ્વીપમાં મહાવિદેહ નામે ક્ષેત્ર કહેલ છે.

તે પૂર્વ-પશ્ચિમ લાંબુ, ઉત્તર-દક્ષિણ પહોળુ, પલ્યંક સંસ્થાન સંસ્થિત, બંને તરફ લવણસમુદ્રને સ્પૃષ્ટ, પૂર્વી યાવત્ સ્પૃષ્ટ, પશ્ચિમી કોટિથી પશ્ચિમી યાવત્ સ્પૃષ્ટ, ૩૩,૬૮૪ યોજન, ૪-કળા વિસ્તારથી છે. તેની બાહા પૂર્વ-

પશ્ચિમમાં ૩૩,૭૬૭ યોજન,૭–કળા લાંબી છે.

તેની જીવા બહુમધ્ય દેશભાગમાં પૂર્વ–પશ્ચિમ લાંબી, બંને બાજુ લવણસમુદ્રને સ્પૃષ્ટ, પૂર્વની કોટિથી પૂર્વના યાવત્ સ્પૃષ્ટ, એ રીતે પશ્ચિમથી યાવત્ સ્પૃષ્ટ, એક લાખ યોજન લંબાઈથી છે. તેનું ધનુ બંને પડખે ઉત્તર–દક્ષિણથી ૧,૫૮,૧૧૩ યોજન, ૧૬–કળાથી કંઈક વિશેષ પરિધિથી છે.

મહાવિદેહ ક્ષેત્રમાં ચતુર્વિધ ચતુષ્પ્રત્યાવતાર કહેલ છે, તે આ પ્રમાણે–પૂર્વવિદેહ, પશ્ચિમવિદેહ, દેવકુરુ, ઉત્તરકુરુ.

ભગવન્ ! મહાવિદેહ ક્ષેત્રના કેવા આકાર–ભાવ–પ્રત્યાવતાર કહેલ છે ? ગૌતમ ! બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે, યાવત્ કૃત્રિમ અને અકૃત્રિમ મણિ આદિથી શોભિત છે..

ભગવન્ ! મહાવિદેહ ક્ષેત્રના મનુષ્યોના કેવા આકાર–ભાવ–પ્રત્યવતાર કહેલ છે?

તે મનુષ્યોના છ ભેદે સંઘયણ, છ ભેદે સંસ્થાન, ૫૦૦ ધનુષ ઉર્ધ્વ ઉચ્ચત્વથી, જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી પૂર્વકોટી આયુ પાળે છે. પાળીને કેટલાક નરકગામી થાય છે યાવત કેટલાક દેવગામી થાય છે. યાવત્ કેટલાક સિદ્ધ, બુદ્ધ થઈને યાવત્ સર્વે દુઃખોનો અંત કરે છે.

ભગવન્ ! મહાવિદેહ ક્ષેત્રને 'મહાવિદેહક્ષેત્ર' કેમ કહે છે ?

ગૌતમ! મહાવિદેહ ક્ષેત્ર, ભરત–ઐરવત–હૈમવત–હૈરણ્ય વત–હરિવર્ષ–રમ્યક્ વર્ષ ક્ષેત્રોથી લંબાઈ, પહોળાઈ, વિષ્કંભ, સંસ્થાન, પરિધિની અપેક્ષાથી વિસ્તીર્ણતર, વિપુલતર, મહાંતતર અને સુપ્રમાણતર છે. અહીં વિશાળ દેહવાળા મનુષ્યો વસે છે. અહીં મહાવિદેહ નામે મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિક દેવો વસે છે. તે કારણે હે ગૌતમ! એમ કહે છે – મહાવિદેહ ક્ષેત્ર નામ છે.

અથવા હે ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રનું શાશ્વત નામ કહેલ છે. જે કદી ન હતું તેમ નહીં, ઇત્યાદિ૦.

### સૂત્ર–૧૪૧, ૧૪૨

**૧૪૧.** ભગવન્ ! મહાવિદેહ ક્ષેત્રમાં ગંધમાદન વક્ષસ્કાર પર્વત ક્યાં કહેલ છે ? ગૌતમ ! નીલવંત વર્ષધર પર્વતની દક્ષિણે, મેરુ પર્વતની ઉત્તર–પશ્ચિમે, ગંધીલાવતી વિજયની પૂર્વે, ઉત્તરકુરુની પશ્ચિમે – અહીં મહાવિદેહ ક્ષેત્રમાં ગંધમાદન નામે વક્ષસ્કાર પર્વત છે.

તે ઉત્તર–દક્ષિણ લાંબો, પૂર્વ–પશ્ચિમ પહોળો, ૩૦,૨૦૯ યોજન, ૬–કળા લાંબો છે. નીલવંત વર્ષધર પર્વતની પાસે ૪૦૦ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, ૪૦૦ ગાઉ ઉદ્વેધથી, ૫૦૦ યોજન વિસ્તારથી છે, ત્યારપછી માત્રાથી ઉત્સેધ અને ઉદ્વેધની પરિવૃદ્ધિથી વધતા–વધતા, વિષ્કંભ ઘટાડાથી ઘટતા–ઘટતા મેરુ પર્વત પાસે ૫૦૦ યોજન ઉર્ધ્વ ઊંચો, ૫૦૦ ગાઉ જમીનમાં, અંગુલના અસંખ્યાત ભાગ વિષ્કંભથી કહેલ છે.

તે ગજદંત સંસ્થાન સંસ્થિત, સર્વરત્નમય, સ્વચ્છ છે. બંને પાર્શ્વમાં બે પદ્મવર વેદિકા અને બે વનખંડોથી ચોતરફથી પરિવરેલ છે. ગંધમાદન વક્ષસ્કાર પર્વતની ઉપર બહુસમ રમણીય ભૂમિભાગમાં યાવત્ તેન શિખરો પર સ્થાને સ્થાને દેવ–દેવીઓ બેસે છે યાવત નિવાસ કરે છે.

ગંધમાદન વક્ષસ્કાર પર્વતમાં કેટલા કૂટો કહ્યા છે ? ગૌતમ ! સાત કૂટો કહ્યા છે, તે આ – સિદ્ધાયતન, ગંધમાદન, ગંધીલાવતી, ઉત્તરકુરુ, સ્ફટિક, લોહીતાક્ષ અને આનંદ–કૂટ.

ભગવન્ ! ગંધમાદન વક્ષસ્કાર પર્વતમાં નામે કૂટ ક્યાં કહેલ છે ?

ગૌતમ ! મેરુ પર્વતની ઉત્તર–પશ્ચિમમાં, ગંધમાદન કૂટની દક્ષિણપૂર્વમાં, અહીં ગંધમાદન વક્ષસ્કાર પર્વતનો સિદ્ધાયતન કૂટ નામે કૂટ કહેલ છે. જે રીતે લઘુહિમવંતમાં સિદ્ધાયતન કૂટનું પ્રમાણ છે, તે જ બધું અહીં કહેવું.

એ પ્રમાણે વિદિશામાં ત્રણે કૂટો કહેવા. ચોથો આ ત્રિકની ઉત્તર પશ્ચિમમાં, પાંચમો દક્ષિણમાં, બાકીના ઉત્તર

દક્ષિણમાં, સ્ફટિક અને લોહીતાક્ષ કૂટોમાં ભોગંકરા અને ભોગવતી દેવીઓ, બાકીનાના સદશ નામવાળા દેવો નિવાસ કરે છે. છ એ કૂટોમાં ઉત્તમ પ્રાસાદો અને વિદિશામાં રાજધાનીઓ છે.

ભગવન્ ! તેનું 'ગંધમાદન વક્ષસ્કાર પર્વત' એવું નામ કેમ છે ? ગૌતમ ! ગંધમાદન વક્ષસ્કાર પર્વતની ગંધ, જેવી કે – કોષ્ઠાપુટ યાવત્ પીસાતા–કૂટાતા–વિખેરાતા–પરિભોગ કરાતા યાવત્ ઉદાર, મનોજ્ઞ યાવત્ ગંધ નીકળે છે, શું તેના જેવી એ ગંધ છે ? ના, એ અર્થ સમર્થ નથી. ગંધમાદન પર્વત આનાથી ઈષ્ટતરક યાવત્ ગંધયુક્ત કહેલ છે. એ કારણથી હે ગૌતમ ! તેને ગંધમાદન વક્ષસ્કાર પર્વત કહે છે.

અહીં ગંધમાદન નામે મહર્દ્ધિક દેવ રહે છે. અથવા આ નામ શાશ્વત છે.

**૧૪૨.** ભગવન્ ! મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્તરકુરુ નામે કુરુ ક્યાં કહેલ છે ? ગૌતમ ! મેરુ પર્વતની ઉત્તરે, નીલવંત વર્ષધર પર્વતની દક્ષિણે, ગંધમાદન વક્ષસ્કાર પર્વતની પૂર્વે, માલ્યવંત વક્ષસ્કાર પર્વતની પશ્ચિમે, અહીં ઉત્તરકુરુ નામે કુરુ કહેલ છે.

તે પૂર્વ–પશ્ચિમ લાંબો, ઉત્તર–દક્ષિણ પહોળો, અર્ધચંદ્રાકારે રહેલ, **૧૧,૮૪૨** યોજન, **૨**–કલા વિસ્તારથી છે. તેની જીવા ઉત્તરમાં પૂર્વ–પશ્ચિમ લાંબી, બંને બાજુ વક્ષસ્કાર પર્વતને સ્પૃષ્ટ છે. પૂર્વની કોટીથી પૂર્વના વક્ષસ્કાર પર્વતને સ્પૃષ્ટ, એ પ્રમાણે પશ્ચિમી યાવત્ પશ્ચિમી વક્ષસ્કાર પર્વતને સ્પૃષ્ટ છે. તે **૫૩,૦૦૦** યોજન લાંબી છે.

તેનું ધનુ દક્ષિણમાં **૬૦,૪૧૮** યોજન, **૧૨**–કળા પરિધિ છે.

ભગવન્ ! ઉત્તરકુરુ ક્ષેત્રના કેવા આકાર–ભાવ–પ્રત્યાવતાર કહેલ છે ? ગૌતમ ! બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે. એ પ્રમાણે પૂર્ણ વર્ણિત જેવી સુષમસુષમાની વક્તવ્યતા છે, તે જ યાવત્ પદ્મગંધા, મૃગગંધા, અમમા, સહા, તેતલી, શનૈશ્ચારી કહેવું.

## સૂત્ર–૧૪૩ થી ૧૪૫

**૧૪૩.** ભગવન્ ! ઉત્તરકુરુમાં યમક નામે બંને પર્વતો ક્યાં કહેલ છે ? ગૌતમ ! નીલવંત વર્ષધર પર્વતના દક્ષિણી ચરમાંતથી – ૮૩૪–૪/૭ યોજનના અંતરે સીતા મહાનદીના બંને કૂલે અહીં યમક નામે બે પર્વતો કહેલા છે.

તે **૧૦૦૦** યોજન ઉર્ધ્વ ઊંચા, **૨૫૦** યોજન ભૂમિમાં, લંબાઈ–પહોળાઈથી મૂલમાં **૧૦૦૦** યોજન, મધ્યમાં**૭૫૦** યોજન અને ઉપર **૫૦૦**–યોજન છે. તેની પરિધિ–મૂળમાંસાધિક **૩૧૬૨** યોજન, મધ્યમાં–સાધિક **૨૩૭૨** યોજન, ઉપર સાધિક **૧૫૮૧** યોજન છે.

મૂળમાં વિસ્તીર્ણ, મધ્યે સંક્ષિપ્ત, ઉપર પાતળા, યમક સંસ્થાન સંસ્થિત, સર્વે કનકમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ તથા પ્રત્યેક–પ્રત્યેક પદ્મવર વેદિકાથી પરિવૃત્ત અને વનખંડથી પરિવૃત્ત છે. તે પદ્મવર વેદિકા બે ગાઉ ઉર્ધ્વ ઉચ્ચત્વથી, **૫૦૦** ધનુષ વિસ્તારથી છે. વેદિકા અને વનખંડનું વર્ણન કહેવું.

તે યમક પર્વતોની ઉપર બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે, યાવત્ તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગમાં અહીં બે પ્રાસાદાવતંસકો કહેલ છે. તે પ્રાસાદાવતંસકો **૬૨॥** યોજન ઉર્ધ્વ ઊંચા, **૩૧।** યોજન લંબાઈ –પહોળાઈથી છે, પ્રાસાદ વર્ણન સપરિવાર સિંહાસન સુધી કહેવું. યાવત્ અહીં યમકદેવના **૧૬,૦૦૦** આત્મરક્ષક દેવોના **૧૬,૦૦૦** ભદ્રાસન કહેલા છે.

* ભગવન્ ! યમક પર્વત એવું નામ કેમ છે ? ગૌતમ ! યમક પર્વતમાં તે–તે દેશમાં ત્યાં–ત્યાં ઘણા ક્ષુદ્રા–ક્ષુદ્રિકામાં, વાવોમાં યાવત્ બિલપંક્તિઓમાં ઘણા ઉત્પલો યાવત્ યમક વર્ણની આભાવાળા છે,

યમક નામે બે મહર્દ્ધિક દેવો છે. તેઓ ત્યાં ૪૦૦૦ સામાનિકોનું યાવત્ ભોગવતા વિચરે છે. તે કારણે હે ગૌતમ! તેને યમક પર્વતો કહે છે. અથવા આ શાશ્વત નામ યાવત્ યમકપર્વત છે.

ભગવન્ ! યમક દેવોની યમિકા રાજધાની ક્યાં કહી છે ? ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતની ઉત્તરે, બીજા

જંબૂદ્વીપમાં **૧૨,૦૦૦** યોજન જઈને અહીં ચમકદેવોની ચમિકા રાજધાની છે.

તે **૧૨,૦૦૦** યોજન લાંબી–પહોળી, **૩૭,૯૪૮** યોજનથી કંઈક વિશેષ પરિધિથી છે. પ્રત્યેક રાજધાની પ્રાકારથી પરિવૃત્ત છે. તે પ્રાકારો **૩૭॥** યોજન ઉર્ધ્વ ઊંચા, મૂળમાં **૧૨॥** યોજન વિસ્તૃત, મધ્યમાં **૬|** યોજન, ઉપર **૩**–યોજન અર્ધકોશ વિસ્તૃત છે. મૂલમાં વિસ્તૃત, મધ્યે સંક્ષિપ્ત, ઉપર પાતળા, બહારથી વૃત્ત, અંદરથી ચતુરસ્ર, સર્વરત્નમય અને સ્વચ્છ છે.

તે પ્રાકારો વિવિધ મણિના પંચવર્ણી કપિશીર્ષકોથી ઉપશોભિત છે. તે આ રીતે – કૃષ્ણ યાવત્ શુક્લ. તે કપિ–શીર્ષકો અર્ધકોશ લાંબા, દેશોન અર્ધકોશ ઉર્ધ્વ ઊંચા, **૫૦૦** ધનુષ જાડા, સર્વ મણિમય, સ્વચ્છ છે.

ચમિકા રાજધાનીની પ્રત્યેક બાહામાં **૧૨૫–૧૨૫** દ્વારો કહેલ છે. તે દ્વારો **૬૨|** યોજન ઉર્ધ્વ ઊંચા, **૩૧|** યોજન પહોળા અને **૩૧|** યોજન પ્રવેશમાં છે. શ્વેત સુવર્ણ સ્તૂપિકા એ પ્રમાણે રાજપ્રશ્નીય વિમાન વક્તવ્યતાનું દ્વાર વર્ણન યાવત્ આઠ–આઠ મંગલો છે.

ચમિકા રાજધાનીની ચારે દિશામાં **૫૦૦–૫૦૦** યોજનના અંતરે ચાર વનખંડો કહેલા છે. તે આ પ્રમાણે – અશોકવન, સપ્તપર્ણ વન, ચંપકવન, આમ્રવન. તે વનખંડો સાતિરેક **૧૨,૦૦૦** યોજન લાંબા, **૫૦૦** યોજન પહોળા છે. તે પ્રત્યેક પ્રાકારથી પરિવૃત્ત છે. વનખંડ, ભૂમિ, પ્રાસાદાવતંસકો પૂર્વવત્ કહેવા.

ચમિકા રાજધાનીમાં બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે, વર્ણન પૂર્વવત્.

તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગમાં અહીં બે ઉપરિકાલયન કહેલ છે. તે **૧૨૦૦** યોજન લાંબા–પહોળા, **૩૭૯૫** યોજનની પરિધિવાળા, અર્ધકોશ જાડાઈથી, સર્વે જાંબૂનદમય, સ્વચ્છ છે.

તે પ્રત્યેક પદ્મવરવેદિકાથી પરિવૃત્ત, તે પ્રત્યેક વનખંડનું વર્ણન પૂર્વવત્ છે. ત્રિસોપાન પ્રતિરૂપક, ચારે દિશામાં તોરણ અને ભૂમિભાગ કહેવો.

તેના બહુમધ્ય દેશભાગમાં અહીં એક પ્રાસાદાવતંસક કહેલ છે. તે **૬૨|** યોજન ઉર્ધ્વ ઊંચા છે, **૩૧|** યોજન લાંબા–પહોળા છે, ઉલ્લોક–ભૂમિભાગ–સપરિવાર સિંહાસનનું વર્ણન કરવું.

પ્રાસાદ પંક્તિઓમાં પહેલી પંક્તિ **૩૧|** યોજન ઉર્ધ્વ ઊંચી, સાતિરેક **૧૫॥** યોજન લાંબી–પહોળી છે. બીજી પ્રાસાદ પંક્તિ તે પ્રાસાદ અવતંસકોમાં સાતિરેક **૧૫॥** યોજન ઉર્ધ્વ ઊંચી, સાતિરેક**૭॥** યોજન લાંબી–પહોળી છે. તે પ્રાસાદાવતંસકોમાં ત્રીજી પ્રાસાદપંક્તિ સાતિરેક**૭॥** યોજન ઉર્ધ્વ ઊંચી, સાતિરેક **૩॥** યોજન લાંબી–પહોળી છે. તેમાં સપરિવાર સિંહાસન સુધીનું વર્ણન પૂર્વવત્ છે.

તે મૂલ પ્રાસાદાવતંસકના ઈશાન કોણમાં અહીં ચમકના દેવોની સુધર્માસભા કહેલી છે. તે **૧૨॥** યોજન લાંબી, **૬|** યોજન પહોળી, નવ યોજન ઉર્ધ્વ ઊંચી, અનેકશત સ્તંભ ઉપર રહેલ છે. સભાનું વર્ણન કરવું.

તે સુધર્માસભાની ત્રણ દિશામાં દ્વારો કહેલ છે. તે દ્વારો બે યોજન ઉર્ધ્વ ઊંચા, એક યોજન પહોળા, તેટલા જ પ્રવેશમાં છે. વર્ણમાલા સુધીનું વર્ણન પૂર્વવત્.

તે દ્વારોમાં પ્રત્યેકની આગળ ત્રણ મુખમંડપો કહેલા છે. તે મુખમંડપો **૧૨॥** યોજન લાંબા, **૬|** યોજન પહોળા, સાતિરેક બે યોજન ઉર્ધ્વ ઊંચા છે, યાવત્ દ્વારો, ભૂમિભાગ સુધી પૂર્વવત્ છે.

પ્રેક્ષાગૃહ મંડપનું પ્રમાણ મુખમંડપવત્ છે, ભૂમિકા–મણિપીઠિકા પૂર્વવત્. તે મણિપીઠિકા એક યોજન લાંબી–પહોળી, અર્ધયોજન જાડી, સર્વ મણીમયી છે. સિંહાસન પર્યન્ત વર્ણન કરવું.

પ્રેક્ષાગૃહ મંડપની આગળ જે મણિપીઠિકા છે, તે મણિપીઠિકા બે યોજન લાંબી–પહોળી, એક યોજન જાડી, સર્વે મણીમયી છે. તેની ઉપર પ્રત્યેકમાં ત્રણ સ્તૂપો છે. તે સ્તૂપો બે યોજન ઉર્ધ્વ ઊંચા, બે યોજન લાંબા–પહોળા, શંખતલ યાવત્ આઠ–આઠ મંગલો પૂર્વવત્.

તે સ્તૂપોની ચારે દિશામાં ચાર મણિપીઠિકા કહેલી છે. તે મણિપીઠિકા એક યોજન લાંબી–પહોળી, અર્ધ યોજન જાડી છે. અહી **જિનપ્રતિમાની વક્તવ્યતા કહેવી.** ચૈત્યવૃક્ષોની મણિપીઠિકા બે યોજન લાંબી–પહોળી, યોજન જાડી, ચૈત્યવૃક્ષોનું વર્ણન કરવું.

તે ચૈત્યવૃક્ષોની આગળ ત્રણ મણિપીઠિકાઓ કહી છે. તે મણિપીઠિકાઓ એક યોજન લાંબી–પહોળી, અર્ધયોજન જાડી છે. તેની ઉપર પ્રત્યેકમાં મહેન્દ્રધ્વજ કહેલ છે. તે૭॥ યોજન ઉર્ધ્વ ઊંચો, અર્ધકોશ જમીનમાં, અર્ધકોશ જાડો, વજ્રમય, વૃત્ત છે. વેદિકા, વનખંડ, ત્રિસોપાન અને તોરણોનું વર્ણન કહેવું.

તે સુધર્માસભાઓમાં **૬૦૦૦** મનોગુલિકાઓ કહેલ છે. તે આ રીતે – પૂર્વમાં **૨૦૦૦**, પશ્ચિમમાં **૨૦૦૦**, દક્ષિણમાં **૧૦૦૦**, ઉત્તરમાં **૧૦૦૦** યાવત્ માળાઓ રહેલી છે. એ પ્રમાણે ગોમાનસિકા કહેવી. વિશેષ એ કે – ધૂપ–ઘટિકાઓ કહેવી.

તે સુધર્માસભામાં બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે. મણિપીઠિકા બે યોજન લાંબી–પહોળી, એક યોજન જાડી છે. તે મણિપીઠિકાની ઉપર માણવક ચૈત્યસ્તંભ છે, તે મહેન્દ્રધ્વજ પ્રમાણ છે. તેની ઉપર અને નીચે છ કોશ વર્જીને જિનદાઢા કહેલી છે. માણવકની પૂર્વે સપરિવાર સિંહાસન, પશ્ચિમમાં શયનીય, શયનીયની ઉત્તર–પૂર્વ દિશાભાગમાં લઘુ–મહેન્દ્રધ્વજ, મણિપીઠિકા રહિત મહેન્દ્રધ્વજ પ્રમાણ છે. તેની પશ્ચિમે ચોપ્ફાલ નામે પ્રહરણ કોષ છે. ત્યાં ઘણાં પરિઘરત્ન આદિ યાવત્ રહેલા છે.

તે સુધર્માસભાની ઉપર આઠ–આઠ મંગલો છે. તેની ઉત્તરપૂર્વમાં **સિદ્ધાયતન છે, જિનગૃહસંબંધી વર્ણન પૂર્વવત્ છે.** વિશેષ એ કે – આના બહુમધ્ય દેશભાગમાં પ્રત્યેક પણિપીઠિકા છે. તે બે યોજન લાંબી–પહોળી, એક યોજન જાડી છે. તેની ઉપર પ્રત્યેકમાં દેવછંદક કહેલા છે, તે બે યોજન લાંબા–પહોળા, સાતિરેક બે યોજન ઉર્ધ્વ ઊંચા, સર્વ રત્નમય છે, જિનપ્રતિમા વર્ણન ધૂપકડછાં સુધી કહેવું. એ પ્રમાણે બાકીની સભાઓ યાવત્ ઉપપાત સભામાં શયનીય અને ગૃહ સુધી વર્ણન પૂર્વવત્.

અભિષેક સભામાં ઘણા અભિષેક પાત્ર છે. અલંકારિક સભામાં ઘણા આલંકારિક પાત્ર છે. વ્યવસાય સભામાં પુસ્તકરત્ન છે. નંદા પુષ્કરિણી, બલિપીઠ બે યોજન લાંબા–પહોળા તથા એક યોજન જાડી છે.

**૧૪૪.** ઉપપાત, સંકલ્પ, અભિષેક, વિભૂષણા, વ્યવસાય, અર્ચનિકા, સુધર્માસભામાં ગમન, પરિવારણા ઋદ્ધિ.

**૧૪૫.** નીલવંત પર્વતથી યમક પર્વતોનું જેટલું અંતર છે, તેટલું જ યમક–દ્રહોનું અન્ય દ્રહોથી અંતર છે.

## સૂત્ર–૧૪૬ થી ૧૫૦

**૧૪૬.** ભગવન્ ! ઉત્તરકુરુમાં નીલવંત દ્રહ નામે દ્રહ કહે છે ? ગૌતમ ! યમકના દક્ષિણી ચરમાંતથી ૮૩૪–૪/૭ યોજનના અંતરે, સીતા મહાનદીના બહુમધ્ય દેશભાગમાં અહીં નીલવંત નામે દ્રહ કહેલ છે.

તે દક્ષિણ–ઉત્તર લાંબો, પૂર્વ–પશ્ચિમ પહોળો છે. જેમ પદ્મદ્રહનું વર્ણન કર્યું, તેમ વર્ણન જાણવું. ભેદ એટલો કે – બે પદ્મવર વેદિકા અને બે વનખંડથી સંપરિવૃત્ત છે. નીલવંત નામે નાગકુમાર દેવ છે, બાકી પૂર્વવત્ જાણવું.

નીલવંત દ્રહની પૂર્વ–પશ્ચિમમાં દશ–દશ યોજનોના અંતરે અહીં **૨૦** કંચન પર્વતો કહ્યા છે. તે **૧૦૦** યોજન ઉર્ધ્વ ઊંચા છે.

**૧૪૭.** તે મૂળમાં **૧૦૦** યોજન, મધ્યમાં–**૭૫** યોજન, ઉપર **૫૦** યોજનના વિસ્તારવાળા છે.

**૧૪૮.** તેની પરિધિ મૂળમાં **૩૧૬** યોજન, મધ્યમાં–**૨૩૭** યોજન અને ઉપર–**૧૫૮** યોજન છે.

**૧૪૯.** પહેલો નીલવંત, બીજો ઉત્તરકુરુ, ત્રીજો ચંદ્ર, ચોથો ઐરવત, પાંચમો માલ્યવંત છે.

**૧૫૦.** એ પ્રમાણે પૂર્વવત્ અર્થ–પ્રમાણ કહેવા. તેમાં એક પલ્યોપમ સ્થિતિક દેવો યાવત્ નિવાસ કરે છે, તેનું વર્ણન પૂર્વવત જાણવું.

સૂત્ર–૧૫૧ થી ૧૬૨

**૧૫૧.** ઉત્તરકુરુમાં જંબૂપીઠ નામે પીઠ ક્યાં કહેલ છે ?

ગૌતમ ! નીલવંત વર્ષધર પર્વતની દક્ષિણે, મેરુની ઉત્તરે, માલ્યવંત વક્ષસ્કાર પર્વતની પશ્ચિમે, સીતા મહાનદીના પૂર્વ કિનારે આ ઉત્તરકુરુ ક્ષેત્રમાં જંબૂપીઠ નામક પીઠ કહેલ છે.

તે **૫૦૦** યોજન લાંબી–પહોળી, કંઈક વિશેષ **૧૫૮૧** યોજન–પરિધિથી છે. તેના બહુમધ્ય દેશભાગમાં **૧૨**–યોજનની જાડાઈ છે, ત્યારપછી માત્રાથી પ્રદેશની પરિહાનિથી ઘટતા–ઘટતા ચરમ અંતમાં બે–બે ગાઉ જાડાઈ છે, સર્વજાંબૂનદમય, સ્વચ્છ છે. તે એક પદ્મવરવેદિકા અને એક વનખંડથી ચોતરફથી વીંટાયેલ છે.

તે જંબૂપીઠની ચારે દિશામાં આ ચાર ત્રિસોપાન પ્રતિરૂપક કહેલ છે. તોરણ સુધી વર્ણન કરવું. તે જંબૂપીઠના બહુમધ્ય દેશભાગમાં અહીં મણિપીઠિકા કહી છે. તે આઠ યોજન લાંબી–પહોળી, અર્ધયોજન ભૂમિમાં છે. તેનો સ્કંધ બે યોજન ઉર્ધ્વ–ઊંચો, અર્ધયોજન જાડો છે. તેની શાખા છ યોજન ઉર્ધ્વ ઊંચી છે, બહુમધ્ય દેશભાગમાં આઠ યોજન લાંબી–પહોળી છે, એ રીતે તે સાધિક આઠ યોજન છે.

તેનું આવા સ્વરૂપનું વર્ણન છે – વજ્રમયમૂલ, રજતની સુપ્રતિષ્ઠિત વિડિમા યાવત્ હૃદય અને મનને સુખદાયી, પ્રાસાદીયાદિ છે.

જંબૂ–સુદર્શનાની ચારે દિશામાં ચાર શાખા છે. તે શાખાના બહુમધ્ય દેશભાગમાં **અહીં સિદ્ધાયતન કહેલ છે.** તે એક કોશ લાંબુ, અર્ધ કોશ પહોળું, દેશોન કોશ ઉર્ધ્વ ઊંચું, અનેકશત સ્તંભ ઉપર રહેલ યાવત્ દ્વારો **૫૦૦** ધનુષ ઉર્ધ્વ ઊંચા છે, યાવત્ વનમાલા, મણિપીઠિકા **૫૦૦** ધનુષ લાંબી–પહોળી, **૨૫૦** ધનુષ જાડી છે. તે મણિપીઠિકા ઉપર દેવછંદક છે, જે **૫૦૦** ધનુષ લાંબો–પહોળો, સાતિરેક **૫૦૦** ધનુષ ઉર્ધ્વ ઊંચો છે. **ત્યાં જિનપ્રતિમાનું વર્ણન જીવાભિગમ સૂત્રાનુસાર જાણવું.**

તેમાં જે પૂર્વની શાખા છે, ત્યાં અનાદત દેવનું એક ભવન કહેલ છે, તે એક કોશ લાંબુ**,** અર્ધ કોશ પહોળું**,** કિંચિત ન્યૂન એક કોશ ઊંચું છે. તે ભવનનું વર્ણન પૂર્વવત્ જાણવું, વિશેષ એ કે – અહીં શયનીય છે. બાકીની શાખા ઉપર પ્રાસાદાવતંસક, સપરિવાર સિંહાસનો કહેવા.

તે જંબૂ બાર પદ્મવર વેદિકાથી ચોતરફથી પરિવરેલ છે, વેદિકા વર્ણન કહેવું.

તે જંબૂ બીજા **૧૦૮** જંબૂ કે જે અર્ધ ઉચ્ચત્વવાળા છે, તેનાથી ચોતરફથી વીંટાયેલ છે. વર્ણન કરવું.

તે જંબૂ છ પદ્મવર વેદિકાથી પરિવૃત્ત છે.

તે જંબૂ–સુદર્શનાની ઈશાને–ઉત્તરે–વાયવ્યમાં અહીં અનાદત દેવના **૪૦૦૦** સામાનિકોના **૪૦૦૦** જંબૂ કહેલા છે. તેની પૂર્વે ચાર અગ્રમહિષીના ચાર જંબૂ કહેલા છે. તે આ રીતે –.

**૧૫૨.** અગ્નિ–દક્ષિણ–નૈઋત્યમાં આઠ–દશ–બાર હજાર જંબૂ છે.

**૧૫૩.** પશ્ચિમમાં સાત અનિકાધિપતિના સાત જંબૂ છે. ચારે દિશામાં કુલ **૧૬,૦૦૦** આત્મરક્ષકોના **૧૬,૦૦૦** જંબૂ છે.

**૧૫૪.** જંબૂ **૩૦૦** વનખંડોથી ચોતરફથી પરિવૃત્ત છે. જંબૂની પૂર્વે **૫૦** યોજને રહેલ પહેલા વનખંડમાં જતા એક ભવન છે. તે એક કોશ લાંબુ, આદિ વર્ણન પૂર્વવત્. શયનીય કહેવું. એમ બીજી દિશામાં પણ ભવનો છે.

જંબૂની ઈશાને પહેલું વનખંડમાં **૫૦** યોજન જઈને અહીં ચાર પુષ્કરિણી કહી છે, તે આ પ્રમાણે – પદ્મા, પદ્મપ્રભા, કુમુદા, કુમુદપ્રભા. તે એક કોશ લાંબી, અર્ધકોશ પહોળી, **૫૦૦** ધનુષ ઉદ્વેધથી છે. વર્ણક.

તેની મધ્યે પ્રાસાદાવતંસક છે, તે એક કોશ લાંબુ, અર્ધકોશ પહોળું, દેશોન કોશ ઉર્ધ્વ ઊંચું છે, સપરિવાર સિંહાસન વર્ણન કરવું. એ પ્રમાણે બાકીની વિદિશામાં પુષ્કરિણી છે, તેની ગાથા –.

**૧૫૫.** પદ્મા, પદ્મપ્રભા, કુમુદા, કુમુદપ્રભા, ઉત્પલગુલ્મા, નલિના, ઉત્પલા, ઉત્પલોજ્જ્વલા,

**૧૫૬.** ભૃંગા, ભૃંગપ્રભા, અંજના, કજ્જલપ્રભા, શ્રીકાંતા, શ્રીમહિતા, શ્રીચંદા, શ્રીનીલયા.

**૧૫૭.** જંબૂની પૂર્વા ભવનની ઉત્તરમાં–ઈશાનમાં પ્રાસાદાવતંસક, દક્ષિણમાં એક કૂટ કહેલ છે, તે આઠ યોજન ઉર્ધ્વ ઊંચા, બે યોજન ભૂમિમાં, મૂલમાં આઠ યોજન લાંબા–પહોળા, બહુમધ્ય દેશભાગમાં છ યોજન, ઉપર ચાર યોજન લાંબા–પહોળા છે.

**૧૫૮.** તેના શિખરની પરિધિ મૂલે–મધ્યે–ઉપર ક્રમશઃ સાધિક પચીશ, અઢાર, બાર યોજન છે.

**૧૫૯.** તે મૂલમાં વિસ્તીર્ણ, મધ્યે સંક્ષિપ્ત, ઉપર પાતળી છે, સર્વ કનકમય, સ્વચ્છ છે. વેદિકા–વનખંડનું વર્ણન કરવું. એ પ્રમાણે બાકીના કૂટો પણ છે.

જંબૂના બાર નામો આ છે –

**૧૬૦.** સુદર્શના, અમોઘા, સુપ્રબુદ્ધા, યશોધરા, વિદેહજંબૂ, સોમનસા, નિયતા, નિત્યમંડિતા,

**૧૬૧.** સુભદ્રા, વિશાળા, સુજાતા, સુમના. જંબૂના આ બાર નામો છે.

**૧૬૨.** જંબૂ–સુદર્શન વૃક્ષ ઉપર આઠ આઠ મંગલો છે.

ભગવન્ ! જંબૂ–સુદર્શના એવું નામ કેમ છે ?

ગૌતમ ! જંબૂ–સુદર્શનામાં અનાદત નામે જંબૂદ્વીપાધિપતિ વસે છે, તે મહર્દ્ધિક છે. તે ત્યાં ૪૦૦૦ સામાનિકોનું યાવત્ હજારો આત્મરક્ષક દેવોનું, જંબૂદ્વીપ દ્વીપની જંબૂ–સુદર્શનાનું, અનાદતા નામે રાજધાનીનું બીજા પણ ઘણા દેવો–દેવીઓનું આધિપત્યાદિ કરતા વિચરે છે. તેથી હે ગૌતમ ! એમ કહ્યું.

અથવા હે ગૌતમ ! જંબૂસુદર્શના નામ યાવત્ હશે જ, તે ધ્રુવ–નિત્ય–શાશ્વત–યાવત્ અવસ્થિત છે.

ભગવન્ ! અનાદત દેવની અનાદતા નામે રાજધાની ક્યાં કહી છે ?

ગૌતમ ! જંબૂદ્વીપમાં મેરુ પર્વતની ઉત્તરે૦ જે કંઈ પૂર્વ વર્ણિત યમિકા પ્રમાણ છે, તે જાણવું યાવત્ ઉપપાત, અભિષેક સંપૂર્ણ કહેવો.

## સૂત્ર–૧૬૩ થી ૧૬૫

**૧૬૩.** ભગવન્ ! તેને ઉત્તરકુરુ કેમ કહે છે ? ગૌતમ ! ઉત્તરકુરુમાં ઉત્તરકુરુ નામક મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિક દેવ વસે છે. તે કારણે હે ગૌતમ ! 'ઉત્તરકુરુ' એમ કહે છે. અથવા આ નામ શાશ્વત છે.

ભગવન્ ! મહાવિદેહ ક્ષેત્રમાં માલ્યવંત નામે વક્ષસ્કાર પર્વત ક્યાં કહે છે ?

ગૌતમ ! મેરુ પર્વતની ઈશાને નીલવંત વર્ષધર પર્વતની દક્ષિણે, ઉત્તરકુરુની પૂર્વે, વત્સ ચક્રવર્તી વિજયની પશ્ચિમે અહીં મહાવિદેહ ક્ષેત્રમાં માલ્યવંત વક્ષસ્કાર પર્વત કહેલ છે. તે ઉત્તર–દક્ષિણ લાંબો, પૂર્વ–પશ્ચિમ પહોળો છે. જેમ ગંધમાદનનું પ્રમાણ અને વિષ્કંભ છે તેમ કહેવું. ફર્ક એટલો કે સર્વ વૈડૂર્યમય છે, બાકી બધું તેમજ છે. યાવત્ ગૌતમ ! નવ કૂટો કહ્યા છે –

**૧૬૪.** સિદ્ધાયતન, માલ્યવંત, ઉત્તરકુરુ, કચ્છ, સાગર, રજત, શીતોદ, પૂર્ણભદ્ર, હરિસ્સહ–કૂટ જાણવા.

**૧૬૫.** ભગવન્ ! માલ્યવંત વક્ષસ્કાર પર્વતમાં **સિદ્ધાયતન નામે કૂટ** ક્યાં કહેલ છે ? ગૌતમ ! મેરુ પર્વતની ઈશાને, માલ્યવંત કૂટની નૈઋત્યમાં આ સિદ્ધાયતન કૂટ કહેલ છે. તે **૫૦૦** યોજન ઉર્ધ્વ–ઊંચો છે, બાકીનું પૂર્વવત્ યાવત્ રાજધાની, એ પ્રમાણે માલ્યવંત, ઉત્તરકુરુ, કચ્છકૂટ પણ જાણવા.

આ ચારે કૂટો દિશા, પ્રમાણથી સમાન જાણવા. કૂટ સદૃશ નામક દેવો છે.

ભગવન્ ! માલ્યવંતમાં સાગરકૂટ નામે કૂટ ક્યાં કહેલ છે ? ગૌતમ ! કચ્છકૂટના ઈશાને, રજતકૂટની દક્ષિણે, અહીં સાગરકૂટ નામે કૂટ કહેલ છે. તે **૫૦૦** યોજન ઉર્ધ્વ ઊંચા છે. બાકી પૂર્વવત્.

ત્યાં સુભોગા દેવી છે. ઈશાનમાં તેની રાજધાની છે. રજતકૂટ ઉપર ભોગમાલિની નામની દેવી નિવાસ કરે છે. તેની રાજધાની ઈશાનમાં છે. બાકીના કૂટો ઉત્તર–દક્ષિણમાં જાણવા, તે બધા સમાન પ્રમાણ છે.

સૂત્ર–૧૬૬

ભગવન્ ! માલ્યવંતમાં હરિસ્સહ નામે કૂટ ક્યાં કહેલ છે ?

ગૌતમ ! પૂર્ણભદ્રની ઉત્તરે, નીલવંતની દક્ષિણે અહીં હરિસ્સહ નામે કૂટ કહેલ છે. તે **૧૦૦૦** યોજન ઉર્ધ્વ–ઊંચો, યમક પ્રમાણવત જાણવો. રાજધાની ઉત્તરમાં અસંખ્યાત દ્વીપ પછી, બીજા જંબૂદ્વીપ–દ્વીપની ઉત્તરમાં **૧૨,૦૦૦** યોજન જઈને અહીં હરિસ્સહ દેવની હરિસ્સહા નામે રાજધાની કહેલી છે. તે **૮૪,૦૦૦** યોજન લાંબી–પહોળી, **૨,૬૫,૬૩૬** યોજન પરિધિથી છે. બાકી જેમ ચમરચંચા રાજધાની છે, તેમ પ્રમાણ કહેવું. તે મહર્દ્ધિક, મહાદ્યુતિક છે.

ભગવન્ ! તેને માલ્યવંત વક્ષસ્કાર પર્વત કેમ કહે છે ? ગૌતમ ! માલ્યવંત વક્ષસ્કાર પર્વતમાં તે–તે દેશમાં ત્યાં–ત્યાં ઘણા સરિકા, નવમાલિકા યાવત્ મગદંતિકા ગુલ્મો છે. તે ગુલ્મો પંચવર્ણી કુસુમને કુસુમિત કરે છે. તે માલ્યવંત વક્ષસ્કાર પર્વતના બહુસમ રમણીય ભૂમિભાગને વાયુ દ્વારા કંપિત અગ્ર શાખાથી મુક્ત પુષ્પના પુંજોપચાર યુક્ત કરે છે. અહીં માલ્યવંત નામે મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિક દેવ વસે છે. તેથી હે ગૌતમ ! એમ કહેલ છે. અથવા તે યાવત્ નિત્ય છે.

સૂત્ર–૧૬૭ થી ૧૬૯

**૧૬૭.** ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં કચ્છ નામે વિજય ક્યાં કહેલ છે ?

ગૌતમ ! સીતા મહાનદીની ઉત્તરે, નીલવંત વર્ષધર પર્વતની દક્ષિણે, ચિત્રકૂટ વક્ષસ્કાર પર્વતની પશ્ચિમે, માલ્યવંત વક્ષસ્કાર પર્વતની પૂર્વે, અહીં જંબૂદ્વીપ દ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં કચ્છ નામે વિજય કહેલ છે. તે ઉત્તર દક્ષિણ લાંબો, પૂર્વ–પશ્ચિમ પહોળો, પલ્યંક સંસ્થાને સંસ્થિત છે. તે ગંગાનદી, સિંધુનદી અને વૈતાઢ્ય પર્વતથી છ ભાગમાં વિભક્ત છે. તે **૧૬,૫૯૨–૨/૧૯** યોજન લાંબી, **૨૨૧૩** યોજનથી કંઈક ન્યૂન પહોળી છે.

કચ્છ વિજયના બહુમધ્ય દેશભાગમાં અહીં વૈતાઢ્ય નામે પર્વત કહેલ છે, તે કચ્છ વિજયને બે ભાગમાં વિભક્ત કરતો રહેલ છે. તે આ – દક્ષિણ કચ્છ અને ઉત્તર કચ્છ.

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં દક્ષિણાર્ધ કચ્છ નામક વિજય ક્યાં કહી છે? ગૌતમ ! વૈતાઢ્ય પર્વતની દક્ષિણે, સીતા મહાનદીની ઉત્તરે, ચિત્રકૂટ વક્ષસ્કાર પર્વતની પશ્ચિમે, માલ્યવંત વક્ષસ્કાર પર્વતની પૂર્વે અહીં જંબૂદ્વીપ દ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં દક્ષિણાર્દ્ધ કચ્છ નામે વિજય કહેલ છે. તે ઉત્તર–દક્ષિણ લાંબી, પૂર્વ–પશ્ચિમ પહોળી, **૮૨૭૧–૧/૧૯** યોજન લાંબી, **૨૨૧૩** યોજનથી કંઈક ન્યૂન પહોળી, પલ્યંક સંસ્થાન સંસ્થિત છે.

ભગવન્ ! દાક્ષિણાર્દ્ધ કચ્છની વિજયના કેવા આકાર–ભાવ–પ્રત્યાવતાર કહેલ છે ? ગૌતમ ! બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે, તે યાવત પંચવર્ણી મણી અને કૃત્રિમ અને અકૃત્રિમ તૃણ વડે શોભિત છે.

ભગવન્ ! દાક્ષિણાર્દ્ધ કચ્છ વિજયના મનુષ્યના કેવા આકાર–ભાવ–પ્રત્યવતાર કહેલ છે ? ગૌતમ ! તે મનુષ્યોના સંઘયણ છ ભેદે છે યાવત્ સર્વે દુઃખોનો અંત કરે છે.

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં કચ્છવિજયમાં વૈતાઢ્ય નામે પર્વત ક્યાં કહેલ છે ?

ગૌતમ ! દાક્ષિણાર્દ્ધ કચ્છ વિજયની ઉત્તરે, ઉત્તરાર્ધ કચ્છની દક્ષિણે, ચિત્રકૂટની પશ્ચિમે, માલ્યવંત વક્ષસ્કાર પર્વતની પૂર્વે, અહીં કચ્છવિજયમાં વૈતાઢ્ય નામે પર્વત કહેલ છે, તે પૂર્વ–પશ્ચિમ લાંબો, ઉત્તર–દક્ષિણ પહોળો, બંને તરફ વક્ષસ્કાર પર્વતને સ્પૃષ્ટ–પૂર્વની કોટીથી યાવત્ બંને તરફ સ્પૃષ્ટ, ભરતના વૈતાઢ્ય સદશ, વિશેષ એ કે – બે બાહા, જીવા અને ધનુપૃષ્ઠ ન કહેવું. તે વિજયના વિષ્કંભ સદશ લંબાઈથી, વિષ્કંભ–ઉચ્ચત્વ–ઉદ્વેધ પૂર્વવત્ તથા

વિદ્યાધર અને આભિયોગિક શ્રેણી પૂર્વવત્. વિશેષ એ કે – પંચાવન–પંચાવન વિદ્યાધર નગરાવાસ કહેલા છે. આભિયોગિક શ્રેણીમાં સીતાનદીની ઉત્તરની શ્રેણીઓ ઈશાનદેવની છે, બાકીની શક્રની છે.

**૧૬૮.** કૂટો–સિદ્ધ, કચ્છ, ખંડક, મણિ, વૈતાઢ્ય, પૂર્ણ, તમિસ્રગુફા, કચ્છ, વૈશ્રમણ અને વૈતાઢ્ય.

**૧૬૯.** ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્તરાર્દ્ધ કચ્છ નામે વિજય ક્યાં કહી છે ? ગૌતમ ! વૈતાઢ્ય પર્વતની ઉત્તરે, નીલવંત વર્ષધર પર્વતની દક્ષિણે, માલ્યવંત વક્ષસ્કાર પર્વતની પૂર્વે, ચિત્રકૂટ વક્ષસ્કાર પર્વતની પશ્ચિમે, અહીં જંબૂદ્વીપ દ્વીપમાં કચ્છવિજય કહી છે યાવત્ સિદ્ધ થાય છે તે બધું પૂર્વવત્.

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્તરાર્દ્ધ કચ્છમાં વિજયમાં સિંધુકુંડ નામે કુંડ કહેલ છે ?

ગૌતમ ! માલ્યવંત વક્ષસ્કાર પર્વતની પૂર્વે, ઋષભકૂટની પશ્ચિમે, નીલવંત વર્ષધર પર્વતના દક્ષિણી નિતંબમાં અહીં જંબૂદ્વીપ દ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્તરાર્દ્ધ કચ્છ વિજયમાં સિંધુકુંડ નામે કુંડ કહેલ છે. તે ૬૦ યોજન લાંબો–પહોળો, યાવત્ ભવન, અર્થ અને રાજધાની જાણવા.

ભરતના સિંધુકુંઢ સદશ બધું જાણવું યાવત્ તે સિંધુકુંડની દક્ષિણ તોરણથી સિંધુ મહાનદી વહેતી ઉત્તરાર્દ્ધ કચ્છ વિજયમાં વહેતી–વહેતી૭૦૦૦ નદીઓ વડે આપૂરિત થતી–થતી તમિસ્ર ગુફાની નીચેની વૈતાઢ્ય પર્વતને ચીરીને, દક્ષિણ કચ્છ વિજયમાં જઈને બધી મળીને ૧૪,૦૦૦ નદીઓ સાથે દક્ષિણમાં સીતા મહાનદીમાં પ્રવેશે છે. સિંધુ મહાનદી પ્રવાહમાં અને મૂલમાં ભરતની સિંધુ સદશ પ્રમાણથી યાવત્ બે વનખંડથી પરિવરેલ છે.

ભગવન્ ! ઉત્તરાર્દ્ધ કચ્છ વિજયમાં ઋષભકૂટ નામક પર્વત ક્યાં કહેલ છે ? ગૌતમ ! સિંધુકુંડની પૂર્વે, ગંગાકુંડની પશ્ચિમે, નીલવંત વર્ષધર પર્વતના દક્ષિણી નિતંબમાં અહીં ઉત્તરાર્દ્ધ–કચ્છ વિજયમાં ઋષભકૂટ નામે પર્વત કહેલ છે. આઠ યોજન ઉર્ધ્વ ઊંચો, આદિ પ્રમાણ પૂર્વવત્ યાવત્ રાજધાની છે, માત્ર તે ઉત્તરમાં કહેવી.

ભગવન્ ! ઉત્તરાર્દ્ધ કચ્છ વિજયમાં ગંગાકુંડ નામે કુંડ ક્યાં કહેલ છે ? ગૌતમ ! ચિત્રકૂટ વક્ષસ્કાર પર્વતની પશ્ચિમે, ઋષભકૂટ પર્વતની પૂર્વે, નીલવંત વર્ષધર પર્વતના દક્ષિણી નિતંબે, અહીં ઉત્તરાર્દ્ધ કચ્છમાં ગંગાકુંડ નામે કુંડ કહેલ છે. તે ૬૦ યોજન લાંબો–પહોળો આદિ પૂર્વવત્ યાવત્ જેમ સિંધુ યાવત્ વનખંડથી પરિવરેલ છે.

ભગવન્ ! કચ્છ વિજયને કચ્છવિજય કેમ કહે છે? ગૌતમ! કચ્છવિજયમાં વૈતાઢ્ય પર્વતની દક્ષિણે, સીતા મહાનદીની ઉત્તરે, ગંગા મહાનદીની પશ્ચિમે, સિંધુ મહાનદીની પૂર્વે, દક્ષિણાર્દ્ધ કચ્છ વિજયના બહુમધ્ય દેશભાગમાં અહીં ક્ષેમા નામે રાજધાની કહેલ છે. તે વિજયા રાજધાની સદશ કહેવી. તે ક્ષેમા રાજધાનીમાં કચ્છ નામે રાજા ઉપજે છે. તે મહા હિમવંત યાવત્ બધું વર્ણન ભરત સમાન કહેવું. માત્ર નિષ્ક્રમણ ન કહેવું. બાકી બધું કહેવું યાવત્ માનુષી સુખો ભોગવે છે. અથવા 'કચ્છ' નામધારી અહીં મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિક દેવ વસે છે. તે કારણે ગૌતમ ! કચ્છ વિજય કહે છે યાવત્ નિત્ય છે.

### સૂત્ર–૧૭૦

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં ચિત્રકૂટ નામે વક્ષસ્કાર પર્વત ક્યાં કહેલ છે ? ગૌતમ ! સીતા મહાનદીની ઉત્તરે, નીલવંત વર્ષધર પર્વતની દક્ષિણે, કચ્છવિજયની પૂર્વે, સુકચ્છ વિજયની પશ્ચિમે અહીં જંબૂદ્વીપ દ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં ચિત્રકૂટ વક્ષસ્કાર પર્વત કહેલ છે. તે ઉત્તર–દક્ષિણ લાંબો, પૂર્વ–પશ્ચિમ પહોળો ૧૬,૫૯૨ યોજન, ૨–કળા લાંબો, ૫૦૦ યોજન પહોળો છે. નીલવંત વર્ષધર પર્વત પાસે ૪૦૦ યોજન ઉર્ધ્વ–ઊંચો અને ૪૦૦ ગાઉ ભૂમિગત છે. ત્યારપછી માત્રાથી ઉત્સેધ અને ઉદ્વેધની પરિવૃદ્ધિથી વધતા–વધતા સીતા મહાનદી પાસે ૫૦૦ યોજન ઉર્ધ્વ–ઊંચો, ૫૦૦ ગાઉ ભૂમિગત છે. તે અશ્વસ્કંધ સંસ્થાન સંસ્થિત, સર્વરત્નમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ યાવત્ પ્રતિરૂપ છે. બંને પડખે બે પદ્મવર વેદિકા અને બે વનખંડોથી તે પરિવૃત્ત છે. બંનેનું વર્ણન પૂર્વવત્.

ચિત્રકૂટ વક્ષસ્કાર પર્વતની ઉપર બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે યાવત્ ત્યાં દેવ–દેવીઓ બેસે છે.

ભગવન્ ! ચિત્રકૂટ વક્ષસ્કાર પર્વતમાં કેટલા કૂટો કહેલ છે ? ગૌતમ ! ચાર કૂટો કહ્યા છે – સિદ્ધાયતન કૂટ, ચિત્રકૂટ, કચ્છકૂટ, સુકચ્છકૂટ. પરસ્પર ઉત્તર–દક્ષિણમાં સમાન છે.

પહેલું સિદ્ધાયતન કૂટ, સીતા નદીની ઉત્તરે, ચોથો સુકચ્છકૂટ નીલવંત વર્ષધર પર્વતની દક્ષિણે અહીં ચિત્રકૂટ નામે મહર્દ્ધિક દેવની યાવત્ રાજધાની પૂર્વવત્ કહેવી.

## સૂત્ર–૧૭૧ થી ૧૭૩

**૧૭૧.** ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં સુકચ્છ નામક વિજય ક્યાં કહેલ છે ? ગૌતમ ! સીતોદા મહાનદીની ઉત્તરે, નીલવંત વર્ષધર પર્વતની દક્ષિણે, ગાથાપતિ મહાનદીની પશ્ચિમે, ચિત્રકૂટ વક્ષસ્કાર પર્વતની પૂર્વે અહીં જંબૂદ્વીપ દ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં સુકચ્છ નામે વિજય કહેલ છે. તે ઉત્તર–દક્ષિણ લાંબી, કચ્છ વિજયની જેમ સુકચ્છ વિજય કહેવી. વિશેષ એ કે ક્ષેમપુરા રાજધાની, સુકચ્છ નામે રાજા થશે.

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં ગાથાપતિકુંડ ક્યાં કહેલ છે ? ગૌતમ ! સુકચ્છ વિજયની પૂર્વે, મહાકચ્છ વિજયની પશ્ચિમે, નીલવંત વર્ષધર પર્વતના દક્ષિણી નિતંબે, અહીં જંબૂદ્વીપ દ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં ગાથાપતિ કુંડ કહેલ છે. જેમ રોહીતાંશકુંડ કહ્યો તેમજ યાવત્ ગાથાપતિ દ્વીપમાં ભવન, તે ગાથાપતિકુંડના દક્ષિણ દ્વારથી ગાથાપતિ નદી નીકળીને સુકચ્છ અને મહાકચ્છ વિજયને બે ભાગમાં વિભક્ત કરતી–કરતી **૨૮૦૦૦** નદીઓ સહિત દક્ષિણમાં સીતા મહાનદીમાં પ્રવેશે છે. ગાથાપતિ મહાનદી પ્રવાહે અને મુખમાં સર્વત્ર સમાન છે. તે **૧૨૫** યોજન પહોળી, અઢી યોજન ઊંડી, બંને પાર્શ્વમાં બે પદ્મવર વેદિકા, બે વનખંડોથી યાવત્ બંનેનું વર્ણન કરવું.

ભગવન્ ! મહાવિદેહ ક્ષેત્રમાં મહાકચ્છ નામે વિજય ક્યાં કહેલ છે ? ગૌતમ ! નીલવંત વર્ષધર પર્વતની દક્ષિણે, સીતા મહાનદીની ઉત્તરે, પક્ષ્મકૂટ વક્ષસ્કાર પર્વતની પશ્ચિમે, ગાથાપતિ મહાનદીની પૂર્વે અહીં મહાવિદેહ ક્ષેત્રમાં મહાકચ્છ નામે વિજય કહેલ છે. બાકી કચ્છવિજયમાં કહ્યા મુજબ યાવત્ મહાકચ્છમાં કહેવું. અહીં મહાકચ્છ મહર્દ્ધિક દેવ અને અર્થ કહેવો.

ભગવન્ ! મહાવિદેહ ક્ષેત્રમાં પક્ષ્મકૂટ વક્ષસ્કાર પર્વત ક્યાં કહેલ છે ? ગૌતમ ! નીલવંતની દક્ષિણે, સીતા મહાનદીની ઉત્તરે, મહાકચ્છની પૂર્વે, કચ્છાવતીની પશ્ચિમે અહીં મહાવિદેહ ક્ષેત્રમાં પક્ષ્મકૂટ નામે વક્ષસ્કાર કહેલ છે. તે ઉત્તર–દક્ષિણ લાંબો, પૂર્વ–પશ્ચિમ પહોળો છે. બાકી ચિત્રકૂટની જેમ જાણવું યાવત્ દેવ–દેવીઓ ત્યાં બેસે છે.

પક્ષ્મકૂટમાં ચાર કૂટો કહેલા છે, સિદ્ધાયતન કૂટ, પક્ષ્મ કૂટ, મહાપક્ષ્મ કૂટ, કચ્છાવતી કૂટ. એ પ્રમાણે યાવત્ પૂર્વવત તેનું વર્ણન કરવું. અહીં પક્ષ્મકૂટ નામે મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિક દેવ વસે છે. તેથી તેને પક્ષ્મકૂટ કહે છે. આ કૂટ શાશ્વત છે, નિત્ય છે. યાવત અવસ્થિત છે.

ભગવન્ ! મહાવિદેહ ક્ષેત્રમાં કચ્છગાવતી નામે વિજય ક્યાં કહી છે ? ગૌતમ ! નીલવંતની દક્ષિણે, સીતા મહાનદીની ઉત્તરે, દ્રહાવતી મહાનદીની પશ્ચિમે, પક્ષ્મકૂટની પૂર્વે અહીં મહાવિદેહ ક્ષેત્રમાં કચ્છગાવતી નામે વિજય કહી છે. તે ઉત્તર–દક્ષિણ લાંબી, પૂર્વ–પશ્ચિમ પહોળી છે. બાકી કચ્છ વિજય મુજબ જાણવું યાવત્ કચ્છગાવતી નામે અહીં દેવ છે.

ભગવન્ ! મહાવિદેહ ક્ષેત્રમાં દ્રહાવતી કુંડ નામે કુંડ ક્યાં કહેલ છે ? ગૌતમ ! આવર્ત્ત વિજયની પશ્ચિમે, કચ્છ–ગાવતી વિજયની પૂર્વે, નીલવંતના દક્ષિણી નિતંબે, અહીં મહાવિદેહ ક્ષેત્રમાં દ્રહાવતી નામે કુંડ કહેલ છે. બાકી ગાથાપતિ કુંડવત્ યાવત્ અર્થ જાણવું.

તે દ્રહાવતી કુંડના દક્ષિણદ્વારથી દ્રહાવતી મહાનદી નીકળતી કચ્છાવતી અને આવર્ત્ત વિજયને બે ભાગમાં વિભક્ત કરતી–કરતી દક્ષિણમાં સીતા મહાનદીમાં પ્રવેશે છે, બાકી ગાહાવતિ મુજબ જાણવું.

ભગવન્ ! મહાવિદેહ ક્ષેત્રમાં આવર્ત્ત નામે વિજય ક્યાં કહી છે ? ગૌતમ ! નીલવંત વર્ષધર પર્વતની દક્ષિણે,

સીતા મહાનદીની ઉત્તરે, નલિનકૂટ વક્ષસ્કાર પર્વતની પશ્ચિમે, દ્રહાવતી મહાનદીની પૂર્વે, અહીં મહાવિદેહ ક્ષેત્રમાં આવર્ત્ત નામે વિજય કહેલ છે. બાકી કચ્છ વિજયવત્ જાણવું.

ભગવન્ ! મહાવિદેહ ક્ષેત્રમાં નલિનકૂટ વક્ષસ્કાર પર્વત ક્યાં કહેલ છે ? ગૌતમ ! નીલવંતની દક્ષિણે, સીતાની ઉત્તરે, મંગલાવતી વિજયની પશ્ચિમે, આવર્ત્તવિજયની પૂર્વે અહીં મહાવિદેહ ક્ષેત્રમાં નલિનકૂટ નામે વક્ષસ્કાર પર્વત કહેલ છે. તે ઉત્તર–દક્ષિણ લાંબો, પૂર્વ–પશ્ચિમ પહોળો છે. બાકી ચિત્રકૂટની જેમ યાવત્ બેસે છે, સુધી કહેવું.

ભગવન્ ! નલિનકૂટ વક્ષસ્કાર પર્વત ઉપર કેટલા કૂટો કહેલા છે ? ગૌતમ ! ચાર કૂટો કહેલા છે, તે આ રીતે – સિદ્ધાયતન કૂટ, નલિન કૂટ, આવર્ત્ત કૂટ, મંગલાવર્ત્ત કૂટ. આ કૂટો **૫૦૦** યોજન ઊંચા છે, રાજધાનીઓ ઉત્તરમાં છે.

ભગવન્ ! મહાવિદેહ ક્ષેત્રમાં મંગલાવર્ત્ત નામે વિજય ક્યાં કહી છે ? ગૌતમ ! નીલવંતની દક્ષિણે, સીતાની ઉત્તરે, નલિનકૂટની પૂર્વે, પંકાવતીની પશ્ચિમે અહીં મંગલાવર્ત નામે વિજય કહેલ છે. કચ્છ વિજયવત્ આ વિજયનું વર્ણન કરવું. યાવત્ મંગલાવર્ત નામે દેવ અહીં વસે છે, તેથી તેને મંગલાવર્ત વિજય કહે છે. અથવા આ નામ શાશ્વત યાવત અવસ્થિત છે.

ભગવન્ ! મહાવિદેહ ક્ષેત્રમાં પંકાવતીકુંડ નામે કુંડ ક્યાં કહેલ છે ? ગૌતમ ! મંગલાવર્તની પૂર્વે, પુષ્કલ વિજયની પશ્ચિમે, નીલવંતના દક્ષિણી નિતંબે અહીં પંકાવતી યાવત્ કુંડ કહેલ છે. તે ગાહાવતિકુંડના પ્રમાણવત જાણવું યાવત્ મંગલાવર્ત અને પુષ્કલાવર્ત વિજયને બે ભાગમાં વિભક્ત કરતી–કરતી પંકાવતી નદી આગળ વધે છે. બાકી વર્ણન પૂર્વવત્ ગાથાપતિકુંડ મુજબ જાણવું.

ભગવન્ ! મહાવિદેહ ક્ષેત્રમાં પુષ્કલાવર્ત્ત નામે વિજય ક્યાં કહેલ છે ? ગૌતમ ! નીલવંતની દક્ષિણે, સીતાની ઉત્તરે, પંકાવતીની પૂર્વે એક શૈલ વક્ષસ્કાર પર્વતની પશ્ચિમે અહીં પુષ્કલાવર્ત નામે વિજય કહેલ છે. કચ્છવિજયની માફક તે કહેવી યાવત્ પુષ્કલ નામે મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિક દેવ અહીં વસે છે. તેથી તેનું પુષ્કલાવર્ત નામ છે. અથવા આ નામ શાશ્વત છે.

ભગવન્ ! મહાવિદેહ ક્ષેત્રમાં એકશૈલ નામક વક્ષસ્કાર પર્વત ક્યાં કહેલ છે? ગૌતમ ! પુષ્કલાવર્ત ચક્રવર્તી વિજયની પૂર્વે, પુષ્કલાવતી ચક્રવર્તી વિજયની પશ્ચિમે, નીલવંતની દક્ષિણે, સીતાની ઉત્તરે, અહીં એકશૈલ નામે વક્ષસ્કાર પર્વત કહેલ છે. ચિત્રકૂટ સમાન જાણવું યાવત્ દેવો ત્યાં બેસે છે૦ ચાર કૂટો છે, તે આ રીતે – સિદ્ધાયતનકૂટ, એકશૈલ કૂટ, પુષ્કલાવર્ત કૂટ, પુષ્કલાવતી કૂટ. કૂટો પૂર્વવત્ **૫૦૦** યોજન ઊંચા છે યાવત્ ત્યાં એકશૈલ નામે મહર્દ્ધિક દેવ છે. તેથી તેનું એકશૈલ નામ છે. અથવા આ નામ શાશ્વત છે.

ભગવન્ ! મહાવિદેહ ક્ષેત્રમાં પુષ્કલાવતી નામે ચક્રવર્તી વિજય ક્યાં કહેલ છે ? ગૌતમ ! નીલવંતની દક્ષિણે, સીતાની ઉત્તરે, ઉત્તરીય સીતામુખવનની પશ્ચિમે, એકશૈલ વક્ષસ્કાર પર્વતની પૂર્વે, અહીં મહાવિદેહ ક્ષેત્રમાં પુષ્કલાવતી નામે વિજય કહેલી છે. તે ઉત્તર–દક્ષિણ લાંબી છે, એ પ્રમાણે કચ્છવિજયવત્ કહેવું યાવત્ પુષ્કલાવતી દેવ અહીં વસે છે. તેથી તેનું પુષ્કલાવતી નામ છે. અથવા આ નામ શાશ્વત છે.

ભગવન્ ! મહાવિદેહ ક્ષેત્રમાં સીતા મહાનદીનું ઉત્તરનું સીતામુખ વન નામે વન કહે છે ? ગૌતમ ! નીલવંતની દક્ષિણે, સીતાની ઉત્તરે, પૂર્વી લવણસમુદ્રની પશ્ચિમે, પુષ્કલાવતી ચક્રવર્તી વિજયની પૂર્વે, અહીં સીતામુખ વન નામે વન કહેલ છે. તે ઉત્તર–દક્ષિણ લાંબુ, પૂર્વ–પશ્ચિમ પહોળું, **૧૬,૫૯૨–૨/૧૯** યોજન લાંબુ, સીતા મહાનદીની પાસે **૨૯૨૨** યોજન પહોળું છે. ત્યારપછી માત્રાથી ઘટતા–ઘટતા નીલવંત વર્ષધર પર્વતની પાસે **૧/૧૯** યોજન પહોળું છે. તે એક પદ્મવર વેદિકા અને એક વનખંડથી પરિવરેલ છે, વર્ણન પૂર્વવત્. સીતામુખવન યાવત્ દેવો બેસે છે.

એ પ્રમાણે ઉત્તરનું પાર્શ્વ સમાપ્ત થયું. વિજય વર્ણન કહ્યું. વિજયોની રાજધાનીઓ આ પ્રમાણે છે –

**૧૭૨.** ક્ષેમા, ક્ષેમપુરા, અરિષ્ટા, અરિષ્ટપુરા, ખડ્ગી, મંજૂષા, ઔષધિ અને પુંડરીકિણી.

**૧૭૩. ૧૬**–વિદ્યાધર શ્રેણી, **૧૬**–આભિયોગ્ય શ્રેણી, બધી ઈશાનેન્દ્રની છે. બધી વિજયોનું વક્તવ્યતા કચ્છ વિજય સમાન યાવત્ અર્થ છે. સદશ નામક રાજા છે. વિજયમાં **૧૬**–વક્ષસ્કાર પર્વતોની વક્તવ્યતા ચિત્રકૂટવત્ છે. યાવત્ ચાર–ચાર કૂટો, બાર નદીઓની વક્તવ્યતા ગાથાપતિ નદી સમાન છે, યાવત્ બંને પડખે બે પદ્મવરવેદિકા અને વનખંડ છે.

## સૂત્ર–૧૭૪ થી ૧૭૭

**૧૭૪.** ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં સીતા મહાનદીમાં દક્ષિણમાં સીતામુખ વન નામે વન ક્યાં કહેલ છે ? એ રીતે ઉત્તરના સીતામુખ વનની માફક દક્ષિણનું પણ કહેવું. વિશેષ એ – નિષધ વર્ષધર પર્વતની ઉત્તરે, સીતા મહાનદીની દક્ષિણે, પૂર્વ લવણસમુદ્રની પશ્ચિમે, વત્સવિજયની પૂર્વે અહીં જંબૂદ્વીપ દ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં સીતા મહાનદીમાં દક્ષિણે સીતામુખવન નામે વન કહેલ છે. ઉત્તર–દક્ષિણ લાંબુ ઈત્યાદિ બધું પૂર્વવત્. વિશેષ એ – નિષધ વર્ષધર પર્વત પાસે **૧**–કળા વિષ્કંભથી કૃષ્ણ, કૃષ્ણાવભાસ યાવત્ મહા ગંધઘ્રાણને છોડતા યાવત્ બેસે છે. બંને પડખે બે પદ્મવરવેદિકા, વન કહેવા.

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં વત્સ નામે વિજય ક્યાં કહી છે ? ગૌતમ ! નિષધ વર્ષધર પર્વતની ઉત્તરે, સીતા મહાનદીની દક્ષિણે, દક્ષિણના સીતામુખ વનની પશ્ચિમે, ત્રિકૂટ વક્ષસ્કાર પર્વતની પૂર્વે, અહીં જંબૂદ્વીપ દ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં વત્સ નામે વિજય કહેલ છે, તેનું પ્રમાણ પૂર્વવત્ જાણવું, તેને સુસીમા નામે રાજધાની છે. તે વત્સ વિજય પછી ત્રિકૂટ નામે વક્ષસ્કાર પર્વત છે.

ત્રિકૂટ વક્ષસ્કાર પર્વત, પછી સુવત્સ નામે બીજી વિજય, પછી કુંડલા રાજધાની, પછી તપ્તજલા નદી, પછી મહાવત્સ વિજય, પછી અપરાજિતા રાજધાની. પછી વૈશ્રમણ કૂટ, પછી વક્ષસ્કાર પર્વત, પછી વત્સાવતી વિજય, પછી પ્રભંકર રાજધાની. પછી મત્તજલા નદી, પછી રમ્યવિજય, પછી અંકાવતી રાજધાની, પછી અંજન વક્ષસ્કાર પર્વત, પછી રમ્યક્‌વિજય, પછી પદ્માવતી રાજધાની. પછી ઉન્મત્ત જલા મહાનદી, પછી રમણીય વિજય, પછી શુભા રાજધાની. પછી માતંજન વક્ષસ્કાર પર્વત, પછી મંગલાવતી વિજય, પછી રત્નસંચયા રાજધાની છે.

એ પ્રમાણે જેમ સીતા મહાનદીનું ઉત્તરી પાર્શ્વ છે, તેમ દક્ષિણી પાર્શ્વ કહેવું. ઉત્તરની જેમ દક્ષિણી સીતામુખ વન કહેવું.

વક્ષસ્કારકૂટ આ પ્રમાણે છે–ત્રિકૂટ, વૈશ્રમણકૂટ, અંજન, માતંજન.

નદીઓ આ પ્રમાણે છે–તપ્તજલા, મત્તજલા, ઉન્મત્તજલા.

**૧૭૫.** વિજયો આ પ્રમાણે – વત્સ, સુવત્સ, મહાવત્સ, ચોથી વચ્છકાવતી, રમ્ય, રમ્યક, રમણીય, મંગલાવતી.

**૧૭૬.** રાજધાનીઓ આ પ્રમાણે છે – સુશીમા, કુંડલા, અપરાજિતા, પ્રભંકરા, અંકાવતી, પદ્માવતી, શુભા અને રત્નસંચયા.

**૧૭૭.** વત્સવિજયના દક્ષિણમાં નિષધ, ઉત્તરમાં સીતા, પૂર્વમાં દક્ષિણી સીતામુખ વન, પશ્ચિમમાં ત્રિકૂટ પર્વત છે. સુશીમા રાજધાની છે. પ્રમાણ પૂર્વવત્.

વત્સવિજય પછી ત્રિકૂટ, પછી સુવત્સ વિજય, એ ક્રમથી તપ્તજલા નદી, પછી મહાવત્સ વિજય, પછી વૈશ્રમણકૂટ, પછી વક્ષસ્કાર પર્વત, પછી વત્સાવતી વિજય, પછી મત્તજલા નદી, પછી રમ્ય વિજય, પછી અંજન વક્ષસ્કાર પર્વત. પછી રમ્યક્ વિજય, પછી ઉન્મત્તજલા નદી, ર પછી મણીય વિજય, પછી માતંજલ વક્ષસ્કાર પર્વત અને પછી મંગલાવતી વિજય છે.

## સૂત્ર–૧૭૮ થી ૧૮૨

**૧૭૮.** ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં સોમનસ નામે વક્ષસ્કાર પર્વત ક્યાં કહેલ છે ? ગૌતમ !

નિષધ વર્ષધર પર્વતની ઉત્તરે, મેરુપર્વતની અગ્નિ દિશામાં, મંગલાવતી વિજયની પશ્ચિમે, દેવકુરુની પૂર્વે, અહીં જંબૂદ્વીપ દ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં સોમનસ નામે વક્ષસ્કાર પર્વત કહેલ છે. ઉત્તર-દક્ષિણ લાંબો, પૂર્વ-પશ્ચિમ પહોળો, માલ્યવંત વક્ષસ્કાર પર્વત સમાન છે. વિશેષ એ કે – સર્વરત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. નિષધ વર્ષધર પર્વતની પાસે ૪૦૦ યોજન ઉર્ધ્વ ઊંચો, ૪૦૦ ગાઉ ભૂમિગત, બાકી પૂર્વવત્ કહેવું. વિશેષ એ કે –ગૌતમ ! સોમનસ વક્ષસ્કાર પર્વતે ઘણા દેવો-દેવીઓ જે સૌમ્ય, સુમનસ્ક છે તે અહીં બેસે છે ઇત્યાદિ. સૌમનસ નામે અહીં મહર્દ્ધિક દેવ યાવત્ વસે છે. તે કારણે હે ગૌતમ! યાવત્ નિત્ય છે.

સૌમનસ વક્ષસ્કાર પર્વતે કેટલા કૂટો કહ્યા છે ? ગૌતમ ! સાત કૂટો કહેલા છે, તે આ પ્રમાણે –

**૧૭૯.** સિદ્ધ, સોમનસ, મંગલાવતી, દેવકુરુ, વિમલ, કંચન, વશિષ્ટ નામક સાત કૂટો જાણવા.

**૧૮૦.** આ બધા કૂટો **૫૦૦** યોજન ઊંચા છે. આ કૂટોની પૃચ્છા દિશા-વિદિશામાં ગંધમાદન સદ્દશ કહેવી. ફર્ક એ કે – વિમલકૂટ તથા કંચનકૂટ ઉપર સુવત્સા અને વત્સમિત્રા દેવીઓ રહે છે. બાકીના કૂટોમાં સદશ નામક દેવો છે. મેરુની દક્ષિણે તેની રાજધાનીઓ છે.

ભગવન્ ! મહાવિદેહ ક્ષેત્રમાં દેવકુરુ નામે કુરુ ક્યાં કહેલ છે ? ગૌતમ ! મેરુ પર્વતની દક્ષિણે, નિષધ વર્ષધર પર્વતની ઉત્તરે, વિદ્યુત્પ્રભ વક્ષસ્કાર પર્વતની પૂર્વે, સોમનસ વક્ષસ્કાર પર્વતની પશ્ચિમે – અહીં મહાવિદેહ ક્ષેત્રમાં દેવકુરુ નામે કુરુ કહેલ છે. તે પૂર્વ-પશ્ચિમ લાંબો, ઉત્તર-દક્ષિણ પહોળો, **૧૧૮૪૨** યોજન, **૨**-કળા પહોળો છે. ઉત્તરકુરુની વક્તવ્યતા સમાન યાવત્ પદ્મગંધ, મૃગગંધ, અમમ, સહ, તેતલી, શનૈશ્ચારી મનુષ્યો સુધી કહેવું.

**૧૮૧.** ભગવન્ ! દેવકુરુમાં ચિત્રકૂટ-વિચિત્રકૂટ નામે બે પર્વતો ક્યાં કહેલ છે ? ગૌતમ ! નિષધ વર્ષધર પર્વતના ઉત્તરીય-ચરમાંતથી ૮૩૪-૪/૭ યોજનના અંતરે, સીતોદક મહાનદીના પૂર્વ-પશ્ચિમ બંને કિનારે, અહીં ચિત્ર અને વિચિત્ર કૂટ નામે બંને પર્વતો કહ્યા છે, યમક પર્વતો માફક બધું કહેવું. રાજધાની મેરુની દક્ષિણે છે.

**૧૮૨.** દેવકુરુનો નિષધદ્રહ નામે દ્રહ ક્યાં કહેલ છે ? ગૌતમ ! તે ચિત્રકૂટ, વિચિત્રકૂટ પર્વતના ઉત્તરીય ચરમાંતથી ૮૩૪-૪/૭ યોજનના અંતરે, સીતોદા મહાનદીના બહુમધ્ય દેશભાગમાં નિષધદ્રહ નામે દ્રહ કહેલ છે.

એ પ્રમાણે જેમ નીલવંત, ઉત્તરકુરુ, ચંદ્ર, ઐરાવત, માલ્યવંત દ્રહોની વક્તવ્યતા છે. તેમજ નિષધ, દેવકુરુ, સૂર, સુલસ, વિદ્યુત્પ્રભની જાણવી. રાજધાનીઓ મેરુની દક્ષિણમાં છે.

### સૂત્ર-૧૮૩ થી ૧૮૬

**૧૮૩.** ભગવન્ ! દેવકુરુમાં કૂટ શાલ્મલી નામે પીઠ ક્યાં કહી છે ? ગૌતમ ! મેરુ પર્વતની નૈઋત્ય દિશામાં, નિષધ વર્ષધર પર્વતની ઉત્તરમાં, વિદ્યુત્પ્રભ વક્ષસ્કાર પર્વતની પૂર્વે, સીતોદા મહાનદીની પશ્ચિમે, દેવકુરુના પશ્ચિમાર્દ્ધના બહુમધ્ય દેશભાગમાં અહીં દેવકુરુમાં કૂટ શાલ્મલી પીઠ નામે પીઠ કહેલ છે. જેમ જંબૂ-સુદર્શનાની વક્તવ્યતા છે, તે જ શલ્મલીમાં કહેવી, માત્ર નામ-ગરુડદેવ છે, રાજધાની દક્ષિણમાં, બાકી પૂર્વવત્ યાવત્ દેવકુરુ અહીં પલ્યોપમ સ્થિતિક દેવ વસે છે. તેથી ગૌતમ ! દેવકુરુ કહે છે અથવા દેવકુરુ એ નામ શાશ્વત છે. આદિ

**૧૮૪.** ભગવન્ ! જંબૂદ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં વિદ્યુત્પ્રભ નામે વક્ષસ્કાર પર્વત ક્યાં કહેલ છે ? ગૌતમ ! નિષધ વર્ષધર પર્વતની ઉત્તરે, મેરુ પર્વતની નૈઋત્યમાં, દેવકુરાની પશ્ચિમે, પક્ષ્મ વિજયની પૂર્વે, અહીં જંબૂદ્વીપ દ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં વિદ્યુત્પ્રભ વક્ષસ્કાર પર્વત કહેલ છે. તે ઉત્તર-દક્ષિણ લાંબો, એ પ્રમાણે માલ્યવંતવત્ કહેવું. વિશેષ એ કે – સર્વ તપનીયમય, સ્વચ્છ યાવત્ ત્યાં દેવો બેસે છે.

ભગવન્ ! વિદ્યુત્પ્રભ વક્ષસ્કાર પર્વતમાં કેટલા કૂટો કહેલા છે ? ગૌતમ ! નવ કૂટો કહેલ છે – સિદ્ધાયતનકૂટ, વિદ્યુત્પ્રભકૂટ, દેવકુરુકૂટ, પક્ષ્મકૂટ, કનકકૂટ, સ્વસ્તિક કૂટ, સીતોદા કૂટ, શતજ્વલકૂટ, હરિકૂટ.

**૧૮૫.** સિદ્ધ, વિદ્યુત્, દેવકુરુ, પક્ષ્મ, કનક આદિ ઉપર મુજબના કૂટ.

૧૮૬. હરિકૂટ સિવાયના કૂટો ૫૦૦ યોજન જાણવા. આ કૂટોની પૃચ્છા, તે દિશા–વિદિશામાં જાણવી. માલ્યવંતના હરિસ્સહ કૂટવત્ કહેવું. દક્ષિણની ચમરચંચા રાજધાની માફક હરિકૂટા રાજધાની જાણવી. કનક અને સ્વસ્તિક કૂટમાં વારિષેણ અને બલાહક દેવ છે, બાકીના કૂટોમાં સદશ નામવાળા દેવો છે. તેમની રાજધાનીઓ દક્ષિણમાં છે.

ભગવન્ ! એવું કેમ કહે છે કે – વિદ્યુત્પ્રભ વક્ષસ્કાર પર્વત નામ છે ? ગૌતમ ! વિદ્યુત્પ્રભ વક્ષસ્કાર પર્વત વિદ્યુતની જેમ ચોતરફ અવભાસે છે, ઉદ્યોત કરે છે, પ્રભાસે છે, વિદ્યુત્પ્રભ અહીં પલ્યોપમ સ્થિતિક દેવ યાવત્ વસે છે. એ કારણથી હે ગૌતમ ! તે વિદ્યુત્પ્રભ કહે છે, અથવા તે યાવત્ નિત્ય છે.

### સૂત્ર–૧૮૭ થી ૧૯૩

૧૮૭. એ પ્રમાણે ૧. પક્ષ્મ વિજયમાં અશ્વપુરા રાજધાની, અંકાવતી વક્ષસ્કાર પર્વત, પછી ૨. સુપક્ષ્મવિજય, સિંહપુરા રાજધાની, ક્ષીરોદા મહાનદી, પછી ૩. મહાપક્ષ્મ વિજય, મહાપુરા રાજધાની, પક્ષ્માવતી વક્ષસ્કાર પર્વત, પછી ૪. પક્ષ્મકારવતી વિજય, વિજયપુરા રાજધાની, શીતસ્રોતા મહાનદી, પછી ૫. શંખવિજય, અપરાજિતા રાજધાની, આશીવિષ વક્ષસ્કાર પર્વત, પછી ૬. કુમુદ વિજય, અરજી રાજધાની, અંતર્વાહિની મહાનદી, પછી ૭. નલિન વિજય, અશોકા રાજધાની, સુખાવહ વક્ષસ્કાર પર્વત, પછી ૮. નલિનાવતી વિજય, વીતશોકા રાજધાની છે. પછી દાક્ષિણાત્ય સીતોદા મુખ વનખંડ સમાન ઉત્તરી સીતોદામુખ વનખંડ છે.

૧. વપ્રવિજય, વિજયા રાજધાની, ચંદ્ર વક્ષસ્કાર પર્વત, પછી ૨. સુવપ્ર વિજય, જયંતી રાજધાની, ઉર્મિમાલિની નદી, પછી ૩. મહાવપ્રવિજય, જયંતી રાજધાની, સૂર્ય વક્ષસ્કાર પર્વત, પછી ૪. વપ્રાવતી વિજય, અપરાજિતા રાજ ધાની, ફેણમાલિની નદી, પછી ૫. વલ્ગુવિજય, ચક્રપુરા રાજધાની, વક્ષસ્કાર પર્વત, પછી ૬. સુવલ્ગુવિજય, ખડ્ગપુરી રાજધાની, ગંભીરમાલિની અંતર્નદી, પછી ૭. ગંધિલવિજય, અવધ્યા રાજધાની, દેવ વક્ષસ્કાર પર્વત, પછી ૮. ગંધિલાવતી વિજય, અયોધ્યા રાજધાની.

એ પ્રમાણે મેરુ પર્વતનો પશ્ચિમી પાર્શ્વ કહેવો. ત્યાં સીતોદા નદીના દક્ષિણી કૂલે આ વિજયો છે –

૧૮૮. પક્ષ્મ, સુપક્ષ્મ, મહાપક્ષ્મ, પક્ષ્મકાવતી, શંખ, કુમુદ, નલિન અને નલિનાવતી.

૧૮૯. આ રાજધાનીઓ કહી છે – અશ્વપુરા, સિંહપુરા, મહાપુરા, વિજયપુરા, અપરાજિતા, અરજા, અશોકા, વીતશોકા.

૧૯૦. આ વક્ષસ્કારો છે – અંક, પક્ષ્મ, આશીવિષ, સુખાવહ. એ પ્રમાણે આ ક્રમથી બબ્બે વિજયો કૂટ સદશ નામક કહેવી. દિશા–વિદિશાઓ, સીતોદાનું મુખવન, સીતોદાનું દક્ષિણી અને ઉત્તરીય કહેવું.

સીતોદાની ઉત્તરપાર્શ્વભાગમાં આવેલ વિજયો આ પ્રમાણે–

૧૯૧. વપ્ર, સુવપ્ર, મહાવપ્ર, વપ્રાવતી, વલ્ગુ, સુવલ્ગુ, ગંધિલ, ગંધિલાવતી.

૧૯૨. રાજધાનીઓ – વિજયા, વૈજયંતી, જયંતી, અપરાજિતા, ચક્રપુરા, ખડ્ગપુરા, અવધ્યા અને અયોધ્યા.

૧૯૩. આ વક્ષસ્કારો – ચંદ્રપર્વત, સૂર્ય પર્વત, નાગ પર્વત, દેવ પર્વત.

આ નદીઓ છે, જે સીતોદા મહાનદીના દક્ષિણીકૂલે છે – ક્ષીરોદા, સિંહશ્રોતા.

ઉત્તરીય વિજયમાં ત્રણ અંતર્વાહિની નદીઓ – ઉર્મિમાલિની, ફેણમાલિની, ગંભીરમાલિની, છે.

આ ક્રમે બબ્બે કૂટો વિજય સદશ નામક કહેવા. આ બબ્બે કૂટો અવસ્થિત છે. તે આ – સિદ્ધાયતનકૂટ, પર્વતસદશનામ કૂટ.

### સૂત્ર–૧૯૪ થી ૧૯૬

૧૯૪. ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં મેરુ નામે પર્વત ક્યાં કહેલો છે ? ગૌતમ ! ઉત્તરકુરુની

દક્ષિણે, દેવકુરુની ઉત્તરે, પૂર્વવિદેહ ક્ષેત્રની પશ્ચિમે, પશ્ચિમ વિદેહ ક્ષેત્રની પૂર્વે, જંબૂદ્વીપના ઠીક મધ્યભાગમાં, અહીં જંબૂ દ્વીપ દ્વીપમાં મેરુ નામક પર્વત કહેલ છે.

તે ૯૯,૦૦૦ યોજન ઉર્ધ્વ–ઊંચો, **૧૦૦૦** યોજન ભૂમિમાં, મૂળમાં **૧૦,૦૯૦–૧૦/૧૧** યોજન અને ભૂમિતલે **૧૦,૦૦૦** યોજન પહોળો છે. પછી માત્રાથી ઘટતા–ઘટતા ઉપરના તલે **૧૦૦૦** યોજન પહોળો રહે છે. તેની પરિધિ મૂલમાં **૩૧૯૧૦–૩/૧૯** યોજન છે. ભૂમિતલે **૩૧૬૨૩** યોજન, ઉપરીતલે સાધિક–**૩૧૬૨** યોજન છે. તે મૂળમાં વિસ્તીર્ણ, મધ્યે સંક્ષિપ્ત, ઉપર પાતળો, ગોપુચ્છ સંસ્થાને સંસ્થિત, સર્વરત્નમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ છે. તે એક પદ્મવર વેદિકા અને એક વનખંડથી ચોતરફથી પરિવૃત્ત છે. તેનું વિસ્તૃત વર્ણન પૂર્વવત કરવું.

ભગવન્ ! મેરુ પર્વતમાં કેટલા વનો કહેલા છે ? ગૌતમ ! ચાર વનો કહ્યા છે, તે આ – ભદ્રશાલવન, નંદનવન, સોમનસ વન અને પંડકવન.

ભગવન્ ! મેરુ પર્વતમાં ભદ્રશાલવન નામે વન ક્યાં કહેલ છે ? ગૌતમ ! ધરણીતલે અહીં મેરુ પર્વતમાં ભદ્રશાલ નામે વન કહેલ છે. તે પૂર્વ–પશ્ચિમ લાંબુ, ઉત્તર–દક્ષિણ પહોળું છે. તે સૌમનસ, વિદ્યુત્પ્રભ, ગંધમાદન, માલ્યવંત વક્ષસ્કાર પર્વત ને સીતા–સીતોદા મહાનદીઓ વડે આઠ ભાગમાં વિભક્ત છે. મેરુ પર્વતની પૂર્વ–પશ્ચિમે બાવીશ–બાવીશ હજાર લાંબુ, ઉત્તર–દક્ષિણ અઢીસો–અઢીસો યોજન પહોળું છે. તે એક પદ્મવર વેદિકા અને એક વનખંડથી ચોતરફથી પરિવૃત્ત છે. બંનેનું વર્ણન પૂર્વવત્ – કૃષ્ણ, કૃષ્ણાવભાસ છે યાવત્ ત્યાં દેવો બેસે છે, સૂવે છે.

મેરુ પર્વતની પૂર્વે ભદ્રશાલ વનમાં **૫૦** યોજન જઈને અહીં એક મોટું સિદ્ધાયતન કહેલ છે. તે **૫૦** યોજન લાંબુ, **૨૫**–યોજન પહોળુ, **૩૬**–યોજન ઉર્ધ્વ ઊંચુ, અનેકશત સ્તંભ ઉપર રહેલું છે. વર્ણન પૂર્વવત્.

તે સિદ્ધાયતનની ત્રણે દિશામાં ત્રણ દ્વારો કહેલા છે. તે દ્વારો આઠ યોજન ઉર્ધ્વ–ઊંચા, ચાર યોજન પહોળા, ચાર યોજન પ્રવેશમાં છે, તેના શિખર શ્વેત છે યાવત્ વનમાલા, ભૂમિભાગ કહેવો.

તેના બહુમધ્ય દેશભાગમાં અહીં એક મોટી મણિપીઠિકા કહેલ છે. તે ૮ યોજન લાંબી–પહોળી, ચાર યોજન જાડી, સર્વરત્નમય, સ્વચ્છ છે. તે મણિપીઠિકાની ઉપર દેવછંદક આઠ યોજન લાંબુ–પહોળું, સાતિરેક આઠ યોજન ઉર્ધ્વ–ઊંચું યાવત્ જિનપ્રતિમા વર્ણન પૂર્વવત્. દેવછંદક યાવત્ ધૂપકડછાં કહેવા.

મેરુ પર્વતની દક્ષિણે ભદ્રશાલવનમાં **૫૦** યોજન જતા ચારે દિશામાં પણ મેરુના ભદ્રશાલ વનમાં ચાર **સિદ્ધાયતનો** કહેવા. મેરુ પર્વતની ઈશાને ભદ્રશાલવનમાં **૫૦**–યોજન જઈને અહીં ચાર નંદા પુષ્કરિણીઓ કહેલી છે – પદ્મા, પદ્મપ્રભા, કુમુદા, કુમુદપ્રભા. તે પુષ્કરિણીઓ **૫૦**–યોજન લાંબી, **૨૫**–યોજન પહોળી, **૧૦** યોજન ઊંડી છે. વર્ણન–વેદિકા અને વનખંડોનું પૂર્વવત્ કહેવું.

ચારે દિશામાં તોરણો યાવત્ તે પુષ્કરિણીમાં બહુમધ્ય દેશભાગમાં અહીં એક દેવેન્દ્ર દેવરાજ ઈશાનનો પ્રાસાદાવતંસક કહેલ છે. તે **૫૦૦** યોજન ઉર્ધ્વ–ઊંચો, **૨૫૦** યોજન પહોળો, અતિ ઊંચો, એમ સપરિવાર પ્રાસાદાવતંસક કહેવો.

મેરુની અગ્નિ દિશામાં પુષ્કરિણી, ઉત્પલગુલ્મા, નલીના, ઉત્પલા, ઉત્પલોજ્વલા પુષ્કરિણી પૂર્વવત્ પ્રમાણમાં છે. મધ્યે શક્રનો પ્રાસાદાવતંસક સપરિવાર છે, પૂર્વવત્ પ્રમાણથી છે.

મેરુની નૈઋત્યમાં પુષ્કરિણીઓ – ભૃંગા, ભૃંગનિભા, અંજના, અંજનપ્રભા છે. શક્રેન્દ્રનું ત્યાં સપરિવાર સિંહાસન છે. મેરુની ઈશાને પુષ્કરિણીઓ – શ્રીકાંતા, શ્રીચંદા, શ્રીમહિમા, શ્રીનિલયા છે. ઈશાનેન્દ્ર પ્રાસાદાવતંસક, સિંહાસનાદિ છે.

ભગવન્ ! મેરુ પર્વતમાં ભદ્રશાલવનમાં દિશાહસ્તિકૂટ કેટલા કહેલ છે ? ગૌતમ ! આઠ દિશાહસ્તિકૂટો કહેલા છે, તે આ –

**૧૯૫.** પદ્મોત્તર, નીલવંત, સુહસ્તિ, અંજનાગિરિ, કુમુદ, પલાસ, અવતંસ અને રોચનાગિરિ એ આઠ છે..

**૧૯૬.** ભગવન્ ! મેરુ પર્વતના ભદ્રશાલવનમાં પદ્મોત્તર નામે દિશાહસ્તિકૂટ ક્યાં છે ? ગૌતમ ! મેરુ પર્વતની ઈશાને, પૂર્વની સીતાની ઉત્તરે, અહીં પદ્મોત્તર નામક દિશાહસ્તિકૂટ કહેલ છે. તે **૫૦૦**–યોજન ઉર્ધ્વ–ઊંચો, **૫૦૦** ગાઉ જમીનમાં છે, પહોળાઈ અને પરિધિ લઘુ હિમવંત સદૃશ કહેવો. પ્રાસાદો પૂર્વવત્. પદ્મોત્તર દેવનો નિવાસ છે, રાજધાની ઈશાન દિશામાં છે.

એ પ્રમાણે નીલવંત દિશાહસ્તિકૂટ, મેરુની અગ્નિમાં, પૂર્વી સીતાની દક્ષિણે છે. ત્યાં નીલવંત દેવ, રાજધાની અગ્નિમાં છે.

એ પ્રમાણે સુહસ્તિ દિશાહસ્તિકૂટ, મેરુની અગ્નિમાં, દક્ષિણી સીતોદાની પૂર્વે છે. અહીં સુહસ્તિ દેવ છે, રાજધાની અગ્નિ દિશામાં છે.

એ પ્રમાણે અંજનાગિરિ દિશાહસ્તિ કૂટ, મેરુની નૈઋત્યમાં, દક્ષિણી સીતોદાની પશ્ચિમે છે, અંજનગિરિ દેવ, રાજધાની નૈઋત્યમાં છે.

એ પ્રમાણે કુમુદ વિદિશાહસ્તિકૂટ મેરુની નૈઋત્યમાં, પશ્ચિમી સીતોદાની દક્ષિણે છે. કુમુદ નામે દેવ, રાજધાની નૈઋત્યમાં છે.

એ પ્રમાણે પલાશ વિદિશાહસ્તિકૂટ, મેરુની વાયવ્યમાં, પશ્ચિમી સીતોદાની ઉત્તરે છે. પલાશ દેવ, રાજધાની વાયવ્યમાં છે.

એ પ્રમાણે અવતંસ વિદિશાહસ્તિકૂટ મેરુની વાયવ્યમાં, ઉત્તરીય સીતા મહાનદીની પશ્ચિમે છે. અવતંસ દેવ, રાજધાની વાયવ્યમાં.

એ પ્રમાણે રોચનાગિરિ દિશાહસ્તિકૂટ મેરુની ઈશાને, ઉત્તરીય સીતાનદીની પૂર્વે છે. રોચનાગિરિદેવ, રાજધાની ઈશાનમાં છે.

### સૂત્ર–૧૯૭

ભગવન્ ! મેરુ પર્વતમાં નંદનવન નામે વન ક્યાં કહેલ છે ? ગૌતમ ! ભદ્રશાલવનના બહુસમ રમણીય ભૂમિભાગથી **૫૦૦** યોજન ઉર્ધ્વ જઈને અહીં મેરુ પર્વતમાં નંદનવન નામે વન કહેલ છે. તે **૫૦૦** યોજન ચક્રવાલ વિષ્કંભથી, વૃત્ત, વલયાકાર સંસ્થાને રહેલ છે. જે મેરુ પર્વતને ચોતરફથી સંપરિવૃત્ત રહેલ છે.

નંદનવનની બહાર મેરુ પર્વતનો વિસ્તાર–૯૯૫૪–૬/૧૯ યોજન છે. બહાર તેની પરિધિ સાધિક **૩૧,૪૯૭** યોજન છે. અંદરનો વિસ્તાર ૮૯૫૪–૬/૧૯ યોજન છે, તેની પરિધિ **૨૮૩૧૬–૮/૧૯** યોજન છે. તે એક પદ્મવર વેદિકા દ્વારા અને એક વનખંડથી ચોતરફથી પરિવેષ્ટિત છે. ત્યાં દેવ–દેવીઓ યાવત્ બેસે છે.

મેરુ પર્વતની પૂર્વે એક મોટું **સિદ્ધાયતન** કહેલ છે. એ રીતે ચારે દિશામાં ચાર સિદ્ધાયતનો અને વિદિશામાં પુષ્કરિણીઓ છે. તેનું પ્રમાણ પૂર્વવત્. સિદ્ધાયતન, પુષ્કરિણી, પ્રાસાદાવતંસક પૂર્વવત્ શક્ર અને ઈશાન સંબંધી છે. પ્રમાણ પૂર્વવત્ જાણવું.

ભગવન્ ! નંદનવનમાં કેટલા કૂટો કહેલા છે ? ગૌતમ ! નવ કૂટો કહેલા છે, તે આ – નંદનવનકૂટ, મેરુકૂટ, નિષધ–કૂટ, હૈમવત કૂટ, રજતકૂટ, રુચકકૂટ, સાગરચિત્તકૂટ, વજ્રકૂટ, બલકૂટ.

ભગવન્ ! નંદનવનમાં નંદનવનકૂટ નામે કૂટ ક્યાં કહેલ છે? ગૌતમ! મેરુ પર્વતની પૂર્વે, સિદ્ધાયતનની ઉત્તરથી ઈશાનમાં, પ્રાસાદાવતંસકની દક્ષિણે, અહીં નંદનવનમાં નંદનકૂટ કહેલ છે. બધાં કૂટ **૫૦૦** યોજન ઊંચા, પૂર્વવર્ણિત કહેવા. ત્યાં મેઘંકરા દેવી છે તેની રાજધાની વિદિશામાં છે. વર્ણન પૂર્વાભિલાપથી જાણવું.

આ કૂટો આ દિશાઓમાં પૂર્વીય ભવનની દક્ષિણે, દક્ષિણપૂર્વી પ્રાસાદાવતંસકની ઉત્તરે, મેરુ કૂટ ઉપર પૂર્વમાં

મેઘવતી રાજધાની છે. દક્ષિણી ભવનની પૂર્વે, દક્ષિણપૂર્વી પ્રાસાદાવતંસકની પશ્ચિમે નિષધ કૂટ ઉપર સુમેધા દેવી છે, તેની રાજધાની દક્ષિણમાં છે.

દક્ષિણ ભવનની પશ્ચિમે, દક્ષિણ–પશ્ચિમી પ્રાસાદાવતંસકની પૂર્વે હૈમવતકૂટમાં હેમમાલિની દેવી છે. તેની રાજધાની દક્ષિણમાં છે. પશ્ચિમી ભવનની દક્ષિણે, દક્ષિણપશ્ચિમી પ્રાસાદાવતંસકની ઉત્તરે રજતકૂટ, સુવત્સા દેવી, તેની રાજધાની પશ્ચિમમાં છે.

પશ્ચિમીભવનની ઉત્તરે, ઉત્તર-પશ્ચિમી પ્રાસાદાવતંસકની દક્ષિણે- રૂચકકૂટ, વત્સમિત્રા દેવી, રાજ–ધાની પશ્ચિમમાં છે.

ઉત્તરીય ભવનની પશ્ચિમે, ઉત્તરપશ્ચિમી પ્રાસાદાતંસકની પૂર્વે સાગરચિત્તકૂટ, વજ્રસેના દેવી, રાજધાની ઉત્તરમાં છે. ... ઉત્તરીય ભવનની પૂર્વે, ઉત્તરપૂર્વી પ્રાસાદાવતંસકની પશ્ચિમે વજ્રકૂટ, બાલાહકા દેવી, રાજધાની ઉત્તરમાં છે.

ભગવન્ ! નંદનવનમાં બલકૂટ નામે કૂટ ક્યાં કહેલ છે ? ગૌતમ ! મેરુપર્વતની ઉત્તર પૂર્વમાં અહીં નંદનવનમાં બલકૂટ નામે કૂટ કહેલ છે. એમ જે પ્રમાણે હરિસ્સહ કૂટની પ્રમાણ અને રાજધાની છે, તેમજ બલકૂટની છે. ફર્ક એ છે કે – બલ નામે દેવ છે, તેની રાજધાની ઉત્તરપૂર્વમાં છે.

સૂત્ર–૧૯૮

ભગવન્ ! મેરુ પર્વતનું સૌમનસવન નામે વન ક્યાં કહેલ છે ? ગૌતમ ! નંદનવનના બહુસમ રમણીય ભૂમિભાગથી **૬૨,૫૦૦** યોજન ઉર્ધ્વ ઊંચે જઈને, અહીં મેરુ પર્વતે સૌમનસ નામે વન કહેલ છે, તે **૫૦૦** યોજન ચક્રવાલ વિષ્કંભથી, વૃત્ત, વલયાકાર સંસ્થાને રહેલ છે, જે મેરુ પર્વતને ચોતરફથી વીંટીને રહેલ છે.

તે **૪૨૭૨–૮/૧૧** યોજન બાહ્યગિરિ વિષ્કંભથી, **૧૩,૫૧૧–૬/૧૯** બાહ્યગિરિ પરિધિથી છે. **૩૨૭૨–૮/૧૧** યોજન અંતર્ગિરિ વિષ્કંભથી અને **૧૦૩૪૯–૩/૧૧** યોજન અંતર્ગિરિ પરિધિથી છે.

તે એક પદ્મવર વેદિકા અને એક વનખંડથી ચોતરફથી પરિવૃત્ત છે. વર્ણન પૂર્વવત્ – કૃષ્ણ કૃષ્ણાવભાસ યાવત્ દેવો બેસે છે. એ રીતે કૂટને વર્જીને બધું જ નંદનવનના કથન મુજબ કહેવું. તેમાં આગળ શક્રેન્દ્ર અને ઈશાનેન્દ્રના પ્રાસાદાવતંસકો છે.

સૂત્ર–૧૯૯

ભગવન્ ! મેરુ પર્વતમાં પંડકવન નામે વન ક્યાં કહેલ છે ? ગૌતમ ! સૌમનસવનના બહુસમ રમણીય ભૂમિભાગથી **૩૬,૦૦૦** યોજન ઉર્ધ્વ–ઊંચે જઈને, અહીં મેરુ પર્વતના શિખરતલે પંડકવન નામે વન છે.

તે **૪૯૪** યોજન ચક્રવાલ વિષ્કંભથી, વૃત્ત, વલયાકાર સંસ્થાને રહેલ છે, તે મેરુ ચૂલિકાને ચોતરફથી પરિવરીને રહેલ છે. તેની પરિધિ **૩૧૬૨** યોજનથી કંઈક વિશેષાધિક છે.

તે એક પદ્મવરવેદિકા અને એક વનખંડથી પરિવૃત્ત છે, યાવત્ કૃષ્ણાદિપત્ર યુક્ત છે, યાવત્ દેવો ત્યાં આશ્રય લે છે......નિવાસ કરે છે.

પંડકવનના બહુમધ્ય દેશભાગમાં, અહીં મેરુચૂલિકા નામે ચૂલિકા કહેલ છે. તે **૪૦** યોજન ઉર્ધ્વ–ઊંચી, મૂળમાં **૧૨** યોજન પહોળી, મધ્યમાં આઠ યોજન પહોળી, ઉપર ચાર યોજન પહોળી છે. મૂળમાં સાતિરેક **૩૭** યોજન, મધ્યમાં સાતિરેક–**૨૫** યોજન, ઉપર સાધિક–**૧૨** યોજન પરિધિથી છે. મૂળમાં વિસ્તીર્ણ, મધ્યે સંક્ષિપ્ત, ઉપર પાતળી, ગોપુચ્છ સંસ્થાને સંસ્થિત, સર્વ વૈડૂર્યમય, સ્વચ્છ છે.

તે એક પદ્મવર વેદિકાથી પરિવૃત્ત છે યાવત્ તેના ઉપર બહુસમ રમણીય ભૂમિભાગમાં બહુમધ્ય દેશભાગમાં યાવત્ સિદ્ધાયતન છે. તે એક કોશ લાંબુ, અર્ધકોશ પહોળુ, દેશોન એક કોશ ઉર્ધ્વ–ઊંચુ, અનેકશત સ્તંભો ઉપર રહેલ છે, યાવત્ ધૂપકડછાં છે.

મેરુ ચૂલિકાની પૂર્વે પંડકવનમાં **૫૦**–યોજન જઈને, અહીં એક મોટું ભવન કહેલ છે. જેમ સૌમનસમાં પૂર્વ વર્ણિત આલાવો ભવન–પુષ્કરિણી–પ્રાસાદાવતંસક કહ્યો છે, તે જ આલાવો અહીં જાણવો. યાવત્ શક્રેન્દ્ર અને ઈશાનેન્દ્રના પ્રાસાદાવતંસક, તે જ પરિમાણથી પૂર્વવત્ છે.

સૂત્ર–૨૦૦

ભગવન્ ! પાંડુકવનમાં કેટલી અભિષેક શિલાઓ કહેલી છે ? ગૌતમ ! ચાર અભિષેક શિલા છે, તે આ પ્રમાણે – પાંડુશિલા, પાંડુકંબલશિલા, રક્તશિલા, રક્તકંબલશિલા.

ભગવન્ ! પંડકવનમાં પાંડુશિલા નામે શિલા ક્યાં કહી છે ? ગૌતમ ! મેરુ ચૂલિકાની પૂર્વે, પાંડુકવનના પૂર્વી છેડે, અહીં પાંડુકવનના પાંડુશિલા નામે શિલા કહેલ છે. તે ઉત્તર–દક્ષિણ લાંબી, પૂર્વ–પશ્ચિમ પહોળી, અર્ધ ચંદ્ર સંસ્થાન સંસ્થિત, **૫૦૦** યોજન લાંબી, **૨૫૦** યોજન પહોળી, ૪–યોજન જાડી, સર્વ સુવર્ણમયી, વેદિકા–વનખંડથી ચોતરફથી પરિવરીત છે. વર્ણન પૂર્વવત્ કહેવું.

તે પાંડુશિલાની ચારે દિશામાં ચાર ત્રિસોપાન પ્રતિરૂપક કહેલ છે, યાવત્ તોરણનું વર્ણન કરવું.

તે પાંડુશિલાની ઉપર બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે યાવત્ ત્યાં દેવો આશ્રય લે છે.

તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગમાં ઉત્તર–દક્ષિણે અહીં બે સિંહાસન કહેલ છે, તે **૫૦૦** ધનુષ લાંબા–પહોળા, **૨૫૦** ધનુષ જાડા છે. સિંહાસન વર્ણન વિજયદૂષ્ય વર્જીને પૂર્વવત્ કહેવું.

તેમાં જે ઉત્તરનું સિંહાસન છે, ત્યાં ઘણા ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક દેવો અને દેવીઓ વડે કચ્છાદિના તીર્થંકરનો અભિષેક કરે છે. તેમાં જે દક્ષિણ બાજુનું સિંહાસન છે, ત્યાં ઘણા ભવનપતિ આદિ દેવો અને દેવીઓ વત્સાદિ વિજયના તીર્થંકરોનો અભિષેક કરે છે.

ભગવન્ ! પંડકવનમાં પાંડુ કંબલશિલા નામે શિલા ક્યાં કહેલ છે ? ગૌતમ ! મેરુ ચૂલિકાની દક્ષિણે પાંડુક વનમાં દક્ષિણ છેડે, અહીં પાંડુકવનમાં પાંડુકંબલ શિલા નામે શિલા કહેલ છે. તે પૂર્વ–પશ્ચિમ લાંબી, ઉત્તર–દક્ષિણ પહોળી, પૂર્વવત્ પ્રમાણથી કથન કહેવું યાવત્ તેના બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગમાં અહીં એક મોટું સિંહાસન કહેલ છે. સિંહાસનનું પ્રમાણ પૂર્વવત્. ત્યાં ઘણા ભવનપતિ આદિ દેવો ભરતક્ષેત્રના તીર્થંકરોનો અભિષેક કરે છે.

ભગવન્ ! પંડુકવનમાં રક્તશિલા નામે શિલા ક્યાં કહી છે ? ગૌતમ ! મેરુ ચૂલિકાની પશ્ચિમે, પાંડુકવનના પશ્ચિમી છેડે, અહીં પંડકવનમાં રક્તશિલા નામે શિલા કહેલ છે. તે ઉત્તર–દક્ષિણ લાંબી, પૂર્વ–પશ્ચિમ પહોળી છે, યાવત્ પ્રમાણ પૂર્વવત્, સર્વ તપનીયમયી, સ્વચ્છ છે. ઉત્તર–દક્ષિણમાં અહીં બે સિંહાસનો કહેલા છે. તેમાં જે દક્ષિણનું સિંહાસન છે, ત્યાં ઘણા ભવનપત્યાદિ દેવો પક્ષ્મ આદિના તીર્થંકરોનો અભિષેક કરે છે. તેમાં જે ઉત્તરનું સિંહાસન છે, ત્યાં યાવત્ વપ્રાદિના તીર્થંકરનો અભિષેક કરે છે.

ભગવન્ ! પાંડુકવનમાં રક્તકંબલ શિલા નામે શિલા ક્યાં કહેલ છે? ગૌતમ! મેરુ ચૂલિકાની ઉત્તરે, પાંડુકવનના ઉત્તરના છેડે, અહીં પાંડુકવનમાં રક્તકંબલ શિલા નામે શિલા કહેલી છે, તે પૂર્વ–પશ્ચિમ લાંબી, ઉત્તર–દક્ષિણ પહોળી, સર્વ તપનીયમયી, સ્વચ્છ યાવત્ મધ્યદેશ ભાગમાં સિંહાસન છે. ત્યાં ઘણા ભવનપતિ આદિ દેવ–દેવીઓ યાવત્ ઐરાવતના તીર્થંકરોનો અભિષેક કરે છે.

સૂત્ર–૨૦૧

ભગવન્ ! મેરુ પર્વતના કેટલા કાંડ કહ્યા છે ? ગૌતમ ! ત્રણ કાંડ કહ્યા છે, તે આ – નીચેનો કાંડ, મધ્ય કાંડ, ઉપરનો કાંડ.

ભગવન્ ! મેરુ પર્વતનો નીચલો કાંડ કેટલા પ્રકારે કહ્યો છે ? ગૌતમ ! **૧૦૦૦** યોજન ઊંચાઈથી કહેલ છે.

ભગવન્ !મધ્યમ કાંડની પૃચ્છા, ગૌતમ! ૬૩,૦૦૦ યોજન ઊંચો કહેલ છે.

ભગવન્ !ઉપલા કાંડની પૃચ્છા, ગૌતમ! ૩૬,૦૦૦ યોજન ઊંચાઈથી કહેલ છે.

એ પ્રમાણે પૂર્વાપર સહિત મેરુ પર્વત લાખ યોજન કહેલ છે.

## સૂત્ર–૨૦૨ થી ૨૦૫

**૨૦૨.** ભગવન્ ! મેરુ પર્વતના કેટલા નામો કહેલા છે ? ગૌતમ ! **૧૬**–નામો કહેલા છે, તે આ પ્રમાણે –

**૨૦૩.** સોળ નામો – **૧.** મેરુ, **૨.** મનોરમ, **૩.** સુદર્શન, **૪.** સ્વયંપ્રભ, **૫.** ગિરિરાજ, **૬.** રત્નોચ્ચય,**૭.** શિલોચ્ચય, **૮.** લોકમધ્ય, **૯.** મંદર અને **૧૦.** નાભિ.

**૨૦૪.** – **૧૧.** અચ્છ, **૧૨.** સૂર્યાવર્ત્ત, **૧૩.** સૂર્યાવરણ, **૧૪.** ઉત્તમ, **૧૫.** દિશાદિ, **૧૬.** અવતંસ.

**૨૦૫.** ભગવન્ ! મેરુ પર્વતને મેરુ પર્વત કેમ કહે છે ? ગૌતમ ! મેરુ પર્વતે મેરુ નામક મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિક દેવ વસે છે. તે કારણથી હે ગૌતમ ! તેને મેરુ પર્વત કહે છે અથવા તેનું આ નામ શાશ્વત છે.

## સૂત્ર–૨૦૬ થી ૨૦૮

**૨૦૬.** ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં નીલવંત નામે વર્ષધર પર્વત ક્યાં કહેલ છે ? ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રની ઉત્તરે, રમ્યક્‌વર્ષની દક્ષિણે, પૂર્વી લવણસમુદ્રની પશ્ચિમે, પશ્ચિમી લવણસમુદ્રની પૂર્વે, અહીં જંબૂદ્વીપ દ્વીપમાં નીલવંત નામે વર્ષધર પર્વત કહેલ છે.

તે પૂર્વ–પશ્ચિમ લાંબુ, ઉત્તર–દક્ષિણ પહોળું છે. નિષેધની વક્તવ્યતા મુજબ નીલવંતની કહેવી. વિશેષ એ કે – તેની જીવા દક્ષિણે છે, ધનુપૃષ્ઠ ઉત્તરે છે.

ત્યાં કેસરીદ્રહ છે. દક્ષિણમાં તેમાંથી સીતા મહાનદી નીકળે છે, ત્યાંથી ઉત્તરકુરુમાં વહેતી બંને યમક પર્વત તથા નીલવંત–ઉત્તરકુરુ–ચંદ્ર–ઐરાવત–માલ્યવંત દ્રહને બે ભાગમાં વિભક્ત કરતી–કરતી, ૮૪,૦૦૦ નદીઓ વડે આપૂરિત થતી–થતી ભદ્રશાલવનમાં વહેતી–વહેતી મેરુ પર્વતથી બે યોજન દૂરથી પૂર્વાભિમુખ વળીને, નીચે માલ્યવંત વક્ષસ્કાર પર્વતને ચીરતી મેરુ પર્વતની પૂર્વે પૂર્વ વિદેહક્ષેત્રને બે ભાગમાં વિભાજિત કરતી–કરતી એકૈક ચક્રવર્તી વિજયમાં અઠ્ઠાવીસ–અઠ્ઠાવીસ હજાર નદીઓ વડે આપૂરિત થતી–થતી કુલ–**૫,૩૨,૦૦૦** નદીઓ સહિત નીચે વિજય દ્વારની જગતીને ચીરતી પૂર્વી લવણસમુદ્રમાં પ્રવેશે છે. બાકી બધું પૂર્વવત્.

એ પ્રમાણે નારીકાંતા પણ ઉત્તરાભિમુખ વહેતી જાણવી. ફર્ક એટલો કે – ગંધાપાતી વૃત્તવૈતાઢ્ય પર્વતની યોજનથી દૂર પશ્ચિમાભિમુખ વળીને જાય, બાકી પૂર્વવત્. પ્રવહે અને મુખે–પ્રવેશે હરિકાંત સલીલા નદી સમાન બાકી બધું કહેવું.

ભગવન્ ! નીલવંત વર્ષધર પર્વતમાં કેટલા ફૂટો કહેલા છે? ગૌતમ! નવ ફૂટો કહ્યા છે. તે આ પ્રમાણે –

**૨૦૭.** સિદ્ધ, નીલ, પૂર્વવિદેહ, સીતા, કીર્તિ, નારી, અવરવિદેહ, રમ્યક્ અને ઉપદર્શન ફૂટ.

**૨૦૮.** આ બધા ફૂટો **૫૦૦** યોજન ઊંચા છે. રાજધાની ઉત્તરમાં આવેલી છે.

ભગવન્ ! નીલવંત વર્ષધર પર્વતને નીલવંત વર્ષધર પર્વત કેમ કહે છે ? ગૌતમ ! નીલ, નીલાવભાસ, નીલવંત નામે મહર્દ્ધિક યાવત્ દેવ અહીં વસે છે.

આ પર્વત સર્વ વૈડૂર્યમય છે, તેથી નીલવંત કહેવાય છે, યાવત્ આ નામ નિત્ય છે.

## સૂત્ર–૨૦૯ થી ૨૧૧

**૨૦૯.** ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં રમ્યક્ નામે ક્ષેત્ર ક્યાં કહેલ છે ? ગૌતમ ! નીલવંતની ઉત્તરે, રુક્મિની દક્ષિણે, પૂર્વી લવણસમુદ્રની પશ્ચિમે, પશ્ચિમ લવણસમુદ્રની પૂર્વે, એ પ્રમાણે જેમ હરિવર કહ્યું, તેમ રમ્યક્ ક્ષેત્ર પણ કહેવું. વિશેષ એ કે – દક્ષિણમાં જીવા છે. ઉત્તરમાં ધનુ છે, બાકી પૂર્વવત્.

ભગવન્ ! રમ્યક્ ક્ષેત્રમાં ગંધાપાતી નામે વૃત્ત વૈતાઢ્ય પર્વત ક્યાં કહેલ છે ? ગૌતમ ! નરકાંતાની પશ્ચિમે, નારીકાંતાની પૂર્વે, રમ્યક્ ક્ષેત્રના બહુમધ્ય દેશભાગમાં, અહીં ગંધાપાતી નામે વૃત્ત વૈતાઢ્ય પર્વત કહેલ છે. જેમ વિકટાપાતી છે, તેમ ગંધાપાતીની વક્તવ્યતા કહેવી. અહી ઘણા ઉત્પલો યાવત્ ગંધાપાતી વર્ણના, ગંધાપાતી પ્રભાવાળા પદ્મો છે, અહીં મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિક દેવ ગંધાપાતી નામે વસે છે, તે કારણથી તેને ગંધાપાતી કહે છે. અથવા આ નામ શાશ્વત છે. તેની રાજધાની ઉત્તરમાં છે.

ભગવન્ ! કયા કારણે તેને રમ્યક્ વર્ષ–ક્ષેત્ર કહે છે ? ગૌતમ ! રમ્યક્વર્ષ રમ્ય, રમ્યક, રમણીય છે. અહીં રમ્યક્ નામે દેવ યાવત્ વસે છે. તે કારણે રમ્યક્ વર્ષ કહે છે.

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં રુક્મિ નામે વર્ષધર પર્વત ક્યાં કહેલ છે ? ગૌતમ ! રમ્યક્વાસની ઉત્તરે, હૈરણ્યવત્ ક્ષેત્રની દક્ષિણે, પૂર્વી લવણસમુદ્રની પશ્ચિમે, પશ્ચિમી લવણસમુદ્રની પૂર્વે, અહીં જંબૂદ્વીપ દ્વીપમાં રુક્મિ નામે વર્ષધર પર્વત કહેલ છે. તે પૂર્વ–પશ્ચિમ લાંબો, ઉત્તર–દક્ષિણ પહોળો છે. એ પ્રમાણે જે મહાહિમવંતની વક્તવ્યતા છે, તે જ રુક્મિની પણ છે. વિશેષ એ કે – દક્ષિણમાં જીવા, ઉત્તરમાં ધનુ, બાકી બધું મહાહિમવંતવત્ છે.

ત્યાં મહાપુંડરીક નામે દ્રહ છે. તેની દક્ષિણ દિશાથી નરકાંતા નદી નીકળે છે. તે રોહીતા નદીની જેમ પૂર્વી લવણસમુદ્રમાં મળે છે. રૂપ્યકૂલા નદી મહાપુંડરીક દ્રહના ઉત્તરથી જાણવી, જેમ હરિકાંતા નદી કહી તેમ જાણવી. હરિકાંતા નદીની જેમ તે પશ્ચિમી લવણસમુદ્રમાં મળે છે. બાકી પૂર્વવત્.

ભગવન્ ! રુક્મી વર્ષધર પર્વતે કેટલા કૂટો કહેલા છે ? ગૌતમ ! આઠ કૂટો કહ્યા છે, તે આ પ્રમાણે –

**૨૧૦.** સિદ્ધ, રુક્મી, રમ્યક્, નરકાંતા, બુદ્ધિ, રૂપ્યકૂલા, હૈરણ્યવંત અને મણિકંચન, એ આઠ કૂટ રુક્મીમાં છે.

**૨૧૧.** ઉક્ત બધા કૂટો **૫૦૦**–યોજન ઊંચા છે, તેની રાજધાની ઉત્તરમાં છે.

ભગવન્ ! કયા કારણે તેને રુકમી વર્ષધર પર્વત કહે છે ? ગૌતમ ! રુકમી વર્ષધર પર્વતે રજત, રજતપટ્ટ, રજતભાસ, સર્વ રજતમય છે. ત્યાં રુકમી નામે પલ્યોપમ સ્થિતિક દેવ યાવત્ વસે છે. તે કારણે હે ગૌતમ ! એમ કહે છે કે તે રુકમી/રુપ્પી પર્વત છે.

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં હૈરણ્યવંત નામે વર્ષક્ષેત્ર ક્યાં કહેલ છે ? ગૌતમ ! રુક્મી પર્વતની ઉત્તરે, શિખરી પર્વતની દક્ષિણે, પૂર્વી લવણસમુદ્રની પશ્ચિમે, પશ્ચિમી લવણસમુદ્રની પૂર્વે, અહીં જંબૂદ્વીપ દ્વીપમાં હૈરણ્યવત ક્ષેત્ર કહેલ છે. એ પ્રમાણે હૈમવંત ક્ષેત્રની માફક જ હૈરણ્યવંત કહેવું. વિશેષ એ કે – તેની જીવા દક્ષિણમાં છે, ધનુ ઉત્તરમાં છે, બાકી બધું પૂર્વવત્ જાણવું.

ભગવન્ ! હૈરણ્યવંત ક્ષેત્રમાં માલ્યવંત પર્યાય નામે વૃત્તવૈતાઢ્ય પર્વત ક્યાં કહેલ છે ? ગૌતમ ! સુવર્ણકૂલા નદીની પશ્ચિમે, રૂપ્યકૂલા નદીની પૂર્વે, અહીં હૈરણ્યવંત ક્ષેત્રના બહુમધ્ય દેશભાગમાં માલ્યવંત પર્યાય નામે વૃત્તવૈતાઢ્ય પર્વત કહેલ છે. જેમ શબ્દાપાતી કહ્યો તેમ માલ્યવંત પર્યાય પણ જાણવો. અર્થ–ઉત્પલ, પદ્મો માલ્યવંત પ્રભાવાળા – માલ્યવંત વર્ણના–માલ્યવંત વર્ણાભા છે. પ્રભાસ નામે અહીં મહર્દ્ધિક. પલ્યોપમ સ્થિતિક દેવ વસે છે, તે કારણે૦ રાજધાની ઉત્તરમાં છે.

ભગવન્ ! કયા કારણે તેને હૈરણ્યવંત ક્ષેત્ર કહે છે ? ગૌતમ ! હૈરણ્યવંત ક્ષેત્ર રુક્મી તથા શિખરી વર્ષધર પર્વતોથી બે બાજુથી ઘેરાયેલ, નિત્ય હિરણ્ય દે છે, નિત્ય હિરણ્ય છોડે છે, નિત્ય હિરણ્ય પ્રકાશિત કરે છે, તથા હૈરણ્યવંત નામે દેવ અહીં વસે છે, તે કારણે તેને હૈરણ્યવંત ક્ષેત્ર કહે છે

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં શિખરી નામે વર્ષધર પર્વત ક્યાં કહેલ છે ? ગૌતમ ! હૈરણ્યવંતની ઉત્તરે, ઐરાવતની દક્ષિણે, પૂર્વ લવણસમુદ્રની પશ્ચિમે, પશ્ચિમી લવણ સમુદ્રની પૂર્વે શિખરી વર્ષધર પર્વત કહેલ છે. એ પ્રમાણે જેમ લઘુહિમવંત પર્વત કહ્યો, તેમ શિખરી પર્વત પણ કહેવો. વિશેષ એ કે – તેની જીવા દક્ષિણમાં છે અને

ધનુ ઉત્તરમાં છે., બાકી બધું પૂર્વવત્ જાણવું.

શિખરી પર્વત ઉપર પુંડરીક દ્રહ છે. તેના દક્ષિણ દ્વારથી સુવર્ણકૂલા મહાનદી નીકળે છે. તે રોહીતાંશા નદીની માફક પૂર્વ લવણસમુદ્રમાં જઈને મળે છે.

એ પ્રમાણે જેમ ગંગાસિંધુ મહાનદીઓ છે, તેમજ અહીં રક્તા અને રક્તવતી મહાનદી જાણવી. રક્તા પૂર્વમાં અને રક્તવતી પશ્ચિમમાં વહે છે. બાકી બધું પૂર્વવત્ કહેવું.

ભગવન્ ! શિખરી વર્ષધર પર્વતમાં કેટલા કૂટો કહેલા છે ? ગૌતમ ! અગિયાર કૂટો કહેલા છે, તે આ પ્રમાણે – **૧.** સિદ્ધાયતન કૂટ, **૨.** શિખરી કૂટ, **૩.** હૈરણ્યવંત કૂટ, **૪.** સુવર્ણકૂલા કૂટ, **૫.** સુરાદવી કટ, **૬.** રક્તા કૂટ,**૭.** લક્ષ્મી કૂટ, ૮. રક્તાવતી કૂટ, ૯. ઈલાદેવી કૂટ, **૧૦.** ઐરવત કૂટ અને **૧૧.** તિગિંછિ કૂટ. બધા કૂટો **૫૦૦** યોજન ઊંચા છે. તેમના અધિષ્ઠાતાની રાજધાની મેરુની ઉત્તરમાં છે.

ભગવન્ ! કયા કારણે તેને શિખરી વર્ષધર પર્વત કહે છે ? ગૌતમ! શિખરી વર્ષધર પર્વતમાં ઘણા કૂટો શિખરી સંસ્થાન સંસ્થિત છે. તે સર્વે રત્નમય છે. તથા શિખરી નામે દેવ યાવત્ અહીં વસે છે. તે કારણથી તેને શિખરી પર્વત કહે છે.

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં ઐરવત નામે વર્ષક્ષેત્ર ક્યાં કહેલ છે ? ગૌતમ! શિખરી પર્વતની ઉત્તરમાં, ઉત્તર લવણ સમુદ્રની દક્ષિણે, પૂર્વી લવણસમુદ્રની પશ્ચિમે, પશ્ચિમી લવણસમુદ્રની પૂર્વે, અહીં જંબૂદ્વીપ દ્વીપમાં ઐરાવત નામે ક્ષેત્ર કહેલ છે.

ઐરવત ક્ષેત્ર સ્થાણુ બહુલ, કંટક બહુલ છે. એ પ્રમાણે જેમ ભરતક્ષેત્રની વક્તવ્યતા છે. તેમજ બધું સંપૂર્ણ ઐરવતમાં પણ જાણવું. તે છ ખંડ સાધન સહિત, નિષ્ક્રમણ સહિત, પરિનિર્વાણ સહિત છે. ફર્ક માત્ર એ કે – ઐરવત નામે ચક્રવર્તી છે, ઐરાવત નામે ત્યાં દેવ છે. તે કારણે ઐરવત ક્ષેત્ર એવું નામ છે.

મુનિ દીપરત્નસાગરે કરેલ વક્ષસ્કાર-૪ નો ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ

# વક્ષસ્કાર–૫

## સૂત્ર–૨૧૨ થી ૨૧૪

**૨૧૨.** જ્યારે એકૈક ચક્રવર્તી વિજયમાં ભગવંત તીર્થંકર ઉત્પન્ન થાય છે, તે કાળે – તે સમયે અધોલોક વાસ્તવ્યા આઠ દિશાકુમારિકા મહત્તરિકાઓ પોત–પોતાના કૂટોથી, પોત–પોતાના ભવનોથી, પોત–પોતાના પ્રાસાદાવતંસકોથી, પ્રત્યેક–પ્રત્યેક **૪૦૦૦** સામાનિકા, પરિવાર સહિત ચાર મહત્તરિકા, સાત સૈન્યો, સાત સૈન્યાધિપતિઓ, **૧૬,૦૦૦** આત્મરક્ષક દેવો, અન્ય ઘણા ભવનપતિ–વ્યંતર દવો અને દેવીઓ સાથે સંપરિવૃત્ત મોટા નૃત્ય–ગીત–વાજિંત્ર સહ યાવત્ ભોગોપભોગને ભોગવતી રહેલી છે. તે આ પ્રમાણે –

**૨૧૩.** ભોગંકરા, ભોગવતી, સુભોગા, ભોગમાલિની, તોયધારા, વિચિત્રા, પુષ્પમાલા, અનિંદિતા.

**૨૧૪.** ત્યારે તે અધોલોક વાસ્તવ્યા આઠ દિશાકુમારી મહત્તરા પ્રત્યેક પ્રત્યેકના આસનો ચલિત થયા. ત્યારે તે અધોલોક વાસ્તવ્યા આઠે દિશાકુમારી મહત્તરિકાઓ પ્રત્યેકે પ્રત્યેક આસનોને ચલિત થતા જુએ છે, જોઈને અવધિજ્ઞાનને પ્રયોજે છે, પ્રયોજીને ભગવંત તીર્થંકરને અવધિજ્ઞાન વડે જુએ છે. જોઈને એકબીજાને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહ્યું –

નિશ્ચે જંબૂદ્વીપ દ્વીપમાં ભગવન્ તીર્થંકર ઉત્પન્ન થયેલ છે. તો અતીત–વર્તમાન–ભાવિ અધોલોક વાસ્તવ્યા આઠે દિશાકુમારી મહત્તરિકાનો એ પરંપરાગત આચાર છે કે ભગવંત તીર્થંકરનો જન્મ મહોત્સવ કરે, તો આપણે પણ જઈને ભગવંતનો જન્મ મહોત્સવ કરીએ, એમ કરીને એમ બોલે છે.

એમ બોલીને પ્રત્યેક પ્રત્યેક આભિયોગિક દેવોને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહ્યું –

ઓ દેવાનુપ્રિયો ! જલદીથી અનેકશત સ્તંભ સંનિવિષ્ટ, લીલા સ્થિત એવા વિમાનને તૈયાર કરો, એમ વિમાન વર્ણન પૂર્વવત્ કહેવું. યાવત્ યોજન વિસ્તીર્ણ દિવ્ય યાન –વિમાન વિકુર્વીને આ આજ્ઞા પાછી સોંપો. ત્યારે તે આભિયોગિક દેવો અનેક શત સ્તંભયુક્ત દેવ વિમાન રચી યાવત્ આજ્ઞા પાછી સોંપે છે.

ત્યારે તે અધોલોક વાસ્તવ્યા આઠ દિશાકુમારીઓ હર્ષિત–સંતુષ્ટ થઈને પ્રત્યેક પ્રત્યેક **૪૦૦૦** સામાનિકો, ચાર મહત્તરિકા યાવત્ બીજા પણ ઘણા દેવો–દેવીઓ સાથે પરિવરીને, તે દિવ્ય યાન–વિમાને આરોહે છે, આરોહીને સર્વ ઋદ્ધિથી, સર્વદ્યુતિથી, ઘનમૃદંગ પ્રણવના પ્રવાદિત રવ વડે, તેવી ઉત્કૃષ્ટ યાવત્ દેવગતિથી જ્યાં ભગવંત તીર્થંકરનું જન્મ નગર છે, જ્યાં તીર્થંકરનું જન્મ ભવન છે, ત્યાં આવે છે,

આવીને ભગવંત તીર્થંકરના જન્મભવનમાં તે દિવ્ય યાનવિમાન વડે ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરે છે, કરીને ઉત્તરપૂર્વ દિશા ભાગમાં કંઈક ચતુરંગુણ ધરણિતલથી ઊંચે રહીને, તે દિવ્ય યાન વિમાનને રોકે છે, રોકીને પ્રત્યેકે પ્રત્યેક **૪૦૦૦** સામાનિકો સાથે યાવત્ સંપરિવરીને દિવ્ય યાન–વિમાનથી ઉતરે છે, ઉતરીને સર્વ ઋદ્ધિથી યાવત્ નાદિત વડે જ્યાં ભગવન્ તીર્થંકર અને તીર્થંકરની માતા છે, ત્યાં આવે છે. આવીને ભગવન્ તીર્થંકર અને તીર્થંકરની માતાને ત્રણ વખત આદક્ષિણ–પ્રદક્ષિણા કરે છે.

ત્યારપછી પ્રત્યેકે પ્રત્યેક બે હાથ જોડીને, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલી કરીને આ પ્રમાણે કહ્યું –

હે રત્નકુક્ષિધારિકા ! જગત્પ્રદીપદાયિકા ! માતા આપને નમસ્કાર થાઓ. સર્વ જગત મંગલ, નેત્રરૂપ, મૂર્ત, સર્વજગ જીવવત્સલ, હિતકારક, માર્ગદેશક, વાક્વૈભવયુક્ત, જિન, જ્ઞાની, નાયક, બુધ–બોધક, સર્વલોકનાથ, નિર્મમ, પ્રવરકુલોત્પન્ન, જાત ક્ષત્રિય, યશસ્વી, લોકોત્તમ તીર્થંકર.ની આપ માતા છો. આપ ધન્ય છો, પુન્ય અને કૃતાર્થ છો. અમે અધોલોક વાસ્તવ્યા આઠ દિશાકુમારી મહત્તરિકાઓ, હે દેવાનુપ્રિયા ! ભગવન્ તીર્થંકરનો જન્મ મહિમા કરીશું. તેથી આપ ભયભીત ન થશો.

એ પ્રમાણે કહીને ઉત્તરપૂર્વ દિશા ભાગમાં જાય છે, જઈને વૈક્રિય સમુદ્‌ઘાતથી સમવહત થાય છે. થઈને સંખ્યાત યોજનનો દંડ કાઢે છે. તે આ પ્રમાણે –

રત્નોનો યાવત્ સંવર્તક વાયુ વિકુર્વે છે, વિકુર્વીને તે શિવ, મૃદુલ, અનુદ્ધૂત, ભૂમિતલ વિમલકરણ, મનહર, સર્વઋતુક સુરભિ કુસુમ ગંધાનુવાસીક, પિંડિમ–અનિહારિમ ગંધોદ્ધૃત તીર્થા પ્રવાહિત વાયુ વડે ભગવંત તીર્થંકરના જન્મ ભવનને ચોતરફથી એક યોજન પર્યન્ત સંમાર્જિત કરે છે. જેમ કોઈ કર્મકરદારક હોય યાવત્ પૂર્વવત્ ત્યાંના તૃણ–પત્ર–કાષ્ઠ–કચરો, જે અશુચિ–અચોક્ષ, પૂતિક, દુરભિગંધ છે તે બધું વાળી–વાળીને એકાંતમાં ફેંકે છે.

ત્યારપછી તીર્થંકર અને તીર્થંકરની માતા જ્યાં છે, ત્યાં આવે છે. આવીને તીર્થંકરની માતાની કંઈક સમીપે આગાન કરતી, પરિગાન કરતી ત્યાં રહે છે.

## સૂત્ર–૨૧૫ થી ૨૧૭

**૨૧૫.** તે કાળે, તે સમયે ઉર્ધ્વલોક વાસ્તવ્યા આઠ દિશાકુમારી મહત્તરિકાઓ પોત–પોતાના કૂટોથી, પોત–પોતાના ભવનોથી, પોત–પોતાના પ્રાસાદાવતંસકોથી પ્રત્યેકે પ્રત્યેક ૪૦૦૦ સામાનિકોથી૦ એ પ્રમાણે પૂર્વવત્–પૂર્વવર્ણિત યાવત્ વિચરે છે. તે આ –

**૨૧૬.** મેઘંકરા, મેઘવતી, સુમેઘા, મેઘમાલિની, સુવત્સા, વત્સમિત્રા, વારિષેણા, બલાહકા.

**૨૧૭.** ત્યારપછી તે ઉર્ધ્વલોક વાસ્તવ્યા આઠ દિશાકુમારી મહત્તરિકાના પ્રત્યેકે પ્રત્યેકના આસનો ચલિત થયા. એ પ્રમાણે બધું પૂર્વ વર્ણિત કહેવું યાવત્ હે દેવાનુપ્રિયા ! અમે ઉર્ધ્વલોકમાં વસનારી આઠ દિશાકુમારી મહત્તરિકાઓ, ભગવન્ તીર્થંકરનો જન્મ મહિમા કરીશું. તેથી તમારે ભય ન રાખવો, એમ કહી ઉત્તરપૂર્વ દિશામાં જાય છે, જઈને અભ્ર વાદળ વિકુર્વે છે, વિકુર્વીને યાવત્ નિહતરજ, નષ્ટરજ, મૃષ્ટરજ, પ્રશાંતરજ, ઉપશાંતરજ કરે છે. કરીને તે વાદળો જલદીથી જ પ્રત્યુપશાંત થઈ જાય છે.

પછી તે દિશાકુમારીઓ પુષ્પના વાદળો વરસાવે છે, વરસાવીને યાવત્ કાલો અગરુ યાવત્ સુરવરને અભિગમન યોગ્ય કરે છે.

ત્યારપછી જ્યાં ભગવન્ તીર્થંકર, તીર્થંકરની માતા છે, ત્યાં આવે છે, આવીને યાવત્ આગાન, પરિગાન કરતી રહે છે.

## સૂત્ર–૨૧૮ થી ૨૨૬

**૨૧૮.** તે કાળે, તે સમે પૂર્વી રૂચકમાં વસનારી આઠ દિશાકુમારી મહત્તરિકા પોત–પોતાના કૂટોમાં પૂર્વવત્ યાવત્ વિચરતી હતી. તે આ પ્રમાણે –

**૨૧૯.** નંદોત્તરા, નંદા, આનંદા, નંદિવર્દ્ધના, વિજયા, વૈજયંતી, જયંતી અને અપરાજિતા.

**૨૨૦.** બાકી પૂર્વવત્ યાવત્ તમારે ભય રાખવો નહીં. એમ કહી ભગવંત તીર્થંકર અને તીર્થંકર માતાની પૂર્વે હાથમાં દર્પણ લઈને આગાન કરતી, પરિગાન કરતી રહે છે.

તે કાળે, તે સમયે દક્ષિણરૂચકમાં વસનારી આઠ દિશાકુમારી મહત્તરિકાઓ પૂર્વવત્ યાવત્ વિચરે છે, તે આ પ્રમાણે –

**૨૨૧.** સમાહાર, સુપ્રતિજ્ઞા, સુપ્રબુદ્ધા, યશોધરા, લક્ષ્મીવતી, શેષવતી, ચિત્રગુપ્તા અને વસુંધરા.

**૨૨૨.** બાકી વર્ણન પૂર્વવત્ યાવત્ તમાર ભય રાખવો નહીં, એમ કહીને ભગવંત તીર્થંકર તથા તીર્થંકરની માતાની દક્ષિણે હાથમાં ભૃંગાર લઈને આગાન–પરિગાન કરતી રહી.

તે કાળે, તે સમયે પશ્ચિમી રૂચકમાં વસનારી આઠ દિશાકુમારી મહત્તરિકાઓ પોત–પોતાના ભવનાદિમાં યાવત્ વિચરે છે. તે આ પ્રમાણે –

**૨૨૩.** ઈલાદેવી, સુરાદેવી, પૃથ્વી, પદ્માવતી, એકનાસા, નવમિકા, ભદ્રા અને સીતા.

**૨૨૪.** વર્ણન પૂર્વવત્ યાવત્ તમારે ભય રાખવો નહીં, એમ કહીને યાવત્ ભગવંત તીર્થંકર અને તીર્થંકર માતાની પશ્ચિમે તાલવૃંત–વીંઝણા હાથમાં લઈને આગાન–પરિગાન કરતી રહે છે.

તે કાળે, તે સમયે ઉત્તરના રૂચકમાં વસનારી યાવત્ વિચરે છે. તે આ પ્રમાણે –

**૨૨૫.** અલંબુસા, મિશ્રકેશી, પુંડરીકા, વારુણી, હાસા, સર્વપ્રભા, શ્રી અને આઠમી હ્રી.

**૨૨૬.** વર્ણન પૂર્વવત્ યાવત્ તીર્થંકર અને તીર્થંકર માતાને વાંદીને ઉત્તરમાં હાથમાં ચામર લઈને આગાન–પરિગાન કરતી રહી.

તે કાળે, તે સમયે વિદિશિ રૂચકમાં વસનારી ચાર દિશાકુમારી મહત્તરિકા યાવત્ વિચરે છે. તે આ પ્રમાણે –

ચિત્રા, ચિત્રકનકા, શ્વેતા અને સૌદામિની. પૂર્વવત્ વર્ણન યાવત્ આપ ભય રાખશો નહીં. એમ કહીને ભગવંત તીર્થંકર અને તીર્થંકર માતાની ચારે વિદિશામાં હાથમાં દીવા લઈને આગાન–પરિગાન કરતી રહે છે.

તે કાળે, તે સમયે મધ્યમ રૂચકમાં વસનારી ચાર દિશાકુમારી મહત્તરિકાઓ પોતપોતાના કૂટોમાં૦ પૂર્વવત્ યાવત્ વિચરે છે. તે આ પ્રમાણે –

રૂપા, રૂપાસિકા, સુરૂપા અને રૂચકાવતી. વર્ણન પૂર્વવત્ યાવત્ આપે ભય રાખવો નહીં, એમ કહી ભગવંત તીર્થંકરની ચાર આંગળ વર્જીને નાભિનાલ કાપે છે, કાપીને જમીનમાં ખાડો ખોદે છે. ખોદીને નાભિનાલને તેમાં દાટે છે. દાટીને રત્નો અને વજ્રોથી પૂરે છે. પૂરીને ત્યાં હરિતાલિકથી પીઠ બાંધે છે.

એ પીઠ બાંધીને ત્રણ દિશામાં ત્રણ કદલીગૃહને વિકુર્વે છે. તે કદલીગૃહ મધ્યે ત્રણ ચતુશાલક વિકુર્વે છે. તે ચતુઃશાલકના ઠીક મધ્યભાગમાં ત્રણ સિંહાસન વિકુર્વે છે. તે સિંહાસનોના આવા સ્વરૂપે વર્ણન કહેલ છે. અહી સિંહાસનનું સર્વ વર્ણન કહેવું.

ત્યારે તે રૂચક મધ્યે વસનારી ચારે દિશાકુમારી મહત્તરા જ્યાં ભગવાન તીર્થંકર અને તીર્થંકરની માતા છે, ત્યાં આવે છે, આવીને ભગવન્ તીર્થંકરને હાથના સંપુટમાં ગ્રહણ કરે છે. તીર્થંકરની માતાને પણ બાહા વડે ગ્રહણ કરે છે.

કરીને જ્યાં **દક્ષિણનું કદલીગૃહ** છે. જ્યાં ચતુઃશાલક છે, જ્યાં સિંહાસન છે, ત્યાં આવે છે. આવીને તીર્થંકર ભગવંત તથા તીર્થંકર માતાને સિંહાસને બેસાડે છે.

ત્યારપછી તેમને શતપાક, સહસ્રપાક તેલ વડે માલિશ કરે છે, કરીને સુગંધી ગંધવર્તક વડે ઉબટન કરે છે, કરીને તીર્થંકર ભગવંતને કરતલપુટ વડે અને તીર્થંકરની માતાને બાહાથી ગ્રહણ કરે છે,

કરીને જ્યાં **પૂર્વનું કદલીગૃહ** છે, જ્યાં ચતુઃશાલક છે, જ્યાં સિંહાસન છે, ત્યાં આવે છે. આવીને તીર્થંકર ભગવન્ તથા તીર્થંકર માતાને સિંહાસન ઉપર બેસાડે છે.

ત્યારપછી તેમને ત્રણ જળ વડે સ્નાન કરાવે છે, તે આ રીતે – ગંધોદક, પુષ્પોદક અને શુદ્ધોદક. સ્નાન કરાવીને સર્વ અલંકાર વડે વિભૂષિત કરે છે.

કરીને તીર્થંકર ભગવંતને કરતલ પુટ વડે અને તીર્થંકર માતાને બાહા વડે ગ્રહણ કરે છે. કરીને જ્યાં **ઉત્તરનું કદલીગૃહ** છે, જ્યાં ચતુઃશાલક છે, જ્યાં સિંહાસન છે, ત્યાં આવે છે.

ત્યારપછી તીર્થંકર ભગવંત અને તીર્થંકરની માતાને સિંહાસને બેસાડે છે, બેસાડીને આભિયોગિક દેવોને બોલાવે છે, તેમને આ પ્રમાણે કહે છે –

ઓ દેવાનુપ્રિયો ! જલદીથી લઘુહિમવંત વર્ષધર પર્વતથી ગોશીર્ષચંદન કાષ્ઠ લઈ આવો.

ત્યારે તે આભિયોગિક દેવો તે રૂચક મધ્યે વસનારી ચાર દિશાકુમારી મહત્તરિકાએ આમ કહેતા હર્ષિત–સંતુષ્ટ થયા યાવત્ વિનયપૂર્વક વચનને સ્વીકાર્યું. પછી જલદી જઈને લઘુહિમવંત વર્ષધર પર્વતથી સરસ, ગોશીર્ષ ચંદનના

કાષ્ઠ લઈ આવે છે.

ત્યારે તે મધ્યમ રૂચકમાં વસનારી ચારે દિશાકુમારી મહત્તરા શરક કરે છે, કરીને અરણિ ઘડે છે, અરણિ ઘડીને શરક વડે અગ્નિ ઉત્પન્ન કરે છે, અગ્નિ ઉદ્દિપ્ત કરે છે, અગ્નિ ઉદ્દિપ્ત કરીને તેમાં ગોશીર્ષ ચંદનના ટુકડા નાંખે છે, તેનાથી અગ્નિ પ્રજવલિત કરે છે. કરીને તેમાં સમિધા કાષ્ઠ નાંખે છે. નાંખીને અગ્નિહોમ કરે છે. કરીને ભૂતિકર્મ કરે છે. કરીને રક્ષાપોટલી બાંધે છે.

બાંધીને વિવિધ મણિરત્નથી ચિત્રિત બે પ્રકારના પાષાણ ગોલક લઈને તીર્થંકરના કાનના મૂળ પાસે ગોલકને પરસ્પર અફડાવે છે. "પર્વત સદ્દશ આયુવાળા થાઓ." એ પ્રમાણે ભગવંતને આશીર્વચન કહે છે.

ત્યારપછી તે રૂચક મધ્યે વસનારી ચારે દિશાકુમારી–મહત્તરાઓ ભગવનને કરતલપુટ વડે અને તીર્થંકર માતાને બાહા વડે ગ્રહણ કરે છે, કરીને જ્યાં ભગવંતનું જન્મ ભવન છે, ત્યાં આવે છે.

આવીને તીર્થંકરની માતાને શયનમાં સૂવડાવે છે. સૂવડાવીને તીર્થંકર ભગવંતને માતાની પડખે સ્થાપે છે, સ્થાપીને આગાન કરતી, પરિગાન કરતી રહે છે.

સૂત્ર–૨૨૭

તે કાળે, તે સમયે શક્ર નામે દેવેન્દ્ર દેવરાજ, વજ્રપાણી, પુરંદર, શતક્રતુ, સહસ્રાક્ષ, મઘવા, પાકશાસન, દાક્ષિણાર્દ્ધ લોકાધિપતિ, બત્રીશ લાખ વિમાનાધિપતિ, ઐરાવણ વાહન, સુરેન્દ્ર, નિર્મળ વસ્ત્રધારી, માળા–મુગટ ધારણ કરેલ, ઉજ્જવલ સુવર્ણના સુંદર–ચિત્રિત–ચંચલ કુંડલોથી જેનું કપોલ સુશોભિત છે, દેદીપ્યમાન શરીરધારી, લાંબી વનમાળા યુક્ત, મહર્દ્ધિક, મહાદ્યુતિક, મહાબલ, મહાયશ, મહાનુભાગ, મહાસૌખ્ય, સૌધર્મકલ્પમાં, સૌધર્માવતંસક વિમાનમાં, સુધર્માસભામાં શક્ર સિંહાસન ઉપર બેસેલો છે.

તે ત્યાં ૩૨–લાખ વિમાનો, ૮૪,૦૦૦ સામાનિકો, ૩૩–ત્રાયસ્ત્રિંશકો, ચાર લોકપાલ, સપરિવાર આઠ અગ્રમહિષી, ત્રણ પર્ષદા, સાત સૈન્ય, સાત સૈન્યાધિપતિ, ચાર ગુણા ૮૪,૦૦૦ આત્મરક્ષક દેવો, બીજા પણ ઘણા સૌધર્મકલ્પવાસી વૈમાનિક દેવો અને દેવીઓનું આધિપત્ય, પૌરોપત્ય, સ્વામીત્વ, ભર્તૃત્વ, મહત્તરકત્વ, આજ્ઞા–ઐશ્વર્ય સેનાપત્ય કરતો, પાલન કરતો, મોટા આહત યુક્ત નૃત્ય–ગીત–વાજિંત્ર–તંત્રી–તલ–તાલ–ત્રુટિત–ઘન મૃદંગના પટુ પ્રવાદિત રવ વડે દિવ્ય ભોગોપભોગને ભોગવતો ત્યાં વિચરે છે અર્થાત્ રહેલ છે.

ત્યારે તે દેવેન્દ્ર દેવરાજ શક્રનું આસન ચલિત થાય છે. ત્યારે તે શક્ર યાવત્ આસનને ચલિત થતું જુએ છે. જોઈને અવધિનો પ્રયોગ કરે છે, પ્રયોજીને તીર્થંકર ભગવંતને અવધિજ્ઞાન વડે જુએ છે.

જોઈને હર્ષિત–સંતુષ્ટચિત્ત, આનંદિત, પ્રીતિયુક્ત મનવાળો, પરમ સૌમ્યનસિક, હર્ષના વશથી વિકસિત હૃદયવાળો થયો. મેઘની ધારાથી આહત કદંબના પુષ્પોની જેમ તેમના રુંવાડા ઊભા થઈ ગયા.

વિકસિત શ્રેષ્ઠ કમલ જેવા નયન અને વદન થયા. હર્ષાતિરેક જનિત વેગથી તેના હાથના ઉત્તમ કટક, ત્રુટિત, પટ્ટિકા, કેયૂર, મુગટ જલદી કંપી ઉઠ્યા. તેના કાનોમાં કુંડલ શોભતા હતા, તેનું વક્ષઃસ્થળ હારોથી સુશોભિત હતું. ગળામાં લાંબી લટકતી માળા હતી, આભૂષણ ઝૂલતા હતા.

આવો દેવેન્દ્ર શક્ર ત્વરિત, સંભ્રમસહ, ચપળતાથી સિંહાસનથી ઊભો થયો, ઊભો થઈને પાદપીઠથી નીચે ઊતર્યો. ઊતરીને વૈડૂર્ય, રિષ્ટ તથા અંજન નામે રત્નોથી નિપુણતાપૂર્વક કલાત્મક રૂપે બનાવાયેલ દેદીપ્યમાન મણિમંડિત પાદુકાઓને નીચે ઉતારે છે. ઉતારીને અખંડ વસ્ત્રનું ઉતરાસંગ કરે છે. કર્યા પછી –

**બે હાથ જોડી, મસ્તકે અંજલી કરી, તીર્થંકર સન્મુખ સાત–આઠ પગલાં જાય છે, જઈને ડાબો ઘૂંટણ આકુંચિત કરે છે, જમણો ઘૂંટણ ધરણીતલે રાખે છે. પછી ત્રણ વખત મસ્તકને ધરણીતલે લગાડે છે, લગાડીને કંઈક ઊંચે ઉઠે છે, ઉઠીને કટક અને ત્રુટિત વડે સ્તંભિત ભૂજાઓને ઉઠાવે છે. ઉઠાવીને બંને હાથ જોડી, મસ્તકે આવર્ત કરી, મસ્તકે અંજલિ કરીને**

આ પ્રમાણે બોલ્યો –

નમસ્કાર થાઓ.

કોને ?. અર્હતોને, ભગવંતોને, આદિકર–તીર્થંકર–સ્વયંસંબુદ્ધોને,

પુરુષોત્તમ, પુરુષસિંહ–પુરુષવર–પુંડરિક, પુરુષવર–ગંધહસ્તીને,

લોકોત્તમ–લોકનાથ–લોકહિતકર–લોકપ્રદીપક–લોકપ્રદ્યોતકરોને,

અભયદાતા, ચક્ષુદાતા, માર્ગદાતા, શરણદાતાને (તથા) જીવદાતાઓને, બોધિદાતાઓને,

ધર્મદાતા–ધર્મદેશક–ધર્મનાયક–ધર્મસારથી–ધર્મવર ચાતુરંત ચક્રવર્તીઓને અર્થાત ભગવંત યાવત્ શ્રેષ્ઠ ધર્મચક્રવર્તી વિશેષણ ધરાવતા અરિહંતોને મારા નમસ્કાર થાઓ..

વળી તે અરહંત કેવા છે ?.

દ્વીપ, ત્રાણ, શરણ, ગતિ, પ્રતિષ્ઠા, અપ્રતિહત શ્રેષ્ઠ જ્ઞાન–દર્શનધર, છદ્મપણું ચાલી ગયેલ છે તેવા, જિન–જાપક, તીર્ણ–તારક, બુદ્ધ–બોધક, મુક્ત–મોચક, સર્વજ્ઞ–સર્વદર્શી, શિવ–અચલ–અરુજ–અનંત–અક્ષય–અવ્યાબાધ–અનુપરાવર્તી સિદ્ધિગતિ નામક સ્થાનને સંપ્રાપ્ત એવા.

ભયને જીતેલા જિનેશ્વરોને નમસ્કાર થાઓ.

આદિકર, સિદ્ધાવસ્થા પામવાને ઇચ્છુક તીર્થંકર ભગવંતને મારા નમસ્કાર થાઓ.

ત્યાં રહેલા ભગવંતને, અહીં રહેલો હું વંદન કરું છું. ત્યાં રહેલ ભગવંત, અહીં રહેલ એવા મને જુએ, એમ કહીને ભગવંતને વંદન–નમસ્કાર કરે છે, કરીને શ્રેષ્ઠ સિંહાસનમાં પૂર્વાભિમુખ થઈ બેઠો.

ત્યારે તે દેવેન્દ્ર દેવરાજ શક્રને આવા સ્વરૂપે સંકલ્પ ઉત્પન્ન થયો કે –

નિશ્ચે જંબૂદ્વીપ દ્વીપમાં તીર્થંકર ભગવંત ઉત્પન્ન થયેલ છે. તો અતીત–વર્તમાન–અનાગત દેવેન્દ્ર દેવરાજ શક્રનો આ કલ્પ–આચાર છે કે તીર્થંકરનો જન્મ મહોત્સવ કરવો જોઈએ. તો હું પણ જઉં અને તીર્થંકર ભગવંતનો જન્મ મહોત્સવ કરું.

એ પ્રમાણે શક્રેન્દ્રએ સંકલ્પ કર્યો, કરીને પદાતિસેનાના અધિપતિ હરિણેગમેષી દેવને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહ્યું કે –

ઓ દેવાનુપ્રિય ! જલદીથી સુધર્માસભામાં મેઘસમૂહની ગર્જના સમાન ગંભીર અને મધુરતર શબ્દયુક્ત યોજન પરિમંડલ સુસ્વર યુક્ત સુઘોષા ઘંટાને ત્રણ વખત વગાડતા–વગાડતા મોટા–મોટા શબ્દોથી ઉદ્‌ઘોષણા કરતા–કરતા આ પ્રમાણે કહો –

દેવેન્દ્ર દેવરાજ શક્રની આજ્ઞા છે કે – તેઓ જંબૂદ્વીપમાં તીર્થંકર ભગવંતનો જન્મ મહોત્સવ મનાવવા થઈ રહ્યા છે, તો દેવાનુપ્રિયો! તમે બધા પણ પોતાની સર્વઋદ્ધિ–સર્વદ્યુતિ–સર્વબલ–સર્વ સમુદય–સર્વ આદર, સર્વવિભૂતિ–સર્વ વિભૂષા– સર્વ સંભ્રમ–સર્વ નાટક–સર્વ ઉપરોધ પર્વક, સર્વ પુષ્પ–ગંધ–માળા–અલંકાર અને વિભૂષા વડે, સર્વ દિવ્ય તુમુલ ધ્વનિની સાથે, મોટી ઋદ્ધિ યાવત્ રવપૂર્વક, નિજક પરિવારથી સંપરિવરીને પોત–પોતાના યાન–વિમાન–વાહનોમાં આરૂઢ થઈને, વિલંબ કર્યા વિના શક્રની યાવત્ પાસે પ્રગટ થાઓ.

ત્યારે તે પદાતિ સૈન્યાધિપતિ હરિણેગમેષી દેવને દેવેન્દ્ર શક્રએ યાવત્ આમ કહેતા હર્ષિત–સંતુષ્ટ થઈ યાવત્ એ પ્રમાણે દેવની આજ્ઞા વચનને વિનયપૂર્વક સ્વીકારે છે, સ્વીકારીને દેવેન્દ્ર શક્ર પાસેથી નીકળે છે, નીકળીને જ્યાં સુધર્માસભામાં મેઘસમૂહ સમાન, ગંભીર–મધુર શબ્દ કરતી, યોજન પરિમંડલ સુઘોષા ઘંટા છે, ત્યાં જાય છે. ત્યાં જઈને મેઘ સમૂહ સદશ, ગંભીર મધુરતર શબ્દ કરતી, યોજન પરિમંડલ સુઘોષાઘંટાને ત્રણ વખત વગાડે છે

ત્યારે તે મેઘસમૂહ સમાન ગંભીર મધુરતર શબ્દવાળી, યોજન પરિમંડલ સુઘોષા ઘંટાને ત્રણ વખત વગાડતા

સૌધર્મકલ્પમાં બીજી એક ન્યૂન બત્રીશ લાખ વિમાનોમાં એક ન્યૂન બત્રીશ લાખ ઘંટા એક સાથે કણકણ રવને પ્રાપ્ત થઈ. ત્યારે સૌધર્મકલ્પમાં પ્રાસાદ, વિમાન, નિષ્કુટમાં આપતિત શબ્દ વર્ગણાના પુદ્‌ગલો લાખો ઘંટા–પ્રતિઘંટાના રૂપમાં પ્રગટ થવા લાગ્યા.

ત્યારે તે સૌધર્મકલ્પવાસી ઘણા વૈમાનિક દેવો અને દેવીઓ જે એકાંત રતિ પ્રસક્ત, નિત્યપ્રમત્ત, વિષયસુખ મૂર્ચ્છિત હોય છે, તેઓ સુસ્વર ઘંટાના વિપુલ ધ્વનિથી પૂરિત થઈ જલદી જાગૃત થાય છે.

થઈને ઘોષણાથી ઉત્પન્ન કુતૂહલથી કાન દઈને એકાગ્રચિત્ત થઈ ઉપયુક્ત માનસ થયા. તે પદાતિ સૈન્યાધિપતિ દેવ ઘંટારવ અતિ શાંત–પ્રશાંત થયા પછી, ત્યાં–ત્યાં તે–તે દેશમાં મોટા–મોટા શબ્દોથી ઉદ્‌ઘોષણા કરતા–કરતા આ પ્રમાણે કહે છે –

સૌધર્મ કલ્પવાસીઓ ઘણા દેવો અને દેવીઓ! આપ સૌધર્મ કલ્પેન્દ્રમાં આ હિતકારી અને સુખપ્રદ વચનો સાંભળો. શક્રની આજ્ઞા છે કે – બધું પૂર્વવત્ યાવત્ તેમની પાસે પ્રગટ થાઓ.

ત્યારે તે દેવો અને દેવીઓ આ અર્થને સાંભળી, હર્ષિત–સંતુષ્ટ યાવત્ હૃદયી થઈ, કેટલાક વંદન નિમિત્તે, એ પ્રમાણે પૂજન નિમિત્તે, સત્કાર નિમિત્તે, સન્માન નિમિત્તે, દર્શન નિમિત્તે, જિનભક્તિ રાગથી, તે કેટલાક આ અમારો આચાર છે, ઈત્યાદિ વિચારીને યાવત્ શક્રની સમીપે પ્રગટ થયા – આવ્યા.

ત્યારે તે દેવેન્દ્ર દેવરાજ શક્ર તે વૈમાનિક દેવો અને દેવીઓને વિલંબ રહિત સમીપે પ્રગટ થયેલા જુએ છે. જોઈને હર્ષિત થઈને પાલક નામે આભિયોગિક દેવોને બોલાવે છે. બોલાવીને આ પ્રમાણે કહ્યું –

ઓ દેવાનુપ્રિય ! જલદીથી અનેકશત સ્તંભ ઉપર રહેલ, લીલાસ્થિત શાલભંજિકા યુક્ત, ઈહામૃગ–ઋષભ–તુરગ–નર–મગર–વિહગ–વ્યાલક–કિન્નર–ઋઋ–શરભ–ચમર–કુંજર–વનલતા–પદ્મલતાના ચિત્રોથી ચિત્રિત સ્તંભ ઉપર રહેલ વજ્ર વેદિકાથી પરિગત એવી રમણી, વિદ્યાધર યમલ–યુગલના યંત્રયુક્ત હોય તેવી, અર્ચી સહસ્રથી યુક્ત, હજારો રૂપયુક્ત, દીપતા–દેદીપ્યમાન, આંખમાં વસી જાય તેવા, સુખ સ્પર્શ, સશ્રીક રૂપ, ઘંટાવલીના મધુર મનહર સ્વરયુક્ત, સુખમય–કાંત–દર્શનીય, નિપુણવત્ ચમકતા મણિરત્ન ઘંટિકા જાલયુક્ત હજાર યોજન વિસ્તીર્ણ, ૫૦૦ યોજન ઊંચા, શીઘ્ર, ત્વરિત, પ્રસ્તુત કાર્ય નિર્વહણમાં સક્ષમ દિવ્ય યાન–વિમાનની વિકુર્વણા કરીને, મારી આ આજ્ઞા પાછી સોંપો.

સૂત્ર–૨૨૮

ત્યારે તે પાલકદેવ, દેવેન્દ્ર દેવરાજ શક્રએ આ પ્રમાણે કહેતા હર્ષિત, સંતુષ્ટ થયો યાવત્ વૈક્રિય સમુદ્‌ઘાત વડે સમવહત થઈને તે પ્રમાણે યાન–વિમાન વિકુર્વે છે.

તે દિવ્ય યાન–વિમાનની ત્રણે દિશામાં ત્રિસોપાન પ્રતિરૂપક છે, વર્ણન પૂર્વવત્. તે પ્રતિરૂપકોની આગળ પ્રત્યેક પ્રત્યેકમાં તોરણો છે. વર્ણન પ્રતિરૂપ છે સુધી પૂર્વવત્ કરવું.

તે યાન વિમાનમાં બહુસમ રમણીય ભૂમિભાગમાં, જેમ કોઈ આલિંગ પુષ્કર હોય યાવત્ ચિત્તા આદિના ચામડા માફક હોય, અનેક શંકુ–સમાન ખીલા ઠોકીને વિસ્તારેલ હોય, તે ભૂમિભાગ આવર્ત–પ્રત્યાવર્ત–શ્રેણિ–પ્રશ્રેણિ–સ્વસ્તિક–વર્ધમાન–પુષ્યમાનવ–મત્સ્યઅંડક–મગર, અંડક–જાર–માર–પુષ્પાવલી–કમલપત્ર–સાગર તરંગ–વાસંતીલતા અને પદ્મલતાના ચિત્રાંકન વડે યુક્ત, છાયા–પ્રભા–કિરણો અને ઉદ્યોત વડે યુક્ત છે. તથા વિવિધ પંચવર્ણી મણિઓ વડે શોભિત છે.

તે મણિના વર્ણ, ગંધ અને સ્પર્શ જેમ રાયપ્પસેણઈયમાં કહ્યા છે તેમ કહેવા. તે ભૂમિભાગના બહુમધ્ય દેશભાગમાં અનેકશત સ્તંભો ઉપર રહેલ એક પ્રેક્ષાગૃહ મંડપ છે, તે યાવત્ પ્રતિરૂપ છે, વર્ણન પૂર્વવત્. તેનો ઉલ્લોક – ઉપરનો ભાગ પદ્મલતા વડે ચિત્રિત યાવત્ સંપૂર્ણ તપનીયમય યાવત્ પ્રતિરૂપ છે.

તે મંડપના બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગમાં એક મોટી મણિપીઠિકા છે. તે આઠ યોજન લાંબી-પહોળી, ચાર યોજન જાડી અને સંપૂર્ણ મણિમયી છે, વર્ણન પૂર્વવત્.

તેની ઉપર એક વિશાળ સિંહાસન છે, વર્ણન પૂર્વવત્.

તેની ઉપર એક મોટું વિજયવસ્ત્ર છે, તે સર્વરત્નમય છે, વર્ણન પૂર્વવત્. તેના મધ્યદેશ ભાગમાં એક વજ્રમય અંકુશ છે. ત્યાં એક મોટી કુંભિકા પ્રમાણ મોતીની માળા છે, તે મોતીની માળા, પોતાનાથી અડધી ઊંચી, અર્ધ કુંભિકા પ્રમાણ ચાર મોતીની માળા વડે ચોતરફથી વીંટળાયેલ છે. તે માળામાં તપનીય લંબૂસક લટકે છે.

તે લંબૂસક સુવર્ણ પ્રતરકથી મંડિત છે. વિવિધ મણિ-રત્ન નિર્મિત વિવિધ હાર, અર્ધહારથી ઉપશોભિત છે. એકબીજાથી થોડા-થોડા અંતરે અવસ્થિત છે, પૂર્વીય આદિ વાયુથી ધીમે-ધીમે કંપતા, પરસ્પર ટકરાવાથી ઉત્પન્ન એવા કાન અને મનને સુખદ શબ્દો વડે પ્રદેશને આપૂરિત કરતા યાવત્ અતિ શોભતા રહેલા છે.

તે સિંહાસનની પશ્ચિમ-ઉત્તરમાં, ઉત્તરમાં, ઉત્તરપૂર્વમાં અહીં શક્રેન્દ્રના ૮૪,૦૦૦ સામાનિકોના ૮૪,૦૦૦ ભદ્રાસનો છે. પૂર્વમાં આઠ અગ્રમહિષીના, તેમજ દક્ષિણ-પૂર્વમાં અભ્યંતર પર્ષદાના ૧૨,૦૦૦ દેવોના, દક્ષિણમાં મધ્યમ પર્ષદાના ૧૪,૦૦૦ દેવોના અને દક્ષિણપશ્ચિમમાં બાહ્ય પર્ષદાના ૧૬,૦૦૦ દેવોના, પશ્ચિમમાં સાત સૈન્યાધિપતિના અને ત્યાં તે સિંહાસનની ચારે દિશામાં ચોર્યાશી-ચોર્યાશી હજાર એમ કુલ ૩,૩૬,૦૦૦ ભદ્રાસનો છે.

એ પ્રમાણે બધું સૂર્યાભદેવના આલાવા મુજબ જાણવું યાવત્ આજ્ઞા પાછી સોંપે છે.

સૂત્ર-૨૨૯

ત્યારે તે શક્ર યાવત્ હર્ષિત હૃદયી થયો. જિનેન્દ્ર ભગવંત સંમુખ જવા યોગ્ય દિવ્ય, સર્વાલંકાર વિભૂષિત, ઉત્તર વૈક્રિય રૂપની વિકુર્વણા કરે છે.

વિકુર્વીને સપરિવાર અગ્રમહિષી, નાટ્યાનીક અને ગંધર્વાનીક સાથે તે વિમાનની અનુપ્રદક્ષિણા કરતા-કરતા પૂર્વીય ત્રિસોપાનકેથી ચડે છે, ચડીને યાવત્ સિંહાસનમાં પૂર્વાભિમુખ બેસે છે.

એ પ્રમાણે સામાનિક દેવો પણ ઉત્તરના ત્રિસોપાનકેથી આરોહીને પ્રત્યેક પ્રત્યેકે પૂર્વે રાખેલા ભદ્રાસનોમાં બેસે છે,

બાકીના દેવો અને દેવીઓ દક્ષિણી ત્રિસોપાનકે થી આરોહીને પૂર્વવત્ યાવત્ બેસે છે.

ત્યારે તે શક્રના તેમાં આરૂઢ થતા આ આઠ-આઠ મંગલો યથાનુક્રમે ચાલ્યા. ત્યારપછી પૂર્વ કળશ ભૃંગાર, દિવ્ય છત્ર પતાકા ચામર સહિત, દર્શનરતિક-જોતાં જ દર્શનીય એવી વાયુ વડે ઉડતી વિજય વૈજયંતી, જે ઘણી ઊંચી ગગનતલને સ્પર્શતી હતી તેવી, તે આગળ અનુક્રમે ચાલી.

ત્યારપછી છત્ર ભૃંગાર, ત્યારપછી વજ્રમય વૃત્ત લષ્ટ સંસ્થિત સુશ્લિષ્ટ પરિઘૃષ્ટ સુપ્રતિષ્ઠિક, વિશિષ્ટ અનેક શ્રેષ્ઠ પંચવર્ણી હજારો કુડભી વડે પરિમંડિત હોવાથી રમણીય, વાયુ વડે ઉડતી વિજય વૈજયંતી પતાકા છત્રાતિછત્રયુક્ત, ઊંચી, ગગનતલે સ્પર્શતા શિખરયુક્ત ૧૦૦૦ યોજન ઊંચા, મહા મોટો મહેન્દ્રધ્વજ આગળ અનુક્રમે ચાલ્યો.

ત્યારપછી પોતાના કાર્યાનુરૂપ વેષથી યુક્ત, સુસજ્જિત, સર્વવિધ અલંકારોથી વિભૂષિત એવી પાંચ સેનાઓ, પાંચ સેનાપતિઓ યાવત્ આગળ ચાલ્યા.

ત્યારપછી ઘણા આભિયોગિક દેવો અને દેવીઓ પોત-પોતાના રૂપ વડે યાવત્ નિયોગ વડે દેવેન્દ્ર દેવરાજ શક્રની આગળ અને પાછળ અનુક્રમે પ્રસ્થાન કરે છે.

ત્યારપછી ઘણા સૌધર્મકલ્પવાસી દેવો અને દેવીઓ સર્વ ઋદ્ધિથી યાવત્ આરૂઢ થઈને યાવત્ ચાલ્યા.

ત્યારે તે શક્ર, તે પાંચ સૈન્યો વડે પરીવરેલ યાવત્ મહેન્દ્રધ્વજને આગળ કરીને ૮૪,૦૦૦ સામાનિક યાવત્

પરીવરીને, સર્વ ઋદ્ધિથી યાવત્ રવથી સૌધર્મકલ્પની વચ્ચોવચ્ચથી તે દિવ્ય દેવ ઋદ્ધિ યાવત્ ઉપદર્શિત કરતો કરતો જ્યાં સૌધર્મકલ્પનો ઉત્તરનો નિર્યાણ માર્ગ છે, ત્યાં જાય છે.

ત્યાં જઈને એક લાખ યોજન પ્રમાણ વિગ્રહથી ચાલતો–ચાલતો, તેવી ઉત્કૃષ્ટ યાવત્ દેવગતિથી ચાલતો–ચાલતો તીર્છા અસંખ્ય દ્વીપ સમુદ્રોની મધ્યેથી જ્યાં નંદીશ્વર દ્વીપ છે, જ્યાં દક્ષિણ–પૂર્વીય રતિકર પર્વત છે, ત્યાં આવે છે.

આવીને જેમ સૂર્યાભની વક્તવ્યતા છે, તેમ કહેવું. વિશેષ એ કે શક્રનો અધિકાર કહેવો. યાવત્ શક્ર તે દિવ્ય દેવઋદ્ધિ યાવત્ દિવ્ય વિમાનને પ્રતિ સંહરિત કરતો–કરતો યાવત્ જ્યાં તીર્થંકર ભગવાનનું જન્મ નગર છે. જ્યાં ભગવંતનું જન્મ ભવન છે, ત્યાં આવે છે.

ત્યાં આવીને તીર્થંકર ભગવંતના જન્મભવનને તે દિવ્ય યાનવિમાન વડે ત્રણ વખત આદક્ષિણ–પ્રદક્ષિણા કરે છે, કરીને તીર્થંકર ભગવંતના જન્મભવનની ઉત્તર–પૂર્વીય દિશાભાગમાં ભૂમિતલથી ચાર આંગળ ઊંચે દિવ્ય વિમાન સ્થાપે છે

સ્થાપીને આઠ અગ્રમહિષી, ગંધર્વાનીક અને નાટ્યાનિક બંને સૈન્યો સાથે, તે દિવ્ય યાન–વિમાનના પૂર્વના ત્રિસોપાન–પ્રતિરૂપકથી ઉતરે છે.

ત્યારપછી દેવેન્દ્ર દેવરાજ શક્રના ૮૪,૦૦૦ સામાનિકો દિવ્ય યાન–વિમાનના ઉત્તરીય ત્રિસોપાન પ્રતિરૂપકથી ઉતરે છે. બાકીના દેવો અને દેવીઓ, તે દિવ્ય યાન–વિમાનના દક્ષિણી ત્રિસોપાન પ્રતિરૂપકથી નીચે ઊતરે છે.

ત્યારપછી તે દેવેન્દ્ર દેવરાજ શક્ર ૮૪,૦૦૦ સામાનિકોથી યાવત્ સાથે સંપરિવરીને સર્વઋદ્ધિથી યાવત્ દુંદુભિના નિર્ઘોષ અને નાદિત રવથી જ્યાં તીર્થંકર ભગવન્ અને તીર્થંકર માતા છે, ત્યાં આવે છે. આવીને આલોક–પ્રણામ કરે છે. કરીને તીર્થંકર ભગવંત અને તીર્થંકર માતાને ત્રણ વખત આદક્ષિણ–પ્રદક્ષિણા કરે છે. કરીને બે હાથ જોડીને યાવત્ આમ કહે છે –

હે રત્નકુક્ષિધારિકા ! તમને નમસ્કાર થાઓ. એ પ્રમાણે જેમ દિશાકુમારી કહ્યું તેમ યાવત્ આપ ધન્ય છો, આપ પુન્યવંત છો, આપ કૃતાર્થ છો.

હે દેવાનુપ્રિયા ! હું દેવેન્દ્ર દેવરાજ શક્ર, તીર્થંકર ભગવંતનો જન્મ મહોત્સવ કરીશ. તો આપ ભયભીત થશો નહીં. એમ કહીને અવસ્વાપિની નિદ્રા આપે છે.

ત્યારપછી તીર્થંકરનું પ્રતિરૂપક વિકુર્વે છે, તીર્થંકરની માતા પાસે સ્થાપે છે, સ્થાપીને પાંચ શક્રની વિકુર્વણા કરે છે. કરીને એક શક્ર તીર્થંકર ભગવંતને બે હાથના સંપુટમાં ગ્રહણ કરે છે. એક શક્ર પાછળ છત્ર ધારણ કરે છે, બે શક્રો–બંને પડખે ચાર વીંઝે છે. એક શક્ર આગળ હાથમાં વજ્ર લઈને ચાલે છે.

ત્યારપછી દેવેન્દ્ર દેવરાજ શક્ર, બીજા ઘણા ભવનપતિ–વ્યંતર–જ્યોતિષ્ક–વૈમાનિક દેવો અને દેવીઓ સાથે પરિવરીને સર્વઋદ્ધિથી યાવત્ નાદિતથી, તેવી ઉત્કૃષ્ટ યાવત્ ગતિથી ચાલતા–ચાલતા જ્યાં મેરુ પર્વત છે, તેમાં જ્યાં પાંડુકવન છે, જ્યાં અભિષેક શિલા છે, જ્યાં અભિષેક સિંહાસન છે, ત્યાં આવે છે. આવીને શ્રેષ્ઠ સિંહાસન ઉપર પૂર્વાભિમુખ થઈ બેસે છે.

### સૂત્ર–૨૩૦ થી ૨૩૫

**૨૩૦.** તે કાળે, તે સમયે દેવેન્દ્ર દેવરાજ ઈશાન, જેના હાથમાં શૂળ છે, વૃષભ વાહન છે, સુરેન્દ્ર, ઉત્તરાર્દ્ધ લોકાધિપતિ છે, અઠ્ઠાવીસ લાખ વિમાનોનો અધિપતિ, નિર્મળ વસ્ત્રધારી, એ પ્રમાણે શક્ર મુજબ શેષ વર્ણન કહેવું. તેમાં ભેદ આટલો છે –

મહાઘોષા ઘંટા, લઘુપરાક્રમ નામે પદાતિ સૈન્યાધિપતિ, વિમાનકારી દેવ પુષ્પક છે, નિર્યાણમાર્ગ દક્ષિણેથી, ઉત્તર–પૂર્વના રતિકર પર્વતથી મેરુ પર્વતે સમોસર્યો યાવત્ પર્યુપાસે છે.

એ પ્રમાણે બાકીના પણ ઈન્દ્રો કહેવા, યાવત્ અચ્યુતેન્દ્ર, તેમાં આટલો ભેદ છે –

**૨૩૧.** સૌધર્મેન્દ્રથી અનુક્રમે સામાનિકો સૌધર્મેન્દ્રના ૮૪,૦૦૦, ઈશાનેન્દ્રના ૮૦,૦૦૦, સનતકુમારેન્દ્રના ૭૨,૦૦૦, માહેન્દ્રના ૭૦,૦૦૦, બ્રહ્મલોકેન્દ્રના ૬૦,૦૦૦, લાન્તકેન્દ્રના ૫૦,૦૦૦, મહાશુક્રેન્દ્રના ૪૦,૦૦૦, સહસ્રારેન્દ્રના ૩૦,૦૦૦, પ્રાણતેન્દ્રના ૨૦,૦૦૦ અને અચ્યુતેન્દ્રના ૧૦,૦૦૦ જાણવા.

**૨૩૨.** સૌધર્મેન્દ્રથી વિમાન સંખ્યા – સૌધર્મેન્દ્રના ૩૨ લાખ, ઈશાનેન્દ્રના ૨૮ લાખ, સનતકુમારેન્દ્રના ૧૨ લાખ, માહેન્દ્રના ૮ લાખ, બ્રહ્મલોકેન્દ્રના ૪ **લાખ,** લાન્તકેન્દ્રના ૫૦,૦૦૦, મહાશુક્રેન્દ્રના ૪૦,૦૦૦ અને સહસ્રારેન્દ્રના ૬૦૦૦ છે.

**૨૩૩.** આનત–પ્રાણત કલ્પમાં ૪૦૦ અને આરણ–અચ્યુતમાં ૩૦૦ છે. આ વિમાનો કહ્યા, હવે યાન–વિમાનકારી દેવો કહે છે –

**૨૩૪.** પાલક, પુષ્પ, સૌમનસ, શ્રીવત્સ, નંદ્યાવર્ત, કામગમ, પ્રીતિગમ, મનોરમ, વિમલ અને સર્વતોભદ્ર અનુક્રમે જાણવા..

**૨૩૫.** સૌધર્મેન્દ્ર, સાનત્કુમારેન્દ્ર, બ્રહ્મલોકેન્દ્ર, મહાશુક્રેન્દ્ર અને પ્રાણતેન્દ્રની સુઘોષા ઘંટા છે, હરિણેગમેષી પદાતિ સૈન્યાધિપતિ છે, ઉત્તરવર્તી નિર્યાણ માર્ગ છે, દક્ષિણ–પશ્ચિમી રતિકર પર્વત છે.

ઈશાનેન્દ્ર, માહેન્દ્ર, લાંતકેન્દ્ર, સહસ્રારેન્દ્ર, અચ્યુતેન્દ્રને મહાઘોષા ઘંટા, લઘુપરાક્રમ નામે પદાતિ સૈન્યાધિપતિ, દક્ષિણ બાજુનો નિર્યાણમાર્ગ, ઉત્તરપૂર્વનો રતિકર પર્વત છે.

પર્ષદા**,** જીવાભિગમમાં કહ્યા મુજબ જાણવી. આત્મરક્ષક દેવો સામાનિક દેવોથી ચારગણા છે. બધાના યાન–વિમાનો એક લાખ યોજન વિસ્તીર્ણ છે. તેની ઊંચાઈ સ્વ–સ્વ વિમાન પ્રમાણ છે અને મહેન્દ્રધ્વજ હજાર યોજન વિસ્તીર્ણ છે.

શક્ર સિવાયના બધા મેરુ પર્વતે સમવસરે છે યાવત્ ભગવંતની. પર્યુપાસના કરે છે.

## સૂત્ર–૨૩૬ થી ૨૩૮

**૨૩૬.** તે કાળે, તે સમયે અસુરેન્દ્ર અસુરરાજા ચમર, ચમરચંચા રાજધાનીમાં સુધર્માસભામાં ચમર સિંહાસને, ૬૪,૦૦૦ સામાનિક દેવો, ૩૩–ત્રાયસ્ત્રિંશક, ચાર લોકપાલ, સપરિવાર પાંચ અગ્રમહિષીઓ, ત્રણ પર્ષદા, સાત સૈન્યો, સાત સૈન્યાધિપતિઓ, ચારગણા ૬૪,૦૦૦ આત્મરક્ષક દેવો અને બીજા દેવોથી પરિવૃત્ત હતો ઈત્યાદિ શક્રવત્ જાણવું. તેમાં તફાવત આ પ્રમાણે છે –

દ્રુમ નામે પદાતિ સૈન્યાધિપતિ, ઓઘસ્વરા નામે ઘંટા, વિમાન ૫૦,૦૦૦ યોજન વિસ્તીર્ણ, મહેન્દ્રધ્વજ ૫૦૦ યોજન ઊંચો, વિમાનકારી આભિયોગિક દેવ છે. બાકી બધું પૂર્વવત્ યાવત્ મેરુ પર્વતે સમવસરે છે યાવત્. પર્યુપાસના કરે છે.

તે કાળે તે સમયે અસુરેન્દ્ર અસુરરાજા બલિ એ પ્રમાણે આવે છે. વિશેષ એ કે – ૬૦,૦૦૦ સામાનિક દેવો, તેનાથી ચારગણા આત્મરક્ષક દેવો, મહાદ્રુમ નામે પદાતિસૈન્યાધિપતિ, મહા ઓઘસ્વરા નામે ઘંટા છે. બાકી બધું પૂર્વવત્ પર્ષદા જીવાભિગમવત્ છે.

તે કાળે, તે સમયે ધરણેન્દ્ર તેમજ આવે છે. તફાવત એ–૬૦૦૦ સામાનિકો, ૬–અગ્રમહિષી, ચારગણા આત્મરક્ષક દેવો, મેઘસ્વરા ઘંટા, ભદ્રસેન નામે પદાતિસૈન્યાધિપતિ, વિમાન ૨૫,૦૦૦ યોજન વિસ્તીર્ણ, મહેન્દ્રધ્વજ ૨૫૦ યોજન વિસ્તૃત છે.

એ પ્રમાણે અસુરેન્દ્ર વર્જિત બધાં ભવનવાસી ઈન્દ્રો જાણવા. વિશેષ એ – અસુરોની ઓઘસ્વરા ઘંટા, નાગકુમાર ની મેઘસ્વરા, સુવર્ણકુમારની હંસસ્વરા, વિદ્યુત્કુમારની ક્રૌંચસ્વરા, અગ્નિકુમારની મંજુસ્વરા, દિશાકુમારની મંજુઘોષા, ઉદધિકુમારની સુસ્વરા, દ્વીપકુમારની મધુરસ્વરા, વાયુકુમારની નંદીસ્વરા, સ્તનિતકુમારની નંદીઘોષા નામની ઘંટા છે.

**૨૩૭.** સામાનિક દેવો ચમરેન્દ્રના **૬૪,૦૦૦** અને બલિન્દ્રના **૬૦,૦૦૦** છે. અસુરેન્દ્ર સિવાયના ઈન્દ્રોના છ–છ હજાર છે. સામાનિકોથી ચારગણા આત્મરક્ષક દેવો કહેવા.

**૨૩૮.** ચમરેન્દ્ર સિવાયના દક્ષિણ દિશાના ઈન્દ્રોના પદાતિસૈન્ય અધિપતિના નામ ભદ્રસેન અને ઉત્તરના દક્ષ નામે છે.

આ પ્રમાણે વ્યંતરેન્દ્રો અને જ્યોતિષ્કેન્દ્રોને જાણવા.

ફર્ક માત્ર એ છે કે – **૪૦૦૦** સામાનિકો દેવો, ચાર અગ્ર–મહિષીઓ, **૧૬,૦૦૦** આત્મરક્ષક દેવો, વિમાન **૧૦૦૦** યોજનનાં વિસ્તારવાળા અને મહેન્દ્રધ્વજ **૧૨૫** યોજન વિસ્તીર્ણ છે,

દક્ષિણ દિશાનાં વ્યંતરેન્દ્રોની ઘંટા મંજુ–સ્વરા, ઉત્તર દિશાના વ્યંતરેન્દ્રોની મંજુઘોષા ઘંટા છે, પદાતિ સૈન્યાધિપતિ અને વિમાનકારી આભિયોગિક દેવો છે.

જ્યોતિષ્કોની સુસ્વરા તથા સુસ્વરનિર્ઘોષા ઘંટા છે. તેઓ મેરુ પર્વતે સમવસરે છે યાવત્ પર્યુપાસના કરે છે.

સૂત્ર–૨૩૯

ત્યારે તે દેવેન્દ્ર દેવરાજ અચ્યુત મહાદેવાધિપતિ, પોતાના આભિયોગિક દેવોને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહ્યું –

હે દેવાનુપ્રિયો ! તીર્થંકરના અભિષેકને માટે તમે શીઘ્ર મહાર્થ, મહાર્ઘ, મહાર્હ, વિપુલ સામગ્રી ઉપસ્થાપિત કરો અર્થાત  લાવો.

ત્યારે તે આભિયોગિક દેવો હર્ષિત, સંતુષ્ટ થઈ યાવત્ આજ્ઞા સ્વીકારીને ઉત્તર–પૂર્વ દિશાભાગમાં જાય છે, જઈને વૈક્રિય સમુદ્ઘાતથી યાવત્ સમવહત થઈને ૧. એક હજાર આઠ સુવર્ણ કળશો, એ પ્રમાણે એક હજાર આઠ–એક હજાર આઠ; ૨. રૂપાના, ૩. મણિના, ૪. સોનારૂપાના, ૫. સોના મણિના, ૬. રૂપામણિના, ૭. સોનારૂપા અને મણિના. ૮. એક હજાર આઠ માટીના, ૯. એક હજાર આઠ ચંદનના કળશો વિકુર્વે છે. તદુપરાંત....

ભૃંગાર, દર્પણ, થાળા, પાત્રી, સુપ્રતિષ્ઠક, ચિત્રરત્નકરંડક, વાતકરગ, પુષ્પચંગેરી ઈત્યાદિ૦ એ પ્રમાણે જેમ સૂર્યાભદેવમાં કહ્યું તેમ સર્વ ચંગેરી, સર્વે પટલક વિશેષિત કહેવા.

સિંહાસન, છત્ર, ચામર, તેલસમુદ્ગક યાવત્ સરસવસમુદ્ગક, તાલવૃંત યાવત્ **૧૦૦૮** કડછાને વિકુર્વે છે. વિકુર્વીને સ્વાભાવિક અને વિકુર્વિત કળશો યાવત્ ધૂપકડછાં લઈને –

જ્યાં ક્ષીરોદક સમુદ્ર છે, ત્યાં આવીને, ક્ષીરોદક ગ્રહણ કરે છે. કરીને જે ત્યાંના ઉત્પલ, પદ્મ યાવત્ સહસ્રપત્રો છે, તેને ગ્રહણ કરે છે.

એ પ્રમાણે પુષ્કરોદથી યાવત્ ભરત–ઐરાવતના માગધાદિ તીર્થોના જળ અને માટીને ગ્રહણ કરે છે.

પછી એ પ્રમાણે ગંગાદિ મહાનદીઓ યાવત્ લઘુહિમવંતના સર્વે તુવર, સર્વે પુષ્પ, સર્વ ગંધ, સર્વે માળા યાવત્ સર્વૌષધિ અને સિદ્ધાર્થક ગ્રહણ કરે છે.

ત્યારપછી પદ્મદ્રહથી દ્રહનું જળ, ઉત્પલાદિ. એ પ્રમાણે સર્વે વર્ષધર પર્વતોમાંથી, વૃત્ત વૈતાઢ્યોમાંથી, સર્વે મહા–દ્રહોમાંથી, સર્વે ચક્રવર્તી વિજયોમાંથી, વક્ષસ્કાર પર્વતોમાંથી, અંતર્નદીથી, જળ, માટી આદિ લે છે..

તથા –

ઉત્તરકુરુમાં યાવત્ સુદર્શન ભદ્રશાલવનમાં સર્વે તુવર યાવત્ સિદ્ધાર્થકને ગ્રહણ કરે છે.

એ પ્રમાણે નંદનવનથી સર્વે તુવર યાવત્ સિદ્ધાર્થક અને સરસ ગોશીર્ષચંદન, દિવ્ય પુષ્પમાળા ગ્રહણ કરે છે.

એ પ્રમાણે સૌમનસવન અને પંડક વનમાંથી સર્વે તુવર યાવત્ સૌમનસમાળા, દર્દરમલય અને સુગંધ ગ્રહણ કરે છે.

ત્યારપછી બધા એક સ્થાને એકઠા થાય છે, થઈને જ્યાં સ્વામી–ઇન્દ્ર છે, ત્યાં આવે છે, આવીને મહાર્થ યાવત્ તીર્થંકરના જન્મની. અભિષેક સામગ્રી ઉપસ્થાપિત કરે છે.

સૂત્ર–૨૪૦

ત્યારપછી તે અચ્યુત દેવેન્દ્ર **૧૦,૦૦૦** સામાનિકો, તેંત્રીશ ત્રાયસ્ત્રિંશકો, ચાર લોકપાલો, ત્રણ પર્ષદા, સાત સૈન્યો, સાત સૈન્યના અધિપતિઓ, **૪૦,૦૦૦** આત્મરક્ષક દેવો સાથે સંપરિવરીને સ્વાભાવિક અને વિકુર્વિત શ્રેષ્ઠ કમલ ઉપર પ્રતિષ્ઠિત, સુગંધી શ્રેષ્ઠ જળથી પ્રતિપૂર્ણ, ચંદન વડે ચર્ચિત, ગળામાં મૌલી બાંધેલ, કમળ અને ઉત્પલ વડે ઢાંકેલ, સુકોમળ હથેળી વડે પરિગૃહીત.

**૧૦૦૮** સુવર્ણના કળશો યાવત્ **૧૦૦૮** માટીના કળશો યાવત્ સર્વોદકથી, સર્વ માટીથી, સર્વ તૂવરથી યાવત્ સર્વ ઔષધિ અને સરસવથી, સર્વ ઋદ્ધિથી યાવત્ રવ વડે મહાન–મહાન તીર્થંકરાભિષેક વડે અભિષેક કરે છે.

ત્યારે અચ્યુતેન્દ્ર દ્વારા મહાન–મહાન અભિષેક વડે સિંચિત થયા પછી, બીજા ઇન્દ્રાદિ દેવો છત્ર–ચામર–ધૂપ કડછાં–પુષ્પ–ગંધ યાવત્ હાથમાં લઈ હર્ષિત–સંતુષ્ટ થઈ યાવત્ હાથમાં વજ્ર, ત્રિશૂળ લઈને આગળ અંજલી જોડી ઊભા રહે છે.

એ પ્રમાણે વિજયદેવ અનુસાર યાવત્ કેટલાક દેવો આસિક્ત–સંમાર્જિત–ઉપલિપ્ત–સિક્ત–શુચિ–સંમૃષ્ટ માર્ગો, હાટ અને ગલીઓને કરે છે યાવત્ ગંધવર્તીભૂત કરે છે.

કેટલાંક દેવો હિરણ્ય વર્ષા વરસાવે છે, એ પ્રમાણે સુવર્ણ, રત્ન, વજ્ર, આભરણ, પત્ર, પુષ્પ, ફળ, બીજુ, માલા, ગંધ, વર્ણ યાવત્ ચૂર્ણવાસની વર્ષા કરે છે.

કેટલાક હિરણ્યવિધિ એ પ્રમાણે યાવત્ ચૂર્ણિવિધિ કરે છે.

કેટલાક ચારે પ્રકારે વાદ્ય વગાડે છે, તે આ પ્રમાણે – તત, વિતત, ધન અને ઝુસિર.

કેટલાક ચાર પ્રકારે ગેયને ગાય છે, તે આ પ્રમાણે **૧.** ઉત્ક્ષિપ્ત, **૨.** પાદાત્ત, **૩.** મંદાય, **૪.** રોચિતાવસાન.

કેટલાક ચાર ભેદે નૃત્ય નાચે છે, તે આ – **૧.** અંચિત, **૨.** દ્રુત, **૩.** આરભટ અને **૪.** ભસોલ.

કેટલાંક ચતુર્વિધ અભિનય કરે છે – દાર્ષ્ટાન્તિક, પ્રાતિશ્રુતિક, સામંતોપનિપાતિક, લોકમધ્યાવસાનિક.

કેટલાંક બત્રીશ ભેદે દિવ્ય નૃત્યવિધિ દેખાડે છે,

કેટલાક ઉત્પાતનિપાત, નિપાતોત્પાત, સંકુચિતપ્રસારણ યાવત્ ભ્રાંતસંભ્રાંત નામક દિવ્ય નાટ્યવિધિ દેખાડે છે. કેટલાક તાંડવ કરે છે અને કેટલાક લાસ–નૃત્ય કરે છે.

કેટલાક પોતાને સ્થૂળ બનાવે છે, એ પ્રમાણે બૂત્કાર કરે છે, આસ્ફોટન કરે છે, વલ્ગન કરે છે, સિંહનાદ કરે છે અને કેટલાક આ બૂત્કારાદિ બધું જ કરે છે.

કેટલાક ઘોડાની જેમ હણહણે છે, એ પ્રમાણે હાથીની જેમ ગુલગુલાયિત કરે છે, રથની જેમ ઘનઘનાહટ કરે છે, કેટલાક આ હણહણાટ આદિ ત્રણે સાથે કરે છે.

કેટલાક ઉચ્છાલ કરે છે, કેટલાક પ્રક્ષાલ કરે છે, કેટલાક ત્રિપદી છેદે છે, પાદ દર્દરક કરે છે, ભૂમિ ઉપર થપાટો મારે છે. કેટલાક મોટા શબ્દોથી અવાજો કરે છે, એ પ્રમાણે સંયોગો કહેવા.

કેટલાક હક્કાર કરે છે, એ પ્રમાણે પૂત્કારે છે, થક્કારે છે, અવપતિત થાય છે, ઉત્પતિત થાય છે, પરિપતિત

થાય છે, બળે છે, તપછે છે, પ્રતપ્ત થાય છે, ગર્જે છે, વિદ્યુતની જેમ ચમકે છે, વર્ષાની જેમ વરસે છે. તથા. –

કેટલાક દેવોત્કલિક કરે છે, એ પ્રમાણે દેવકહકહા કરે છે, કેટલાક દુહુદુહુ કરે છે, કેટલાક વૈક્રિય ભૂતરૂપો વિકુર્વીને નાચે છે, એ પ્રમાણે વિજયદેવ વત્ કહેવું યાવત્ ચારે તરફ ધીમે ધીમે દોડે છે – જોર જોરથી દોડે છે.

## સૂત્ર–૨૪૧ થી ૨૪૩

**૨૪૧.** ત્યારે તે અચ્યુતેન્દ્ર સપરિવાર, તીર્થંકર ભગવંતને તે મહાન–મહાન અભિષેકનો અભિષેક કરે છે.

અભિષેક કરીને બે હાથ જોડી યાવત્ મસ્તકે અંજલી કરીને જય અને વિજય વડે વધાવે છે. વધાવીને તેવી ઈષ્ટ વાણીથી યાવત્ જય–જય શબ્દ ઉચ્ચારે છે.

ત્યારપછી યાવત્ રૂંવાટીવાળા સુકુમાલ સુરભિત ગંધકાષાયિક વસ્ત્રથી ગાત્રોને લુંછે છે. લુંછીને યાવત્ કલ્પવૃક્ષ સમાન અલંકૃત અને વિભૂષિત કરે છે.

ત્યારપછી યાવત્ નૃત્યવિધિ દેખાડે છે, દેખાડીને સ્વચ્છ–શ્લક્ષ્ણ–રજતમય–ઉત્તમ રસમય ચોખા વડે ભગવંત સ્વામીની આગળ આઠ અષ્ટમંગલ આલેખે છે, તે આ પ્રમાણે –

**૨૪૨. દર્પણ, ભદ્રાસન, વર્દ્ધમાનક, શ્રેષ્ઠ કળશ, મત્સ્ય, શ્રીવત્સ, સ્વસ્તિક અને નંદ્યાવર્ત્ત. એ આઠ મંગલ** આલેખ્યા.

**૨૪૩.** તેનું આલેખન કરીને પૂજોપચાર કરે છે.

શેના વડે પૂજોપચાર કરે છે ?

પાડલ, મલ્લિકા, ચંપક, અશોક, પુન્નાગ, ચૂતમંજરી, નવમાલિકા, બકુલ, તિલક, કણેર, કુંદ, કુબ્જક, કોરંટપત્ર, દમનકના ઉત્તમ સુગંધ ગંધ વડે ગંધિત પુષ્પોને કચગ્રહ ગૃહિત કરતલથી પ્રભ્રષ્ટ મૂકાયેલ એવા પંચવર્ણી પુષ્પોનો ઢગલો થતાં ત્યાં વિચિત્ર અને જાનુપ્રમાણ માત્ર ઊંચો ઢગલો કરે છે. કરીને –

ચંદ્રપ્રભ, રત્ન, વજ્ર, વૈડૂર્યમય વિમલદંડ યુક્ત, સુવર્ણ–મણિ–રત્ન વડે ચિત્રિત, કાળો અગરુ–પ્રવર કુંદુરુષ્ક–તુરુષ્ક ની ધૂપથી ગંધોત્તમથી વ્યાપ્ત અને ધૂપશ્રેણિને છોડતા વૈડૂર્યમય કડછાને પકડે છે, પકડીને પ્રયત્નપૂર્વક ધૂપ દે છે, ધૂપ દઈને....

જિનવરેન્દ્રની સન્મુખ સાત–આઠ પગલા ચાલીને દશ અંગુલ વડે અંજલી કરીને, મસ્તકે લગાડી, વિશુદ્ધ પાઠપૂર્વક **૧૦૮** મહાવૃત્તો – મહિમા સ્તુતિ વડે, કે જે અપુનરુક્ત છે, અર્થથી યુક્ત છે, એ પ્રમાણે સંસ્તવના કરે છે.

ત્યારપછી ડાબો ઘૂંટણ ઊંચો કરે છે, કરીને યાવત્ બે હાથ જોડી મસ્તકે અંજલી કરીને આ પ્રમાણે કહે છે –

નમસ્કાર થાઓ. કોને ?.

સિદ્ધ, બુદ્ધ, નીરજ, શ્રમણ, સમાહિત, સમત્ત, સમયોગી, શલ્યકર્તન, નિર્ભય, નીરાગ દોષ, નિર્મમ, નિસંગ, નિઃશલ્ય, માનમૂરણ, ગુણરત્ન, શીલસાગર, અનંત, અપ્રમેય, ભાવિ–ધર્મવર–ચાતુરંત ચક્રવર્તીને, અરહંત ! આપને નમસ્કાર થાઓ. એમ કહી વાંદે છે – નમસ્કાર કરે છે,

વંદન–નમસ્કાર કરીને અતિદૂર નહીં તેમ અતિ નિકટ નહીં તેવા સ્થાને શુશ્રૂષા કરતા યાવત્ પર્યુપાસે છે.

એ પ્રમાણે જેમ અચ્યુતેન્દ્ર કહ્યા તેમ ઈશાનેન્દ્ર સુધી બધું વર્ણન કરવું.

એ પ્રમાણે ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક ઈન્દ્ર સુધીના બધા પોતાના પરિવાર સહિત પ્રત્યેકે પ્રત્યેક અભિસિંચન–જિન અભિષેકકૃત્ય કરે છે.

ત્યારપછી તે દેવેન્દ્ર દેવરાજ ઈશાન પોતાના જેવા. પાંચ ઈશાનેન્દ્ર વિકુર્વે છે. વિકુર્વીને એક ઈશાનેન્દ્ર તીર્થંકર ભગવંતને કરતલ સંપુટ કરીને ગ્રહણ કરે છે, પછી શ્રેષ્ઠ સિંહાસન ઉપર પૂર્વાભિમુખ બેસે છે. એક ઈશાનેન્દ્ર પાછળ છત્ર ધરે છે. બે ઈશાનેન્દ્રો બંને પડખે ચામર ઢોળે છે, એક ઈશાનેન્દ્ર હાથમાં શૂળ લઈ આગળ ઊભો રહે છે.

ત્યારપછી તે દેવેન્દ્ર દેવરાજ શક્ર આભિયોગિક દેવોને બોલાવે છે, બોલાવીને અભિષેક સામગ્રી લાવવાની આજ્ઞા આપે છે, તેઓ પણ તે પ્રમાણે સામગ્રીને લાવે છે.

ત્યારે તે દેવેન્દ્ર દેવરાજ શક્ર તીર્થંકર ભગવંતની ચારે દિશામાં ચાર ધવલ વૃષભ વિકુર્વે છે, જે વૃષભ શંખ–ચૂર્ણની જેમ વિમળ, નિર્મળ, ધન દહીં, ગાયના દૂધના ફીણ, ચંદ્ર જ્યોત્સનાવત્ શ્વેત, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ હતો.

ત્યારપછી તે ચારે ધવલ વૃષભોના આઠ શીંગડા વડે આઠ જળધારા નીકળે છે, તે આઠે જલધારા ઊંચે આકાશમાં ઉડે છે, ઉડીને એક સાથે ભેગી થાય છે. ભેગી થઈને તીર્થંકર ભગવંતના મસ્તકની ઉપર નિપતિત થાય છે – પડે છે.

ત્યારપછી તે દેવેન્દ્ર દેવરાજ શક્ર, પોતાના ૮૪,૦૦૦ સામાનિકો આદિ પરિવારથી પરિવૃત્ત થઈ, તીર્થંકરનો અભિષેક કરે છે. યાવત્ હે અરહંત ! આપને નમસ્કાર થાઓ, એમ કહીને વંદન કરે છે, નમસ્કાર કરે છે, યાવત્ પર્યુપાસના કરે છે.

સૂત્ર–૨૪૪

ત્યારપછી તે દેવેન્દ્ર દેવરાજ શક્રએ પાંચ શક્ર રૂપો. વિકુર્વ્યા–વિકુર્વીને એક શક્રે તીર્થંકર ભગવંતને બે હાથના સંપુટ વડે ગ્રહણ કર્યા, એક શક્રે પાછળ છત્ર ધારણ કર્યું. બે શક્રો બંને બાજુ ચામર વીંઝે છે. એક શક્ર હાથમાં વજ્ર લઈ આગળ ચાલે છે.

ત્યારપછી તે શક્ર ૮૪,૦૦૦ સામાનિકોથી યાવત્ બીજા ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવો અને દેવીઓથી સંપરિવરીને સર્વ ઋદ્ધિથી યાવત્ નાદિતના રવ સાથે તેવી ઉત્કૃષ્ટી ગતિથી જ્યાં તીર્થંકર ભગવંતનું જન્મ નગર છે, જ્યાં જન્મભવન છે, જ્યાં તીર્થંકર માતા છે ત્યાં આવે છે.

આવીને તીર્થંકર ભગવંતને માતાની પાસે સ્થાપે છે, સ્થાપીને તીર્થંકરના પ્રતિરૂપકને પ્રતિસંહરે છે. પ્રતિસંહરીને અવસ્વાપિની નિદ્રા સંહરે છે.

ત્યારપછી એક મોટા ક્ષોમયુગલને અને કુંડલયુગલને તીર્થંકર ભગવંતના ઉત્શીર્ષકની પાસે સ્થાપે છે. સ્થાપીને એક મહાન શ્રીદામગંડ, જે તપનીય સુવર્ણના લંબૂશક અને સુવર્ણના પ્રતરકથી મંડિત છે, વિવિધમણિ–રત્ન, વિવિધ હાર–અર્ધહારથી ઉપશોભિત છે. તેને ભગવંતની ઉપર–ઉલ્લોકમાં લટકાવે છે.

ત્યારે તીર્થંકર ભગવંત તેને અનિમેષ દૃષ્ટિએ જોતા–જોતા સુખેસુખે અભિરમણ કરતા રહે છે.

ત્યારપછી તે દેવેન્દ્ર દેવરાજ શક્ર વૈશ્રમણ દેવને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહ્યું –

ઓ દેવાનુપ્રિયો! જલદીથી બત્રીશ કરોડ હિરણ્ય, બત્રીશ કરોડ સુવર્ણ, બત્રીશ નંદા, બત્રીશ ભદ્રા જે સુભગ આકાર–યૌવન–લાવણ્ય યુક્ત હોય, તેને તીર્થંકર ભગવંતના જન્મ ભવનમાં સંહરણ કરો. કરીને મારી આ આજ્ઞા પાછી સોંપો.

ત્યારે તે વૈશ્રમણ દેવો, શક્ર વડે આમ કહેવાતા યાવત્ વિનયથી વચનને સ્વીકારે છે.

ત્યારપછી વૈશ્રમણ દેવો. જૃંભક દેવોને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહે છે –

ઓ દેવાનુપ્રિયો ! જલદીથી બત્રીશ કરોડ હિરણ્ય, યાવત્ તીર્થંકર ભગવંતના જન્મ ભવનમાં સંહરીને મારી આ આજ્ઞા પાછી સોંપો.

ત્યારપછી તે જૃંભક દેવો, વૈશ્રમણ દેવોએ આ પ્રમાણે કહેતા હર્ષિત–સંતુષ્ટ થયા યાવત્ જલદીથી બત્રીશ કરોડ હિરણ્ય યાવત્ તીર્થંકર ભગવંતના જન્મભવનમાં સંહરે છે. સંહરીને જ્યાં વૈશ્રમણ દેવ છે, ત્યાં આવીને યાવત્ આજ્ઞા પાછી સોંપે છે.

ત્યારપછી તે વૈશ્રમણ દેવો જ્યાં દેવેન્દ્ર દેવરાજ શક્ર છે, ત્યાં આવીને યાવત્ આજ્ઞા પાછી સોંપે છે.

ત્યારપછી તે દેવેન્દ્ર દેવરાજ શક્ર આભિયોગિક દેવોને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહ્યું –

ઓ દેવાનુપ્રિયો! જલદીથી તીર્થંકર ભગવંતના જન્મ નગરમાં શૃંગાટક યાવત્ મહાપથ અને માર્ગોમાં મોટા–મોટા શબ્દોથી ઉદ્‌ઘોષણા કરતા–કરતા આ પ્રમાણે કહો કે – ઓ ઘણા ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવ–દેવીઓ ! આપ સાંભળો. "તમારામાં જે કોઈ તીર્થંકર કે તેમની તા પરત્વે પોતાના મનમાં અશુભ ભાવ લાવશે, તેના મસ્તકના આર્યમંજરીની માફક સો–સો ટુકડા થઈ જશે."

ઉક્ત ઘોષણા કરાવો, કરાવીને મારી આજ્ઞા પાછી સોંપો.

ત્યારે તે આભિયોગિક દેવો યાવત્ એ પ્રમાણે શક્રેન્દ્રની આજ્ઞા સ્વીકારે છે, સ્વીકારીને દેવેન્દ્ર દેવરાજ શક્રની પાસેથી નીકળે છે, નીકળીને જલદીથી તીર્થંકર ભગવંતના જન્મ નગરમાં શૃંગાટકે યાવત્ આ પ્રમાણે કહે છે – ઓ ઘણા ભવનપતિ આદિ સાંભળો – જે કોઈ તીર્થંકરનું અશુભ ચિંતવશે યાવત્ તેના મસ્તકના સો ટુકડા થઈ જશે. એ પ્રમાણે ઘોષણા કરીને આજ્ઞા પાછી સોંપે છે.

ત્યારપછી તે અનેક ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક દેવો તીર્થંકર ભગવંતનો જન્મ મહોત્સવ કરે છે. કરીને જ્યાં નંદીશ્વર દ્વીપ છે, ત્યાં આવે છે, આવીને અષ્ટાહ્નિકા મહા–મહોત્સવ કરે છે. કરીને જે દિશાથી આવેલા, તે દિશામાં પાછા ગયા.

**મુનિ દીપરત્નસાગરે કરેલ વક્ષસ્કાર-૫ નો ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ**

# વક્ષસ્કાર–૬

## સૂત્ર–૨૪૫

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપના પ્રદેશો લવણસમુદ્રને પૃષ્ઠ છે ? હા, ગૌતમ ! સ્પૃષ્ટ છે.

ભગવન્ ! શું તે જંબૂદ્વીપના પ્રદેશ કહેવાય કે લવણસમુદ્રના કહેવાય ? ગૌતમ ! તે પ્રદેશો જંબૂદ્વીપ દ્વીપના જ કહેવાય છે, લવણસમુદ્રના કહેવાતા નથી.

એ પ્રમાણે લવણસમુદ્રના પ્રદેશો પણ જંબૂદ્વીપ દ્વીપને સ્પૃષ્ટ છે, એ પ્રમાણે કહેવું.

ભગવન્ ! જંબૂદ્વીપના જીવો મરીને લવણસમુદ્રમાં ઉત્પન્ન થાય છે? કેટલાક ઉત્પન્ન થાય છે અને કેટલાક ઉત્પન્ન થતા નથી. એ પ્રમાણે લવણસમુદ્રના જીવોને પણ જંબૂદ્વીપ દ્વીપના જીવોની જેમ જાણવા.

## સૂત્ર–૨૪૬ થી ૨૪૯

**૨૪૬.** ખંડ, યોજન, વર્ષક્ષેત્ર, પર્વત, કૂટ, તીર્થ, શ્રેણી, વિજય, દ્રહ તથા નદીઓની આ સંગ્રહણી ગાથા છે.

**૨૪૭.** ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં ભરતક્ષેત્ર પ્રમાણ માત્ર ખંડ કરાતા ખંડગણિતથી કેટલા ખંડ થાય છે ?

ગૌતમ ! ખંડ ગણિતથી **૧૯૦** ખંડ કહેલ છે.

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપ યોજન ગણિતથી કેટલા યોજન પ્રમાણ કહેલ છે ? ગૌતમ !

**૨૪૮.** ગૌતમ ! **૭,૯૦,૫૬,૯૪,૧૫૦** યોજન પ્રમાણ છે.

**૨૪૯.** ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં કેટલા ક્ષેત્રો કહેલા છે ? ગૌતમ ! સાત વર્ષક્ષેત્રો કહેલા છે. તે આ પ્રમાણે – ભરત, ઐરવત, હૈમવત, હૈરણ્યવત, હરિવર્ષ, રમ્યક્વર્ષ અને મહાવિદેહ.

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં કેટલા વર્ષધર પર્વતો કહેલા છે ? કેટલા મેરુ પર્વતો કહેલા છે ? કેટલા ચિત્રકૂટો, કેટલા વિચિત્રકૂટો, કેટલા યમક પર્વતો, કેટલા કાંચન પર્વતો, કેટલા વક્ષસ્કાર પર્વતો, કેટલા દીર્ઘ વૈતાઢ્યો અને કેટલા વૃત્ત વૈતાઢ્યો કહેલા છે ?

ગૌતમ ! જંબૂદ્વીપમાં છ વર્ષધર પર્વતો છે. એક મેરુ પર્વત છે. એક ચિત્રકૂટ છે, એક વિચિત્રકૂટ છે. બે યમકપર્વત છે. **૨૦૦** કાંચનપર્વતો છે. **૨૦**–વક્ષસ્કાર પર્વતો છે. **૩૪** દીર્ઘ વૈતાઢ્યો છે, **૪**–વૃત્ત વૈતાઢ્યો છે. એ પ્રમાણે જંબૂદ્વીપ દ્વીપમાં બધા મળીને–**૬ + ૧ + ૧ + ૧ + ૨ + ૨૦૦ + ૨૦ + ૩૪ + ૧ = ૨૬૯** પર્વતો છે, તેમ કહેલ છે.

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં કેટલા વર્ષધર કૂટો છે ? કેટલા વક્ષસ્કાર કૂટો છે ? કેટલા વૈતાઢ્ય કૂટો છે ? કેટલા મેરુ કૂટો છે ?

ગૌતમ ! જંબૂદ્વીપમાં **૫૬**–વર્ષધર કૂટો છે. **૯૬**–વક્ષસ્કાર કૂટો છે. **૩૦૬**–વૈતાઢ્યકૂટો છે. **૯**–મેરુકૂટો છે. એ પ્રમાણે બધા મળીને – **૫૬ + ૯૬ + ૩૦૬ + ૯ = ૪૬૭** કૂટો છે, તેમ કહેલ છે.

જંબૂદ્વીપ દ્વીપના ભરતક્ષેત્રમાં કેટલા તીર્થો કહેલા છે ?

ગૌતમ ! ત્રણ તીર્થો કહેલા છે. તે આ પ્રમાણે – માગધ, વરદામ અને પ્રભાસતીર્થ એ ત્રણ.

જંબૂદ્વીપ દ્વીપના ઐરવત ક્ષેત્રમાં કેટલા તીર્થો કહેલા છે ?

ગૌતમ ! ત્રણ તીર્થ કહેલા છે – માગધ, વરદામ, પ્રભાસ.

એ પ્રમાણે બધા મળીને જંબૂદ્વીપ દ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં એકૈક ચક્રવર્તી વિજયમાં કેટલા તીર્થો કહેલા છે?

ગૌતમ! ત્રણ તીર્થ–માગધ, વરદામ, પ્રભાસ.

એ પ્રમાણે જંબૂદ્વીપ દ્વીપમાં બધા મળીને **૧૦૨** તીર્થો છે, તેમ કહેલું છે. ભરતના–**૩**, ઐરવત–**૩**,

મહાવિદેહની–૩૨, વિજયના–૯૬.

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં કેટલી વિદ્યાધર શ્રેણી અને કેટલી આભિયોગિક શ્રેણીઓ કહેલી છે ?

ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપમાં ૬૮–વિદ્યાધર શ્રેણી, ૬૮–આભિયોગિક શ્રેણી કહેલી છે. એમ બધી મળીને જંબૂદ્વીપ દ્વીપમાં ૬૮ + ૬૮. ૧૩૬ શ્રેણીઓ હોય છે, એમ કહેવાયેલ છે.

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં કેટલી ચક્રવર્તી વિજય અને કેટલી રાજધાનીઓ કહેલી છે ? કેટલી તમિસ્રા ગુફા અને કેટલી ખંડપ્રપાતા ગુફાઓ કહી છે ? કેટલા કૃતમાલ દેવ અને કેટલા નૃત્તમાલક દેવો કહેલા છે ? તેમજ કેટલા ઋષભકૂટો કહેલા છે ?

ગૌતમ! જંબૂદ્વીપ દ્વીપમાં ૩૪–ચક્રવર્તી વિજયો છે. ૩૪–રાજધાની છે. ૩૪–તિમિસ્રા ગુફાઓ છે. ૩૪–ખંડપ્રપાત ગુફાઓ છે. ૩૪–કૃતમાલક દેવો છે. ૩૪–નૃતમાલક દેવો છે. ૩૪–ઋષભકૂટ પર્વતો છે.

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં કેટલી મહાનદીઓ વર્ષધર પર્વતોથી નીકળે છે ? અને કેટલી મહાનદી કુંડમાંથી નીકળે છે ?

ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપમાંથી ૧૪–મહાનદીઓ વર્ષધર પર્વતથી નીકળે છે. ૭૬–મહાનદીઓ કુંડોમાંથી નીકળે છે. એ પ્રમાણે બધી મળીને જંબૂદ્વીપમાંથી ૯૦–મહાનદીઓ કહેલ છે.

જંબૂદ્વીપ દ્વીપમાં ભરત અને ઐરવત ક્ષેત્રોમાં કેટલી મહાનદી કહેલી છે ? ગૌતમ ! ચાર મહાનદીઓ કહેલી છે. તે આ પ્રમાણે – ગંગા, સિંધુ, રક્તા, રક્તવતી.

તેમાં એકૈક મહાનદીમાં ચૌદ–ચૌદ હજાર નદીઓ મળે છે. તેનાથી આપૂર્ણ થઈ પૂર્વીય અને પશ્ચિમી લવણસમુદ્રમાં મળે છે. એ પ્રમાણે બધી મળીને જંબૂદ્વીપ દ્વીપમાં ભરત અને ઐરવત ક્ષેત્રમાં ૫૬,૦૦૦ નદીઓ કહેલી છે.

ભગવન્ ! જંબૂદ્વીપમાં હૈમવત અને હૈરણ્યવત વર્ષક્ષેત્રોમાં કેટલી મહાનદીઓ કહેલી છે ?

ગૌતમ! ચાર મહાનદીઓ કહેલી છે, તે આ પ્રમાણે – રોહીતા, રોહીતાંશા, સુવર્ણકૂલા, રૂપ્યકૂલા.

તે એકૈક મહાનદીમાં અઠ્ઠાવીશ – અઠ્ઠાવીશ હજાર નદીઓ મળે છે. તેનાથી આપૂર્ણ થઈ પૂર્વ અને પશ્ચિમ લવણ સમુદ્રમાં મળે છે. એ પ્રમાણે બધી મળીને જંબૂદ્વીપ દ્વીપમાં હૈમવત અને હૈરણ્યવત વર્ષક્ષેત્રમાં ૧,૧૨,૦૦૦ નદીઓ બધી મળીને હોય છે, તેમ કહેલ છે.

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં હરિવર્ષ અને રમ્યક્ વર્ષમાં કેટલી મહાનદીઓ કહેલી છે ?

ગૌતમ ! ચાર મહાનદીઓ કહેલી છે. તે આ પ્રમાણે – હરી, હરિકાંતા, નરકાંતા, નારીકાંતા.

તે એકૈક મહાનદીમાં છપ્પન્ન–છપ્પન્ન હજાર નદીઓ મળે છે. તેનાથી આપૂર્ણ થઈ પૂર્વ–પશ્ચિમ લવણ સમુદ્રમાં મળે છે. એ પ્રમાણે બધી મળીને જંબૂદ્વીપ દ્વીપમાં હરિવર્ષ–રમ્યક્ વર્ષમાં ૨,૨૪,૦૦૦ નદી કહેલી છે.

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં કેટલી મહાનદીઓ કેટલી છે ?

ગૌતમ ! બે મહાનદીઓ કહેલ છે. તે આ પ્રમાણે – સીતા અને સીતોદા.

તેમાં એકૈક મહાનદી ૫,૩૨,૦૦૦ – ૫,૩૨,૦૦૦ નદીઓ મળે છે. તેનાથી આપૂર્ણ થઈ પૂર્વ–પશ્ચિમ લવણસમુદ્રમાં મળે છે. એ પ્રમાણે બધી મળીને જંબૂદ્વીપ દ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં દશ લાખ અને ચોસઠ હજાર – ૧૦,૬૪,૦૦૦. નદી કહી છે.

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપના મેરુ પર્વતની દક્ષિણમાં કેટલા લાખ નદીઓ પૂર્વ–પશ્ચિમ અભિમુખ લવણ સમુદ્રમાં મળે છે ?

ગૌતમ ! ૧,૯૬,૦૦૦ નદીઓ પૂર્વાભિમુખ–પશ્ચિમાભિમુખ થઈને લવણસમુદ્રમાં જઈને મળે છે, તેમ કહ્યું છે.

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતની ઉત્તરમાં કેટલા લાખ નદીઓ પૂર્વાભિમુખ – પશ્ચિમાભિમુખ થઈને લવણ–સમુદ્રમાં મળે છે ?

ગૌતમ ! તેમાં **૧,૯૬,૦૦૦** નદીઓ મળીને પૂર્વાભિમુખ–પશ્ચિમ અભિમુખ થઈને યાવત્ મળે છે.

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં કેટલા લાખ નદીઓ પૂર્વાભિમુખ થઈને લવણસમુદ્રમાં મળે છે ?

ગૌતમ ! **૭,૨૮,૦૦૦** નદીઓ પૂર્વાભિમુખ થઈને યાવત્ મળે છે.

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં કેટલા લાખ નદીઓ પશ્ચિમાભિમુખ થઈને લવણસમુદ્રમાં મળે છે ?

ગૌતમ ! **૭,૨૮,૦૦૦** નદીઓ પશ્ચિમાભિમુખ થઈને યાવત્ મળે છે.

એ પ્રમાણે પૂર્વાપર મળીને જંબૂદ્વીપ દ્વીપમાં **૧૪,૫૬,૦૦૦** નદીઓ છે, એમ કહેવાયેલ છે.

મુનિ દીપરત્નસાગરે કરેલ વક્ષસ્કાર-૬ નો ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ

# વક્ષસ્કાર-૭

## સૂત્ર–૨૫૦, ૨૫૧

**૨૫૦.** ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં

૧. કેટલા ચંદ્રો પ્રભાસ્યા હતા, પ્રભાસે છે અને પ્રભાસશે ?

૨. કેટલા સૂર્યો તપેલા, તપે છે, તપશે ? કેટલા નક્ષત્રોએ યોગ કર્યો હતો, યોગ કરે છે અને યોગ કરશે ?

૩. કેટલા મહાગ્રહો ચાર ચર્યા હતા, ચાર ચરે છે અને ચાર ચરશે ?

૪. કેટલા કોડાકોડી તારાગણ શોભતો હતો, શોભે છે અને શોભશે ?

ગૌતમ! બે ચંદ્રો પ્રભાસતા હતા, પ્રભાસે છે, પ્રભાસશે.

– બે સૂર્યો તપેલા, તપે છે અને તપશે.

– **૫૬** નક્ષત્રોએ યોગ કરેલા, કરે છે અને કરશે.

– **૧૭૬** મહાગ્રહો ચાર ચરેલા, ચરે છે અને ચરશે.

**૨૫૧). ૧,૩૩,૯૫૦** કોડાકોડી તારાગણ શોભતો હતો, શોભે છે અને શોભિત થશે. તેમ જાણવું..

## સૂત્ર–૨૫૨ થી ૨૫૫

**૨૫૨.** ભગવન્ ! સૂર્યમંડલ કેટલા કહેલા છે ? ગૌતમ ! **૧૮૪** મંડલો કહેલા છે.

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં કેટલા ક્ષેત્ર અવગાહીને કેટલા સૂર્યમંડલો કહેલા છે ?

ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપમાં **૧૮૦** યોજન ક્ષેત્ર અવગાહીને અહીં **૬૫**–સૂર્યમંડલ કહેલા છે.

ભગવન્ ! લવણસમુદ્રમાં કેટલું ક્ષેત્ર અવગાહીને કેટલા સૂર્યમંડલો કહેલા છે ? ગૌતમ ! લવણસમુદ્રમાં **૩૩૦** યોજન ક્ષેત્ર અવગાહીને અહીં **૧૧૯** સૂર્યમંડલ કહેલ છે.

એ પ્રમાણે પૂર્વાપર–બધાં મળીને જંબૂદ્વીપ દ્વીપ અને લવણસમુદ્રમાં **૧૮૪** સૂર્યમંડલો હોય છે.

**૨૫૩.** ભગવન્ ! સર્વાભ્યંતર સૂર્યમંડલથી સર્વ બાહ્ય સૂર્યમંડલ કેટલા અંતરે કહેલ છે ?

ગૌતમ ! **૫૧૦** યોજન અબાધાથી સર્વ બાહ્ય સૂર્યમંડલ કહેલ છે.

**૨૫૪.** ભગવન્ ! એક સૂર્યમંડલથી બીજું સૂર્યમંડલ કેટલા અબાધા અંતરથી કહેલ છે ?

ગૌતમ ! બે યોજન અબાધા અંતર છે.

**૨૫૫.** ભગવન્ ! સૂર્યમંડલ કેટલી લંબાઈ–પહોળાઈથી, કેટલી પરિધિથી, કેટલી જાડાઈથી કહેલ છે ?

ગૌતમ ! **૪૮/૬૧** યોજન લંબાઈ–પહોળાઈથી, પરિધિ તેનાથી કંઈક અધિક ત્રણ ગણી તથા જાડાઈ **૨૪/૬૧** યોજનથી કહેલી છે.

## સૂત્ર–૨૫૬

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપના મેરુ પર્વતની કેટલે દૂર સર્વાભ્યંતર સૂર્યમંડલ કહેલ છે? ગૌતમ ! **૪૪,૮૨૦** યોજન દૂર સર્વાભ્યંતર સૂર્યમંડલ કહેલ છે.

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપના મેરુ પર્વતની કેટલે દૂર સર્વ અભ્યંતર પછીનું સૂર્યમંડલ કહેલ છે ? ગૌતમ ! **૪૪,૮૨૨** યોજન અને **૪૮/૬૧** ભાગ દૂર કહે છે.

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપના મેરુ પર્વતથી કેટલે દૂર ત્રીજું અભ્યંતર સૂર્યમંડલ કહેલ છે ? ગૌતમ ! **૪૪,૮૨૫–૩૫/૬૧** યોજન દૂર ત્રીજું અભ્યંતર મંડલ કહેલ છે.

એ પ્રમાણે આ ઉપાય વડે નિષ્ક્રમણ કરતો સૂર્ય તેના પછીના મંડલથી તેની પછીના મંડલમાં સંક્રમણ

કરતો–કરતો બબ્બે યોજન અને યોજનના ૪૮/૬૧ ભાગ એક–એક મંડલની અબાધા વૃદ્ધિથી અભિવૃદ્ધિ કરતા–કરતા સર્વ બાહ્યમંડલને ઉપસંક્રમિત કરીને – સર્વ બાહ્ય મંડલે પહોંચીને ગતિ કરે છે.

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતની કેટલી અબાધાથી – કેટલે દૂર સર્વબાહ્ય સૂર્યમંડલ કહેલ છે ?

ગૌતમ ! **૪૫,૩૨૭** યોજન અને એક યોજનના **૧૩/૬૧** ભાગ અબાધાથી બાહ્યની અંદરનું અનંતર સૂર્યમંડલ કહેલ છે.

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતની કેટલી અબાધાથી – કેટલે દૂર બાહ્ય ત્રીજું સૂર્યમંડલ કહેલ છે ? ગૌતમ ! **૪૫,૩૨૪** યોજન અને એક યોજનના **૨૬/૬૧** ભાગની અબાધાથી સર્વ બાહ્યથી ત્રીજું સૂર્યમંડલ કહેલ છે.

એ પ્રમાણે નિશ્ચે આ ઉપાયથી પ્રવેશ કરતો એવો સૂર્ય તેની પછીના મંડલથી તેની પછીના મંડલમાં સંક્રમણ કરતો –કરતો બબ્બે યોજન અને એક યોજનના **૪૮/૬૧** ભાગ એકૈક મંડલ અબાધાથી વૃદ્ધિ કરતા–કરતા સર્વાભ્યંતર મંડલમાં ઉપસંક્રમીને – સર્વાભ્યંતર મંડલે પહોંચીને ગતિ કરે છે.

સૂત્ર–૨૫૭

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં સર્વાભ્યંતર સૂર્યમંડલની લંબાઈ, પહોળાઈ, પરિધિ કેટલી કહેલી છે ? ગૌતમ ! ૯૯,૬૪૦ યોજન લંબાઈ–પહોળાઈ છે. તથા પરિધિ સાધિક **૩,૧૫,૦૮૧** યોજન છે.

ભગવન્ ! અભ્યંતર અનંતર સૂર્યમંડલની લંબાઈ, પહોળાઈ અને પરિધિ કેટલી કહેલી છે? ગૌતમ! **૯૯,૬૪૫** યોજન અને એક યોજનના **૩૫/૬૧** ભાગ લંબાઈ–પહોળાઈ છે. તેની પરિધિ **૩,૧૫,૧૦૭** યોજનની કહેલી છે.

ભગવન્ ! અભ્યંતર ત્રીજા સૂર્યમંડલની કેટલી લંબાઈ–પહોળાઈ અને પરિધિ કહેલી છે ? ગૌતમ ! **૯૯,૬૫૧** યોજન અને એક યોજનના ૯/૬૧ ભાગ લંબાઈ–પહોળાઈ છે. તેની પરિધિ **૩,૧૫,૧૨૫** યોજન કહી છે.

એ પ્રમાણે નિશ્ચે આ ઉપાય વડે નિષ્ક્રમણ કરતો સૂર્ય તેના પછીના મંડલથી તેના પછીના મંડલમાં સંક્રમણ કરતો–કરતો પાંચ યોજન અને એક યોજનના **૩૫/૬૧** ભાગ એકૈક મંડલમાં વિષ્કંભ વૃદ્ધિથી અભિવર્ધિત થતા–થતા અઢાર–અઢાર યોજનની પરિધિની વૃદ્ધિ કરતા–કરતા સર્વ બાહ્ય મંડલમાં સંક્રમીને ચાર ચરે છે.

ભગવન્ ! સર્વબાહ્ય સૂર્યમંડલ કેટલી લંબાઈ–પહોળાઈથી અને કેટલી પરિધિથી કહેલ છે ? ગૌતમ ! **૧,૦૦,૬૬૦** યોજન લંબાઈ–પહોળાઈથી અને **૩,૧૮,૩૧૫** યોજનની પરિધિથી કહેલ છે.

ભગવન્ ! બાહ્ય અનંતર સૂર્યમંડલ કેટલી લંબાઈ–પહોળાઈથી અને કેટલી પરિધિથી કહેલ છે ? ગૌતમ ! **૧,૦૦,૬૫૪** યોજન અને યોજનના **૨૬/૬૧** ભાગ લંબાઈ–પહોળાઈ છે અને **૩,૧૮,૨૭૯** યોજન પરિધિ છે.

ભગવન્ ! બાહ્ય ત્રીજા સૂર્યમંડલના લંબાઈ–પહોળાઈ કેટલા છે અને પરિધિ કેટલી કહી છે ? ગૌતમ ! **૧,૦૦,૬૪૮** યોજન અને યોજનનો **૫૨/૬૧** ભાગ લંબાઈ–પહોળાઈ છે. તથા **૩,૧૮,૨૭૯** યોજનની પરિધિ કહી છે

એ પ્રમાણે આ ઉપાય વડે પ્રવેશ કરતો સૂર્ય તે પછીના મંડલથી તે પછીના મંડલમાં સંક્રમણ કરતો–કરતો પાંચ–પાંચ યોજન અને યોજનના **૩૫/૬૧** ભાગ એકૈક મંડલમાં વિષ્કંભ વૃદ્ધિને ઘટાડતો–ઘટાડતો અઢાર–અઢાર યોજન પરિધિની વૃદ્ધિને ઘટાડતા–ઘટાડતા સર્વાભ્યંતર મંડલને ઉપસંક્રમીને ગતિ કરે છે.

સૂત્ર–૨૫૮

ભગવન્ ! જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલનું ઉપસંક્રમણ કરીને ચાર ચરે છે, ત્યારે એકૈક મુહૂર્તમાં કેટલા ક્ષેત્રમાં જાય છે ? ગૌતમ ! તે એકૈક મુહૂર્તમાં **૫૨૫૧–૨૯/૬૦** યોજન જાય છે.

તે સમયે અહીં રહેલા મનુષ્યને તે સૂર્ય **૪૭,૨૬૩–૨૧/૬૦** યોજનની દૂરીથી તે સૂર્ય દૃષ્ટિગોચર થાય છે.

ભગવન્ ! તે નિષ્ક્રમણ કરતો સૂર્ય, નવા સંવત્સરમાં જતા પહેલી અહોરાત્રિમાં સર્વઅભ્યંતર મંડલ પછીના મંડલને ઉપસંક્રમીને ચાર ચરે છે – ગતિ કરે છે.

ભગવન્ ! જ્યારે સૂર્ય અભ્યંતર પછીના મંડલને ઉપસંક્રમીને ગતિ કરે છે, ત્યારે એકૈક મુહૂર્ત્તથી કેટલા ક્ષેત્ર જાય છે ? ગૌતમ ! પ્રત્યેક મુહૂર્ત્તમાં **૫૨૫૧** યોજન અને એક યોજનના ૪૭/૬૦ ભાગ જાય છે.

ત્યારે અહીં રહેલા મનુષ્યને ૪૭,૧૭૯ યોજન અને એક યોજનના **૫૭/૬૦** ભાગ તથા **૬૧** ભાગોમાં **૧૯** ચૂર્ણિકાભાગથી સૂર્ય દૃષ્ટિપથમાં આવે.

તે નિષ્ક્રમણ કરતો સૂર્ય બીજા અહોરાત્રમાં અભ્યંતર ત્રીજા મંડલમાં ઉપસંક્રમીને ગતિ કરે છે.

ભગવન્ ! જ્યારે સૂર્ય અભ્યંતર ત્રીજા મંડલમાં ઉપસંક્રમીને ગતિ કરે છે, ત્યારે એકૈક મુહૂર્ત્તથી કેટલા ક્ષેત્રમાં જાય છે ?

ગૌતમ ! **૫૨૫૨** યોજન અને એક યોજનના **૫/૬૦** ભાગ એક એક મુહૂર્ત્તમાં સૂર્ય જાય છે. ત્યારે અહીં મનુષ્યને ૪૭,૦૯૬ યોજન અને એક યોજનના **૩૩/૬૦** ભાગ તથા **૬૧** ભાગથી છેદાતા બે ચૂર્ણિકા ભાગોથી સૂર્ય દૃષ્ટિગોચર થાય છે.

એ પ્રમાણે આ ઉપાય વડે નિષ્ક્રમણ કરતો સૂર્ય તેની પછીના મંડલથી તેની પછીના મંડલમાં સંક્રમણ કરતો–કરતો અઢાર–અઢાર સાઈઠાંશ **૧૮/૬૦.** ભાગ યોજન એક એક મંડલમાં મુહૂર્ત્તગતિથી અભિવૃદ્ધિ કરતો–કરતો **૧૮૪** યોજન પુરુષ છાયાની વૃદ્ધિ કરતો–કરતો સર્વ બાહ્ય મંડલમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે.

ભગવન્ ! જ્યારે સૂર્ય સર્વ બાહ્ય મંડલમાં ઉપસંક્રમીને ગતિ કરે છે, ત્યારે એક–એક મુહૂર્ત્તમાં કેટલા ક્ષેત્રમાં જાય છે ?

ગૌતમ ! **૫૩૦૫** યોજન અને એક યોજનના **૧૫/૬૦** ભાગ એક–એક મુહૂર્ત્તમાં તે સૂર્ય જાય છે. ત્યારે અહીં રહેલા મનુષ્યને **૩૧૮૩** યોજન અને એક યોજનના **૩૦/૬૦** ભાગે સૂર્ય દૃષ્ટિગોચર થાય છે.

આ પહેલાં છ માસ છે, આ પહેલાં છ માસની પૂર્ણાહૂતિ છે.

ત્યારે તે સૂર્ય બીજા છ માસમાં ગતિ કરતા પહેલાં અહોરાત્રમાં બાહ્ય પછીના મંડલમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે.

ભગવન્ ! જ્યારે સૂર્ય બાહ્ય અનંતર મંડલમાં ઉપસંક્રમિત થઈ ગતિ કરે છે, ત્યારે એક–એક મુહૂર્ત્તમાં કેટલા ક્ષેત્ર જાય છે ?

ગૌતમ ! **૫૩૦૪** યોજન અને એક યોજનના **૫૭/૬૦** ભાગ એ રીતે એક એક મુહૂર્ત્તમાં ગતિ કરે છે. ત્યારે અહીં રહેલા મનુષ્યને **૩૧,૯૧૬** યોજન અને એક યોજનના **૩૯/૬૦** ભાગ તથા **૬૧** ભાગથી છેદીને **૬૦** ચૂર્ણિકા ભાગથી સૂર્ય જલદી દૃષ્ટિપથમાં આવે છે.

તે પ્રવેશ કરતો સૂર્ય બીજા અહોરાત્રમાં બાહ્ય ત્રીજા મંડલમાં ઉપસંક્રમિત થઈને ગતિ કરે છે.

ભગવન્ ! જ્યારે સૂર્ય બાહ્ય ત્રીજા મંડલમાં ઉપસંક્રમિત થઈને ગતિ કરે છે, ત્યારે એક–એક મુહૂર્ત્તમાં કેટલા ક્ષેત્રમાં જાય છે?

ગૌતમ ! **૫૩૦૪** યોજન અને એક યોજનના **૩૯/૬૦** ભાગ એક–એક મુહૂર્ત્તમાં તે સૂર્ય જાય છે. ત્યારે અહીં રહેલા મનુષ્યને **૩૨,૦૦૧** યોજન અને એક યોજનના **૪૯/૬૦** ભાગ તથા એકસઠ ભાગથી છેદીને **૨૩** ચૂર્ણિકા ભાગે સૂર્ય જલદી દૃષ્ટિપથમાં આવે છે.

એ પ્રમાણે આ ઉપાય વડે પ્રવેશ કરતો સૂર્ય તેની પછીના મંડલથી તેની પછીના મંડલમાં સંક્રમણ કરતો–કરતો એક યોજનના અઢાર–અઢાર સાંઈઠાંશ **૧૮/૬૦.** ભાગે એક એક મંડલમાં મુહૂર્ત્ત ગતિને ઘટાડતો–ઘટાડતો સાતિરેક પંચ્યાસી–પંચ્યાસી **૮૫.** યોજન પુરુષ છાયાની અભિવૃદ્ધિ કરતો–કરતો સર્વાભ્યંતર મંડલમાં ઉપસંક્રમિત થઈને ગતિ કરે છે.

આ બીજા છ માસ છે, આ બીજા છ માસનું પર્યવસાન છે.

આ સૂર્ય સંવત્સર છે, આ સૂર્ય સંવત્સરની પૂર્ણતા છે.

સૂત્ર-૨૫૯

ભગવન્ ! જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલમાં ઉપસંક્રમીને ચાર ચરે છે, ત્યારે દિવસ કેટલો મોટો અને રાત્રિ કેટલી મોટી હોય ?

ગૌતમ ! ત્યારે ઉત્તમ અવસ્થા પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ હોય છે અને જઘન્યા બાર મુહૂર્તની રાત્રિ હોય છે.

ત્યારે તે નિષ્ક્રમણ કરતો સૂર્ય નવા સંવત્સરમાં જતા પહેલા અહોરાત્રમાં અભ્યંતર અનંતર મંડલને ઉપસંક્રમીને ગતિ કરે છે.

ભગવન્ ! જ્યારે સૂર્ય અભ્યંતર અનંતર મંડલને સંક્રમીને ગતિ કરે છે, ત્યારે કેટલો મોટો દિવસ અને કેટલી મોટી રાત્રિ થાય છે?

ગૌતમ ! ત્યારે **૨/૬૧** ભાગ મુહૂર્તથી ન્યૂન **૧૮** મુહૂર્તનો દિવસ થાય છે અને **૨/૬૧** ભાગ મુહૂર્ત અધિક **૧૨**-મુહૂર્ત રાત્રિ થાય છે.

તે નિષ્ક્રમણ કરતો સૂર્ય બીજા અહોરાત્રમાં યાવત્ ગતિ કરે છે, ત્યારે દિવસ કેટલો મોટો હોય, રાત્રિ કેટલી મોટી હોય છે ?

ગૌતમ! ત્યારે **૪/૬૧** ભાગ મુહૂર્તથી ન્યૂન **૧૮**-મુહૂર્તનો દિવસ અને **૪/૬૧** ભાગ મુહૂર્ત અધિક **૧૨**-મુહૂર્તની રાત્રિ થાય છે.

એ પ્રમાણે આ ઉપાયથી નિષ્ક્રમણ કરતો સૂર્ય, તે અનંતર મંડલથી પછીના અનંતર મંડલમાં સંક્રમણ કરતો **૨/૬૧** ભાગ - **૨/૬૧** ભાગ મુહૂર્તથી મંડલમાં દિવસક્ષેત્રને ઘટાડતો-ઘટાડતો અને રાત્રિ ક્ષેત્રની અભિવૃદ્ધિ કરતો-કરતો સર્વ બાહ્ય મંડલને ઉપસંક્રમણ કરીને ચાર ચરે છે - ગતિ કરે છે.

જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલથી સર્વ બાહ્ય મંડલમાં ઉપસંક્રમી ગતિ કરે છે, ત્યારે સર્વાભ્યંતર મંડલન છોડીને **૧૮૩** અહોરાત્રમાં **૩૬૬** સંખ્યામાં **૧/૬૧** મુહૂર્ત દિવસ ક્ષેત્રને ઘટાડીને અને તેટલા જ મુહૂર્ત રાત્રિ ક્ષેત્રની અભિવૃદ્ધિ કરીને ગતિ કરે છે.

ભગવન્ ! જ્યારે સૂર્ય સર્વબાહ્ય મંડલને ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે, ત્યારે દિવસ કેટલો મોટો થાય ? રાત્રિ કેટલી મોટી થાય ?

ગૌતમ ! ત્યારે ઉત્તમ અવસ્થા પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્ત રાત્રિ થાય અને જઘન્ય બાર મુહૂર્તનો દિવસ થાય.

આ પહેલાં છ માસ છે. આ પહેલાં છ માસનું પર્યવસાન છે.

તે પ્રવેશ કરતો સૂર્ય બીજા છ માસમાં જતા પહેલાં અહોરાત્રમાં બાહ્ય અનંતર મંડલમાં ઉપસંક્રમ કરીને ગતિ કરે છે.

ભગવન્ ! જ્યારે સૂર્ય બાહ્ય અનંતર મંડલમાં ઉપસંક્રમીને ગતિ કરે છે, ત્યારે દિવસ કેટલો મોટો હોય છે, રાત્રિ કેટલી મોટી હોય છે ?

ગૌતમ ! **૨/૬૧** ભાગ મુહૂર્ત ન્યૂન અઢાર મુહૂર્તની રાત્રિ હોય છે અને **૨/૬૧** મુહૂર્ત અધિક બાર મુહૂર્તનો દિવસ હોય છે.

તે પ્રવેશ કરતો સૂર્ય બીજા અહોરાત્રમાં, બાહ્ય ત્રીજા મંડલમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે.

ભગવન્ ! જ્યારે સૂર્ય, બાહ્ય ત્રીજા મંડલમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે, ત્યારે દિવસ કેટલો મોટો, રાત્રિ

કેટલી મોટી હોય ?

ગૌતમ ! ત્યારે ૪/૬૧ મુહૂર્ત ન્યૂન અઢાર મુહૂર્તની રાત્રિ હોય છે અને ૪/૬૧ મુહૂર્ત અધિક બાર મુહૂર્તનો દિવસ થાય છે.

એ પ્રમાણે આ ઉપાયથી પ્રવેશ કરતો સૂર્ય તેની પછીના મંડલ થકી, તેની પછીના મંડલમાં સંક્રમણ કરતો–કરતો બબ્બે એકસઠાંશ ભાગ (૨/૬૧). મુહૂર્તથી એક–એક મંડલમાં રાત્રિક્ષેત્રને ઘટાડતા–ઘટાડતા અને દિવસક્ષેત્રની અભિવૃદ્ધિ કરતા–કરતા સર્વાભ્યંતર મંડલમાં ઉપસંક્રમણ કરીને ચાર ચરે છે – ગતિ કરે છે.

ભગવન્ ! જ્યારે સૂર્ય સર્વબાહ્ય મંડલથી સર્વાભ્યંતર મંડલમાં ઉપસંક્રમણ કરીને ચાર ચરે છે, ત્યારે સર્વબાહ્ય મંડલને છોડીને ૧૮૩ અહોરાત્રમાં ૩૬૬ સંખ્યામાં ૧/૬૧ મુહૂર્ત રાત્રિક્ષેત્રની હાનિ કરતા અને દિવસ ક્ષેત્રની અભિવૃદ્ધિ કરતા ગતિ કરે છે.

આ બીજા છ માસ છે. ..... આ બીજા છ માસનું પર્યવસાન છે.

આ આદિત્ય સંવત્સર કહ્યો.

આ આદિત્ય સંવત્સરનું પર્યવસાન કહેલ છે.

## સૂત્ર–૨૬૦ થી ૨૬૨

**૨૬૦.** ભગવન્ ! જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલમાં સંક્રમિત થઈને ચાર ચરે છે, ત્યારે કેવા આકારે તાપક્ષેત્ર સંસ્થિતિ છે ?

ગૌતમ ! ઉર્ધ્વમુખી કદંબ પુષ્પના આકારની તાપક્ષેત્રની સંસ્થિત કહેલી છે. અંદરથી સંકીર્ણ અને બહારથી વિસ્તૃત. અંદર વૃત્ત અને બહાર પૃથુલ, અંદર અંકમુખ સંસ્થિત અને બહાર શકટઉર્ધ્વીમુખ સંસ્થિત છે.

મેરુની બંને પાર્શ્વમાં તેની બે બાહાઓ અવસ્થિત છે. તે પ્રત્યેક બાહા પિસ્તાળીશ–પિસ્તાળીશ હજાર લાંબી છે અને તેની બે બાહાઓ અનવસ્થિત હોય છે. તે આ પ્રમાણે – સર્વાભ્યંતરિકા બાહા અને સર્વાબાહિકા બાહા.

તેમાં સર્વાભ્યંતરિકા બાહા મેરુ પર્વતને અંતે ૯૪૮૬ યોજન અને એક યોજનના ૯/૧૦ ભાગ પરિધિથી છે.

ભગવન્ ! આ પરિધિવિશેષ કયા આધારે કહી છે ?

ગૌતમ ! જે મેરુની પરિધિ છે, તે પરિધિને ત્રણ વડે ગુણીને ગુણનફળને ૧૦ વડે છેદીને, દશ ભાગ ઘટાડતા આ પરિધિ વિશેષ કહેલી છે, તેમ કહેવું જોઈએ.

તે સર્વ બાહિરિકા બાહા લવણસમુદ્રને અંતે ૯૪,૮૬૮ યોજન અને એક યોજનના ૪/૧૦ ભાગ પરિધિથી છે.

ગૌતમ ! જે મેરુ પર્વતની પરિધિ છે, તે પરિધિને બે વડે ગુણીને, દશ વડે છેદીને, દશ ભાગ લેતા, આ પરિધિ વિશેષ કહેલી છે તે પ્રમાણે કહેવું.

તેની સર્વબાહ્ય બાહા, લવણસમુદ્રના અંતે ૬૩,૨૪૫ યોજન અને એક યોજનના ૬/૧૦ ભાગ પરિધિથી છે.

ભગવન્ ! તે પરિધિ વિશેષ કઈ રીતે કહેલી છે ?

ગૌતમ ! ૭૮,૩૩૩ યોજન અને એક યોજનનો ત્રીજો ભાગ એટલે –૭૮૩૩૩–૧/૩ લંબાઈથી કહેલ છે.

ભગવન્ ! જ્યારે સૂર્ય સર્વબાહ્ય મંડલને ઉપસંક્રમિત થઈ ચાર ચરે છે, ત્યારે કયા (સંસ્થાને)આકારે તાપક્ષેત્ર સંસ્થિતિ છે ?

ગૌતમ ! ઉર્ધ્વીમુખ કદંબપુષ્પના આકારે સંસ્થિત કહેલી છે, તેમ પૂર્વવત્ બધુ જાણવુ.

વિશેષ – અંતર એ છે કે – જે અંધકાર સંસ્થિતિનું પૂર્વ વર્ણિત પ્રમાણ છે, તે તાપક્ષેત્ર સંસ્થિતિ જાણવી અને જે તાપક્ષેત્ર સંસ્થિતિનું પૂર્વ વર્ણિત પ્રમાણ છે, તે અંધકાર સંસ્થિતિનું પ્રમાણ છે, તેમ જાણવું.

## સૂત્ર–૨૬૩ થી ૨૬૫

**૨૬૩.** ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં ૧. સૂર્ય ઉદ્ગમન મુહૂર્ત્તમાં દૂર હોવા છતાં શું નિકટ દેખાય છે ?

૨. મધ્યાહ્ને સમીપ હોવા છતાં શું દૂર દેખાય છે ?

૩. અસ્ત થવાના સમયે શું દૂર હોવા છતાં સમીપ દેખાય છે ?

હા, ગૌતમ ! તે પ્રમાણે જ દેખાય છે.

ભગવન્ ! જંબૂદ્વીપમાં સૂર્ય ઊગવાના મુહૂર્ત્તમાં, મધ્યાહ્ન મુહૂર્ત્તમાં અને અસ્ત થવાના મુહૂર્ત્તમાં સર્વત્ર સમ ઊંચાઈથી હોય ?

હા, ઉચ્ચત્વથી તેમજ છે.

ભગવન્ ! જો જંબૂદ્વીપ દ્વીપમાં સૂર્ય ઉગવાના–મધ્યાહ્નના અને અસ્ત થવાના મૂહૂર્ત્તમાં સર્વત્ર સમાન ઉચ્ચત્વથી હોય તો હે ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં સૂર્ય ઉદ્ગમન મુહૂર્ત્તમાં દૂર હોવા છતાં સમીપમાં કેમ દેખાય છે ?

ગૌતમ! લેશ્યાના પ્રતિઘાતથી ઉદ્ગમન મુહૂર્ત્તમાં દૂર હોવા છતાં સમીપમાં દેખાય છે. મધ્યાહ્ન મુહૂર્ત્તમાં સમીપ હોવા છતાં લેશ્યાના પ્રતિઘાતથી દૂર દેખાય છે, અસ્ત થવાના મુહૂર્ત્તમાં દૂર હોવા છતાં સમીપ દેખાય છે.

એ પ્રમાણે નિશ્ચે હે ગૌતમ ! તે પ્રમાણે યાવત્ દેખાય છે.

**૨૬૪.** ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં સૂર્ય શું અતીત ક્ષેત્રમાં જાય છે, વર્તમાન ક્ષેત્રમાં જાય છે કે અનાગત ક્ષેત્રમાં જાય છે?

ગૌતમ ! સૂર્ય અતીત ક્ષેત્રમાં જતો નથી, વર્તમાન ક્ષેત્રમાં જાય છે, અનાગત ક્ષેત્રમાં જતો નથી.

ભગવન્ ! શું સૂર્યો ગમનક્ષેત્રને સ્પર્શીને ચાલે છે કે સ્પર્શ કર્યા વિના ચાલે છે ? ગૌતમ ! સૂર્યો ગમન ક્ષેત્રને સ્પર્શીને ચાલે છે, સ્પર્શ કર્યા વિના ચાલતા નથી. ઈત્યાદિ પ્રશ્નોત્તર પ્રજ્ઞાપના સૂત્રના ૨૮માં ‘આહાર પદ’ પ્રમાણે જાણવા યાવત નીયમા છ દિશામાં સ્પર્શીને ચાલે છે.

એ પ્રમાણે સૂર્યો ગમન ક્ષેત્રને અલ્પ પ્રકાશિત કરે છે, વિશેષ પ્રકાશિત કરે છે, આતાપિત કરે છે, વિશેષ આતાપિત કરે છે.

**૨૬૫.** ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં બંને. સૂર્યો શું અતીત ક્ષેત્રમાં ક્રિયા કરે છે ? વર્તમાન ક્ષેત્રમાં ક્રિયા કરે છે ? કે અનાગત ક્ષેત્રમાં ક્રિયા કરે છે ?

ગૌતમ અતીત ક્ષેત્રમાં ક્રિયા કરતા નથી, વર્તમાન ક્ષેત્રમાં ક્રિયા કરે છે, અનાગતમાં ક્રિયા કરતા નથી.

ભગવન્ ! તે શું સ્પૃષ્ટ થઈને અવભાસના આદિ ક્રિયા કરાય છે ? કે સ્પર્શ કર્યા વિના કરાય છે ? ગૌતમ ! સ્પૃષ્ટ થઈને કરે છે, પણ સ્પૃષ્ટ થયા વિના કરતા નથી એ પ્રમાણે યાવત્ છ એ દિશામાં જાણવું.

સૂત્ર–૨૬૬, ૨૬૭

**૨૬૬.** ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં સૂર્ય કેટલા ક્ષેત્ર ઉર્ધ્વને તપાવે છે, અધોને તપાવે છે કે તીર્છાને તપાવે છે?

ગૌતમ ! **૧૦૦** યોજન ઉર્ધ્વમાં તપાવે છે, **૧૮૦૦** યોજન અધો ભાગને તપાવે છે, **૪૭,૨૬૩** યોજન અને એક યોજનના **૨૧/૬૦** ભાગ તીર્છા તપાવે છે.

**૨૬૭.** ભગવન્ ! માનુષોત્તર અંતવર્તી પર્વતમાં જે ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારારૂપ છે,

ભગવન્ ! તે દેવો શું ઉર્ધ્વોત્પન્ન છે, કલ્પોત્પન્ન છે, વિમાનોત્પન્ન છે ? શું ચાર સ્થિતિક છે, ગતિરતિક છે, ગતિસમાપન્નક છે ?

ગૌતમ ! માનુષોત્તર અંતવર્તી પર્વતમાં જે ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારારૂપ છે, તે દેવો ઉર્ધ્વોત્પન્ન નથી, કલ્પોત્પન્ન નથી, વિમાનોત્પન્ન છે. ચારોત્પન્ન છે. ચાર સ્થિતિક નથી, ગતિરતિક છે, ગતિસમાપન્નક છે.

આ ચંદ્ર, સૂર્ય આદિ૦ ઉર્ધ્વમુખ કદંબપુષ્પ સંસ્થાને રહેલ છે, હજારો યોજન તાપક્ષેત્રથી, હજારો વૈક્રિય

લબ્ધિયુક્ત, બાહ્ય પર્ષદામાં મહા આહત–નૃત્ય–ગીત–વાજિંત્ર–તંત્રી–તલ–તાલ–ત્રુટિત–ઘન મૃદંગના પટુ પ્રવાદિત રવથી દિવ્ય ભોગોપભોગને ભોગવતો, મહા ઉત્કૃષ્ટ સિંહનાદ બોલતા કલકલ રવથી, સ્વચ્છ પર્વતરાજ મેરુને પ્રદક્ષિણાવર્તથી મંડલાચારે પ્રદક્ષિણા કરે છે.

સૂત્ર–૨૬૮

ભગવન્ ! તે જ્યોતિષ્ક દેવોના ઇન્દ્ર જ્યારે ચ્યવી જાય છે, ત્યારે તેઓ અહીં કઈ રીતે દેવો ચલાવે છે ?

ગૌતમ ! ત્યારે ચાર કે પાંચ સામાનિક દેવો તે સ્થાનને સ્વીકારીને વિચરે છે અર્થાત્ ઇન્દ્ર સ્થાનનું સંચાલન કરે છે.. યાવત્ ત્યાં બીજો ઇન્દ્ર ઉત્પન્ન ન થાય ત્યાં સુધી રહે છે.

ભગવન્ ! ઇન્દ્રસ્થાન કેટલો કાળ ઉપપાતરહિત રહે ?

ગૌતમ ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ છ માસ ઇન્દ્રસ્થાન ઉપપાતરહિત રહે છે.

ભગવન્ ! માનુષોત્તર પર્વતની બહાર જે ચંદ્ર યાવત્ તારારૂપ છે, તે પૂર્વવત્ જાણવા. તફાવત માત્ર એ કે – તેઓ વિમાનઉત્પન્ન છે પણ ચારોત્પન્નક નથી, ચારસ્થિતિક છે, ગતિરતિક નથી, ગતિસમાપન્નક નથી.

પાકી ઇંટોના સંસ્થાનથી સંસ્થિત, લાખો યોજન તાપક્ષેત્રયુક્ત, લાખો યોજન વૈક્રિય શક્તિવાળા, બાહ્ય પર્ષદા યુક્ત, મહત્ આહત–નૃત્ય યાવત્ ભોગવતા, સુખ લેશ્યાવાળા, મંદ લેશ્યાવાળા, મંદાતપ લેશ્યાવાળા, ચિત્રાંતર લેશ્યાવાળા, અન્યોન્ય સમવગાઢ લેશ્યાવાળા, કૂટની માફક સ્થાન સ્થિત, ચોતરફથી પ્રદેશમાં અવભાસ કરે છે, ઉદ્યોત કરે છે, પ્રભાસે છે.

ભગવન્ ! તે દેવો જ્યારે ઇન્દ્ર ચ્યુત થાય ત્યારે કઈ રીતે ઇન્દ્રસ્થાન–કાર્ય સંચાલન કરે છે ? યાવત્ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ છ માસ ઇન્દ્ર વિરહિત રહે.

સૂત્ર–૨૬૯ થી ૨૭૨

**૨૬૯.** ભગવન્ ! ચંદ્ર મંડલ કેટલા કહેલ છે ? ગૌતમ ! પંદર ચંદ્રમંડલો કહેલા છે.

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં કેટલા ક્ષેત્રનું અવગાહન કરીને કેટલા ચંદ્રમંડલો કહેલા છે ? ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપમાં **૧૮૦** યોજન જઈને પાંચ ચંદ્રમંડલ કહેલા છે.

ભગવન્ ! લવણસમુદ્ર વિશે પ્રશ્ન. ગૌતમ ! લવણસમુદ્રમાં **૩૩૦** યોજન જઈને, અહીં દશ ચંદ્રમંડલ કહેલ છે.

એ પ્રમાણે બધા મળીને જંબૂદ્વીપ દ્વીપમાં અને લવણસમુદ્રમાં પંદર ચંદ્રમંડલો છે, તેમ કહેવું.

**૨૭૦.** ભગવન્ ! સર્વાભ્યંતર ચંદ્રમંડલથી કેટલે દૂર સર્વબાહ્ય ચંદ્રમંડલ કહેલ છે ?

ગૌતમ ! **૫૧૦** યોજન દૂર સર્વબાહ્ય ચંદ્રમંડલ છે.

**૨૭૧.** ભગવન્ ! ચંદ્રમંડલથી ચંદ્રમંડલનું કેટલું અબાધા અંતર કહેલ છે ? ગૌતમ ! પાંત્રીશ પાંત્રીશ યોજન અને એક યોજના **૩૦/૬૧** ભાગ થતા **૬૧** ભાગોના સાત ભાગ છેદીને ચાર ચૂર્ણિકા ભાગ એક ચંદ્રમંડલથી બીજા ચંદ્રમંડલનું અબાધા અંતર કહેલ છે.

**૨૭૨.** ભગવન્ ! ચંદ્રમંડલ કેટલી લંબાઈ–પહોળાઈથી અને કેટલી પરિધિથી તથા કેટલી જાડાઈથી કહેલ છે? ...ગૌતમ! **૫૬/૬૧** યોજન લાંબુ–પહોળુ, સાધિક ત્રણગણુ પરિધિથી અને **૨૮/૬૧** યોજન જાડાઈથી છે.

સૂત્ર–૨૭૩

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતની કેટલી અબાધા વડે સર્વાભ્યંતર ચંદ્રમંડલ કહેલ છે ?

ગૌતમ ! **૪૪,૮૨૦** યોજનની અબાધાથી –દૂર. સર્વાભ્યંતર ચંદ્રમંડલ કહેલ છે.

જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતની કેટલી અબાધાથી અભ્યંતર અનંતર ચંદ્રમંડલ કહેલ છે ?

ગૌતમ ! **૪૪,૮૫૬** યોજન અને યોજનના **૨૫/૬૧** ભાગ અને **૬૧** ભાગના **૪/૭** ચૂર્ણિકા ભાગ અબાધાથી

અભ્યંતરાંતર ચંદ્રમંડલ છે, તેવું કહેલ છે.

જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતનું કેટલી અબાધાથી અભ્યંતર તૃતીય મંડલ કહેલ છે?

ગૌતમ! **૪૪,૮૯૨** યોજન અને યોજનના **૫૧/૬૧** ભાગ અને એકસઠીયા ભાગના **૧/૭** ચૂર્ણિકા ભાગ અબાધાથી અભ્યંતર તૃતીય મંડલ કહેલ છે.

એ પ્રમાણે નિશ્ચે આ ઉપાયથી નિષ્ક્રમણ કરતો ચંદ્ર તેના પછીના મંડલથી, તેના પછીના મંડલથી, તેના પછીના મંડલમાં સંક્રમણ કરતો–કરતો છત્રીશ–છત્રીશ યોજન અને એક યોજનના **૨૫/૬૧** ભાગ અને એક સઠીયા ભાગના **૪/૭** ચૂર્ણિકા ભાગ, એકૈક મંડલમાં અબાધાથી વૃદ્ધિથી વધતા–વધતા સર્વ બાહ્ય મંડલને ઉપસંક્રમિત થઈને ચાર ચરે છે.

જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતની કેટલે દૂર સર્વબાહ્ય ચંદ્રમંડલ કહેલ છે? **૪૫,૩૩૦** યોજનની અબાધાથી ચંદ્ર મંડલ છે.

જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતની કેટલી અબાધાથી બાહ્ય અનંતર ચંદ્રમંડલ કહેલ છે ?

ગૌતમ ! **૪૫,૨૯૩** યોજન અને એક યોજનના ભાગ, એકસઠીયા ભાગના **૩/૭** ચૂર્ણિકા ભાગની અબાધાથી બાહ્ય અનંતર ચંદ્રમંડલ કહેલ છે.

જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતથી કેટલે દૂર – અબાધાથી, બાહ્ય તૃતીય ચંદ્રમંડલ કહેલ છે ?

ગૌતમ ! **૪૫,૨૫૭** યોજન અને એક યોજનના **૯/૬૧** ભાગ, એકસઠીયા ભાગના **૬/૭** ચૂર્ણિકા ભાગ અબાધાથી બાહ્ય તૃતીય ચંદ્રમંડલ કહેલ છે.

એ પ્રમાણે નિશ્ચે આ ઉપાયથી પ્રવેશ કરતો ચંદ્ર, તેની પછીના મંડલથી, તેની પછીના મંડલમાં સંક્રમણ કરતો–કરતો છત્રીશ–છત્રીશ યોજન અને યોજનના **૨૫/૬૧** ભાગ, એકસઠીયા ભાગના **૪/૭** ચૂર્ણિકા ભાગ એકૈક મંડલમાં અબાધાથી વૃદ્ધિને ઘટાડતા–ઘટાડતા સર્વાભ્યંતર મંડલમાં સંક્રમીને ચાર ચરે છે.

સૂત્ર–૨૭૪

ભગવન્ ! સર્વાભ્યંતર ચંદ્રમંડલની લંબાઈ–પહોળાઈ કેટલી છે? પરિધિ કેટલી કહી છે ?

ગૌતમ! **૯૯,૬૪૦** યોજન લંબાઈ–પહોળાઈ છે અને પરિધિ **૩,૧૫,૦૮૯** યોજનથી કંઈક વિશેષાધિક કહી છે.

અભ્યંતર અનંતરની તે જ પૂર્વવત્ પૃચ્છા.

ગૌતમ! **૯૯,૭૧૨** યોજન અને એક યોજનના **૫૧/૬૧** ભાગ અને એકસઠીયા ભાગને સાત ભાગે છેદીને એક ચૂર્ણિકા ભાગ **૯૯,૭૧૨–૫૧/૬૧ – ૧/૭**. લંબાઈ–પહોળાઈ, **૩,૧૫,૩૧૯** યોજનથી કંઈક વિશેષ પરિધિ છે.

અભ્યંતર તૃતીયમાં યાવત્ કહેલ છે ?

ગૌતમ ! **૯૯,૭૮૫** યોજન અને યોજનના **૪૧/૬૧** ભાગ અને એકસઠીયા ભાગની **૨/૭** ચૂર્ણિકા ભાગ **૯૯,૭૮૫ – ૪૧/૬૧, ૨/૭**. લંબાઈ–પહોળાઈ છે અને **૩,૧૫,૫૪૯** યોજનથી કંઈક વિશેષાધિક પરિધિ કહેલી છે.

એ પ્રમાણે આ ઉપાયથી નિષ્ક્રમણ કરતો ચંદ્ર યાવત્ સંક્રમણ કરતો–કરતો બોંતેર યોજન અને એક યોજનના **૫૧/૬૧** યોજનના એકસઠીયા ભાગના **૧/૭** ચૂર્ણિકા ભાગ. એક એક મંડલમાં વિષ્કંભ વૃદ્ધિને વધારતા–વધારતા **૨૩૦–૨૩૦** યોજન પરિધિ વૃદ્ધિને વધારતા–વધારતા સર્વ બાહ્ય મંડલને સંક્રમિત થઈને ચાર ચરે છે – ગતિ કરે છે.

ભગવન્ ! સર્વબાહ્ય ચંદ્રમંડલમાં કેટલી લંબાઈ અને પહોળાઈ છે ? કેટલી પરિધિ કહી છે ?

ગૌતમ ! **૧,૦૦,૬૬૦** યોજન લંબાઈ–પહોળાઈ છે અને **૩,૧૮,૩૧૫** યોજનની પરિધિ છે.

બાહ્ય અનંતર મંડલનો પ્રશ્ન –

ગૌતમ ! **૧,૦૦,૫૮૭** યોજન અને એક યોજનના ૯/**૬૧** ભાગ, એકસઠીયા ભાગના **૬/૭** ચૂર્ણિકા ભાગ લંબાઈ–પહોળાઈ છે અને પરિધિ – **૩,૧૮,૦૮૫** યોજન છે.

ભગવન્ ! બાહ્ય તૃતીય ચંદ્રમંડલ?

ગૌતમ! **૧,૦૦,૫૧૪** યોજન અને એક યોજનના **૧૯/૬૧** ભાગ અને એકસઠીયા ભાગના **૫/૭** ચૂર્ણિકા ભાગ **૧,૦૦,૫૧૪–૧૯/૬૧ – ૫/૭.** લંબાઈ–પહોળાઈ છે. **૩,૧૭,૮૫૫** યોજન પરિધિ છે.

એ પ્રમાણે આ ઉપાયથી પ્રવેશ કરતો ચંદ્ર યાવત્ સંક્રમણ કરતો–કરતો ૭૨–૭૨ યોજન અને એક યોજનના **૫૧/૬૧** ભાગ, એકસઠીયા ભાગના **૧/૭** ચૂર્ણિકા ભાગ, એક–એક મંડલમાં વિષ્કંભ વૃદ્ધિથી ઘટાડતા–ઘટાડતા **૨૩૦–૨૩૦** યોજનની પરિધિ વૃદ્ધિથી ઘટાડતા–ઘટાડતા સર્વાભ્યંતર મંડલમાં ઉપસંક્રમિત થઈને ચાર ચરે છે.

## સૂત્ર–૨૭૫

ભગવન્ ! જ્યારે ચંદ્ર સર્વાભ્યંતર મંડલને ઉપસંક્રમિત થઈને ચાર ચરે છે, ત્યારે એક–એક મુહૂર્તથી કેટલા ક્ષેત્રમાં જાય છે ?

ગૌતમ ! **૫૦૭૩** યોજન અને**૭૭૪૪**ને **૧૩,૭૨૫** વડે ભાંગતા પ્રાપ્ત સંખ્યા જેટલા યોજન ક્ષેત્રમાં જાય છે.

ત્યારે અહીં રહેલ મનુષ્યોને **૪૭,૨૬૩** યોજન અને એક યોજના **૨૧/૬૧** ભાગની દૂરીથી ચંદ્ર દષ્ટિગોચર થાય છે.

ભગવન્ ! જ્યારે ચંદ્ર અભ્યંતર અનંતર મંડલમાં સંક્રમિત થઈને ચાર ચરે છે યાવત્ કેટલા ક્ષેત્રમાં જાય છે ?

ગૌતમ ! **૫૦૭૭** યોજન અને **૩૬૭૪**ને **૧૩,૭૨૫** વડે છેદીને પ્રાપ્ત સંખ્યા જેટલા યોજન ક્ષેત્રમાં જાય છે.

ભગવન્ ! જ્યારે ચંદ્ર અભ્યંતર તૃતીય મંડલ ઉપસંક્રમિત થઈને ચાર ચરે છે, ત્યારે એક એક મુહૂર્તમાં કેટલા ક્ષેત્રમાં ગતિ કરે છે ?

ગૌતમ! **૫૦૮૦** યોજન અને **૧૩,૩૧૯** ને **૧૩,૭૨૫** વડે છેદતા પ્રાપ્ત સંખ્યા જેટલા યોજન ક્ષેત્રમાં જાય છે.

આ પ્રમાણે આ ઉપાય વડે નિષ્ક્રમણ કરતો ચંદ્ર તેની પછીના મંડલથી યાવત્ સંક્રમ કરતો **૩**–યોજન અને **૯૬૫૫** ને **૧૩,૭૨૫** વડે છેદીને પ્રાપ્ત સંખ્યા જેટલા યોજન એકૈક મંડલમાં મુહૂર્ત ગતિની વૃદ્ધિ કરતો–કરતો સર્વ બાહ્ય મંડલમાં ઉપસંક્રમિત થઈને ચાર ચરે છે.

ભગવન્ ! જ્યારે ચંદ્ર સર્વ બાહ્ય મંડલમાં ઉપસંક્રમિત થઈન ચાર ચરે છે, ત્યારે એક–એક મુહૂર્તમાં કેટલા ક્ષેત્ર જાય છે ?

ગૌતમ ! તે **૫૧૨૫** યોજન અને **૬૯૯૦** ને **૧૩,૭૨૫** વડે છેદીને પ્રાપ્ત સંખ્યા જેટલા યોજન ક્ષેત્રમાં જાય છે.

ત્યારે અહીં રહેલ મનુષ્યોને **૩૧,૮૩૧** યોજનની દૂરી ઉપર ચંદ્ર શીઘ્ર દષ્ટિગોચર થાય છે.

ભગવન્ ! જ્યારે બાહ્ય અનંતર મંડલમાં ગતિ કરે છે, ત્યારે૦ ઇત્યાદિ પ્રશ્ન પૂર્વવત્.

ગૌતમ! **૫૧૨૧** યોજન અને **૧૧૬૦**ને **૧૩,૭૨૫** વડે છેદીને પ્રાપ્ત સંખ્યા જેટલા યોજન ક્ષેત્રમાં ગતિ કરે છે.

ભગવન્ ! જ્યારે ચંદ્ર બાહ્ય ત્રીજા મંડલમાં **ગતિ કરે છે ત્યારે** પ્રતિ મુહુર્ત કેટલા ક્ષેત્રને પાર કરે છે ?

ગૌતમ ! **૫૧૧૮** યોજન અને **૧૪૭૫**ને **૧૩,૭૨૫** વડે છેદીને પ્રાપ્ત સંખ્યા જેટલા યોજન ક્ષેત્રમાં ગતિ કરે છે.

એ પ્રમાણે આ ઉપાય વડે યાવત્ સંક્રમણ કરતો–કરતો ત્રણ–ત્રણ યોજન અને **૯૬૫૫** ને **૧૩,૭૨૫** વડે (૯૬૫૫/૧૩૭૨૫) છેદીને પ્રાપ્ત સંખ્યા જેટલા યોજન ક્ષેત્રમાં**,** એક એક મંડલમાં મુહૂર્તગતિને ઘટાડતા–ઘટાડતા સર્વ અભ્યંતર મંડલમાં ઉપસંક્રમિત થઈ ચાર ચરે છે.

## સૂત્ર–૨૭૬

ભગવન્ ! નક્ષત્ર મંડલો કેટલા કહેલા છે ? ગૌતમ ! આઠ નક્ષત્ર મંડલો કહેલા છે.

જંબૂદ્વીપ દ્વીપમાં કેટલા ક્ષેત્રના અવગાહન કર્યા પછી કેટલા નક્ષત્ર મંડલો છે તેમ કહ્યું છે ?

ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપમાં **૧૮૦** યોજન ક્ષેત્ર અવગાહ્યા પછી અહીં બે નક્ષત્રમંડલ કહેલાં છે.

ભગવન્ ! લવણસમુદ્રમાં કેટલું ક્ષેત્ર અવગાહન કર્યા પછી, કેટલાં નક્ષત્ર મંડલો કહેલાં છે?

ગૌતમ! લવણસમુદ્રમાં **૩૩૦** યોજન ક્ષેત્ર અવગાહ્યા પછી, અહીં છ નક્ષત્ર મંડલો કહેલા છે.

આ પ્રમાણે બધાં મળીને જંબૂદ્વીપ દ્વીપમાં અને લવણ સમુદ્રમાં આઠ નક્ષત્ર મંડલો હોય છે, તેમ કહેલ છે.

ભગવન્ ! સર્વાભ્યંતર નક્ષત્ર મંડલથી કેટલા અબાધા અંતરે સર્વબાહ્ય નક્ષત્રમંડલ હોય છે, તેમ કહેલ છે ?

ગૌતમ ! સર્વાભ્યંતર નક્ષત્ર મંડલથી **૫૧૦** યોજનના અબાધા અંતરે સર્વબાહ્ય નક્ષત્ર મંડલ કહેલ છે.

ભગવન્ ! એક નક્ષત્ર મંડલથી બીજા નક્ષત્ર મંડલનું આ કેટલું અબાધા અંતર છે, તેમ કહેલ છે ?

ગૌતમ ! એક નક્ષત્ર મંડલથી બીજા નક્ષત્ર મંડલનું અબાધા અંતર બે યોજન હોવાનું કહેલ છે.

ભગવન્ ! નક્ષત્ર મંડલ કેટલી લંબાઈ–પહોળાઈથી, કેટલી પરિધિથી અને કેટલા બાહલ્યથી કહેલ છે ?

ગૌતમ! નક્ષત્ર મંડલ એક ગાઉ લાંબુ–પહોળું છે. તેનાથી ત્રણ ગુણાથી અધિક પરિધિ છે અને બાહલ્ય અર્દ્ધગાઉ કહેલ છે.

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતની કેટલી અબાધાથી – દૂર – સર્વાભ્યંતર નક્ષત્રમંડલ કહેલ છે ?

ગૌતમ ! મેરુથી **૪૪,૮૨૦** યોજનના અબાધા અંતરથી સર્વાભ્યંતર નક્ષત્રમંડલ કહેલ છે.

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતની કેટલી અબાધાથી – દૂર – સર્વબાહ્ય નક્ષત્ર મંડલ કહેલ છે ?

ગૌતમ ! મેરુથી **૪૫,૩૩૦** યોજનના અબાધા અંતરે સર્વબાહ્ય નક્ષત્રમંડલ કહેલ છે.

ભગવન્ ! સર્વાભ્યંતર નક્ષત્રમંડલની લંબાઈ–પહોળાઈ કેટલી છે? અને તેની પરિધિ કેટલી છે ?

ગૌતમ ! સર્વાભ્યંતર નક્ષત્ર મંડલની લંબાઈ–પહોળાઈ **૯૯,૬૪૦** યોજન અને તેની પરિધિ કંઈક વિશેષાધિક **૩,૧૫,૦૮૯** યોજન છે.

ભગવન્ ! સર્વબાહ્ય નક્ષત્ર મંડલની લંબાઈ–પહોળાઈ કેટલી છે ? અને તેની પરિધિ કેટલી છે ?

ગૌતમ ! સર્વબાહ્ય નક્ષત્ર મંડલની લંબાઈ–પહોળાઈ **૧,૦૦,૬૬૦** યોજન અને પરિધિ **૩,૧૮,૩૧૫** યોજન છે

ભગવન્ ! જ્યારે નક્ષત્ર સર્વાભ્યંતર મંડલને ઉપસંક્રમિત થઈને ચાર ચરે છે, ત્યારે એક–એક મુહૂર્ત્તમાં કેટલા ક્ષેત્ર જાય છે ?

ગૌતમ ! **૫૨૬૫** યોજન અને **૧૮,૨૬૩** ભાગને **૨૧,૯૬૦** ભાગ વડે છેદીને જે અંક આવે તેટલા યોજન ક્ષેત્રમાં જાય છે.

ભગવન્ ! જ્યારે નક્ષત્ર સર્વબાહ્ય મંડલમાં ઉપસંક્રમિત થઈને ચાર ચરે છે, ત્યારે એક–એક મુહૂર્ત્તમાં કેટલા ક્ષેત્ર જાય છે?

ગૌતમ! તે **૫૩૧૯** યોજન અને **૧૬,૩૬૫** ભાગને **૨૧,૯૬૦** વડે છેદીને જે અંક આવે તેટલા યોજન ક્ષેત્રમાં જાય છે.

ભગવન્ ! આ આઠ નક્ષત્ર મંડલો કેટલા ચંદ્રમંડલોમાં સમવસૃત અર્થાત્ અંતર્ભૂત થાય છે ?

ગૌતમ ! આઠ ચંદ્રમંડલોમાં સમવસૃત થાય છે, તે આ રીતે – પહેલાં ચંદ્રમંડલમાં, ત્રીજા, છટ્ઠા, સાતમા, આઠમા, દશમા, અગિયારમા અને પંદરમાં ચંદ્રમંડલમાં સમવસૃત થાય છે.

ભગવન્ ! એક–એક મુહૂર્ત્તમાં ચંદ્ર, મંડલ પરિધિના કેટલા સો ભાગમાં જાય છે ?

ગૌતમ! જે–જે મંડલ ઉપસંક્રમિત થઈને ચાર ચરે છે, તે–તે મંડલ પરિધિના **૧૭૬૮** ભાગને **૧,૦૯,૮૦૦** ભાગ વડે છેદતા જે આવે તેટલા ભાગ તે મંડલ પરિધિના અતિક્રમે છે.

ભગવન્ ! એક–એક મુહૂર્તમાં સૂર્ય કેટલા સો ભાગ જાય ?

ગૌતમ ! જે–જે મંડલમાં ઉપસંક્રમિત થઈને ચાર ચરે છે, તે–તે મંડલ પરિધિના **૧૮૩૦** ભાગને **૧,૦૯,૮૦૦** વડે છેદતા જે અંક આવે તેટલા ભાગ સૂર્ય એક–એક મુહૂર્તમાં જાય.

ભગવન્ ! એક–એક મુહૂર્તમાં નક્ષત્ર કેટલા ભાગ જાય?

ગૌતમ ! જે–જે મંડલમાં ઉપસંક્રમિત થઈ નક્ષત્ર ચાર ચરે છે, તે–તે મંડલ પરિધિમાં **૧૮૩૫** ભાગ અને તેને **૧,૦૯,૮૦૦** વડે છેદતા જે અંક આવે તેટલા ભાગમાં નક્ષત્ર જાય.

સૂત્ર–૨૭૭

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં સૂર્યો

૧. ઉત્તરપૂર્વમાં ઉદિત થઈને પશ્ચિમદક્ષિણમાં અસ્ત થાય છે ?

૨. પશ્ચિમ–દક્ષિણમાં ઉદિત થઈને દક્ષિણ–પશ્ચિમમાં તે બંને સૂર્યો અસ્ત પામે છે ?

૩. દક્ષિણ–પશ્ચિમમાં ઉદિત થઈને, તે બંને સૂર્યો પશ્ચિમ–ઉત્તરમાં જઈને અસ્ત પામે છે?

૪. પશ્ચિમ–ઉત્તરમાં ઉદિત થઈને, તે બંને સૂર્યો ઉત્તર–પૂર્વમાં જઈને અસ્ત પામે છે?

હા, ગૌતમ ! જેમ ભગવતીજી સૂત્રના પાંચમાં શતકના પહેલા ઉદ્દેશામાં કહ્યું છે, તેમ કહેવું. યાવત્ ત્યાં મહાવિદેહ ક્ષેત્રમા ઉત્સર્પિણી નથી, અવસ્થિત તે કાળથી અવસ્થિત કહેલ છે.

હે આયુષ્યમાન્ શ્રમણ ! જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ ઉપાંગ અંતર્ગત્ પ્રસ્તુત સૂર્ય–પ્રજ્ઞપ્તિ સૂર્ય સંબંધી વર્ણન. વસ્તુ અહીં સંક્ષેપથી સમાપ્ત થાય છે.

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં ચંદ્રમા ઉત્તર–પૂર્વમાં ઉદિત થઈ, પૂર્વ–દક્ષિણમાં અસ્ત પામે છે? ઇત્યાદિ વક્તવ્યતા સૂર્યની વક્તવ્યતા મુજબ, જેમ ભગવતીજી સૂત્રના. દશમાં ઉદ્દેશામાં "યાવત્ અવસ્થિત છે, તે કાળમાં કહેલ છે." – સુધી જાણવું.

હે આયુષ્યમાન્ શ્રમણ ! આ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં ચંદ્ર વર્ણન. સંક્ષેપથી સમાપ્ત થાય છે.

સૂત્ર–૨૭૮ થી ૨૮૫

**૨૭૮.** ભગવન્ ! સંવત્સર કેટલા કહેલા છે ?

ગૌતમ ! પાંચ સંવત્સરો કહેલા છે, તે આ પ્રમાણે – નક્ષત્ર સંવત્સર, યુગ સંવત્સર, પ્રમાણ સંવત્સર, લક્ષણ સંવત્સર અને શનૈશ્ચર સંવત્સર એ પાંચ છે..

ભગવન્ ! નક્ષત્ર સંવત્સર કેટલા ભેદે કહેલ છે ?

ગૌતમ ! બાર ભેદે કહેલ છે, તે આ પ્રમાણે – શ્રાવણ, ભાદ્રપદ, આસોજ યાવત્ આષાઢ.

અથવા બૃહસ્પતિ મહાગ્રહ, જે બાર સંવત્સર વડે સર્વ નક્ષત્રમંડલનું પરિસમાપન કરે છે, તે નક્ષત્ર સંવત્સર.

ભગવન્ ! યુગ સંવત્સર કેટલા ભેદે કહેલ છે ?

ગૌતમ ! પાંચ ભેદે કહેલ છે, તે આ પ્રમાણે – ચંદ્ર, ચંદ્ર, અભિવર્ધિત, ચંદ્ર અને અભિવર્ધિત.

ભગવન્ ! પહેલા ચંદ્ર સંવત્સરના કેટલા પર્વો કહેલા છે ? ગૌતમ! ચોવીશ પર્વો કહેલા છે.

ભગવન્ ! બીજા ચંદ્ર સંવત્સરના કેટલા પર્વો કહેલા છે? ગૌતમ! ચોવીશ પર્વો કહેલા છે.

એ પ્રમાણે ત્રીજાની પૃચ્છા. ગૌતમ ! તેમાં **૨૬**–પર્વો છે.

ચોથા સંવત્સરના ચોવીશ પર્વો છે.

પાંચમાં અભિવર્ધિતના **૨૬**–પર્વો કહેલા છે.

એ પ્રમાણે બધા મળીને પાંચ સંવત્સરિક યુગમાં **૧૨૪** પર્વો કહેલા છે. તે યુગ સંવત્સર કહ્યો.

ભગવન્ ! પ્રમાણ સંવત્સર કેટલા ભેદે કહેલ છે?

ગૌતમ! પાંચ ભેદે કહેલ છે, તે આ પ્રમાણે – નક્ષત્ર, ચંદ્ર, ઋતુ, આદિત્ય (સૂર્ય) અને અભિવર્ધિત.

તે આ પ્રમાણ સંવત્સર કહ્યો.

ભગવન્ ! લક્ષણ સંવત્સર કેટલા ભેદે કહેલ છે ? ગૌતમ ! તે પાંચ ભેદે કહેલ છે, તે આ પ્રમાણે –

**૨૭૯.** સમક નક્ષત્ર યોગ કરે છે, સમક ઋતુ પરિણત થાય છે, ન અતિ ઉષ્ણ – ન અતિ શીતરૂપે તે પરિણત થાય છે.. જે પ્રચુર જળયુક્ત હોય તે સમક નક્ષત્ર છે.

**૨૮૦.** જ્યારે ચંદ્રની સાથે પૂર્ણમાસીમાં વિષમચારી નક્ષત્રનો યોગ થાય છે, જે કટુક હોય, વિપુલ વર્ષાયુક્ત હોય છે, તેને ચંદ્ર સંવત્સર કહેવામાં આવે છે.

**૨૮૧.** જેમાં વિષમકાળમાં વનસ્પતિ અંકુરિત થાય છે, ઋતુ ન હોય ત્યારે પુષ્પ અને ફળ આપે છે, જેમાં સમ્યક્ વર્ષા વરસતી નથી, તેને કર્મ સંવત્સર કહે છે.

**૨૮૨.** જેમાં સૂર્ય પૃથ્વી, જળ, પુષ્પ અને ફળને રસ પ્રદાન કરે છે, જેમાં થોડી વર્ષાથી જ ધાન્ય સમ્યક્ રૂપે નિષ્પન્ન થાય છે. સારી ફસલ થાય છે, તે આદિત્ય સંવત્સર કહેવાય છે.

**૨૮૩.** જેમાં ક્ષણ, લવ, દિવસ, ઋતુ, સૂર્યના તેજથી તપ્ત રહે છે, જેમાં નિમ્ન સ્થળ જળ વડે પૂરિત રહે છે, તેને તું અભિવર્ધિત સંવત્સર જાણ સમજ.

**૨૮૪.** ભગવન્ ! શનૈશ્ચર સંવત્સર કેટલા ભેદે કહેલ છે ? ગૌતમ! અઠ્ઠાવીશ ભેદે કહેલ છે, તે આ –

**૨૮૫.** અભિજિત, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષજ, પૂર્વાભાદ્રપદ, ઉત્તરાભાદ્રપદ, રેવતી, અશ્વિની, ભરણી, કૃત્તિકા, રોહિણી, મૃગસિર, આર્દ્રા, પુનર્વસુ, પુષ્ય, આશ્લેષા, મઘા, પૂર્વા ફાલ્ગુની, ઉત્તરા ફાલ્ગુની, હસ્ત, ચિત્રા, સ્વાતી, વિશાખા, અનુરાધા, જયેષ્ઠા, મૂળ, પૂર્વાષાઢા અને **૨૮**મું નક્ષત્ર ઉત્તરાષાઢા કહેલ છે.

અથવા શનૈશ્ચર મહાગ્રહ **૩૦** સંવત્સરોમાં સમસ્ત નક્ષત્રમંડલનું સમાપન કરે, તે શનૈશ્ચર સંવત્સર કહેવાય છે.

### સૂત્ર–૨૮૬ થી ૨૯૮

**૨૮૬.** ભગવન્ ! એક–એક સંવત્સરના કેટલા માસ કહેલા છે ? ગૌતમ ! બાર માસ કહેલા છે, તેના બે ભેદે નામો કહેલા છે, તે આ પ્રમાણે – લૌકીક અને લોકોત્તર.

તેમાં લૌકીક નામો આ પ્રમાણે છે – શ્રાવણ, ભાદરવો, આસો યાવત્ આષાઢ.

લોકોત્તરિક નામો આ પ્રમાણે છે –

**૨૮૭.** અભિનંદિત, પ્રતિષ્ઠિત, વિજય, પ્રીતિવર્ધન, શ્રેયાંસ, શિવ, શિશિર, હિમવાન,

**૨૮૮.** વસંતમાસ, કુસુમ સંભવ, નિદાધ અને બારમો વનવિરોધ.

**૨૮૯.** ભગવન્ ! એકએક માસના કેટલા પક્ષો કહેલા છે ? ગૌતમ ! બે પક્ષ કહેલ છે, તે આ પ્રમાણે – કૃષ્ણપક્ષ અને શુક્લપક્ષ.

ભગવન્ ! એક–એક પક્ષના કેટલા દિવસો કહેલા છે ? ગૌતમ! પંદર દિવસો કહેલા છે, તે આ પ્રમાણે – પ્રતિપદા દિવસ, દ્વિતીયા દિવસ યાવત્ પંચદશી દિવસ.

ભગવન્ ! આ પંદર દિવસોના કેટલા નામો કહેલા છે ? ગૌતમ ! પંદર નામો કહેલા છે, તે આ –

**૨૯૦.** પૂર્વાંગ, સિદ્ધ મનોરમ, મનોરથ, યશોભદ્ર, યશોધર, સર્વકામ સમૃદ્ધ.

**૨૯૧.** ઈન્દ્રમૂર્ધાભિષિક્ત, સોમનસ, ધનંજ, અર્થસિદ્ધ, અભિજાત, અત્યશન, શતંજય.

**૨૯૨.** અગ્નિવેશ્મ અને પંદરમો ઉપશમ એ દિવસના નામો છે.

ભગવન્ ! આ પંદર દિવસોમાં કેટલી તિથિ કહી છે ? ગૌતમ ! **૧૫**–તિથિ કહેલી છે, તે આ પ્રમાણે –

નંદા, ભદ્રા, જયા, તુચ્છા, પૂર્ણા એ પક્ષની પાંચમી તિથિ છે, ફરી પણ નંદા, ભદ્રા, જયા, તુચ્છા અને પૂર્ણા એ પક્ષની દશમી તિથિ છે. ફરી પણ નંદા, ભદ્રા, જયા, તુચ્છા અને પૂર્ણા એ પક્ષની પંદરમી તિથિ છે. એ પ્રમાણે ત્રણ આવૃત્તિઓમાં બધા દિવસોની તિથિઓ કહેલી છે.

ભગવન્ ! એક–એક પક્ષમાં કેટલી રાત્રિઓ કહેલી છે ?

ગૌતમ! પંદર રાત્રિઓ કહેલી છે, તે આ રીતે – પ્રતિપદા રાત્રિ યાવત્ પંદરમી રાત્રિ.

ભગવન્ ! આ પંદર રાત્રિઓ કયા નામથી કહેલી છે? ગૌતમ ! તેના પંદર નામો કહેલા છે, તે આ પ્રમાણે –

**૨૯૩.** ઉત્તમા, સુનક્ષત્રા, એલાપત્યા, યશોધરા, સોમનસા, શ્રીસંભૂતા.

**૨૯૪.** વિજયા, વૈજયંતી, જયંતિ, અપરાજિતા, ઇચ્છા, સમાહારા, તેજા, અતિતેજા

**૨૯૫.** અને દેવાનંદા કે નિરતિ પંદરમી. આ રાત્રિના નામો છે.

ભગવન્ ! આ પંદર રાત્રિની કેટલી તિથિ કહેલ છે ? ગૌતમ ! પંદર તિથિ કહેલી છે, તે આ પ્રમાણે –

ઉગ્રવતી, ભોગવતી, યશોમતી, સર્વ સિદ્ધા અને પાંચમી શુભનામા. ફરી પણ ઉગ્રવતી, ભોગવતી, યશોમતી, સર્વસિદ્ધા અને દશમી શુભનામા. ફરી પણ ઉગ્રવતી, ભોગવતી, યશોમતી, સર્વસિદ્ધા અને પંદરમી–છેલ્લી શુભનામા.

એ પ્રમાણે ત્રણ આવૃત્તિમાં આ તિથિઓ બધી રાત્રિમાં આવે.

ભગવન્ ! એકૈક અહોરાત્રમાં કેટલા મુહૂર્તો કહેલા છે ?

ગૌતમ ! ૩૦–મુહૂર્તો કહેલા છે, તે આ રીતે –

**૨૯૬. ૨૯૮.** રૂદ્ર, શ્રેયાન, મિત્ર, વાયુ, સુબીય, અભિચંદ્ર, માહેન્દ્ર, બલવાન, બ્રહ્મ, બહુ સત્ય અને **૧૧**મું ઈશાન.

**૨૯૭.** ત્વષ્ટ્રા, ભાવિતાત્મા, વૈશ્રમણ, વારુણ, આનંદ, વિજય, વિશ્વસેન, પ્રાજાપત્ય અને વીસમું ઉપશમ.

**૨૯૮.** ગંધર્વ, અગ્નિવેશ્મ, શતવૃષભ, આતપવાન, અમમ, ઋણવાન, ભૌમ, વૃષભ, સર્વાર્થ અને ત્રીશમું રાક્ષસ.

સૂત્ર–૨૯૯

ભગવન્ ! કરણ કેટલા કહેલા છે ?

ગૌતમ ! અગિયાર કરણ કહેલા છે, તે આ પ્રમાણે – બલ, બાલવ, કોલવ, સ્ત્રી વિલોચન, ગર, વણિજ, વિષ્ટી, શકુની, ચતુષ્પદ, નાગ અને કિંસ્તુભ.

ભગવન્ ! આ અગિયારે કરણોમાં કેટલા કરણ ચર છે અને કેટલા કરણ સ્થિર કહેલા છે ?

ગૌતમ ! સાત કારણો ચર અને સાત કરણો સ્થિર કહેલા છે, તે આ પ્રમાણે જાણવા.

બવ, બાલવ, કોલવ સ્ત્રીવિલોચન ગર, વણિજ અને વિષ્ટી આ સાત કરણો ચર છે.

ચાર કરણો સ્થિર કહેલા છે, તે આ – શકુની, ચતુષ્પદ, નાગ અને કિંસ્તુભ તે ચાર.

ભગવન્ ! આ કરણો ચર કે સ્થિર ક્યારે થાય છે ?

ગૌતમ ! શુક્લપક્ષની...

–એકમની રાત્રિ બવકરણ થાય છે.

– બીજે દિવસે બાલવ અને રાત્રે કોલવ કરણ થાય છે.

– ત્રીજે દિવસે સ્ત્રી વિલોચન, રાત્રે ગર કરણ થાય.

– ચોથે દિવસે વણિજ અને રાત્રે વિષ્ટી કરણ થાય.

– પાંચમે દિવસે લવ અને રાત્રે બાલવ કરણ થાય.

– છઠ્ઠે દિવસે કોલવ અને રાત્રે સ્ત્રી વિલોચન થાય.

– સાતમે દિવસે ગર અને રાત્રે વણિજ કરણ થાય.
– આઠમે દિવસે વિષ્ટી, રાત્રે બવ કરણ થાય.
– નવમા દિવસે બાલવ, રાત્રે કોલવ કરણ થાય.
– દશમે દિવસે સ્ત્રીવિલોચન, રાત્રે ગર કરણ થાય.
– અગિયારમે દિવસે વણિજ, રાત્રે વિષ્ટી કરણ થાય.
– બારસે દિવસે બવ, રાત્રે બાલવ કરણ થાય.
– તેરસે દિવસે કોલવ, રાત્રે સ્ત્રીવિલોચન કરણ થાય.
– ચૌદશે દિવસે ગર, રાત્રે વણિજ કરણ થાય.
– પૂનમે દિવસે વિષ્ટી, રાત્રે બવ કરણ થાય.

શુક્લપક્ષ કહ્યો, હવે કૃષ્ણપક્ષ કહે છે. –
– એકમને દિવસે બાલવ, રાત્રે કોલવ કરણ હોય.
– બીજને દિવસે સ્ત્રીવિલોચન, રાત્રે ગર કરણ હોય.
– ત્રીજના દિવસે વણિજ, રાત્રે વિષ્ટી કરણ હોય.
– ચોથના દિવસે બવ અને રાત્રે બાલવ કરણ હોય.
– પાંચમના દિવસે કોલવ અને રાત્રે સ્ત્રીવિલોચન હોય.
– છઠ્ઠના દિવસે ગર અને રાત્રે વણિજ કરણ હોય.
– સાતમના દિવસે વિષ્ટી, રાત્રે બવ કરણ હોય.
– આઠમના દિવસે બાલવ, રાત્રે કોલવ કરણ હોય.
– નોમના દિવસે સ્ત્રીવિલોચન, રાત્રે ગર કરણ હોય.
– દશમના દિવસે વણિજ, રાત્રે વિષ્ટી કરણ હોય.
– અગિયારસના દિવસે બવ, રાત્રે બાલવ કરણ હોય.
– બારસના દિવસે કોલવ, રાત્રે સ્ત્રીવિલોચન હોય.
– તેરસના દિવસે ગર, રાત્રે વણિજ કરણ થાય.
– ચૌદશના દિવસે વિષ્ટી, રાત્રે શકુની કરણ થાય.
– અમાસના દિવસે ચતુષ્પદ, રાત્રે નાગ કરણ થાય.
– શુક્લ પક્ષની એકમે દિવસે કિંસ્તુભ કરણ થાય છે.

સૂત્ર–૩૦૦

સંવત્સરોમાં ભગવન્ ! આદિ સંવત્સર કયો છે ? અયનોમાં આદિ અયન કયો છે ? ઋતુઓમાં આદિ ઋતુ કઈ છે ? માસની આદિ કઈ છે ? પક્ષની આદિ કઈ છે ? અહોરાત્રની આદિ શું છે ? મુહૂર્તની આદિ શું છે ? કરણની આદિ શું છે ? તથા નક્ષત્રોમાં પહેલું નક્ષત્ર કયું કહેલ છે ? આટલા પ્રશ્નો કર્યા.

ગૌતમ! ૧. સંવત્સરમાં આદિ ચંદ્ર સંવત્સર છે –
૨. અયનોમાં પહેલું દક્ષિણાયન છે.
૩. ઋતુઓમાં પહેલી વર્ષાઋતુ છે.
૪. મહિનાઓમાં પહેલો શ્રાવણ માસ છે.

૫. પક્ષોમાં પહેલો કૃષ્ણપક્ષ છે.

૬. અહોરાત્રમાં પહેલો દિવસ છે.

૭. મુહૂર્ત્તોમાં પહેલું રુદ્ર મુહૂર્ત્ત છે.

૮. કરણોમાં પહેલું બાલવ કરણ છે.

૯. નક્ષત્રોમાં પહેલું અભિજિત નક્ષત્ર છે.

એ પ્રમાણે હે આયુષ્યમાન્ શ્રમણ ! કહેલ છે.

ભગવન્ ! પાંચ સંવત્સરીક યુગમાં કેટલા અયન, કેટલી ઋતુ, એ પ્રમાણે મહિના, પક્ષ, અહોરાત્ર અને કેટલા મુહૂર્ત્તો કહેલા છે ?

ગૌતમ ! પાંચ સંવત્સરીક યુગમાં દશ અયન, ત્રીશ ઋતુ, ૬૦–માસ, **૧૨૦**–પક્ષ, **૧૮૩૦** અહોરાત્ર, **૫૪,૯૦૦** મુહૂર્ત્તો કહેલ છે.

## સૂત્ર–૩૦૧, ૩૦૨

**૩૦૧.** યોગ, દેવતા, તારાગ્ર, ગોત્ર, સંસ્થાન, ચંદ્રસૂર્ય યોગ, કુલ, પૂર્ણિમા – અમાવાસ્યા, સંનિપાત અને નેતા.

**૩૦૨.** ભગવન્ ! કેટલા નક્ષત્રો કહેલા છે ? ગૌતમ! અઠ્ઠાવીસ નક્ષત્રો કહેલા છે, તે આ પ્રમાણે –

અભિજિત, શ્રવણ, ઘનિષ્ઠા, શતભિષજ, પૂર્વાભાદ્રપદ, ઉત્તરાભાદ્રપદ, રેવતી, અશ્વિની, ભરણી, કૃતિકા, રોહિણી, મૃગશિર, આર્દ્રા, પુનર્વસુ, પૂષ્ય, આશ્લેષા, મઘા, પૂર્વાફાલ્ગુની, ઉત્તરાફાલ્ગુની, હસ્ત, ચિત્રા, સ્વાતિ, વિશાખા, અનુરાધા, જ્યેષ્ઠા, મૂલ, પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા એમ **૨૮**–નક્ષત્રો જાણવા..

## સૂત્ર–૩૦૩ થી ૩૦૫

**૩૦૩.** ભગવન્ ! આ **૨૮**–નક્ષત્રોમાં

૧.કેટલા નક્ષત્રો છે, જે સદા ચંદ્રની દક્ષિણેથી યોગ કરે છે ?

૨. કેટલા નક્ષત્રો છે, જે ચંદ્રને સદા ઉત્તરેથી યોગ કરે છે ?

૩. કેટલા નક્ષત્રો છે, જે ચંદ્રને દક્ષિણથી પણ – ઉત્તરથી પણ પ્રમર્દ યોગ કરે છે ?

૪. કેટલા નક્ષત્રો છે, જે ચંદ્રને દક્ષિણથી પ્રમર્દ યોગ કરે છે ?

૫. કેટલા નક્ષત્રો છે, જે સદા ચંદ્રને પ્રમર્દ યોગ કરે છે ?

ગૌતમ ! આ **૨૮** નક્ષત્રોમાં ત્યાં જે નક્ષત્રો સદા ચંદ્રની દક્ષિણે યોગ કરે છે, તે છ છે, તે આ પ્રમાણે –

**૩૦૪.** મૃગશીર્ષ, આર્દ્રા, પુષ્ય, આશ્લેષા, હસ્ત અને મૂલ. આ છ નક્ષત્રો બાહ્યમંડલને બહારથી યોગ કરે છે.

**૩૦૫.** તેમાં જે તે નક્ષત્રો, જે સદા ચંદ્રની ઉત્તરથી યોગ કરે છે, તે બાર છે, તે આ પ્રમાણે – અભિજિત, શ્રવણ, ઘનિષ્ઠા, શતભિષજ, પૂર્વાભાદ્રપદા, ઉત્તરા ભાદ્રપદા, રેવતી, અશ્વિની, ભરણી, પૂર્વા ફાલ્ગુની, ઉત્તરા ફાલ્ગુની અને બારમું સ્વાતિ.

તેમાં જે તે નક્ષત્રો સદા ચંદ્રની દક્ષિણથી પણ અને ઉત્તરથી પણ પ્રમર્દથી યોગ કરે છે, તે સાત છે. તે આ પ્રમાણે – કૃતિકા, રોહિણી, પુનર્વસુ, મઘા, ચિત્રા, વિશાખા, અનુરાધા.

તેમાં જે તે નક્ષત્રો જે સદા ચંદ્રને દક્ષિણમાં પણ પ્રમર્દ યોગથી યોગ કરે છે, તે નક્ષત્ર બે છે – ઉત્તરાષાઢા, પૂર્વાષાઢા.

ઉક્ત બંને નક્ષત્રો સર્વ બાહ્ય મંડલમાં યોગ કરે છે.

તેમાં જે તે નક્ષત્ર જે સદા ચંદ્રને પ્રમર્દ યોગ કરે છે, તે એક જ જ્યેષ્ઠા નક્ષત્ર છે, તેમ જાણવું.

## સૂત્ર–૩૦૬ થી ૩૦૯

**૩૦૬.** ભગવન્ ! આ ૨૮–નક્ષત્રોમાં અભિજિત આદિ નક્ષત્રના કયા કયા દેવતા કહેલા છે ?

ગૌતમ ! અભિજિત નક્ષત્રનો બ્રહ્મદેવતા કહેલ છે. શ્રવણ નક્ષત્રનો વિષ્ણુદેવતા કહેલ છે. ધનિષ્ઠા નક્ષત્રનો વસુદેવતા કહેલ છે. આ ક્રમથી અનુક્રમે આ દેવતાઓ નક્ષત્રના. જાણવા.

બ્રહ્મા, વિષ્ણુ, વસુ, વરુણ, અજ, અભિવૃદ્ધિ, પુષ્ય, અશ્વ, યમ, અગ્નિ, પ્રજાપતિ, સોમ, રૂદ્ર, અદિતિ, બૃહસ્પતિ, સર્પ, પિતૃ, ભગ, અર્યમા, સવિતા, ત્વષ્ટા, વાયુ, ઈન્દ્રાગ્નિ, મિત્ર, ઈન્દ્ર, નિરતિ, આપ અને વિશ્વદેવ.

આ નક્ષત્રો આ પરિપાટીથી જાણવા યાવત્ ઉત્તરાષાઢા નક્ષત્રનો દેવતા કોણ છે ?

ગૌતમ ! ઉત્તરાષાઢા નક્ષત્રના દેવતાનું નામ વિશ્વદેવતા છે.

**૩૦૭.** ભગવન્ ! આ ૨૮–નક્ષત્રોમાં અભિજિત નક્ષત્રના કેટલા તારા કહેલ છે ?

ગૌતમ ! અભિજિત નક્ષત્રના ત્રણ તારા કહેલા છે.

**૩૦૮.** (૧ થી ૭ **નક્ષત્રના તારા**) ત્રણ, ત્રણ, પાંચ, સો, બે, બે, બત્રીશ (૮ થી **૧૪ નક્ષત્રના તારા**) ત્રણ, ત્રણ, છ, પાંચ, ત્રણ, એક, પાંચ. (**૫, ૧૬ નક્ષત્રના તારા**) ત્રણ, છ,

**૩૦૯.** (**૧૭ થી ૨૧ નક્ષત્રના તારા**) સાત, બે, બે, પાંચ, એક. (**૨૨ થી ૨૮ નક્ષત્રના તારા**) એક, પાંચ, પાંચ, ત્રણ, અગિયાર, ચાર અને ચાર. એ પ્રમાણે નક્ષત્રના ક્રમે છે.

## સૂત્ર–૩૧૦ થી ૩૧૮

**૩૧૦.** ભગવન્ ! આ ૨૮–નક્ષત્રોમાં અભિજિત નક્ષત્રનું કયું ગોત્ર કહેલ છે ?

ગૌતમ ! મૌદ્‌ગલાયન ગોત્ર છે, હવે ગાથા કહે છે –

**૩૧૧.** નક્ષત્ર–૧ થી ૬ ના ગોત્ર આ પ્રમાણે જાણવા – મુદ્‌ગલાયન, સાંખ્યાયન, અગ્રભાવ, કર્ણિલાયન, જાતુ કર્ણ, ધનંજય.

**૩૧૨.** નક્ષત્ર–૭ થી ૧૪ ના ગોત્ર આ પ્રમાણે જાણવા – પુષ્યાયન, અશ્વાયન, ભાર્ગવેશ્ય, અગ્નિવેશ્ય, ગૌતમ, ભારદ્વાજ, લોહિત્ય અને વાસિષ્ઠ.

**૩૧૩.** નક્ષત્ર–૧૫ થી ૨૩ના ગોત્ર આ પ્રમાણે જાણવા – અવમજ્ઞાયન, માંડવ્યાયન, પિંગાયન, ગોવલ્લાયન, કાશ્યપ, કૌશિક, દર્ભાયન, ચામરચ્છાયન, શૃંગાયન.

**૩૧૪.** નક્ષત્ર–૨૪ થી ૨૮ના ગોત્ર આ પ્રમાણે જાણવા – ગોવલ્લાયન, ચિકિત્સાયન, કાત્યાયન, બાભ્રવ્યાયન, વ્યાઘ્રાપત્ય એ પ્રમાણે ગોત્રો કહ્યા છે.

**૩૧૫.** ભગવન્ ! આ ૨૮–નક્ષત્રોમાં અભિજિત નક્ષત્ર કયા આકારે કહેલ છે ?

ગૌતમ! અભિજિત નક્ષત્ર ગોશીર્ષાવલી સંસ્થિત કહેલ છે.

**૩૧૬.** નક્ષત્ર–૧ થી ૧૧નું સંસ્થાન આ રીતે છે – ગોશીર્ષાવલી, કાહાર, શકુની, પુષ્પોપચાર, વાવડી, વાવડી, નાવ, અશ્વનો સ્કંધ, ભગ, છરાની ધાર, ગાડાની ઉદ્ધી.

**૩૧૭.** નક્ષત્ર–૧૨ થી ૨૧ના સંસ્થાન આ રીતે – મૃગશીર્ષાવલી, લોહીનું બિંદુ, ગાજવું, વર્દ્ધમાનક, પતાકા, પ્રાકાર, પલ્યંક, હસ્ત અને મુખફૂલ્લક સમાન છે.

**૩૧૮.** નક્ષત્ર–૨૨ થી ૨૮ના સંસ્થાન આ રીતે – કીલક, દામનિ, એકાવલી, ગજદંત, વીંછીની પૂંછ, હાથીના પગ અને બેઠેલા સિંહના સમાન આકારે છે.

## સૂત્ર–૩૧૯ થી ૩૨૮

**૩૧૯.** ભગવન્ ! આ ૨૮–નક્ષત્રોમાં અભિજિત નક્ષત્ર કેટલા મુહૂર્તમાં ચંદ્રની સાથે યોગ કરે છે ?

ગૌતમ ! નવ મુહૂર્ત અને એક મુહૂર્તના ૨૭/૬૭ ભાગથી ચંદ્ર સાથે યોગ કરે છે.

એ પ્રમાણે આ ગાથાઓ જાણવી –

**૩૨૦.** અભિજિત નક્ષત્ર ચંદ્ર સાથે એક અહોરાત્રમાં **૬૭** ખંડ વડે થાય છે, તે નવ મુહૂર્ત અને **૨૭**–કળા છે.

**૩૨૧.** શતભિષા, ભરણી, આર્દ્રા, આશ્લેષા, સ્વાતિ અને જ્યેષ્ઠા, આ છ નક્ષત્રો **૧૫**–મુહૂર્ત સંયોગવાળા છે.

**૩૨૨.** ત્રણે ઉત્તરા, પુનર્વસુ, રોહિણી અને વિશાખા, આ છ નક્ષત્રો **૪૫**–મુહૂર્ત સંયોગવાળા છે.

**૩૨૩.** બાકીના **૧૫**–નક્ષત્રો **૩૦** મુહૂર્ત્તોથી ચંદ્રમા યોગ કરે છે. આ નક્ષત્રોનો યોગ જાણવો.

**૩૨૪.** ભગવન્ ! આ **૨૮**–નક્ષત્રોમાં અભિજિત નક્ષત્ર કેટલા અહોરાત્રમાં સૂર્ય સાથે યોગ કરે છે ?

ગૌતમ! ચાર અહોરાત્ર અને છ મુહૂર્ત્તોથી સૂર્યની સાથે યોગ કરે છે. એ રીતે આ ગાથાઓ જાણવી –

**૩૨૫.** અભિજિત નક્ષત્ર ચાર અહોરાત્ર અને છ મુહૂર્ત્તથી સૂર્યની સાથે જાય છે. હવે બાકીના કહે છે –

**૩૨૬.** શતભિષા, ભરણી, આર્દ્રા, આશ્લેષા, સ્વાતિ અને જ્યેષ્ઠા નક્ષત્રોનો સૂર્યની સાથે **૬**–અહોરાત્ર અને **૨૧**–મુહૂર્ત્તો સુધી યોગ રહે છે, તેમ જાણ.

**૩૨૭.** ત્રણે ઉત્તરા, પુનર્વસુ, રોહિણી અને વિશાખા નક્ષત્રો સૂર્ય સાથે **૨૦**–અહોરાત્ર અને **૩**–મુહૂર્ત્ત રહે છે.

**૩૨૮.** બાકીના **૧૫**–નક્ષત્રો સૂર્યની સાથે **૧૨**–મુહૂર્ત્ત અને **૧૩**–અહોરાત્ર સાથે રહે છે.

## સૂત્ર–૩૨૯ થી ૩૩૧

**૩૨૯.** ભગવન્ ! કેટલા કુલ, કેટલા ઉપકુલ અને કેટલા કુલોપકુલ કહેલા છે ?

ગૌતમ ! બાર કુલ, બાર ઉપકુલ, ચાર કુલોપકુલ કહ્યા છે.

બાર કુલો, તે આ પ્રમાણે – ધનિષ્ઠાકુલ, ઉત્તરાભાદ્રપદ કુલ, અશ્વિની કુલ, કૃત્તિકાકુલ, મૃગશીર્ષકુલ, પુષ્યકુલ, મઘાકુલ, ઉત્તરાફાલ્ગુનીકુલ, ચિત્રાકુલ, વિશાખાકુલ, મૂલકુલ, ઉત્તરાષાઢાકુલ.

**૩૩૦.** માસના નામ પરિણામવાળા કુલ હોય છે, કુલોની નીચે હોય તે ઉપકુલ છે. કુલ અને ઉપકુલની નીચે હોય તે કુલોપકુલ છે. તે અભિજિતાદિ ચાર આગળ કહેલ છે.

**૩૩૧.** ઉપકુલો બાર છે, તે આ પ્રમાણે છે –

શ્રવણ ઉપકુલ, પૂર્વાભાદ્રપદા ઉપકુલ, રેવતી ઉપકુલ, ભરણી ઉપકુલ, રોહિણી ઉપકુલ, પુનર્વસુ ઉપકુલ, આશ્લેષા ઉપકુલ, પૂર્વાફાલ્ગુની ઉપકુલ, હસ્ત ઉપકુલ, સ્વાતિ ઉપકુલ, જ્યેષ્ઠા ઉપકુલ, પૂર્વાષાઢા ઉપકુલ.

***ચાર કુલોપકુલ કહેલા છે, તે આ પ્રમાણે –

અભિજિત કુલોપકુલ, શતભિષજ કુલોપકુલ, આર્દ્રા કુલોપકુલ, અનુરાધા કુલોપકુલ.

***ભગવન્ ! કેટલી પૂર્ણિમા અને કેટલી અમાસો કહેલી છે?

ગૌતમ! બાર પૂર્ણિમા અને બાર અમાસો કહેલી છે, તે આ રીતે – શ્રાવણી, ભાદ્રપદી, આસોજી, કાર્તિકી, માર્ગશીર્ષા, પૌષી, માઘી, ફાલ્ગુની, ચૈત્રી, વૈશાખી, જ્યેષ્ઠામૂલી, આષાઢી.

ભગવન્ ! શ્રાવણી પૂર્ણિમાની સાથે કેટલા નક્ષત્રો યોગ કરે છે ?

ગૌતમ ! શ્રાવણી પૂર્ણિમા સાથે અભિજિત, શ્રવણ, ઘનિષ્ઠા એ ત્રણ નક્ષત્રોનો યોગ થાય છે.

ભગવન્ ! ભાદ્રપદી પૂર્ણિમા સાથે કેટલા નક્ષત્ર યોગ કરે છે ?

ગૌતમ ! ત્રણ નક્ષત્ર યોગ કરે છે, તે આ પ્રમાણે – શતભિષજ, પૂર્વાભાદ્રપદા, ઉત્તરાભાદ્રપદા.

ભગવન્ ! આસોજી પૂર્ણિમાને કેટલા નક્ષત્રો યોગ કરે છે?

ગૌતમ ! આસોજી પૂર્ણિમા બે નક્ષત્રો યોગ કરે છે, તે આ પ્રમાણે – રેવતી, અશ્વિની.

કાર્તિક પૂર્ણિમાનો બે નક્ષત્રનો યોગ કરે છે – ભરણી, કૃતિકા.

મૃગશીર્ષ પૂર્ણિમાનો બે નક્ષત્રનો યોગ કરે – રોહિણી, મૃગશીર્ષ.

પોષી પૂર્ણિમાનો ત્રણ નક્ષત્રોનો યોગ કરે છે – આર્દ્રા, પુનર્વસુ અને પુષ્ય. અહીં ત્રણ નક્ષત્રો છે..

માઘી પૂર્ણિમાનો બે નક્ષત્રોનો યોગ કરે –પૂર્વા ફાલ્ગુની, ઉત્તરા ફાલ્ગુની.

ચૈત્રી પૂર્ણિમાનો બે નક્ષત્રોનો યોગ કરે – હસ્ત, ચિત્રા.

વૈશાખી પૂર્ણિમાનો બે નક્ષત્રો યોગ કરે – સ્વાતિ, વિશાખા.

જયેષ્ઠામૂલી પૂર્ણિમાનો ત્રણ નક્ષત્રો યોગ કરે છે – અનુરાધા, જયેષ્ઠા અને મૂલ. અહીં ત્રણ નક્ષત્રો છે..

આષાઢીનો બે નક્ષત્રો યોગ કરે – પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા.

ભગવન્ ! શ્રાવણીપૂર્ણિમાની સાથે શું કુલ નક્ષત્રોનો યોગ થાય છે, ઉપકુલનો થાય કે કુલોપકુલ નક્ષત્રનો ?

ગૌતમ ! કુલ નક્ષત્ર પણ યોગ કરે, ઉપકુલ નક્ષત્ર પણ યોગ કરે છે, કુલોપકુલ નક્ષત્ર પણ યોગ કરે છે.

– કુલનો યોગ કરતા ધનિષ્ઠા નક્ષત્ર યોગ કરે છે.

– ઉપકુલનો યોગ કરતા શ્રવણ નક્ષત્ર યોગ કરે છે.

– કુલોપકુલનો યોગ કરતા અભિજિત નક્ષત્ર યોગ કરે છે.

શ્રાવિષ્ઠી પૂર્ણિમા સાથે કુલ પણ યોગ કરે છે યાવત્ કુલોપકુલ પણ યોગ કરે છે. કુલ વડે યોગ પામી કે ઉપકુલ વડે યોગ પામી કે કુલોપકુલ વડે યોગ પામી શ્રાવણી પૂર્ણિમા યુક્ત કહેવાય છે.

ભગવન્ ! ભાદરવી પૂર્ણિમાને શું કુલ નક્ષત્ર યોગ કરે છે, ઈત્યાદિ પ્રશ્ન૦ ગૌતમ ! કુલ કે ઉપકુલ કે કુલોપકુલ યોગ કરે છે.

કુલનો યોગ કરતા ઉત્તરાભાદ્રપદ, ઉપકુલનો યોગ કરતા પૂર્વાભાદ્રપદ, કુલોપકુલનો યોગ કરતા શતભિષજ નક્ષત્ર યોગ કરે છે.

ભાદરવી પૂર્ણિમા કુલ વડે યાવત્ કુલોપકુલ નક્ષત્ર વડે યોગ કરે છે, કુલ વડે યાવત્ કુલોપકુલ વડે યોગ પામી ભાદરવી પૂર્ણિમા યુક્ત થયેલ છે, તેમ કહેવાય છે.

ભગવન્ ! આસોજી પૂર્ણિમાની પૃચ્છા.

ગૌતમ ! કુલ નક્ષત્ર યોગ કરે છે, ઉપકુલ પણ યોગ કરે છે, પરંતુ કુલોપકુલ નક્ષત્રો યોગ કરતા નથી.

કુલ વડે યોગ કરતા અશ્વિની નક્ષત્ર યોગ કરે છે, ઉપકુલનો યોગ કરતા રેવતી નક્ષત્ર યોગ કરે છે.

આસોજી પૂર્ણિમા સાથે કુલનો યોગ થાય છે, ઉપકુલનો યોગ થાય છે, એ રીતે આસોજી પૂર્ણિમા કુલ વડે યુક્ત કે ઉપકુલ વડે યુક્ત એવી યોગ કરેલી કહેવાય છે.

ભગવન્ ! કાર્તિકી પૂર્ણિમા શું કુલ નક્ષત્ર યોગ કરે છે, ઉપકુલ પણ યોગ કરે છે ઈત્યાદિ પૃચ્છા.

ગૌતમ ! કુલ વડે યુક્ત થાય, ઉપકુલ વડે યુક્ત થાય, પણ કુલોપકુલ વડે યુક્ત થતી નથી.

કુલનો યોગ કરતા કૃતિકા નક્ષત્રનો યોગ કરે છે, ઉપકુલમાં ભરણી નક્ષત્રનો યોગ કરે છે યાવત્ તે યુક્ત કહેવાય છે.

મૃગશીર્ષી પૂર્ણિમા, ભગવન્ ! શું કુલનો કુલ નક્ષત્ર યોગ કરે છે, ઉપકુલ પણ યોગ કરે છે ઈત્યાદિ પૃચ્છા.

પૂર્વવત્ બે યોગ કરે છે, કુલોપકુલનો કરતી નથી.

કુલનો યોગ કરતા મૃગશીર્ષ નક્ષત્રનો યોગ કરે છે, ઉપકુલના યોગમાં રોહિણી નક્ષત્રનો યોગ કરે છે.

એ પ્રમાણે મૃગશીર્ષી પૂર્ણિમા યાવત્ કહેવાય છે.

એ પ્રમાણે બાકીની પૂર્ણિમાઓ પણ યાવત્ આષાઢી પૂર્ણિમા સુધી પ્રશ્નોત્તર–વર્ણન. સમજી લેવું.

વિશેષ એ કે –

પૌષી અને જ્યેષ્ઠામૂલી પૂર્ણિમા કુલનો, ઉપકુલનો કે કુલોપકુલ નક્ષત્રનો યોગ કરે છે, બાકીની પૂર્ણિમામાં કુલનો કે ઉપકુલનો યોગ કરે છે, પણ કુલોપકુલનો યોગ ન કહેવો.

પૂર્ણિમાની માફક હવે સૂત્રકાર અમાસનું કથન કરે છે..

***ભગવન્ ! શ્રાવણી અમાવાસ્યા કેટલા નક્ષત્રનો યોગ કરે છે ?

ગૌતમ ! બે નક્ષત્રનો યોગ કરે છે, તે આ પ્રમાણે – આશ્લેષા નક્ષત્ર અને મઘા નક્ષત્રનો.

ભગવન્ ! પૌષી અમાવાસ્યા કેટલા નક્ષત્રનો યોગ કરે ?

ગૌતમ ! બેનો, પૂર્વાફાલ્ગુની, ઉત્તરાફાલ્ગુનીનો.

ભગવન્ ! આસોજી અમાવાસ્યા કેટલા નક્ષત્રનો યોગ કરે ?

ગૌતમ! બે નો, હસ્ત અને ચિત્રા.

એ પ્રમાણે – કાર્તિકી અમાવાસ્યા સ્વાતિ અને વિશાખાનો, મૃગશીર્ષી અમાવાસ્યા ત્રણનો – અનુરાધા, જ્યેષ્ઠા અને મૂલનો.

પોષી અમાવાસ્યા બેનો – પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા. માઘી અમાસ ત્રણનો – અભિજિત, શ્રવણ અને ધનિષ્ઠા. ફાલ્ગુન અમાવાસ્યા ત્રણનો – શતભિષા, પૂર્વાભાદ્રપદા અને ઉત્તરાભાદ્રપદા. ચૈત્રી અમાવાસ્યા બેનો – રેવતી અને અશ્વિની. વૈશાખી અમાવાસ્યા બેનો – ભરણી અને કૃતિકા, જ્યેષ્ઠામૂલી અમાવાસ્યા બેનો – રોહિણી અને મૃગશીર્ષ. આષાઢી અમાસ ત્રણનો – આર્દ્રા, પુનર્વસુ અને પુષ્ય.

ભગવન્ ! શ્રાવણી અમાવાસ્યા શું કુલનો યોગ કરે, ઉપકુલનો યોગ કરે કે કુલોપકુલનો યોગ કરે છે?

ગૌતમ ! કુલનો યોગ કરે છે, ઉપકુલનો યોગ કરે, કુલોપકુલ નક્ષત્રનો યોગ કરતી નથી.

કુલનો યોગ કરતા મઘા નક્ષત્રનો યોગ કરે છે, ઉપકુલનો યોગ કરતા આશ્લેષા નક્ષત્રનો યોગ કરે છે.

શ્રાવણી અમાવાસ્યા કુલનો યોગ કરે કે ઉપકુલનો યોગ કરે ત્યારે કુલોપકુલ શ્રાવણી અમાવાસ્યા કે ઉપકુલો–પયુક્ત શ્રાવણી અમાવાસ્યા કહેવાય છે.

***ભગવન્ ! ભાદરવી અમાવાસ્યા પૂર્વવત્ બેનો યોગ કરે છે. કુલનો યોગ કરે છે. ઉપકુલનો યોગ કરે છે.

કુલનો યોગ કરતા ઉત્તરાફાલ્ગુની નક્ષત્રનો યોગ કરે છે અને ઉપકુલનો યોગ કરતા પૂર્વાફાલ્ગુની નક્ષત્રનો યોગ કરે છે.

ભાદરવી અમાવાસ્યા ત્યારે કુલોપયુક્ત કે ઉપકુલથી ઉપયુક્ત યાવત્ કહેવાય છે.

***માર્ગશીર્ષી અમાવાસ્યા તે પ્રમાણે જ કુલના યોગમાં મૂલ નક્ષત્રથી યોગ કરે છે, ઉપકુલના યોગમાં જ્યેષ્ઠા નક્ષત્રનો યોગ કરે છે, કુલોપકુલમાં૦ અનુરાધાનો યોગ કરે છે યાવત્ તે કુલોપયુક્ત ઇત્યાદિ કહેવાય છે.

એ પ્રમાણે માઘી, ફાલ્ગુની અને આષાઢી કુલને, ઉપકુલને અને કુલોપકુલને યોગ કરે છે.

બાકીની અમાવાસ્યા કુલનો કે ઉપકુલનો યોગ કરે છે.

ભગવન્ ! જ્યારે શ્રવણનક્ષત્ર યુક્ત પૂર્ણિમા હોય ત્યારે પૂર્વવર્તી અમાસ શું મઘાયુક્ત હોય ?

ભગવન્ ! જ્યારે મઘાનક્ષત્ર યુક્ત પૂર્ણિમા હોય ત્યારે શું શ્રવણનક્ષત્ર યુક્ત અમાસ પૂર્વે હોય ?

હા, ગૌતમ ! તેમજ કહેવું.

ભગવન્ ! જ્યારે પ્રૌષ્ઠપદી પૂર્ણિમા હોય ત્યારે પૂર્વીની અમાવાસ્યા ફાલ્ગુની યુક્ત હોય? અને જ્યારે ફાલ્ગુની પૂર્ણિમા હોય ત્યારે પૂર્વે પ્રૌષ્ઠપદી અમાસ હોય?

હા, ગૌતમ! તેમજ હોય.

એ પ્રમાણે આ આલાવાથી આ પૂર્ણિમા અને અમાવાસ્યા જાણવી – અશ્વિની નક્ષત્રયુક્ત પૂર્ણિમા, ચિત્રાનક્ષત્ર યુક્ત અમાવાસ્યા. કૃતિકા યુક્ત પૂર્ણિમા, વિશાખા યુક્ત અમાવાસ્યા. મૃગશીર યુક્ત પૂર્ણિમા, જયેષ્ઠાયુક્ત અમાવાસ્યા. પુષ્ય નક્ષત્રયુક્ત પૂર્ણિમા, પૂર્વાષાઢા નક્ષત્રયુક્ત અમાવાસ્યા.

## સૂત્ર–૩૩૨, ૩૩૩

**૩૩૨.** ભગવન્ ! વર્ષાકાળનો પહેલો મહિનો કેટલા નક્ષત્ર સમાપ્ત કરે છે? ગૌતમ! ચાર નક્ષત્રો પરિસમાપ્ત કરે છે, તે આ પ્રમાણે – ઉત્તરાષાઢા, અભિજિત, શ્રવણ, ઘનિષ્ઠા.

ઉત્તરાષાઢા નક્ષત્ર શ્રાવણ માસના **૧૪** અહોરાત્રને સમાપ્ત કરે છે, અભિજિત સાત અહોરાત્રને, શ્રવણ આઠ અહોરાત્રને, ઘનિષ્ઠા એક અહોરાત્રને પરિસમાપ્ત કરે છે.

તે માસમાં સૂર્ય ચાર અંગુલ પૌરિસી છાયાથી પરિભ્રમણ કરે છે, તે માસના છેલ્લા દિવસે બે પાદ અને ચાર અંગુલ પુરુષ છાયા પ્રમાણ પોરિસી થાય છે.

***ભગવન્ ! વર્ષાકાળના બીજા માસને કેટલા નક્ષત્રો સમાપ્ત કરે છે ? ગૌતમ ! ચાર – ઘનિષ્ઠા, શતભિષજા, પૂર્વા ભાદ્રપદ અને ઉત્તરાભાદ્રપદ પરિસમાપ્ત કરે છે.

ઘનિષ્ઠા નક્ષત્ર ચૌદ અહોરાત્ર સમાપ્ત કરે છે, શતભિષજા સાત અહોરાત્ર, પૂર્વાભાદ્રપદ આઠ અહોરાત્ર અને ઉત્તરાભાદ્રપદ એક અહોરાત્રને પરિસમાપ્ત કરે છે.

તે માસમાં આઠ અંગુલ પોરિસી છાયાથી સૂર્ય પરિભ્રમણ કરે છે, તે માસના છેલ્લા દિવસે બે પાદ અને આઠ અંગુલ પુરુષછાયા પ્રમાણ પોરિસી હોય છે.

***ભગવન્ ! વર્ષાકાળનો ત્રીજો મહિનો કેટલા નક્ષત્ર સમાપ્ત કરે છે ? ગૌતમ! ત્રણ નક્ષત્રો પરિસમાપ્ત કરે – ઉત્તરા ભાદ્રપદ, રેવતી અને અશ્વિની.

ઉત્તરાભાદ્રપદ ચૌદ અહોરાત્રથી, રેવતી પંદર અહોરાત્રથી, અશ્વિની એક અહોરાત્રથી સમાપ્ત કરે છે.

તે માસમાં બાર અંગુલ પોરિસી છાયાથી સૂર્ય પરિભ્રમણ કરે છે. તે માસના છેલ્લા દિવસે રેખા સ્થાયી ત્રણ પદ પોરિસી થાય.

***ભગવન્ ! વર્ષાકાળનો ચોથો માસ કેટલા નક્ષત્રો સમાપ્ત કરે? ગૌતમ! ત્રણ – અશ્વિની, ભરણી, કૃતિકા.

અશ્વિની ચૌદ, ભરણી પંદર અને કૃતિકા એક અહોરાત્ર વડે તેને પરિસમાપ્ત કરે છે.

તે માસમાં **૧૬**–અંગુલ પોરિસી છાયાથી સૂર્ય પરિભ્રમણ કરે છે. તે માસના છેલ્લા દિવસે ત્રણ પાદ, ચાર અંગુલ પોરિસી થાય.

***ભગવન્ ! હેમંતના પહેલા માસને કેટલા નક્ષત્રો સમાપ્ત કરે? ગૌતમ! ત્રણ – કૃતિકા, રોહિણી, મૃગશીર્ષ.

કૃતિકા ચૌદ, રોહિણી પંદર અને મૃગશીર્ષ એક અહોરાત્ર વડે તેને પરિસમાપ્ત કરે છે.

તે માસમાં **૨૦**–અંગુલ પોરિસી છાયાથી સૂર્ય પરિભ્રમણ કરે છે. તે માસનો જે છેલ્લો દિવસ, તે દિવસના ત્રણ પાદ અને આઠ અંગુલ પોરિસી છાયા પ્રમાણ હોય છે.

***ભગવન્ ! હેમંતનો બીજો માસ કેટલા નક્ષત્રો સમાપ્ત કરે છે ? ગૌતમ ! ચરા નક્ષત્રો–મૃગશીર્ષ, આર્દ્રા, પુનર્વસુ અને પુષ્ય.

મૃગશીર્ષ ચૌદ અહોરાત્રથી સમાપ્ત કરે છે, આર્દ્રા આઠથી, પુનર્વસુ સાતથી અને પુષ્ય એક અહોરાત્રથી કરે.

ત્યારે ૨૪–અંગુલ પોરિસી છાયાથી સૂર્ય પરિભ્રમણ કરે છે. તે માસનો જે છેલ્લો દિવસ, તે દિવસમાં રેખા સ્થાયીચાર પાદ પુરુષછાયા પ્રમાણ પોરિસી હોય.

***ભગવન્ ! હેમંતના ત્રીજા માસને કેટલા નક્ષત્ર સમાપ્ત કરે છે ? ગૌતમ ! ત્રણ – પુષ્ય, આશ્લેષા, મઘા.

પુષ્ય ચૌદ અહોરાત્રથી, આશ્લેષા પંદર અને મઘા એક અહોરાત્ર વડે તેને પરિસમાપ્ત કરે છે.

ત્યારે ૨૦–અંગુલ પોરિસી છાયાથી સૂર્ય પરિભ્રમણ કરે છે, તે માસનો જે ચરમદિવસ, તે દિવસમાં ત્રણ પાદ અને આઠ અંગુલ પુરુષ છાયા પોરિસી થાય.

***ભગવન્ ! હેમંતના ચોથા માસને કેટલા નક્ષત્રો સમાપ્ત કરે છે? ગૌતમ! ત્રણ નક્ષત્રો – મઘા, પૂર્વાફાલ્ગુની, ઉત્તરા ફાલ્ગુની.

મઘા ચૌદ અહોરાત્રથી, પૂર્વાફાલ્ગુની પંદર અહોરાત્રથી, ઉત્તરા ફાલ્ગુની એક અહોરાત્રથી સમાપ્ત કરે.

ત્યારે ૧૬–અંગુલ પોરિસી છાયાથી સૂર્ય પરિભ્રમણ કરે છે, તે માસનો જે છેલ્લો દિવસ, તે દિવસમાં ત્રણ પાદ અને ચાર અંગુલ પ્રમાણની પોરિસી હોય.

***ભગવન્ ! ગ્રીષ્મના પહેલા માસને કેટલા નક્ષત્રો સમાપ્ત કરે છે? ગૌતમ! ત્રણ નક્ષત્રો – ઉત્તરા ફાલ્ગુની, હસ્ત, ચિત્રા.

ઉત્તરા ફાલ્ગુની ચૌદ અહોરાત્રથી, હસ્ત પંદર, ચિત્રા એક અહોરાત્રથી તેને પરિસમાપ્ત કરે છે.

ત્યારે બાર અંગુલ પોરિસી છાયાથી સૂર્ય પરિભ્રમણ કરે છે. તે માસનો જે તે છેલ્લો દિવસ, તે દિવસે ત્રણ પાદ પુરુષ છાયા પ્રમાણ પોરિસી હોય છે.

***ભગવન્ ! ગ્રીષ્મના બીજા માસને કેટલા નક્ષત્રો પરિસમાપ્ત કરે છે ?

ગૌતમ! ત્રણ નક્ષત્રો – ચિત્રા, સ્વાતિ, વિશાખા સમાપ્ત કરે.

ચિત્રા ચૌદ અહોરાત્રને, સ્વાતિ પંદર અહોરાત્રને, વિશાખા એક અહોરાત્રને પરિસમાપ્ત કરે છે.

ત્યારે આઠ અંગુલ પોરિસી છાયાથી સૂર્ય પરિભ્રમણ કરે છે. તે માસનો જે છેલ્લો દિવસ, તે દિવસમાં બે પાદ અને આઠ અંગુલ પુરુષ છાયા પ્રમાણ પોરિસી હોય છે.

***ભગવન્ ! ગ્રીષ્મના ત્રીજા માસને કેટલા નક્ષત્રો પરિસમાપ્ત કરે છે ?

ગૌતમ ! ચાર નક્ષત્રો પરિસમાપ્ત કરે છે, તે આ પ્રમાણે – વિશાખા, અનુરાધા, જ્યેષ્ઠા અને મૂલ.

અનુરાધા આઠ અહોરાત્રથી, જ્યેષ્ઠા સાત અહોરાત્રથી, મૂલ એક અહોરાત્રથી અને વિશાખા ચૌદ અહોરાત્રથી સમાપ્ત કરે.

ત્યારે ચાર અંગુલ પોરિસી છાયાથી સૂર્ય પરિભ્રમણ કરે છે. તે મહિનાનો જે છેલ્લો દિવસ, તે દિવસમાં બે પાદ અને ચાર અંગુલ પુરુષ છાયા પ્રમાણ પોરિસી થાય.

***ભગવન્ ! ગ્રીષ્મના ચોથા મહિનાને કેટલા નક્ષત્રો પરિસમાપ્ત કરે છે ?

ગૌતમ! ત્રણ નક્ષત્રો – મૂલ, પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા.

મૂલ નક્ષત્ર ચૌદ અહોરાત્રથી, પૂર્વાષાઢા પંદર અહોરાત્રથી, ઉત્તરાષાઢા એક અહોરાત્રથી પરિસમાપ્ત કરે.

ત્યારે વૃત્ત, સમચતુરસ્ર સંસ્થાન સંસ્થિત, ન્યગ્રોધ પરિમંડલ, સકાય–અનુરંજિતા છાયા વડે સૂર્ય પરિભ્રમણ કરે છે.

તે માસનો જે છેલ્લો દિવસ તે દિવસમાં બે પાદ પુરુષ છાયા પ્રમાણ પોરિસી હોય છે.

આ પૂર્વવર્ણિત પદોની આ સંગ્રહણી ગાથા છે –

**૩૩૩.** યોગ, દેવતા, તારાગ્ર, ગોત્ર, સંસ્થાન, ચંદ–સૂર્ય, યોગ, કુલ, પૂર્ણિમા, અમાવાસ્યા, પરિસમાપ્તિ, છાયા.

## સૂત્ર–૩૩૪ થી ૩૩૯

**૩૩૪.** દ્વાર – **૧.** અધસ્તન પ્રદેશવર્તી, **૨.** ચંદ્ર પરિવાર, **૩.** મેરુથી અબાધા, **૪.** લોકાંતથી અંતર, **૫.** ભૂતલથી અબાધા, **૬.** અંદર, બહાર અને ઉર્ધ્વમુખ ચાલે છે ?

**૩૩૫.** દ્વાર –**૭.** સંસ્થાન, **૮.** પ્રમાણ, **૯.** વહન કરનાર દેવ, **૧૦.** શીઘ્ર ગતિ આદિ, **૧૧.** ઋદ્ધિમાનપણું, **૧૨.** તારાનું અંતર, **૧૩.** અગ્રમહિષી, **૧૪.** ત્રુટિત અને સામર્થ્ય, **૧૫.** સ્થિતિ, **૧૬.** અલ્પબહુત્વ.

**૩૩૬.** ભગવન્ ! ચંદ્ર–સૂર્યના અધસ્તન પ્રદેશવર્તી તારા–વિમાનો ના દેવોમાં ન્યૂન, તુલ્ય, સમ છે ? ઉપરિતન પ્રદેશવર્તી તારા–વિમાનો ના દેવોમાં ન્યૂન છે, તુલ્ય છે કે સમાન છે? હા, ગૌતમ ! તે પ્રમાણે જ કહેવું.

**૩૩૭.** ભગવન્ ! કયા કારણે એમ કહેવાય છે કે – "તેમ છે."

ગૌતમ ! જે–જે રીતે તે દેવોના તપ–નિયમ–બ્રહ્મચર્ય ઉચ્ચ કે અનુચ્ચ હોય છે, તે–તે રીતે, તે દેવોને એ પ્રમાણે કહેવા.

તે આ પ્રમાણે – હીનતા હોય કે તુલ્યતા હોય.

જે–જે રીતે તે દેવોના તપ, નિયમ, બ્રહ્મચર્ય ઉચ્ચાદિ ન હોય, તે–તે રીતે, તે દેવોને એ પ્રમાણે ન કહેવા.

તે આ પ્રમાણે – હીનતા હોય કે તુલ્યતા હોય.

**૩૩૮.** ભગવન્ ! એક એક ચંદ્રના કેટલો મહાગ્રહ પરિવાર છે ? કેટલો નક્ષત્ર પરિવાર છે ? કેટલા કોડાકોડી તારાગણ છે ?

ગૌતમ ! ૮૮–મહાગ્રહ પરિવાર છે, **૨૮**–નક્ષત્ર પરિવાર છે અને **૬૬,૯૭૫** કોડાકોડી તારાગણ કહેલો છે.

**૩૩૯.** ભગવન્ ! મેરુ પર્વતથી કેટલા અંતરે જ્યોતિષ્ક દેવ ચાર ચરે છે ? ગતિ કરે છે ?.

ગૌતમ ! **૧૧૨૧** યોજનના અંતરે ચાર ચરે છે.

ભગવન્ ! લોકાંતથી કેટલે અંતરે જ્યોતિષ્ક કહેલાં છે ?

ગૌતમ ! **૧૧૧૧** યોજનના અંતરે જ્યોતિષ્ક છે.

ભગવન્ ! ભૂમિતલથી જ્યોતિષ્ચક્ર કેટલે ઊંચે ગતિ કરે છે ?

ગૌતમ ! **૭૯૦** યોજન ઊંચે ગતિ કરે છે.

એ પ્રમાણે સૂર્યવિમાન ભૂમિતલથી ૮૦૦ યોજન ઊંચે, ચંદ્રવિમાન ૮૦ યોજન ઊંચે, ઉપરના તારા વિમાન ૯૦૦ યોજન ઊંચાઈથી ચાર ચરે – ગતિ કરે છે.

ભગવન્ ! જ્યોતિષ્કના નીચેના તલથી સૂર્યવિમાન કેટલી ઊંચાઈએ ગતિ કરે છે ?

ગૌતમ ! દશ યોજનના અંતરે ઊંચે ગતિ કરે છે.

એ પ્રમાણે ચંદ્રવિમાન ૯૦ યોજનના અંતરે ઊંચે ગતિ કરે છે,

ઉપરનું તારાવિમાન **૧૧૦** યોજનના અંતરે ઊંચે ગતિ કરે.

સૂર્યના વિમાનથી ચંદ્રનું વિમાન ૮૦ યોજનના અંતરે ઊંચે ગતિ કરે છે.

સૂર્યના વિમાનથી **૧૦૦** યોજન ઉપર તારા વિમાન ગતિ કરે છે અને ચંદ્રના વિમાનથી **૨૦** યોજન ઉપર તારા

વિમાન ચાર ચરે છે અર્થાત્ ગતિ કરે છે.

**સૂત્ર–૩૪૦, ૩૪૩**

**૩૪૦.** જંબૂદ્વીપ દ્વીપમાં **૨૮**–નક્ષત્રોમાં કેટલા નક્ષત્રો સર્વ અભ્યંતર મંડલમાં ચાર ચરે છે ? કેટલાં નક્ષત્રો સર્વ બાહ્ય મંડલમાં ચાર ચરે છે ? કેટલાં નક્ષત્રો સૌથી નીચે ચાર ચરે છે ? કેટલાં નક્ષત્રો સૌથી ઉપર ચાર ચરે છે ?

ગૌતમ! અભિજિત નક્ષત્ર સર્વાભ્યંતર મંડલમાં ચાર ચરે છે, મૂલ નક્ષત્ર સર્વબાહ્ય મંડલમાં ચાર ચરે છે, ભરણી નક્ષત્ર સૌથી નીચે અને સ્વાતિ નક્ષત્ર સૌથી ઉપર ચાર ચરે છે.

ભગવન્ ! ચંદ્રવિમાન કયા આકારે કહેલ છે ?

ગૌતમ ! અર્ધ કપિષ્ઠ સંસ્થાને રહેલ, સર્વ સ્ફટિકમય, અભ્યુદ્ગત ઊંચું, એ પ્રમાણે બધું જાણવું.

ભગવન્ ! ચંદ્ર વિમાનની લંબાઈ–પહોળાઈ કેટલી છે ? અને તેનું બાહલ્ય–ઊંચાઈ કેટલી છે ?

**૩૪૧.** ગૌતમ ! ચંદ્રમંડલ **૫૬** ભાગથી વિસ્તીર્ણ અને **૨૮** ભાગથી બાહલ્ય–ઊંચું છે, તેમ જાણવું.

**૩૪૨.** સૂર્યમંડલ ૪૮ ભાગ વિસ્તીર્ણ હોય છે અને નિશ્ચે **૨૪**–ભાગ તેનું બાહલ્ય–ઊંચાઈ જાણવી.

**૩૪૩.** ગ્રહોની પહોળાઈ બે કોશ અને નક્ષત્રોની **૧**–કોશ હોય છે. તારાની અર્ધ કોશ હોય. ગ્રહાદિનું બાહલ્ય–ઊંચાઈ તેના–તેનાથી અડધી હોય છે.

**સૂત્ર–૩૪૪ થી ૩૪૭**

**૩૪૪.** ભગવન્ ! ચંદ્ર વિમાનને કેટલા હજાર દેવો વહન કરે છે ?

ચંદ્ર વિમાનને પૂર્વમાં શ્વેત, સુભગ, સુપ્રભ, શંખતલ–વિમલ–નિર્મલ, ઘન દહીં, ગાયના દૂધના ફીણ, રજતના સમૂહની જેમ પ્રકાશક, સ્થિર, લષ્ટ, પ્રકોષ્ઠ, વૃત્ત, પીવર, સુશ્લિષ્ટ, વિશિષ્ટ, તીક્ષ્ણ દાઢાથી વિડંબિત મુખવાળા, રક્ત ઉત્પલ–મૃદુ–સુકુમાલ તાળવું અને જીભવાળા, મધુગુલિક સમાન પીંગલાક્ષ, પીવર–શ્રેષ્ઠ–ઉરુ–પ્રતિપૂર્ણ વિપુલ સ્કંધવાળા, મૃદુ–વિશદ–સૂક્ષ્મ લક્ષણ–પ્રશસ્ત શ્રેષ્ઠ વર્ણી કેસરાથી ઉપશોભિત તથા. –

ઉચ્છ્રિત–સુનમિત–સુજાત–આસ્ફોટિત પૂંછડાવાળા, વજ્રમય નખયુક્ત, વજ્રમય દાઢાવાળા, વજ્રમય દાંતાવાળા, તપનીય તાલુવાળા, તપનીય ચોકત્રક સાથે સુયોજિત, કામગમ–પ્રીતિગમ–મનોગમ–મનોરમ, અમિતગતિ, અમિત બળ–વીર્ય –પુરુષાકાર પરાક્રમ યુક્ત, મહત્ આસ્ફોટિત સિંહનાદ બોલના કલકલ રવથી, મધુર, મનહર શબ્દોથી આકાશ દિશાને પુરતા, શોભિત કરતા. **૪૦૦૦ સિંહરૂપ ધારી દેવો પૂર્વની બાહાનું વહન કરે છે.**

ચંદ્ર વિમાનને દક્ષિણમાં શ્વેત, સુભગ, સુપ્રમાણ, શંખતલ વિમલ નિર્મલ–ઘન–દહીં–ગાયના દૂધના ફીણ–રજત સમૂહવત્ પ્રકાશના, વજ્રમય કુંભયુગલ–સુસ્થિત–પીવર–શ્રેષ્ઠ–વજ્ર સોંડવર્તિત–દીપ્ત–સુરક્ત પદ્મ પ્રકાશક, અભ્યુન્નત મુખ વાળા, તપનીય વિશાળ કર્ણ, ચંચળ–ચલંત–વિમલ–ઉજ્જવલ, મધુવર્ણ–સ્નિગ્ધ–પાતળા–નિર્મળ–ત્રિવર્ણ મણિરત્ન લોચનવાળા.

તથા. અભ્યુદ્ગત મૃદુ–મલ્લિકા–ધવલ સદશ સંસ્થિત, નિર્વ્રણ–દઢ–કૃત્સ્ન–સ્ફટિકમય–સુજાત દંતમૂશળ વડે ઉપશોભિત કંચન દોશી પ્રવિષ્ટ દંતાગ્ર, વિમલ મણિરત્ન રૂચિર પેરંત ચિત્ત રૂપક વિરાજિત, તપનીય–વિશાળ–તિલક પ્રમુખથી પરિમંડિત, વિવિધ મણિ–રત્ન ઉર્ધ્વ ગ્રૈવેયક બદ્ધ–ગળાના શ્રેષ્ઠ ભૂષણયુક્ત, વૈડૂર્ય–વિચિત્ર દંડ–નિર્મળ–વજ્રમય–તિક્ષ્ણ–લષ્ટ–અંકુશ–કુંભ યુગલ૦ તપનીય–સુબદ્ધ–કચ્છ–દર્પિત–બળોદ્ધર.

તથા વિમલ–ઘનમંડલ–વજ્રમય–લાલાલચિત૦ વિવિધ મણિ–રત્ન–ઘંટા–પાશક–રજતમય બદ્ધ–લંબિત ઘંટા યુગલના મધુર–મનહર સ્વરવાળા, આલીન પ્રમાણયુક્ત, વર્તિત–સુજાત–લક્ષણ, પ્રશસ્ત, રમણીય, વ્યાલક પૂંછવાળા, ઉપચિત–પ્રતિપૂર્ણ કુંભ ચરણ લઘુ વિક્રમ ગતિવાળા, અંકમય નખવાળા, તપનીય જીભવાળા, તપનીય તુલાવાળા, તપનીય ચોકત્રક થી સુયોજિત, કામગમ–પ્રીતિગમ મનોરમ, અમિત ગતિવાળા, અમિત બાળ–વીર્ય–

પુરુષાકાર પરાક્રમવાળા, મહત્ ગંભીર ગુલગુલાયિત મધુર–મનહર રવથી આકાશની દિશાને પૂરતાં, શોભિત કરતા – **૪૦૦૦ ગજરૂપધારી દેવો દક્ષિણની બાહાનું વહન કરે છે.**

ચંદ્રવિમાનની પશ્ચિમમાં શ્વેત, સુભગ, સુપ્રભાવાળા, ચલ–ચપળ–કકુદ શાલીન, ઘન–નિચિત–સુબદ્ધ લક્ષણ, ઉન્નત, કંઈક નમેલ હોઠવાળા, ચંક્રમિત–લલિત–પુલિત–ચલ–ચપલ ગર્વિત ગતિવાળા, સન્નત પાર્શ્વવાળા, સંગત પાર્શ્વવાળા, સુજાત પાર્શ્વવાળા, પીવર–વર્તિત–સુસંસ્થિત કટિવાળા, અવલંબ–પ્રલંબ–લક્ષણ–પ્રમાણયુક્ત રમણીય વ્યાલગંડવાળા.

તથા. સમખુર અને પૂંછવાળા, સમરેખિત તિક્ષ્ણાગ્ર સંગત શૃંગવાળા, તનુ–સૂક્ષ્મ–સુજાત–સ્નિગ્ધ રોમ–શરીર ધારણ કરનારા, ઉપચિત–માંસલ–વિશાલ–પ્રતિપૂર્ણ–સુંદર સ્કંધ પ્રદેશવાળા, વૈડૂર્યની શોભાથી યુક્ત, ભાસમાન કટાક્ષ–સુનિરિક્ષણવાળા, યુક્ત–પ્રમાણ–પ્રધાન લક્ષણ–પ્રશસ્ત–રમણીય ગર્ગરગલથી શોભિત, ઘરઘરક–સુશબ્દ બદ્ધ–પરિમંડિત કંઠવાળા.

વિવિધ મણિ–કનક–રત્ન–ઘંટિકાની શ્રેણીથી સારી રીતે શોભતા, શ્રેષ્ઠ ઘંટાની માળાથી ઉજ્જ્વલશ્રીના ધારક, પદ્મ–ઉત્પલ સકલ સુરભિમાળાથી વિભૂષિત, વજ્રમય ખુરવાળા, વિવિધ વિખુરયુક્ત, સ્ફટિકમય દાંતવાળા, તપનીય જીભ વાળા, તપનીય તાલુવાળા, તપનીય યોકત્રકથી સુયોજિત, કામગમ–પ્રીતિગમ–મનોગમ–મનોરમ–અમિતગતિ–અમિત બળ, વીર્ય, પુરુષાકાર પરાક્રમવાળા, મહાગર્જિત–ગંભીર–મધુર–મનહર રવ વડે આકાશ દિશાને પૂરતા અને શોભિત કરતા. ૪૦૦૦ વૃષભધારી દેવો પશ્ચિમી બાહાની વહે છે.

ચંદ્ર વિમાનને ઉત્તરમાં શ્વેત, સુભગ, સુપ્રભાવાળા તરમલ્લિહાયન વાળા, હરિમેલક–મલ્લિકાની કળી જેવી આંખો વાળા, ચંચરિત તીર્છી ચાલ કે પોપટની ચાંચની જેમ વક્રતાની સાથે પોતાના પગનું ઉર્ધ્વીકરણ, લલિત ગતિ, પુલિતગતિ, વાયુતુલ્ય અતીવ ચપળ ગતિયુક્ત.

તથા. લંઘન, વલ્ગન, ઉછળવું, શીઘ્રતાથી સીધું દોડવું, ચતુરાઈથી દોડવું, ત્રિપદી–જયિની–વિજયશીલ–વેગવતી આ ગતિક્રમોમાં સુશિક્ષિત, અભ્યસ્ત, ગળામાં સ્થાપિત હાલતા એવા રમ્ય, ઉત્તમ આભૂષણોથી યુક્ત, નીચેની તરફ સમ્યક્‌પણે નમેલ દેહના પાર્શ્વભાગોથી યુક્ત, દેહને અનુરૂપ પ્રમાણ યુક્ત પાર્શ્વ ભાગવાળા, સહજપણે સુનિષ્પન્ન પાર્શ્વ ભાગ યુક્ત, પરિપુષ્ટ, ગોળ, સુંદર સંસ્થાનમય કમર યુક્ત.

તથા લાંબા, ઉત્તમ, લક્ષણમય, સમુચિત પ્રમાણોપેત, રમણીય ચામરના બાલોથી યુક્ત, અત્યંત સૂક્ષ્મ, સુનિષ્પન્ન, સ્નિગ્ધ, મુલાયમ દેહના રોમવાળી ચામડીથી યુક્ત, મૃદુ, વિશદ ઉજ્જ્વલ, પરસ્પર અસંમિલિત, પૃથક્–પૃથક્ પરિદૃશ્યમાન, સૂક્ષ્મ, ઉત્તમ લક્ષણવાળા, વિસ્તીર્ણ સ્કંધ કશ શ્રેણીથી સુશોભિત, લલાટે ધારણ કરાયેલ દર્પણાકાર આભૂષણોથી યુક્ત.

તથા. મુખાભરણ, લટકતા ઝૂમખા, ચામર અને દર્પણાકારના વિશિષ્ટ આભૂષણોથી શોભિત, પરિમંડિત કટિ–યુક્ત, તપનીય ખુર, જિહ્વા અને તાલુયુક્ત, તપનીય દોરડા વડે સુયોજિત, ઈચ્છાનુરૂપ ગતિયુક્ત યાવત્ મનોરમ એવી અમિત ગતિવાળા, અમિત બલ–વીર્ય–પુરુષાકાર પરાક્રમવાળા, મહત આહત–હેસિતના કિલકિલાદિના મનહર રવ વડે આકાશ દિશાને પૂરતા અને શોભાવતા. **૪૦૦૦ અશ્વરૂપ ધારી દેવો ઉત્તરની બાહાને વહન કરે છે.**

**૩૪૫.** સોળ–સોળ હજાર દેવો ચંદ્ર અને સૂર્ય વિમાનનું, અને આઠ–આઠ હજાર દેવો એકૈક ગ્રહ વિમાનનું વહન કરે છે.

**૩૪૬.** ચાર–ચાર હજાર દેવો એક–એક નક્ષત્ર વિમાનનું અને બબ્બે હજાર દેવો એક–એક તારા વિમાનોનું વહન કરે છે.

**૩૪૭.** એ પ્રમાણે સૂર્યવિમાન યાવત્ તારારૂપ વિમાનોનું વર્ણન છે, માત્ર દેવની સંખ્યામાં અંતર છે.

સૂત્ર-૩૪૮ થી ૩૫૦

**૩૪૮.** ભગવન્ ! આ ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારારૂપમાં કોણ સર્વ શીઘ્રગતિ છે અને કોણ સર્વ શીઘ્રતર ગતિક છે ?

ગૌતમ ! ચંદ્ર કરતા સૂર્ય સર્વ શીઘ્રગતિ છે, સૂર્ય કરતા ગ્રહો શીઘ્રગતિ છે, ગ્રહો કરતા નક્ષત્રો શીઘ્રગતિ છે, નક્ષત્રો કરતા તારા શીઘ્રગતિ છે. તેમ જાણવું..

સર્વ અલ્પગતિ ચંદ્રો છે, સર્વ શીઘ્રગતિ તારા છે.

**૩૪૯.** ભગવન્ ! આ ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારામાં કોણ સર્વ મહર્દ્ધિક છે, કોણ સર્વ અલ્પઋદ્ધિક છે ?

ગૌતમ ! તારારૂપથી નક્ષત્રો મહર્દ્ધિક છે, નક્ષત્રો કરતા ગ્રહો મહર્દ્ધિક છે, ગ્રહો કરતા સૂર્ય મહર્દ્ધિક છે, સૂર્ય કરતા ચંદ્રો મહર્દ્ધિક છે, એ પ્રમાણે ક્રમશઃ મહર્દ્ધિકતા જાણવી..

સૌથી અલ્પર્દ્ધિક તારા છે, સર્વ મહર્દ્ધિક ચંદ્ર છે.

**૩૫૦.** ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં એક તારાથી બીજા તારા વચ્ચે કેટલું અબાધા અંતર કહેલ છે ?

ગૌતમ ! અંતર બે પ્રકારે છે – વ્યાઘાતિમ, નિર્વ્યાઘાતિમ.

બે તારા વચ્ચે નિર્વ્યાઘાતિમ અંતર જઘન્યથી **૫૦૦** ધનુષ છે અને ઉત્કૃષ્ટથી બે ગાઉ કહેલ છે.

બે તારા વચ્ચે વ્યાઘાતિમ અંતર જઘન્યથી **૨૬૬** યોજન અને ઉત્કૃષ્ટથી **૧૨,૨૪૨** યોજન કહેલ છે.

સૂત્ર-૩૫૧ થી ૩૫૫

**૩૫૧.** ભગવન્ ! જ્યોતિષેન્દ્ર જ્યોતિષરાજ ચંદ્રની કેટલી અગ્રમહિષીઓ કહેલી છે ?

ગૌતમ ! ચાર અગ્રમહિષીઓ કહેલી છે, તે આ પ્રમાણે – ચંદ્રપ્રભા, જ્યોત્સનાભા, અર્ચિમાલી, પ્રભંકરા.

તેમાં એક-એક અગ્રમહિષીનો ચાર-ચાર હજાર દેવીનો પરિવાર બતાવાયેલ છે. એક-એક અગ્રમહિષી બીજી હજાર દેવીની વિકુર્વણા કરવાને સમર્થ હોય છે. એ પ્રમાણે બધી મળીને **૧૬,૦૦૦** દેવી નિષ્પન્ન થાય છે તે આ ત્રુટિત ચંદ્રનું અંતઃપુર છે.

ભગવન્ ! જ્યોતિષેન્દ્ર જ્યોતિષરાજ ચંદ્ર ચંદ્રાવતંસક વિમાનમાં ચંદ્રા રાજધાનીમાં સુધર્માસભામાં ત્રુટિત-અંતઃપુર સાથે મહત આહતથી નૃત્ય-ગીત-વાજિંત્ર યાવત્ દિવ્ય ભોગોપભોગ ભોગવીને વિચરવાને માટે શું તે ચંદ્ર સમર્થ છે ખરો ?

ગૌતમ ! ના, એ અર્થ સમર્થ નથી.

ભગવન્ ! જ્યોતિષેન્દ્ર ચંદ્રની ચંદ્રાવતંસક વિમાનમાં ચંદ્રા રાજધાનીમાં સુધર્માસભામાં માણવક ચૈત્ય સ્તંભમાં વજ્રમય ગોળ-વૃત્ત-સમુદ્ગકમાં ઘણા જિનસક્થિ રહેલા હોય છે. તે ચંદ્ર તથા બીજા ઘણા દેવો અને દેવીને અર્ચનીય યાવત્ પર્યુપાસનીય છે. તે કારણથી ગૌતમ! ચંદ્ર ત્યાં ભોગ કરવા. સમર્થ નથી.

પરંતુ ચંદ્ર સુધર્માસભામાં **૪૦૦૦** સામાનિકો સાથે એ પ્રમાણે યાવત્ દિવ્ય ભોગોપભોગ કરતો વિચરવા કેવળ પરિવાર ઋદ્ધિથી સમર્થ છે, પણ મૈથુન નિમિત્તે ભોગ કરવા સમર્થ નથી.

બધા ગ્રહો આદિની વિજયા, વૈજયંતી, જયંતિ, અપરાજિતા નામે ચાર અગ્રમહિષીઓ છે. એ પ્રમાણે **૧૭૬** ગ્રહોની આ વિજયાદિ નામથી ચાર અગ્રમહિષીઓ છે, તેમ જાણ.

**૩૫૨.** ગ્રહો – **૧.** અંગારક, **૨.** વિકાલક, **૩.** લોહીતાંક, **૪.** શનિશ્ચર, **૫.** આધુનિક, **૬.** પ્રાધુનિક,**૭.** કણ, **૮.** કણક, **૯.** કણકણક, **૧૦.** કણવિતાનક, **૧૧.** કણસંતાનક.

**૩૫૩.** ગ્રહો – **૧૨.** સોમ, **૧૩.** સહિત, **૧૪.** આશ્વાસન, **૧૫.** કાર્યોપગ, **૧૬.** કર્બૂરક, **૧૭.** અજકરક, **૧૮.** દુંદુભક, **૧૯.** શંખ, **૨૦.** શંખનાભ, **૨૧.** શંખ વર્ણાભ એ ત્રણ.

**૩૫૪.** એ પ્રમાણે ભાવકેતુ પર્યન્ત ગ્રહોના નામો કહેવા જોઈએ. તે બધાની અગ્રમહિષીઓ વિજયા આદિ ચાર નામે છે.

**૩૫૫.** ભગવન્ ! ચંદ્રવિમાનો દેવોની સ્થિતિ કેટલો કાળ છે ?

ગૌતમ ! જઘન્યથી તેમની સ્થિતિ **૧/૪** પલ્યોપમ છે, ઉત્કૃષ્ટથી તેમની સ્થિતિ એક લાખ વર્ષ અધિક પલ્યોપમ છે.

ચંદ્રવિમાનમાં દેવીની સ્થિતિ જઘન્યથી **૧/૪** પલ્યોપમ છે, ઉત્કૃષ્ટ સ્થિતિ **૫૦,૦૦૦** વર્ષાધિક અર્ધપલ્યોપમ છે.

સૂર્યવિમાનમાં દેવોની સ્થિતિ જઘન્યથી **૧/૪** પલ્યોપમ, ઉત્કૃષ્ટ સ્થિતિ **૧૦૦૦** વર્ષાધિક પલ્યોપમ છે.

ગ્રહવિમાનમાં દેવોની સ્થિતિ જઘન્ય **૧/૪** પલ્યોપમ, ઉત્કૃષ્ટથી એક પલ્યોપમ કહેલી છે.

ગ્રહવિમાનમાં દેવીની સ્થિતિ જઘન્ય **૧/૪** પલ્યોપમ, ઉત્કૃષ્ટથી સ્થિતિ અર્ધ પલ્યોપમ કહેલી છે.

નક્ષત્ર વિમાનમાં દેવોની જઘન્ય સ્થિતિ **૧/૪** પલ્યોપમ, ઉત્કૃષ્ટ સ્થિતિ અર્ધ પલ્યોપમ કહેલી છે.

નક્ષત્ર વિમાનમાં દેવીની જઘન્ય સ્થિતિ **૧/૪** પલ્યોપમ, ઉત્કૃષ્ટ સ્થિતિ સાધિક **૧/૪** પલ્યોપમ કહેલી છે.

તારા વિમાનમાં દેવોની જઘન્ય સ્થિતિ **૧/૮** પલ્યોપમ, ઉત્કૃષ્ટ સ્થિતિ **૧/૪** પલ્યોપમ કહેલી છે.

તારા વિમાનમાં દેવીની જઘન્ય સ્થિતિ **૧/૮** પલ્યોપમ, ઉત્કૃષ્ટ સાતિરેક **૧/૮** પલ્યોપમ કહેલી છે.

### સૂત્ર–૩૫૬ થી ૩૫૮

**૩૫૬.** બ્રહ્મા, વિષ્ણુ, વસુ, વરુણ, અજ, વૃદ્ધિ, પૂસા, અશ્વ, યમ, અગ્નિ, પ્રજાપતિ, સોમ, રૂદ્ર, અદિતી, બૃહસ્પતિ અને સર્પ એ રીતે પહેલી ગાથામાં **૧૬** નામો કહ્યા..

**૩૫૭.** પિતા, ભગ, અર્યમા, સવિતા, ત્વષ્ટા, વાયુ, પછી–ઈન્દ્રાગ્નિ, મિત્ર, ઈન્દ્ર, નિર્ઋતિ, આપ, વિશ્વ એ બીજા **૧૨** નામો નક્ષત્ર દેવતાના કહ્યા છે..

**૩૫૮.** આ બે સંગ્રહણી ગાથા કહી છે.

### સૂત્ર–૩૫૯, ૩૬૦

**૩૫૯.** ભગવન્ ! આ ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારામાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

ગૌતમ ! ચંદ્ર અને સૂર્ય બંને તુલ્ય છે, તે બંને સૌથી થોડાં છે. તેના કરતા નક્ષત્રો સંખ્યાતગણા છે, નક્ષત્રોથી ગ્રહો સંખ્યાતગણા છે, ગ્રહો કરતા તારા સંખ્યાતગણા છે.

**૩૬૦.** ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં જઘન્યપદે કે ઉત્કૃષ્ટપદે બધા મળીને કેટલા તીર્થંકરો કહેલા છે?

ગૌતમ ! જઘન્ય પદે ચાર અને ઉત્કૃષ્ટ પદે **૩૪** તીર્થંકરો બધા મળીને જંબૂદ્વીપમાં કહેલા છે.

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં જઘન્યપદે કે ઉત્કૃષ્ટપદે બધા મળીને કેટલા ચક્રવર્તી કહેલા છે ?

ગૌતમ ! જઘન્યપદે ચાર અને ઉત્કૃષ્ટ પદે **૩૦** ચક્રવર્તી જંબૂદ્વીપમાં બધા મળીને હોય તેમ કહ્યું છે.

જેટલા ચક્રવર્તી હોય તેટલા બલદેવો હોય છે, વાસુદેવોની સંખ્યા પણ તે પ્રમાણે જ જાણવી, તેમ કહ્યું છે.

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં બધા મળીને કેટલા નિધિરત્નો કહેલા છે ? ગૌતમ! બધા મળીને **૩૦૬** નિધિરત્નો કહેલા છે.

ભગવન્ ! જંબૂદ્વીપમાં કેટલા સો નિધિરત્નો શીઘ્રતાથી પરિભોગપણે આવે છે ? ગૌતમ ! જઘન્યથી **૩૬** અને ઉત્કૃષ્ટથી **૨૭૦** નિધિરત્નો શીઘ્રતાથી પરિભોગમાં આવે છે.

ભગવન્ ! જંબૂદ્વીપમાં બધા મળીને કેટલા પંચેન્દ્રિય રત્નો કહેલા છે ? ગૌતમ ! બધા મળીને **૨૧૦** પંચેન્દ્રિય રત્નો કહેલા છે.

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં જઘન્યપદે કે ઉત્કૃષ્ટપદે કેટલા પંચેન્દ્રિય રત્નો શીઘ્રતાથી પરિભોગમાં આવે છે?

ગૌતમ! જઘન્યપદે–**૨૮** અને ઉત્કૃષ્ટપદે–**૨૧૦** પંચેન્દ્રિય રત્નો શીઘ્રતાથી પરિભોગમાં આવે છે.

ભગવન્ ! જંબૂદ્વીપમાં બધા મળીને કેટલા એકેન્દ્રિય રત્નો કહેલા છે? ગૌતમ! બધા મળીને **૨૧૦** એકેન્દ્રિય રત્નો છે.

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં કેટલા એકેન્દ્રિય રત્નો શીઘ્રતાથી પરિભોગમાં આવે તેમ કહેલ છે ?

ગૌતમ! જઘન્યપદે–**૨૮** અને ઉત્કૃષ્ટપદે–**૨૧૦** એકેન્દ્રિય રત્નો શીઘ્રતાથી પરિભોગમાં આવે છે.

**સૂત્ર–૩૬૧ થી ૩૬૩**

**૩૬૧.** ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપ કેટલી લંબાઈ–પહોળાઈથી, કેટલી પરિધિથી, કેટલા ઉદ્વેધથી, કેટલા ઉર્ધ્વ ઉચ્ચત્વથી, કેટલો સર્વાગ્રથી–બંને મળીને કહેલ છે ?

ગૌતમ ! **૧.** જંબૂદ્વીપ દ્વીપમાં લંબાઈ અને પહોળાઈ એક લાખ યોજન છે.

**૨.** તેની પરિધિ – **૩,૧૬,૨૨૭** યોજન, **૩** કોશ, **૧૨૮** ધનુષ અને **૧૩॥** અંગુલથી કંઈક વિશેષ કહેલી છે.

**૩.** જંબૂદ્વીપ દ્વીપનો ઉદ્વેધ–ભૂમિગત ઊંડાઈ **૧૦૦૦** યોજન છે અને

**૪.** સાતિરેક ૯૯,**૦૦૦** યોજન ઉર્ધ્વ ઊંચો છે.

**૫.** એ રીતે સર્વાગ્રથી સાધિક એક લાખ યોજન કહેલ છે.

**૩૬૨.** ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપ શાશ્વત છે કે અશાશ્વત?

ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપ કથંચિત શાશ્વત કહેલ છે, અને કથંચિત અશાશ્વત છે, તેમ કહેલ છે.

ભગવન્ ! કયા હેતુથી એમ કહેલ છે કે – જંબૂદ્વીપ કથંચિત શાશ્વત છે અને કથંચિત અશાશ્વત છે ?

ગૌતમ ! દ્રવ્યાર્થતાથી શાશ્વત છે અને વર્ણ પર્યાયોથી, ગંધ પર્યાયોથી, રસ પર્યાયોથી અને સ્પર્શ પર્યાયોથી જંબૂદ્વીપ અશાશ્વત છે, તે કારણથી હે ગૌતમ ! એમ કહેલ છે કે – જંબૂદ્વીપ દ્વીપ કથંચિત શાશ્વત છે અને કથંચિત અશાશ્વત છે.

ભગવન્ ! જંબૂદ્વીપ કાળથી ક્યાં સુધી રહેશે ?

ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપ ક્યારેય ન હતો તેમ નથી, ક્યારેય નથી તેમ પણ નહીં, ક્યારેય ન હશે, તેમ પણ નથી. તે હતો – છે અને રહેશે. તે ધ્રુવ, નિત્ય, શાશ્વત, અવ્યય, અવસ્થિત, નિતિય એવો જંબૂદ્વીપ દ્વીપ છે. તે પ્રમાણે કહેલ છે.

**૩૬૩.** ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપ શું પૃથ્વી પરિણામ છે ? અપ્ પરિણામ છે ? જીવ પરિણામ છે, પુદ્‌ગલ પરિણામ છે ?

ગૌતમ! તે પૃથ્વી પરિણામ પણ છે, અપ્ પરિણામ પણ છે, જીવ પરિણામ પણ છે અને પુદ્‌ગલ પરિણામ પણ છે.

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં સર્વે પ્રાણો, સર્વે જીવો, સર્વે ભૂતો અને સર્વે સત્વો પૃથ્વીકાયિકપણે, અપ્કાયિકપણે, તેઉકાયિકપણે, વાયુકાયિકપણે, વનસ્પતિકાયિકપણે પૂર્વે ઉત્પન્ન થયેલ છે ?

હા, ગૌત મ! અનેકવાર કે અનંતવાર ઉત્પન્ન થયા છે.

**સૂત્ર–૩૬૪, ૩૬૫**

**૩૬૪.** ભગવન્ ! કયા હેતુથી જંબૂદ્વીપને જંબૂદ્વીપ કહે છે ?

ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપમાં તે–તે દેશમાં, ત્યાં–ત્યાં ઘણા જંબૂ વૃક્ષો, જંબૂ વનો, જંબૂ વનખંડો છે, તે નિત્ય કુસુમિત યાવત્ પિંડિમ–મંજરી–અવતંસક ધર છે, શ્રી વડે અતિ ઉપશોભિત થઈ રહેલા છે.

જંબૂ સુદર્શનામાં અનાદતનામે મહર્દ્ધિક યાવત્ પલ્યોપમની સ્થિતિ–આયુવાળો એક દેવ વસે છે.

તે કારણથી હે ગૌતમ ! તે જંબૂદ્ધીપ દ્વીપ કહેવાય છે.

**૩૬૫.** ત્યારપછી શ્રમણ ભગવંત મહાવીર મિથિલા નગરીના માણિભદ્ર ચૈત્યમાં –

ઘણા શ્રમણો, ઘણા શ્રમણીઓ, ઘણા શ્રાવકો, ઘણી શ્રાવિકાઓ, ઘણા દેવો અને ઘણી દેવીઓ મધ્યે –

જંબૂદ્ધીપ પ્રજ્ઞપ્તિ નામક અધ્યયનનું એ પ્રમાણે આખ્યાન કર્યું, એ પ્રમાણે ભાષણ કર્યું, એ પ્રમાણે પ્રજ્ઞાપના કરી અને એ પ્રમાણે પ્રરૂપણા કરી.

આર્યો ! આ અધ્યયનનો અર્થ, હેતુ, પ્રશ્ન, કારણ અને વ્યાકરણપૂર્વક વારંવાર તેનો ઉપદેશ કર્યો.

તેમ હું તમને કહું છું.

મુનિ દીપરત્નસાગરે કરેલ વક્ષસ્કાર-૭ નો ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ

## મુનિ દીપરત્નસાગરે કરેલ જંબૂદ્ધીપપ્રજ્ઞપ્તિસૂત્રનો ગુજરાતી અનુવાદ પૂર્ણ

| | | | |
|---|---|---|---|
| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
| [१] | **मूल आगम साहित्य**<br>મૂળ આગમ 3 પ્રકાશનોમાં 147 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 07850 પૃષ્ઠોમાં છે | 147 | 07850 |
| 1 | **आगम सुत्ताणि–मूलं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 49 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3510 છે | | |
| 2 | **आगम सुत्ताणि–मूलं** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 45 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2810 છે | | |
| 3 | **आगम सुत्ताणि–मंजूषा** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 53 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1530 છે | | |
| [२] | **आगम अनुवाद साहित्य**<br>આગમ ભાવાનુવાદ 5 પ્રકાશનોમાં165 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 20150 પૃષ્ઠોમાં છે | 165 | 20050 |
| 1 | **आगम सूत्र–गुजराती अनुवाद–मूळ** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3400 છે | | |
| 2 | **आगम सूत्र–हिन्दी अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2800 છે | | |
| 3 | **आगम सूत्र–इंग्लिश अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 11 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 400 છે | | |
| 4 | **आगम सूत्र–गुजराती अनुवाद–सटीक** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 48 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 10340 છે | | |
| 5 | **आगम सूत्र–हिन्दी अनुवाद** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 12 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3110 છે | | |
| [३] | **आगम विवेचन साहित्य**<br>આગમ વિવેચન 7 પ્રકાશનોમાં 171 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 60900 પૃષ્ઠોમાં છે | 171 | 60900 |
| 1 | **आगम सूत्र–सटीकं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 46 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 13800 છે | | |
| 2 | **आगम मूलं एवं वृत्ति**–1 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 51 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 17990 છે | | |
| 3 | **आगम मूलं एवं वृत्ति**–2 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2560 છે | | |

| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
|---|---|---|---|
| 4 | **आगम चूर्णि साहित्य** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2670 છે | | |
| 5 | **सवृत्तिक आगम सूत्राणि**–1 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 40 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 18460 છે | | |
| 6 | **सवृत्तिक आगम सूत्राणि**–2 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2660 છે | | |
| 7 | **सचूर्णिक आगम सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2760 છે | | |
| [૪] | **आगम कोष साहित्य**<br>આગમ કોષ સાહિત્ય 5 પ્રકાશનોમાં 16 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 5190 પૃષ્ઠોમાં છે | 16 | 05190 |
| 1 | **आगम सद्दकोसो** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2100 છે | | |
| 2 | **आगम नाम व कहा–कोसो** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 210 છે | | |
| 3 | **आगम सागर कोष:** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1130 છે | | |
| 4 | **आगम शब्दादि संग्रह [प्रा० सं० गु०]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1250 છે | | |
| 5 | **आगम बृहत् नाम कोष: [प्रा० सं० गु० नाम परिचय ]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 500 છે | | |
| [૫] | **आगम अन्य साहित्य**<br>આગમ અન્ય સાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં કુલ 1590 પૃષ્ઠોમાં છે | 10 | 03220 |
| 1 | **आगम कथानुयोग** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2170 છે | | |
| 2 | **आगम संबंधी साहित्य** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 870 છે | | |
| 3 | **ऋषिभाषित सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 80 છે | | |
| 4 | **आगमिय सूक्तावली** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000
આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070

| | | | |
|---|---|---|---|
| [૬] | **आगम अनुक्रम साहित्य**<br>આગમઅનુક્રમસાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 1590 પૃષ્ઠોમાં છે | 9 | 01590 |
| 1 | **आगम विषयानुक्रम–मूल** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 730 છે | | |
| 2 | **आगम विषयानुक्रम–सटीक** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 3 | **आगम सूत्र–गाथा अनुक्रम** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| [૭] | મુનિ દીપરત્નસાગર લિખિત "આગમ સિવાયનું અન્ય સાહિત્ય"<br>આગમેતર સાહિત્ય 12 પ્રકાશનોમાં 84 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 9270 પૃષ્ઠોમાં છે | 85 | 09270 |
| 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 13 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2090 છે | | |
| 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1480 છે | | |
| 3 | વ્યાકરણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1050 છે | | |
| 4 | વ્યાખ્યાન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1220 છે | | |
| 5 | જિનભક્તિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1190 છે | | |
| 6 | વિધિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 300 છે | | |
| 7 | આરાધના સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 8 | પરિચય સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |
| 9 | પૂજન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000
આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070

| | | | |
|---|---|---|---|
| 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન<br>આ સંપુટમાં અમારા કુલ 25 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 680 છે | | |
| 11 | પ્રકીર્ણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 290 છે | | |
| 12 | દીપરત્નસાગરના લઘુશોધ નિબંધ<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |

મુનિ દીપરત્નસાગરનું સાહિત્ય

| | |
|---|---|
| 1 | મુનિ દીપરત્નસાગરનું આગમ સાહિત્ય [કુલ પુસ્તક 518] તેના કુલ પાના [98,800] |
| 2 | મુનિ દીપરત્નસાગરનું અન્ય સાહિત્ય [કુલ પુસ્તક 85] તેના કુલ પાના [09,270] |
| 3 | મુનિ દીપરત્નસાગર સંકલિત 'તત્ત્વાર્થસૂત્ર'ની વિશિષ્ટ DVD તેના કુલ પાના [27,930] |

અમારા પ્રકાશનો કુલ ૬૦૩ + વિશિષ્ટ DVD કુલ પાના 1,36,000

અમારું બધું જ સાહિત્ય on-line પણ ઉપલબ્ધ છે અને 5 DVD માં પણ મળી શકે છે

વેબ સાઈટ:– 1. www.jainelibrary.org 2. deepratnasagar.in
ઈમેલ એડ્રેસ:– jainmunideepratnasagar@gmail.com મોબાઈલ 09825967397

સંપર્ક:– મુનિશ્રી દીપરત્નસાગરજી મહારાજ સાહેબ
"પાર્શ્વ વિહાર", જૈન દેરાસરજી, ફોરેસ્ટ રેસ્ટ હાઉસ સામે, કાલાવડ હાઈવે–ટચ
Post: - ઠેબા, Dis:–જામનગર, ગુજરાત, India. [Pin- 361120]

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ- ૧૮

# જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


વેબ સાઈટ:– (1) www.jainelibrary.org (2) deepratnasagar.in

ઈમેલ એડ્રેસ:- jainmunideepratnasagar@gmail.com મોબાઇલ 09825967397